[illegible]

[illegible]

[illegible]

[illegible]

કવિ સામળભટ્ટ કૃત

સિંહાસન બત્રીશી

વા

બત્રીશ પુતળીની વાર્તા.

ભાગ ૧

(વાર્તા ૧ થી ૧૬.)

સરળ ગદ્યમાં ઉતારનાર:

કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇ,

બી. એ. એલએલ. બી.—મુંબાઇ.

તંત્રી: "**સ્ત્રીબોધ**"

લેખક: "પુસ્તકાલય", "મારી વીસ વાર્તાઓ", "રાજનીતિનો સંક્ષિપ્ત ઇતિહાસ", "ગૃહજીવનની સુંદરતા"

છપાવી પ્રસિદ્ધ કરનાર:

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી, **અમદાવાદ.**

કિંમત દશ આના.

મુદ્રણસ્થાનઃ આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ
મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક

આવૃત્તિ ૧ લી
પ્રત ૧૫૦૦

*

સંવત ૧૯૮૨
સને ૧૯૨૬

સ્વ. ચંદ્રપ્રસાદ ગોવિંદલાલ સ્મારક ગ્રંથમાળાનો

ઉપોદ્‌ઘાત.

સ્વ. ચંદ્રપ્રસાદ વિદ્યાર્થી અવસ્થામાં અકાળે અવસાન પામતાં તેમના આત્માના શ્રેયાર્થે તેમના પિતાશ્રી રા. ગોવિંદલાલ નરભેરામ ઠાકોરે રૂ. ૧૫૦૦ ના બોમ્બે સ્ટીમ નેવિગેશન કુંના પ્રેફરન્સ શેરો સોસાઇટીને તે ફંડના વ્યાજમાંથી, ધર્મ, નીતિ, ચારિત્ર્ય, કેળવણી અગર જનસુખાકારી સંબંધી સામાન્ય લોકોને ઉપયોગી તેમજ બોધકારક થઇ પડે તેવાં પુસ્તકો બનતાં સુધી લખાવવાને, સોંપ્યા છે. તદનુસાર તે ફંડના વ્યાજમાંથી પારિતોષિક આપી સોસાઇટી તરફથી નીચેનું પુસ્તક છપાવવામાં આવ્યું છેઃ—

નંબર	પુસ્તકનું નામ	કિંમત
૧	સિંહાસનબત્રીસી ભા. ૧ લો	૦–૮–૦

નિવેદન.

કોઇકે ચાલુ સાહિત્ય યુગને નવલકથા યુગ કહ્યો હતો. એટલે કે નવલકથાઓ આ યુગમાં લખાય છે ઘણી, અને વંચાય છે અતિ ઘણી. આવા યુગમાં ગુજરાતી ભાષાના પ્રાચીન ખજાનામાંથી, થોડાં વાર્તા રત્નો પ્રજા સમક્ષ મુકવા માટે, કાંઇ ક્ષમા યાચવાની હોય નહિં.

આપણાં પુરાણો, એક રીતે વાર્તાના સાગરરૂપ છે. અને પુરાણોની વાર્તા જુદે જુદે સ્વરૂપે પ્રજા સમક્ષ આવેલી પણ છે. ગુર્જર કવિઓએ પણ પુરાણની વાર્તાઓ ઉપરથી સુંદર આખ્યાનો રચ્યાં છે. કવિ પ્રેમાનંદે આવાં કેટલાંએક આખ્યાનો આપણને તેમની રસભરી વાણીમાં આપ્યાં છે. પરંતુ પુરાણ સિવાય અન્ય વસ્તુ સંબંધી વાર્તાઓ તો કવિ શામળભટ્ટેજ આપી છે. આ કવિની અસલ કૃતિઓ વાંચવાની ધીરજ કે વિદ્વતા બધામાં હોતી નથી. તેમાં વળી આપણાં શિક્ષણમાં, ગુજરાતી ભાષાના પદ્ધતિસર અભ્યાસ પ્રત્યે જોઇએ તેવું ધ્યાન અપાતું નથી. એટલે વિદ્યાર્થીઓને પણ આ કવિઓની કૃતિઓનો ઉપભોગ કરવાનો નાદ લાગતો નથી. આ કારણથી આપણાં કવિઓનાં વાર્તા—કાવ્યો સરળ ગદ્યમાં લખીને પ્રજા સમક્ષ મુકવાની બહુ જરૂર છે.

સુભાગ્યે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ આ કામ હાથમાં લીધું છે, અને તેને પરિણામે કવિ શામળભટ્ટ કૃત સિંહાસન બત્રીસીમાંની કુલ બત્રીસ વાર્તાઓમાંની પ્રથમ

સોળ વાર્તાઓનો સંગ્રહ આ પુસ્તકમાં ગદ્યરૂપે ગુજરાતીઓ સમક્ષ ધરી શકાય છે. ગદ્યની ભાષા બનેતેટલી સરળ રાખી છે. અને વચ્ચે વચ્ચે કવિની કવિતાઓની વાનગી ચખાડવા માટે થોડી પદ્ય પંક્તિઓ પણ આપી છે.

ગુજરાતીઓ શામળભટ્ટનાં અસલ કાવ્યોને બદલેજ આ પુસ્તક વાંચીને સંતોષ માને, તે આ પુસ્તકનો ઉદ્દેશ નથી. પરંતુ અત્રે શામળભટ્ટની પ્રસાદીની વાનગી ચાખ્યા પછી, મૂળ કાવ્યો વાંચવાની વૃત્તિ થાય, એ આ પુસ્તકનો ઉદ્દેશ છે. અને આશા છે કે સમય મળતાં, તેમજ મૂળ કાવ્ય સમજવાની શકિત આવતાં, આ પુસ્તકનાં સર્વ વાચકો, અસલ કવિતાઓ વાંચશે.

આ વાર્તાઓ પદ્યમાંથી ગદ્યમાં લખવા ઉપરાંત, ટુંકાવવામાં પણ આવી છે. ટુંકાવતી વખતે વાર્તાના રસમાં ક્ષતિ ના આવે તેની ખાસ સંભાળ લીધી છે. વળી વધારે ભાગે આ વાર્તાઓ કોમળ વયના વિદ્યાર્થીવર્ગમાં વંચાશે, એમ ધારીને, એ વયમાં વાંચવા યોગ્ય ના હોય, તેવાં પ્રસંગો અને વર્ણનો પણ મુકી દીધાં છે કે ટુંકાવ્યાં છે.

આશા છે કે ઉગતી પ્રજા ગુજરાતી સાહિત્ય પ્રત્યે પ્રેમથી પ્રેરાશે.

મુંબાઇ.
ફાગણ સુદ પુનેમ
સંવત ૧૯૮૨.

કેશવપ્રસાદ દેશાઈ.

પ્રસ્તાવના.

ગુજરાતી ભાષામાં કાવ્યસમૃદ્ધિ કાંઇ જેવી તેવી નથી. હાલની ગુજરાતી ભાષાને અત્યાર સુધીમાં, બે યુગમાં વ્હેંચવામાં આવે છેઃ પ્રાચીન યુગ અને અર્વાચીન યુગ. પ્રાચીન યુગ તે નરસિંહ મહેતાથી તે કવિ દલપતરામ સુધીનો. અને અર્વાચીન યુગ, તે કવિ દલપતરામની પછીનો. કવિ દલપતરામ આ બે યુગની વચ્ચે પુલ જેવા છે. અને અર્વાચીન યુગના આદિ કવિ, કવિ નર્મદ ગણાય છે.

આ ઉપરથી એમ નથી માની લેવાનું કે નરસિંહ મહેતાના સમય પહેલાં ગુજરાતી ભાષાનું અસ્તિત્વ જ નહોતું. જુની ગુજરાતી ભાષા જેને "અપભ્રંશ", કે "પ્રાચીન ગુજરાતી" પણ કહે છે, તે તો રા. બા. કેશવલાલ ધ્રુવના નિર્ણય પ્રમાણે ઇ. સ. ના દસમા અગીયારમાં શતકમાં પણ હતી. ત્યાર પછી તેરમા શતકના જૈન રાસાઓ પણ પ્રસિદ્ધિમાં આવ્યા છે. પરંતુ " ગુજરાતી " ભાષાના આદિ કવિ તો ઇ. સ. ૧૪૧૫ થી ૧૪૮૧ માં થઇ ગયેલા નરસિંહ મહેતાજ ગણાય છે. આ કવિના પ્રભાતિયાં ઘણાંજ લોકપ્રિય છે. અને હજીયે સવારના પહોરમાં, ગુજરાતીઓ તે શ્રદ્ધાપૂર્વક ગાય છે. આ પ્રમાણે લોકહૃદયમાં વાસ કરવો એ જેવા તેવા કવિનું કામ નથી.

આ સમય પછી, ભાલણ, ભીમ, અને પદ્મનાભ, કવિઓ થઇ ગયા. ત્યાર પછી જાણીતો કવિ તો સત્તરમાં

શતકમાં અખો ભગત, થઈ ગયો. (ઇ. સ. ૧૬૧૫ થી ૧૬૭૫) એણે તત્ત્વજ્ઞાન સંબંધી જ કવિતા લખી છે. એની "અખેગીતા" આજે પણ પ્રખ્યાત છે.

ત્યારપછી આપણા કવિ સામળ અને સમર્થ કવિ પ્રેમાનંદ થયા. આ બંને કવિઓ ઇ. સ. ૧૬૩૦ થી ૧૭૩૦ ના અરસામાં થઈ ગયા. કવિ પ્રેમાનંદ તો ગુર્જર કવિ શિરોમણી કહેવાય છે. તેમના આખ્યાનોથી તે લોકોમાં ઘણા પ્રિય છે. અને આ આખ્યાનોમાં ઉંચી કવિત્વ શક્તિ જણાઈ આવે છે. નળાખ્યાન, ચંદ્રહાસ આખ્યાન, મદાલસા આખ્યાન, સુદામા ચરિત્ર, ઓખાહરણ વગેરે તેમનાં ઘણાં કાવ્યો, આજે પણ હોંશથી ગવાય છે.

આ સમયમાં, માણભટ્ટની કથાઓનો પ્રચાર આખાયે ગુજરાતમાં ઘણો હતો. રામાયણ, મહાભારત, અને તેમાંના પ્રસંગોની કથાઓ, દર રાત્રે, બ્રાહ્મણો મેદાન કે ચોકઠાંઓમાં બેસીને કરતા હતા. જનસમાજને, આ કથાઓદ્વારા, આનંદ સાથે ધર્મ તથા નીતિના સંસ્કારો મળતા હતા. શીખેલા અને વગર શીખેલા, સૌ આ કથાનો લાભ સરખી રીતે મેળવતા હતા. તે સમયની આ એક અતિ ઉપયોગી સંસ્થા હતી.

સામળભટ્ટ પોતે પણ આવા કથા કહેનાર જ હતા. પરંતુ આ કથા કહેવા માટે પણ બ્રાહ્મણોએ, અમુક અમુક સ્થાનકો ઉપર પોતના હક્ક સ્થાપિત કરી દીધા હતા. અને કોઇ પણ નવા માણસને તેઓ, તે કામ કરવા દેતા નહોતા. આવા હકદારો તરફથી સામળભટ્ટને બહુજ હરકત નડી. અને તેના કામમાં અતિશય વિઘ્નો નંખાયા. આ ઉપરથી

સામળભટ્ટે વિચાર કર્યો કે, હું મારી કથાઓમાં નવીનતા આણું, તો હકદારોને હરાવી શકું. સામાન્ય રીતે કથાઓ ધાર્મિક વિષયો સંબંધીજ થતી હતી. તેમાં વર્ણનોમાં, અને કહેવાની રીતમાં, રસની ઝમાવટ કરવામાં આવતી હતી, પણ મૂળ અને મૂખ્ય વસ્તુ તો પુરાણુની જ હતી. સામળભટ્ટે આ નિયમ તોડયો. અને સાધારણુ વાર્તાઓની જ કથા કરી. અને આમાં તેમને જસ પણુ મળ્યો. ધાર્મિક સિવાયની બાબતો સંબંધી કવિતાઓ રચનાર, અને કવિતામાં સંસારી વાર્તાઓ ગાનાર એ પ્રથમ જ ગુજરાતી કવિ છે. એના જેટલી વાર્તાઓ બીજા કોઈપણુ ગુજરાતી કવિએ આપણુને, ત્યાર પછી પણુ, આપી નથી.

સામળભટ્ટના જન્મ અને મરણુની ચોક્કસ માહિતી મળી નથી. પરંતુ તેમની કેટલીએક કવિતા ઉપરથી તે રચાયાની સાલ, તથા અન્ય કેટલીએક માહિતીઓ મળી શકે છે. રા. કૃષ્ણુલાલ ઝવેરી જણાવે છે, કે એનો જન્મ ઈ. સ. ૧૬૪૦ ના આરસામાં થયો હશે, અને ઈ. સ. ૧૭૩૦ ના અરસામાં તે મરણુ પામ્યો હશે. કવિ નર્મદાશંકર જણાવે છે કે સામળભટ્ટનો જન્મ સંવત ૧૭૪૦ ના અરસામાં અને મરણુ સંવત ૧૮૧૦ ના અરસામાં હશે.

એક હકીકત એવી છે કે સામળભટ્ટ પોતાની ત્રીસ વર્ષની ઉમરે સિંહુજ ગામના પટેલ રખીદાસને મળ્યા હતા. જ્યારે તે રખીદાસને મળ્યા, ત્યારે તેમણે સિંહાસન બત્રીસીની પંદર વાર્તાઓ રચી હતી, અને તે સાલ સંવત ૧૭૮૫

ની હતી. એટલે એમનો જન્મ સંવત ૧૭૫૫ માં થયો હોવો જોઇયે.

સિંહાસન બત્રીસીમાં જણાવેલું છે કેઃ

"સંવત સત્તર સિત્તોતરે કરવા માંડયો ગ્રંથ
"પન્નર વાત પંચાશીઈ પુરણ કીધો પંથ.
"સિંહુ માય થી રખીયલે કોડે તેડયો કવિરાજ,
"સત્તર વાત સંભળાવિઈ મોહોટા છો મહારાજ."

આ રીતે સં. ૧૭૭૭ થી ૧૭૮૫ સુધીમાં તેમણે સિંહાસન બત્રીસીમાંની પંદર વાર્તાઓ રચેલી. માણભટ્ટોની હરીફાઈમાં, આ વાર્તાઓ તેણે ગામડે ગામડે કહી હશે. અને તે લોકપ્રિય પણ થઈ જ હશે. તેની કીર્તિ સાંભળીને ખેડા જીલ્લાના માતર પરગણાના, સિંહુજ અથવા સુંજ ગામના પટેલ રખીદાસે તેને પોતાને ઘેર બોલાવ્યો. અને આ વાર્તાઓથી આનંદ પામીને બાકીની સત્તર વાર્તાઓ પણ પોતાને ત્યાંજ રહીને પુરી કરવા કહ્યું. તથા તેમની જીવાઈ માટે પસાયતું કરી આપ્યું. સામળભટ્ટ ત્યાંજ રહ્યા અને બત્રીસે વાર્તાઓ પૂરી કરી. વળી રખીદાસના પુત્ર મનજીને પ્રસન્ન કરવા "સુડાબહોતેરી"ની વાર્તાઓ પણ તેમણે ત્યાંજ રચી, એમ ઉલ્લેખ છે. આ રખીદાસના કવિયે સ્થળે સ્થળે બહુ વખાણ કર્યાં છે. અને વિદ્વાનોને આશ્રય આપનાર દાનેશ્વરી રાજા ભોજ સાથે તેની સરખામણી કરી છે.

સામળભટ્ટ પોતે શ્રીગોડ માળવી બ્રાહ્મણ હતા. અને શ્રીનગર અથવા અમદાવાદના એક પરામાં તે રહેતા હતા. આ પરાનું નામ વેગણપુર હતું. અત્યારે તે પરૂં ગોમતીપુરને નામે ઓળખાય છે. અમદાવાદના મીલ ઉદ્યોગને લીધે

આ પરૂ અત્યારે તો એટલું બધું બદલાઈ ગયું છે, કે બસેં વર્ષ ઉપર તે કેવું હશે, તેનો ખ્યાલ પણ ના આવી શકે. વળી સંવત ૧૭૮૫ માં તો સામળભટ્ટ સિંહુજ ગયા. અને ત્યાં પસાયતુ મળવાથી, પછી ત્યાંજ રહ્યા હશે. એટલે પોતાની પ્રખ્યાતીના કાળમાં તે વેગણપુરમાં ના રહ્યા. એટલે એમના સંબંધી કોઇ ખાસ માહિતી ત્યાં મળવાનો સંભવ નહિં. રખીદાસ પાસે એક દશોદી બારોટ રહેતો હતો. તેનું નામ ગુમાન બારોટ હતું. તેને માટે સામળભટ્ટની સિંહાસન બત્રીસીની વાર્તાઓ એક ચોપડામાં ઉતારી લીધેલી છે. આ ચોપડો અત્યારે પણ છે, અને તેને આધારે સાહિત્ય પરિષદ ભંડોળ કમિટી તરફથી સિંહાસન બત્રીસીની વાર્તાઓ મૂળ સ્વરૂપમાં પ્રસિદ્ધ થઈ છે.

સામળભટ્ટના પિતાનું નામ વીરેશ્વર, અને માતાનું નામ આનંદીબાઇ હતું. તેમના ગુરૂ કોઇ નાનાભટ્ટ નામે હતા. એમના એક પુત્રનું નામ પુરૂષોત્તમ હતું. તેમણે સંસ્કૃત, હિંદી, ફારસી, અને વ્રજ ભાષાનો અભ્યાસ કર્યો હતો. એમની ભાષામાં ફારસી શબ્દોનો વપરાશ, મોટા પ્રમાણમાં પહેલવહેલોજ જોવામાં આવે છે. એમણે પુરાણમાંથી કથા કરવાનું તજ્યું, એટલે વાર્તાઓની વસ્તુ માટે, સંસ્કૃત ઉપરાંત અન્ય ભાષાઓ તરફ પણ નજર નાંખવી પડી. તે વ્રજભાષાનું પિંગળ સારી રીતે જાણતા હતા. અને તેમણે એ પિંગળ અનુસારજ પોતાની કવિતાઓ રચી. ગુજરાતમાં "છંદ" ચાલુ નહોતા, એટલે "ચોપાઇ," "દોહરા," અને "છપ્પાઓ"માંજ તેમણે કવિતાઓ

રચી. છપ્પાએ તો સામળભટ્ટનું નામ અમર કર્યું છે. એક એવી લોકોક્તિ છે કે:

" છંદ, ચંદ, પદ સુર કે, દુહા બિહારીદાસ;
ચોપાઈ તુલસીદાસકી, છપ્પય સામળ ખાસ. "

એટલે કે ચંદ બારોટના છંદ, સુરદાસના પદ, બિહારીદાસના દોહરા, તુલસીદાસની ચોપાઇ, અને સામળભટ્ટના છપ્પા ખાસ ઉત્તમ છે.

સામળભટ્ટના રચેલા ગ્રંથો નીચે પ્રમાણે જણાયા છેઃ

સિંહાસન બત્રીસી.	રણસ્થંભ.
શિવપુરાણ.	સૂડાબહોત્તેરી.
રણછોડજીના શ્લોકો.	રેવાખંડ.
પદ્માવતીની વાર્તા.	અંગદવિષ્ટિ.
રાવણ મંદોદરી સંવાદ.	નંદબત્રીસીની વાર્તા.
સામળ રત્નમાળા.	ઉદ્યમકર્મ સંવાદ.
અભરામ કુલીના શ્લોકો.	બરાસકસ્તુરીની વાર્તા.
(અથવા રૂસ્તમ બહાદુરનો પવાડો.)	ચંદ્ર ચંદ્રાવતી.
ઓડાણો.	શુકદેવ આખ્યાન.
કાલી મહાત્મ્ય.	દ્રૌપદી વસ્ત્રાહરણ.
સુંદર કામદાર.	રખીદાસ ચરિત્ર.
ભોજકથા.	મદનમોહના.
વિશ્વેશ્વરાખ્યાન.	વિધાતાની વાર્તા.

સિંહાસન બત્રીસીની વાર્તાઓ કવિ સામળભટ્ટે લોકરંજનને માટે રચેલી. આ વાર્તાઓ, દરેકેદરેક જુદી છે તો

પણ તેમાં સમગ્ર એકતા રાખીને, શ્રોતાઓનો રસ જાગવવા માટે, ભોજરાજાને વિક્રમરાયનું સિંહાસન મળી આવે છે, તે પ્રસંગ યોજ્યો છે. ભોજરાજા આ સિંહાસન ઉપર બેસવા જાય છે, ત્યારે સિંહાસનને જડેલી સુંદર બત્રીસ પુતળીઓને વાચા થાય છે, અને કહે છે કેઃ " જે કોઇ વિક્રમરાય જેવો પરાક્રમી, પરદુઃખભંજન, અને દાનવીર થશે, તેજ આ સિંહાસન ઉપર બેસી શકશે. " આ ઉપરથી ભોજરાજા પૂછે છે કેઃ " એવાં તે એણે શાં કામ કર્યાં હતાં ? " એટલે દરેક પુતળી વારાફરતી વિક્રમરાજાના એકએક પરાક્રમની વાત કહે છે. અને તે ઉપરથી આ પુસ્તકનું નામ " સિંહાસન બત્રીસી " અથવા " બત્રીસ પુતળીની વાર્તા " પાડેલું છે. આ રીતે જો કે બત્રીસે વાર્તા, એક બીજાથી સ્વતંત્ર છે, તો પણ આખું પુસ્તક તે એકજ વાર્તા છે એવો ભાસ આવે છે, અને વાંચનાર બધીજ વાર્તાઓ જાણવા ઉત્સુક રહે છે. વળી પુસ્તકના રસમાં વૃદ્ધિ કરવા માટે દરેક પુતળીનાં નામ પાડેલાં છે. દરેક વાર્તાની શરૂઆતમાં ભોજરાજા સિંહાસન ઉપર બેસવા જાય છે, એવો પ્રસંગ ઉપસ્થિત કર્યો છે, અને દર વખતે જુદીજ પુતળી વિક્રમના નવા પરાક્રમની વાત કહે છે, અને વાર્તાને અંતે તે ઉડીને આકાશમાં જાય છે.

કેટલીએક વાર્તામાં પાછી અંતર વાર્તાઓ છે. આ સંગ્રહમાં " અબોલા રાણીની વાર્તા " અને " કાષ્ટના ઘોડાની વાર્તા "માં આવી અંતર વાર્તાઓ છે. શામળભટ્ટે, વાર્તાઓમાં સંભવિત કે અસંભવિતનો વિચાર નથી કર્યો. દેવ,

માતા, અપ્સરા, નાગકન્યાઓ, બોલતાં પક્ષીઓ, અને રાક્ષસો વગેરે સર્વ આ વાર્તાઓમાં આવી જાય છે. અને એ રીતે અદ્દભુત રસની ઝમાવટ ઘણે ઠેકાણે થઈ છે. વહેવાર અને શાણપણના પ્રસંગો પણ વાતોમાં ઘણા છે. એ રીતે સામાન્ય જનસમાજની કેળવણીનું કાર્ય પણ આ વાર્તાઓદ્વારા સારી રીતે થયું હશે. પુરાણીઓની કથાઓદ્વારા રામાયણ મહાભારતની વાતો તો લોકોએ સાંભળી હશે. પરંતુ સામળની વાર્તાઓ તો પોતાના જેવાંજ માણસોની હોવાથી તેની અસર વળી કાંઈ લોકો ઉપર જુદીજ થઈ હશે. દેવદેવીઓની વાતોમાંના આદર્શો કદાચ જનસમૂહને દુરદુરના આદર્શો લાગ્યા હશે, પણ સામળની સામાન્ય જનોની અને વહેવારૂ વાતોમાંના આદર્શો તો તે કાળના લોકોના મનમાં સચોટ વસી ગયા હોય તો નવાઇ નહિં.

સામળભટ્ટની કેટલીએક વાતોમાં અનીતિના પ્રસંગો બહુ ઉઘાડી રીતે વર્ણવેલા છે. કદાચ છેક ગ્રામ્ય લોકોમાં આ વાર્તાઓ કહેવાઈ હોય, તેથી તે વર્ગને આનંદ આપવા માટે આ પ્રસંગો ઉપજાગ્યા હોય; અથવા તો તે સમયની રહેણીકરણીનો છાપરૂપે પણ તે ઉપજાયા હોય. સામળભટ્ટ પોતે પણ આ પ્રસંગોથી પોતાની નિંદા થવાનો સંભવ છે, એમ જાણતા હતા. કારણકે તેઓ ઘણે ઠેકાણે જણાવે છે, કે દરેક જણ આ કવિતાઓમાંથી પોતાની વૃત્તિ અનુસાર તાત્પર્ય લેશે. જો કોઈ અંદરથી ખોટો બોધ લે તો દોષ કવિતાનો નહિં, પણ તે માણસનો છે.

"જેને જેવું સુઝશે, પાપ પુણ્યની પીઠ;
"કમળો જેની આંખમાં, તેણે પીળું દીઠ.

"જેને જેવું સુઝશે, તેનું દીલ તે ઠામ;
"નંદ્દા, વંદ્દા, તજો, ભજો, કવિતાને શું કામ."

સાક્ષરશ્રી ગોવર્દ્ધનરામ કવિ સામળભટ્ટને સુધારક કવિ કહે છે. તેઓ લખે છે કેઃ "એણે કલ્પેલાં સ્ત્રી પુરૂષો, ન્યાતજાતના ભેદ વગર લગ્ન સંબંધ બાંધે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય, કવિયે સરજાવેલી સૃષ્ટિમાં, પરસ્પર લગ્ન સંબંધ બાંધે છે. અને તે પણ માતપિતાની આજ્ઞા લોપીને, તરંગને વશ થઇ, સૌંદર્યથી લુબ્ધ થઇ, અથવા તો ખરા પ્રેમથી બાંધે છે."

સામળભટ્ટની પાત્રરચનાનો કાંઈ આ ખરો અર્થ કહેવાય નહિં. આ સર્વ રચના હેતુપૂર્વક થઇ હશે, એમ કહેવા માટે આપણા પાસે સબળ સાધન નથી. જે મૂળ ઉપરથી વાર્તાની રચના થઇ હોય, અથવા તો જે સમુહ આગળ વાર્તા કહેવાઇ હોય, તેના ઉપર આ પાત્રરચનાનો આધાર હોય. એમ તો વિક્રમરાજાના અસંખ્ય લગ્ન સામળભટ્ટે કરાવ્યા છે. દમની ધાંચણ, અને કુંચી કંદોયણ, નાગકન્યા, અને રાક્ષસ કન્યા, એ સર્વ સાથે એકી વખતે રાજા લગ્ન કરે છે. વળી કેટલીએક વાર તો તે લગ્ન કરતી વખતે કન્યા સાથે શરત કરે છે કે ગમે તેને તે કન્યા તે ભેટમાં આપી શકશે. આ ઉપરથી કાંઇ કવિના સામાજીક સિદ્ધાંતો સંબંધી મત બાંધી શકાય નહિં. છતાંયે ગોવર્દ્ધનરામભાઇનો નીચેનો અભિપ્રાય તો આપણે કબુલ રાખી શકીયેઃ

"શામળભટ્ટે શ્રોતાઓ સમક્ષ, પોતાના દેશીઓના વિનાશક અને સંકુચિત સંસારી રીવાજોનું ઉલ્લંઘન કરતાં,

ઉચ્ચ કોટીનાં મનુષ્યોની એક નવીન જ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. જે ઔદાર્ય અને સ્વતંત્રતા, આપણા સંસારના દુરાગ્રહ અને વહેવાર સહન ન કરી શકે, તેવાં ઔદાર્ય અને સ્વતંત્રતાના નિયમો બતાવતાં પાત્રો—માત, પિતા, અને સંતાન,—સ્ત્રી અને પુરૂષ—એણે પોતાના શ્રોતાઓ સમક્ષ દૃષ્ટાંત રૂપે રજુ કર્યાં છે."

હેતુપૂર્વક કે ગમે તેમ, પણ ઉપરની પાત્રસૃષ્ટિ તો, સામળે રચીજ છે. અને તેની કાંઇકિ કાંઇક અસર, સમાજમાં ના થાય, તે તો નાજ બને.

સામળભટ્ટની ઘણી યુકિતઓ—કહેવતો—જનસમાજે ગ્રહણ કરી છે. અને આ યુકિતઓ, હજીપણ વિદ્વાનો તેમજ ગામડીઆઓને મુખેથી સંભળાય છે. આ રીતે તેણે દેશના ભિતરમાં અમુક સંસ્કૃતિનો પ્રસાર સુંદર રીતે કર્યો છે. તેમજ ગ્રામ્ય વસ્તીને પણ ડહાપણ અને જ્ઞાનની લ્હાણુ આપી છે.

"શામા રત્નની ખાણ્ય છે."
"પેટ કરાવે વેઠ."
"જીવતો નર ભદ્રા પામશે."

આ અને આવી કેટલીએ ઉકિતઓના ઉત્પાદક આપણા સામળભટ્ટ છે. તેમજ નારી મહિમા, ધન મહિમા, નામ મહિમા, સત્ય મહિમા, ઉદ્યમ મહિમા, વગેરે સંબંધી અસંખ્ય છપ્પાના ચરણો, હજીયે ગામડાઓમાં પણ, લોકોને કંઠે છે. આ રીતે આ કવિ ચિરંજીવ જ છે.

એણે પોતાની કવિતામાં લોકોનાં મનરંજન ઉપરાંત, જ્ઞાનવૃદ્ધિનો હેતુ પણ રાખેલો જ છે. સિંહાસન બત્રીસીની

વાર્તાઓને તો એ "પરમાર્થ પુરાણુ" કહે છે. અને વિક્રમરાજાના "વિખાણુ" એટલે "વ્યાખ્યાનને એ પાંચમા વેદ તરીકે જણાવે છેઃ

"જેહવૂં શ્રીમદ્ ભાગવત, જેહવૂં રામ ચરિત,
"તેહવૂ ચરિત વિક્રમતણું, પુરાણુ મન્ન પવિત્ર.
"પરમાર્થને પૂણ્ય ઘણું, કવિત ચાતુરી ભેદ,
"પંડિત હસ્યે તે પારખે, વિખાણુ પાંચમો વેદ."

એ ધીટ અને સંસ્કારી કવિ છે. એના ક્ષેત્રમાં તો તે એકલો જ છે. એણે કોઈનું અનુકરણ કર્યું નથી. તેમ એને માર્ગે જનાર કોઈ નીકળી શક્યો નથી.

આ કવિની લોકપ્રિયતા અત્યારે પણ એટલી જ છે. નાટક અને સીનેમાવાળાઓ એની વાર્તાઓ તરફ હજીયે નજર નાંખે છે. અને પંચદંડ, ભદ્રાભામિની, નંદબત્રીસી, સ્વપ્નસુંદરી વગેરે વાર્તાઓ ઉપરથી રચાયલા સીનેમા આજે પણ પંકાય છે.

આ સરળ, બહુશ્રુત, કલ્પનાશાળી, વહેવારીયો કવિ, વાંચનારનું દીલ સહેજમાં હરી લે છે. આવા કવિ માટે આપણે વ્યાજબી રીતે અભિમાન ધરી શકીયે છીયે. એના સમકાલિન, અને પ્રતિસ્પર્દ્ધિ, કવિ પ્રેમાનંદ, એના કરતાં, કવિત્વશકિતમાં અધિક હતા, તોપણ ગુજરાતી ભાષાના ગૌરવની વૃદ્ધિમાં સામળભટ્ટનો હિસ્સો કાંઈ જેવો તેવો નથી.

કેશવપ્રસાદ દેસાઈ.

અનુક્રમણિકા.

કવિ શામળભટ્ટની

સિંહાસન બત્રીશીની વાર્તાઓ

ગદ્યમાં

રાજા ભોજને

સિંહાસન કેવી રીતે મળ્યું,

તેની વાર્તા.

રાજા ભોજ અને સિંહાસન

શામળ કહે હું મંદમતિ, ઈચ્છું મોટું કાજ;
વિક્રમાર્ક મહિમા કહું, રાખો મારી લાજ.

આમ વિવેકના બોલ કહીને કવિ શરૂઆતમાં ગણપતિ વગેરે બધા દેવોની સ્તુતિ કરે છે.

કહે સામલ સહુને નમું, અરજ એક ચિત્તમાં ધરો;
વિક્રમ ચરિત્ર વરણવ કરૂં, તે પ્રીત ધરી પૂરણ કરો.

ખેડા જીલ્લાના સિંહજ ગામના રહેવાશી પટેલ રખીદાસે પોતાના ઉપર ઉપકાર કરી પુસ્તક પ્રસિદ્ધ કરવામાં મદદ કરી હતી તે વાત પણ ત્યાર પછી લખે છે.

કવિ પોતાની ઓળખાણ પણ આપે છે;

શ્રીગોઠ માલવી શુભ, શ્રીય નગરમાં વાસ;
વીરેશ્વર વેદે સામકી, સુત શ્રી શામળદાસ.

ત્યાર પછી તે પોતાની વાર્તા શરૂ કરે છે.

માળવા દેશમાં ધારાનગરી નામે એક મોટું શહેર હતું. ત્યાં ભોજ નામે રાજા રાજ કરતો હતો. આ નગરને એકસો દસ દરવાજા હતા; બત્રીસ બારીયો હતી; પંચાણું

પરાં હતાં; પંદર રસ્તાઓ હતા; પાણીના ઘણા ઘાટ હતા; બસોબાર કુવા ને વાવો હતી; અને તે નગરમાં ભાતભાતના લોક બહુ સુખથી રહેતા હતા. રાજાના દરબારમાં પંદરસે વિદ્વાન પંડિતો રહેતા હતા, અને વળી જે કોઈ માણસ નવી કવિતા રચી લાવતું હતું તેને રાજા ભોજ મોટું ઈનામ આપતો હતો. કવિ માઘ અને કવિ કાળીદાસ જેવા વિદ્વાન કવિઓ પણ આ દરબારમાં હતા. આ ભોજરાજાના નગરમાં એક ગરીબ પણ પવિત્ર બ્રાહ્મણ રહેતો હતો. તેનો એક સોની ભાઈબંધ હતો. એક દિવસ આ સોનીએ તે બ્રાહ્મણને કહ્યું કે, ચાલ આપણે કોઈ પરદેશ જઈએ, અને ત્યાંથી બહુ ધન કમાઈ લાવીએ. જો મોટા મહેલ અને હવેલીઓ બાંધવી હોય તો પરદેશ ગયા વગર છુટકો નથી. બ્રાહ્મણને પણ આ વાત સાચી લાગી, અને પોતાની સ્ત્રીને સમજાવી. પછી તે અને પેલો સોની થોડે દિવસે પરગામ જવા નીકળ્યા. ફરતા ફરતા દરિયાકીનારેના કનકપુર નામે એક ગામમાં તે આવ્યા. ત્યાં વિજયપાળ નામે રાજા રાજ કરતો હતો. ત્યાં આગળ તે બ્રાહ્મણે નિશાળ માંડી. રાજાને તે વાતની ખબર પડી, એટલે બ્રાહ્મણને બોલાવ્યો. બ્રાહ્મણને પછી પોતાને ઘેર રાખ્યો ને પોતાનાં બાળક ભણાવવાને સોંપ્યાં. એમ કરતાં કરતાં બાર વરસ થયાં. સોનીએ પણ આ અરસામાં સારા પૈસા એકઠા કર્યા હતા. તેને પોતાને ગામ જવાનો વિચાર થયો. તે વાત જાણી એટલે બ્રાહ્મણને પણ ઘેર જવાનું મન થયું, તે રાજાજીની રજા લેવા ગયો એટલે રાજાજીએ કહ્યું કે, તમારે જાતે ઘેર જઈને શું કામ

છે ? તમારા મિત્ર ઉપર વિશ્વાસ હોય, તો હું તમને ધન આપુ તે તમારી સ્ત્રીને મોકલી આપો. બ્રાહ્મણ કહે કે મિત્રને લીધે તો હું અહિં આવ્યો છું. મને એના ઉપર પુરો વિશ્વાસ છે.

રાજા કહે કે, એ જાતનો સોની છે:

" ભૂપત કહે સાંભળ રે બ્રહ્મ કહું સોની કેરૂં કર્મ;
" તસ્કર સૌ તણો સરદાર, ક્રોડ વસા જાણો સોનાર.
" સોની તણો વિશ્વાસ જ કરે, તે ડહાપણુ પોતાનું હરે;
" મોકલશો ધન આપી જેહ, ક્ષેમ કુશળ પહોંચે નહિ તેહ. "

તોપણ બ્રાહ્મણે તો કહ્યું કે, મારા મિત્રનો મને પૂરો વિશ્વાસ છે. એટલે રાજાએ તેને ચાર કિંમતી રત્ન આપ્યાં. આ રત્ન બ્રાહ્મણે પેલા સોનીને આપીને કહ્યું કે, " ભાઈ મારી સ્ત્રી દુઃખમાં દિવસ ગાળતી હશે, તેને આ ચાર રત્ન આપજે." સોની રત્ન લઇ વિદાય થયો. રસ્તામાં તેને વિચાર આવ્યો કે, આ રત્ન હું બ્રાહ્મણીને નહિ આપુ તો કોણ જાણનાર છે ? પોતાને ગામ પહોંચ્યા પછી તે સોનીએ ગામના ચાર પટેલીઆને બોલાવી તેમને લાંચ આપી, અને કહ્યું કે તમારે હમેશાં એમ સાક્ષી પૂરવી કે મેં ચાર રત્ન બ્રાહ્મણીને આપ્યાં છે. પછી તે બ્રાહ્મણને ઘેર ગયો અને કહ્યું કે મારૂં નશીબ તો પરદેશમાં ઉઘડ્યું, પણ બિચારા બ્રાહ્મણને હજી નશીબે યારી આપી નથી. પણ એ જ્યારે ઘણું ધન કમાશે ત્યારે પાછો આવશે. એમ કહી તેણે બ્રાહ્મણીને ચાર હુણ (એક જાતના સિક્કા) આપ્યા; અને કહ્યું કે મારી સાથે તારા પતિએ આ ચાર હુણ મોકલ્યા છે તે હું

તને આ પંચ દેખતાં આપુ છું. સોની ત્યાર પછી પોતાને ઘેર ગયો, અને બીચારી બ્રાહ્મણીના ચાર હુણ તો જોતજોતામાં ખરચાઇ ગયા. પેલો બ્રાહ્મણ તો પોતાનું કામ કર્યાં કરે છે. થોડે દિવસે રાજાના પુત્રો ભણી રહ્યા, એટલે તેણે રાજાજી આગળ હાથ જોડી પોતાને ઘેર જવાની રજા માગી. રાજા પણ તેના કામથી સંતોષ પામ્યા હતા. તેમણે ખુશીથી તેને જવાની રજા આપી, અને કહ્યું કે આપેલાં ચાર રત્ન તમે તમારે ઘેર મોકલ્યાં છે તેમાંથી અખૂટ ધન આવશે; તે તમે નિરાંતે ભોગવજો. બ્રાહ્મણ પોતાને ગામ ગયો, એટલે તેને જોઈ તેનાં સગાંવહાલાં બહુ આનંદ પામ્યાં. ભાઇબંધ દોસ્તદાર બધા મળવા આવ્યા. પેલો સોની પણ મળવા આવ્યો અને મોડી રાત સુધી વાતો કરી. બધાના ગયા પછી બ્રાહ્મણે પોતાની વહુને પુછ્યું કે મેં "તને સોની સાથે ચાર રત્ન મોકલ્યાં હતાં, તોપણ તું આમ દુઃખમાં કેમ જીંદગી ગાળે છે? હવે તે રત્ન કાઢો, અને આપણે તે વેચી છોકરાં પરણાવીયે, હવેલીઓ બંધાવીએ, અને મહારૂદ્ર આદિ ધર્મદાન કરીયે." બિચારી બ્રાહ્મણી તો આ સાંભળીને વિચારમાંજ પડી ગઇ કે આ રત્નની શી વાત કરે છે!! તેનું આવું મુખ જોઈ બ્રાહ્મણે તેને પુછ્યું કે સોનીએ તને રત્ન આપ્યાં હતાં કે નહિ? બાઇયે ના કહી એટલે તે નિરાશ થઈ ગયો, અને તરતજ પેલા સોનીને ઘેર ગયો. ત્યાં જઈ તેણે સોનીને કહ્યું કે, "ભાઈ, તેં બહુજ સારી અક્કલ વાપરી અને સ્ત્રી—જાત જાણીને મારી પત્નીને, મેં આપેલાં રત્ન આપ્યાં નહિ તે પણ ઠીક કર્યું."

સોની કહે કે, "ભાઈ, તું મારે ગળે કેમ પડે છે? મેં તો રત્ન તારી સ્રીને તરતજ આપી દીધાં છે, અને વળી ચાર સાક્ષી પણ રાખ્યા છે." આ ઉપરથી તકરાર આગળ ચાલી અને બ્રાહ્મણે દરબારમાં ફરિયાદ કરી. સોનીએ પેલા પંચને સાક્ષીમાં મૂક્યા અને તેમના પુરાવા ઉપરથી રાજાએ ઠરાવ્યું કે રત્ન તો બ્રાહ્મણીને મળ્યાં છે. પછી ખોટી ફરિયાદ કરવા માટે બ્રાહ્મણ તથા બ્રાહ્મણીને દેશનિકાલ કર્યાં. તેઓ બિચારાં નિરાશ થઇને ગામ બહાર ચાલ્યાં.

આ ગામની બહાર એક ટેકરો હતો. તે ટેકરા ઉપર એક રબારીનો છોકરો બેસતો હતો. તેને વિષે એમ કહેવાતું હતું કે તેની જાતમાં અક્કલ ઓછી હતી; પણ તે ટેકરાનું સત એવું હતું કે તે છોકરો ખરેખરો ન્યાય તોળતો હતો. તેની સાથે ગામના અઢારે વર્ણના બાળકો રમત રમતા હતા. આ બ્રાહ્મણ અને બ્રાહ્મણી તે ટેકરા આગળ થઇને રડતાં રડતાં જતાં હતાં. તેમને જોઈને પેલા બાળકો તેમને ગોવાળ પાસે લઈ ગયા. બધી હકીકત સાંભળી એટલે બધા છોકરાઓ ગામમાં દોડયા અને સોનીને તથા પંચના માણસોને બોલાવી લાવ્યા. સોનીએ પોતાની હકીકત કહી, અને પંચના માણસોએ તેને ટેકો આપ્યો. પછી પેલા ગોવાળે પંચના માણસોને જુદા બોલાવ્યા. બધાને જુદા પાડ્યા પછી કહ્યું કે તમે એ રત્ન જોયાં હતાં તો તેનો બરોબર ઘાટ મને બતાવો. આ લોકોએ તો રત્ન જોયાંજ નહોતાં એટલે દરેક જણે મનમાં આવ્યો તેવો ઘાટ બતાવ્યો. કોઈયે ગોળ તો કોઈયે ચોરસ અને વળી કોઈયે

ત્રિકોણ. કોઈનાએ ઘાટ સરખા આવતા નહોતા. આમ થયું એટલે તેણે છોકરાઓને કહ્યું કે આ સાક્ષીઓ જુઠા છે માટે એમને મારો. મારની બીકથી તે લોકોએ ખરી વાત કહી દીધી. પછી પેલા સોનીને પણ મારવા માંડયો. બધી બાજી હાથમાંથી ગઈ એટલે તેણે પણ ખરી વાત કહી અને રત્ન સંતાડયાં હતાં તે જગ્યા બતાવી દીધી. છોકરાઓ ત્યાં જઈને રત્ન લઈ આવ્યા અને તે બ્રાહ્મણને આપ્યાં.

આ વાતની રાજા ભોજને જાણ થઇ, એટલે તેને તે ટેકરા સંબંધી બહુજ કુતુહલ થયું. ગોવાળના છોકરાની આવી બુદ્ધિ હોય એમ તો તેના દેખાવ ઉપરથી રાજાને લાગ્યું નહિ. તે ઉપરથી રાજા અને વજીરને એમ થયું કે આ બધો પ્રતાપ આ સ્થાનનો હોવો જોઇએ. એમ ધારીને તેમણે તે ટેકરો ખોદવાનો હુકમ કર્યો. ખોદતાં ખોદતાં અંદરથી એક અતિ સુંદર, મનોહર સિંહાસન હાથ લાગ્યું. તે ગોળાકાર હતું, અને તેમાં ગજ ગજને અંતરે એક એક બહુજ સ્વરૂપવાન સુવર્ણની પૂતળી મુકેલી હતી. દરેક પૂતળીના હાથમાં જુદાં જુદાં વાજીંત્ર હતાં, અને તેમનાં મ્હોં પૂનેમના ચંદ્ર જેવાં સુશોભિત હતાં. રાજા ભોજે આ સિંહાસન ઉપર બેસવા ઇચ્છા કરી અને બ્રાહ્મણો પાસે શુભ મુહૂર્ત જોવડાવ્યું. તે દિવસે દરબાર ભરાયો છે. ભાટચારણો અને બંદીજનો રાજાજીના ગુણગાન કરી રહ્યા છે. જાચકોને દાન અપાય છે. સર્વત્ર આનંદ આનંદ થઇ રહ્યો છે. ભોજ રાજાએ સિંહાસનની પૂજા કરી. પછી રાજાજી સિંહાસન ઉપર બેસવા ગયા. રાજા આસન ઉપર પગ મૂકવા જાય છે એટલે તરતજ

એક પૂતળી, 'હાં, હાં,' કરીને બોલી ઉઠી કે, "ખબરદાર જો આ સિંહાસન ઉપર પગ મૂક્યો તો!!" આખી સભા બહુજ અચંબો પામી. ભોજ રાજાએ પગ પાછો ખેંચી લીધો, અને હાથ જોડીને બોલ્યો: "તમે કોણ છો, અને શા કારણથી મને સિંહાસને બેસવા ના કહો છો તે કહો." તે પૂતળી બોલી કે, "હે રાજા ભોજ, હું તો માત્ર પૂતળી જ છું, અને મારૂં નામ નંદા છે.

નંદા નામે કહે પૂતળી, ભોજ સુણો આ ઠામ;
સિંહાસન વિક્રમતણું, પરદુઃખ ભંજન નામ.

\+ + + +

તે સરખો દાતા થશે, તે બેસે એહ ઠામ;
બીજો સિંહાસન પૂજશે, નહિ બેઠાનું કામ.

આ સિંહાસન તો પરદુઃખ ભંજન રાજા વિક્રમનું છે. તેણે વીર વૈતાળને વશ કર્યો હતો અને પરોપકાર માટે પોતાનો દેહ સમર્પણ કર્યો હતો. તેના નામનો સંવત હજી પણ દેશમાં ચાલે છે. તે રાજાના જેવો પરોપકારી અને બહાદૂર રાજા જે થશે તેજ આ સિંહાસન ઉપર બેસી શકશે. બીજાઓએ તો માત્ર તેની પૂજા કરવાની છે." આ સાંભળી ભોજ રાજાએ પૂછ્યું: "એ રાજાએ એવાં તે શાં પરાક્રમનાં અને પરોપકારનાં કાર્ય કર્યાં હતાં તે મને કહો તો ખરાં?" તે ઉપરથી નંદા પૂતળીએ હરણની વાત શરૂ કરી. આ રીતે સિંહાસન બત્રીસીની વાર્તાનો આરંભ થાય છે.

વાર્તા ૧ લી.

હરણની વાર્તા.

પૂતળી નંદા.

હરણની વાર્તા.

નંદા નામની પૂતળી કહે છેઃ—

ક્ષીપ્રા નદીને તીરે ઉજેણી નામે મોટી નગરી હતી. તે જાત્રાને માટે પ્રખ્યાત હતી. ત્યાં સિદ્ધવડ હતો. તેમાં શ્રી શંકર, વીર વૈતાળ, અને બાવન વીર, ચોસઠ જોગણીઓ તથા ગાંધર્વો વગેરે રહેતાં હતાં. ગામ બધું ધર્મનિષ્ઠ હતું અને રાજા વિક્રમ ત્યાં રાજ્ય કરતા હતા. તે નગરમાં નરપતીઓ નામે એક માણસ રહેતો હતો. તેને એક સ્ત્રી અને ચાર છોકરાં હતાં. તે દરરોજ રાત્રે મહોલ્લાઓમાં ખેલ કરતો અને દિવસે વનમાં ફરીને, સાંજ પડે તે પોતાની સ્ત્રી બાળક માટે ખોરાક લાવતો હતો. એક દિવસ ઘણોયે આથડયો તો પણ કાંઈ ખાવાનું મળ્યું નહિ. તેણે વિચાર કર્યો કે ખાલી હાથે ઘેર જઇને કરવું શું ? એમ ધારીને તે રાત્રે તે જંગલમાંજ રહ્યો. વાઘ વરૂની બીકથી તે એક મોટા વડ ઉપર ચઢીને ડાળીયોની ઘટા ઉપર આડો પડી રહ્યો. થોડી રાત ગઈ એટલામાં તો ત્યાં ઘણોજ આશ્ચર્યકારક બનાવ બન્યો. સાત માણુસો મશાલો સાથે ત્યાં આવ્યા. પછી તેમણે હાથથી નિશાની કરી એટલે તો અસંખ્ય માણુસો ત્યાં આવી પહોંચ્યા. મશાલોથી બધે ઝગઝગાટ પ્રકાશ પડી રહ્યો.

આસપાસ લોકોના ઉપયોગ માટે દુકાનો પણ ગોઠવાઈ, અને જાણે એક શહેર વસી ગયું હોય તેવો દેખાવ થઈ ગયો. વચ્ચે દરબારની માફક આસનો ગોઠવાયાં અને તે બધાની મધ્યમાં એક સુવર્ણનું સુંદર સિંહાસન ગોઠવાયું. થોડીવારમાં એક હરણ આવીને તે સિંહાસન ઉપર બેઠો અને ગાન તાન ચાલવા લાગ્યાં. પેલો નરપતીઓ તો આ બધું જુવે અને ઉંચો નીચો થાય. એને એમ થવા લાગ્યું કે આ બધું સ્વપ્નું છે કે ખરૂં ? સવાર થતાં પહેલાં તો આ બધું વિખરાઈ ગયું અને હતું તેવું થઈ રહ્યું. પછી નરપતીઓ પોતાને ઘેર ગયો અને સ્ત્રીને બધી વાત કહી. સ્ત્રીએ કહ્યું, "તમે ખાલી હાથે ઘેર આવ્યા છો તેથી આ બધી બનાવટી વાત કરો છો." પછી તેઓ બન્નેએ ફરીથી તેજ સ્થળે જવાનો નિશ્ચય કર્યો, અને રાત્રે તે વડ ઉપર ધણી ધણીયાણી બે છુપાઈ રહ્યાં. બધો જ દેખાવ ફરીને આગલી રાત જેવોજ થયો. વહાણું વાતાં તો બધું ખલાસ થઈ ગયું. એટલે આ બન્ને પોતાને ઘેર ચાલ્યાં. તેમણે વિચાર કર્યો કે આ બનાવથી આપણા રાજાને માથે કાંઈ સંકટ હોય તો આપણે આ બાબતની રાજાજીને જાણ કરવી જોઈયે. એમ વિચારી તેઓ બન્ને દરબારમાં ગયાં અને રાજાજીને આ વાત કહી. તે સાંભળી રાજાયે કહ્યું કે આપણે આજે રાત્રે પાછા એજ સ્થળે જઈને બધું જોઈશું.

તે દિવસે પણ તેઓ ત્યાં ગયા અને પેલા વડ ઉપર છુપાઈ રહ્યા. ફરી પાછો તેનો તે દેખાવ તેમની નજરે પડયો. મ્હો ફાટતાં પેલો હરણ ચાલવા લાગ્યો ત્યારે વિક્રમે

વિચાર્યું કે હું ક્ષત્રીય છું અને મૃગયા રમવાનો મારો ધર્મ છે. જો આ પ્રમાણે આ હરણને હું જવા દઉં તો મને લાંછન લાગે, એમ કહી તેણે તે હરણ ઉપર તાકીને તીર માર્યું. હરણ ઘવાઇને પડયો અને મરણ પામ્યો. રાજા વિક્રમ એકદમ નાચે ઉતર્યો અને પેલા સિંહાસન ઉપર બેઠો. પેલું બનાવટી નગર ત્યાંને ત્યાં સ્થંભી રહ્યું. પરંતુ થોડી વારમાં એક અજાયબીભર્યો બનાવ બન્યો. આકાશમાંથી એક વિમાન ઉતર્યું અને પેલા હરણને તેમાં બેસાડયો. તે વિમાન ચાલી જતું હતું તેને પકડીને વિક્રમ રાજાએ પૂછયું કે આ શું છે? ત્યારે વિમાનમાંના માણસો બોલ્યા કે, " આ હરણ કાંઈ સામાન્ય હરણ નથી. એ તો ઇંદ્રનો પુત્ર છે. શ્રાપને લીધે તે હરણનો અવતાર લઇને આવ્યો હતો. પરંતુ તેણે આજીજી કરી હતી તેથી ઇંદ્ર રાજાયે એમ કહ્યું હતું કે રાજા વિક્રમને હાથે તારૂં મોત થશે ત્યારે તું સ્વર્ગમાં પાછો આવીશ." એટલું કહ્યા પછી વિમાન ચાલી ગયું.

પેલું નગર તો હમેશને માટેજ રહી ગયું. રાજા સિંહાસને બેઠો અને પેલા નરપતીયાને કહ્યું કે " તારે જોઇયે તેટલું ધન અને ધાન્ય માગી લે, હવે ભૂખમરો વેઠીશ નહિ." પરંતુ તેના મોં ઉપર આનંદ દેખાયો નહિ. રાજાએ તેને પૂછયું, " ભાઈ, તારા મનમાં શો વિચાર ચાલે છે તે મને કહે." ત્યારે તે બોલ્યો કે, " આ બધું તમને બતાવ્યું મેં અને શીકારનું કામ તો મારૂં જ છે. જો પ્રથમ દિવસે જ મેં આ હરણનો શીકાર કર્યો હોત તો આ નગ-

રનું રાજ્ય મને મળત." આ સાંભળી વિક્રમ રાજા જે અતિ પરોપકારી અને પરદુ:ખભંજન હતો, તે સિંહાસન ઉપરથી ઉતરી ગયો અને પેલા નરપતીયાને સિંહાસન ઉપર બેસાડયો. તે ઘડીભર આનંદમાં આવી ગયો, પણ વળા પાછું તેનું મુખ કરમાઇ ગયું. તે જોઈ ફરી રાજાએ પુછયું કે, "તારા મનમાં હજીયે જે દુ:ખ હોય તે ખુશીથી કહે" ત્યારે તે હાથ જોડીને બોલ્યો. "મહારાજ, આપે મને આ નગરનું રાજ્ય તો આપ્યું, પણ હું હલકી વર્ણનો છું તેથી બધા રાજાઓ મને તેમના મંડળમાં દાખલ કરશે નહિ અને હું તો બધાથી ત્યજાયલો રહીશ." તરતજ વિક્રમ રાજાએ કહ્યું, "એમાં તે શું? તમે મારી દીકરી સાથે લગ્ન કરો, એટલે બધા રાજાઓ તમારી સાથે મળતા રહેશે." એમ કહી તેણે ધામધુમથી પોતાની દીકરીને તેની જોડે પરણાવી. આ પ્રમાણે નંદા નામની પુતળીએ પરોપકારી, પરદુ:ખભંજન વિક્રમરાજાની એક વાત કહી. પછી તે બોલી, હે રાજા ભોજ! જે આ પ્રમાણે પોતાનો સ્વાર્થ અળગો કરી શકે તેને માટે આ સિંહાસન છે.!

એહવો રાજા જે થશે, જે કરશે પરકાજ,
તે બેસે સિંહાસને, એક છત્રધર રાજ;
એહવું કહીને ઉત્પતિ, ગઈ પૂતલી આકાશ,
હવે સુલક્ષા બોલશે, કહે કવિ સામળદાસ.

એટલું બોલી તે આકાશમાં ઉડી ગઈ.

વાર્તા ૨ જી.

ગર્ધવસેનની વાર્તા

પુતળીઃ વનિતા.

વાર્તા ૨ જી.

ગર્ધવસેનની વાર્તા.*

પુતળીઃ વનિતા.

ભોજરાજા સિંહાસન ઉપર બેસવા જાય છે, તેમને અટકાવી વનિતા નામે પુતળી કહે છે કેઃ

બોલી વનિતા પુતળીઃ ભોજ ન ધરચ તું ચરણ,
સિંહાસન સ્પરશ નવિ કરો. બેસો હેઠા ધરણ.

એમ બોલીને તેણે કહ્યું, હું આપને આજે વિક્રમરાજા ખરી રીતે કોણ હતા તે ઇતિહાસ કહીશ. તમે જ્યારે એના જેવા પરાક્રમ અને સાહુકારીભર્યાં કામ કરો ત્યારે આ સિંહાસને બેસજો.

એકવાર સ્વર્ગમાં ઇંદ્ર રાજાનો દરબાર ભરાયો હતો. તેમાં એક અપ્સરા બહુ સુંદર નાચ કરતી હતી. આ નાચ ઇંદ્રને બહુજ ગમ્યો. તેણે મનમાં વિચાર કર્યો કે હું આ

* નોંધ—આ વાર્તા ગુમાન બારોટવાળી હસ્તલિખિત પ્રતમાં દસમી આપેલી છે. પરંતુ આ વાર્તામાં રાજા વિક્રમની ઉત્પત્તિનો હેવાલ છે. તથા હરસિદ્ધ માતાને તેમણે કેમ રીઝવ્યા, તથા વીર વૈતાળને કેમ કબજે કર્યા, તેની હકીકત છે. તેથી તે બીજી જ મુકી છે અને અસલમાં બીજી વાર્તા હતી તે દસમી રાખી છે. એટલે વચલી વાર્તાઓનો અનુક્રમ બદલાશે નહિ. કે. દેસાઈ.

અપ્સરાને મહાદેવજી આગળ નાચ કરવા મોકલીશ. તેથી મહાદેવજી મારા ઉપર પ્રસન્ન રહેશે. એમ ધારી તેણે, અપ્સરાને કહ્યું કે તું કૈલાસ પર્વત ઉપર મહાદેવજી પાસે જા. અને તારા નાચથી તેમને પ્રસન્ન કર. અપ્સરા તો ત્યાં ચાલી. રસ્તામાં ઇંદ્રનો પુત્ર તેને મળ્યો. તે બોલ્યોઃ મોહીની! તું કયાં જાય છે? તેણે કહ્યું: કૈલાસ પર્વત ઉપર મહાદેવજીની પાસે. તમારા પિતાએ મને હુકમ કર્યો છે. પણ ઇંદ્રનો પુત્ર જક કરીને તેને પોતાના મહેલમાં લઈ ગયો.

થોડા દિવસ પછી ઇંદ્રરાજા મહાદેવજી પાસે ગયા. ત્યાં તેમની સ્તુતિ કરી, અને પછી પૂછયુંઃ—

મેં અપ્સરા મોકલી હતી તેનો નાચ આપને પસંદ પડયો? મહાદેવજીએ કહ્યું કે અહીં કોઇ અપ્સરા આવી નથી, અને નાચ કર્યો નથી. આ રીતે ઇંદ્રરાજા જુઠા પડયા, તેથી તેમને બહુ ખોટું લાગ્યું. તેમણે પેલી અપ્સરાને પકડી મંગાવી અને પૂછયું કે તું કયાં હતી?

ત્યારે અપ્સરાએ સાચી વાત કહી દીધી. ઇંદ્રે પોતાના પુત્રને બોલાવ્યો અને કહ્યું કે મારા હુકમની આડે આવીને, તેમજ મહાદેવજી માટે મોકલેલી અપ્સરાનું હરણ કરીને, તેં મોટું પાપ કર્યું છે. માટે તું પૃથ્વી ઉપર ગધેડો થઇને પડજે આ સાંભળીને પુત્રે બહુજ કાલાવાલા કર્યા. અને તે બે જણની સ્તુતિ કરી. અંતે મહાદેવજીને દયા આવી. એટલે કહ્યું કે તને શ્રાપ છે એટલે તું ગધેડો તો થઈશ, પણ રોજ રાત્રે તારૂં ખરૂં સ્વરૂપ તને મળશે. તારાં લગ્ન રાજપુત્રી સાથે થશે. અને જયારે તને પુત્ર આવવાનો સમય

થશે ત્યારે શ્રાપનું નિવારણ થશે અને તું પાછો સ્વર્ગમાં આવીશ.

ઇંદ્રનો પુત્ર આ પછી સ્તંભતીર્થ નામે ગામમાં એક કુંભારને ત્યાં ગધેડારૂપે પડયો. રાત પડી એટલે આ ગધેડો તો બોલવા લાગ્યોઃ-હે કુંભાર! તું સુઇ કેમ રહ્યો છું. તારૂં નશીબ ફર્યું છે. રાજાને જઇને કહે કે તારી કુંવરી મારા ગધેડા સાથે પરણાવ. નહિ તો તારા શહેરમાં હટંહર આવશે. કુંભાર તો આ સાંભળી બહુ ગભરાયો. બીજે દિવસે પણ ગધેડો આ પ્રમાણે બોલ્યો, ત્યારે તેને બહુજ નવાઇ લાગી. તેની હિંમત રાજા પાસે તો જવાની ના ચાલી. પણ પ્રધાનને જઇને તેણે આ વાત કહી. પ્રધાન તેને ઘેર આવ્યો અને તેને પણ ગધેડાએ ઉપર પ્રમાણે કહ્યું.

બીજે દિવસે પ્રધાને રાજાને વાત કરી અને બંને જણ રાત્રે કુંભારને ત્યાં ગયા. ત્યારે પેલો ગધેડો બોલ્યો, તમે રાજા અને પ્રધાન બે જણા આવ્યા છો તે હું જાણું છું, તમારે જે જોઇયે તે મારી પાસે માગો. પણ કુંવરીનાં લગ્ન મારી સાથે કરી આપો. જો તેમ નહિ થાય તો તમારૂં આખું ગામ ઉજડ કરી નાંખીશ.

આ સાંભળી રાજા અને પ્રધાન બંને વિચારમાં પડયા. તેમણે કહ્યું કે આમાં કાંઇક ચમત્કાર છે. આપણે એવું માગીએ કે એનાથી તે અપાયજ નહી. રાજાએ કહ્યું કે જો તું મારા ગામને ત્રાંબાનો કોટ અને રૂપાના દરવાજા કાલે રાત્રે કરી આપે તો બીજે દિવસે તને કુંવરી પરણાવું.

ગર્ધવે તે વાત કબુલ કરી. રાત્રે ઇંદ્રના પુત્રે વિશ્વકર્માને બોલાવ્યા અને ત્રાંબાનો કોટ તથા રૂપાના દરવાજા કરવાનો હુકમ આપ્યો. વિશ્વકર્માને કાંઇ એમ કરતાં વાર લાગે?

બીજે દિવસે સવારે તો

થઇ રચના કો કારમી, ઝાલકાર તે કોટ;
દરવાજા, ઘડ, કાંગરા, તે રૂપા કેરા ઓપ.

તે દિવસથી આ સ્તંભતીર્થનું બીજું નામ ત્રાંબાવટી પડ્યું. રાજાએ કહ્યું કે આ કોઈ દેવરાજ હશે. અને તેમણે પોતાનું વચન પાળીને કુંવરી તેને પરણાવી. અને તેને જુદો મહેલ કહાડી આપ્યો. ત્યાં કુંવરીએ તો પહેલી જ રાત્રે જોયું કે આતો દેવપુત્ર છે. કારણ કે રાત્રે તે પુરૂષનું રૂપ ધારણ કરતો હતો. આ જોઇ પુત્રીને બહુજ આનંદ થયો. તેની સાથે રાજાએ પ્રધાન પુત્રીને દાસી તરીકે સોંપી હતી. તેણે પણ આ પુરૂષ સાથે લગ્ન કર્યું. ત્રણે જણ બહુજ આનંદથી દિવસ ગાળતાં હતાં. અને કુંવરીને જરાયે શોક નહોતો.

કુંવરીની મા આ વાત જાણતી નહોતી. એના મનમાં પોતાની છોકરી માટે બહુજ દુઃખ હતું. એના લગ્નને ઘણા મહીના થઈ ગયા પછી એક દિવસ તે પુત્રીને મળવા ગઇ ત્યારે પુત્રીના મોં ઉપર જરાયે દુઃખ દીઠું નહિ. તેથી તેને છોકરી ઉપર તિરસ્કાર આવ્યો. અને બોલી કે શા ઉપર આટલી ફાલી છું. હું તો તારે લીધે શરમાઇ મરૂં છું. ત્યારે કુંવરી બોલીઃ મા! તું

નકામી દુઃખી થાય છે. આ કોઇ ગર્ધવ નથી, પણ દેવપુત્ર છે. તારે જોવું હોય તો રાત્રે આવજે. આ ઉપરથી રાણી રાત્રે ત્યાં આવી અને તેણે જોયું કે ગધેડાનું શરીર, મડદાં જેવું બારણે હતું, અને મહેલમાં કોઈ તેજસ્વી પુરૂષ પોતાની છોકરી સાથે વાત કરતો હતો. રાણીયે વિચાર્યું કે જો આ ગધેડાનું શરીર હોય નહિ, તો આ પુરૂષ દિવસે પણ આવોજ રહેશે. અને મારી છોકરીનું ભાગ્ય ફરશે. એમ ધારી તેણે પોતાના નોકર પાસે ગધેડાનું શરીર બાળી મુકાવ્યું. તે બળ્યું એટલે ઈંદ્રપુત્રનો આત્મા ચણચણ્યો. તેણે કુંવરીને કહ્યું કે બહુજ ખોટું થયું છે. મારૂં શરીર કોઇયે બાળી મૂક્યું છે. એટલે હવે હું સ્વર્ગે જઇશ અને પાછો આવીશ નહી. વળી આ કૃત્યથી આ ગામ ઉપર મોટી આફત આવશે. સવાર થતાં તો શહેર તુટી પડશે અને દટાઇ જશે. તમે બંને જણાને થોડા વખત પછી પુત્ર આવવાનો છે. માટે અહીંથી હમણાંને હમણાં જતાં રહો. નહી તો તમે પણ મરી જશો. એમ કહી એ અંતર્ધ્યાન થઈ ગયો.

બંને બેનપણીયોને બહુ દુઃખ થયું. પણ શોક કરવાનો વખત નહોતો. તેમણે ત્યાંથી દોડવા માંડયું અને વહાણું વાતાં તો તેઓ બહુ દૂર જતી રહી. સવાર થતાંજ આખું ત્રંબાવટી નગર દટાઇ ગયું અને ત્યાં ખંડેરો રહ્યાં. ઘણે સમયે ત્યાં આગળ ખંભાત નામે બીજું ગામ વસ્યું. બંને જણ નાસતાં નાસતાં એક રૂષિના આશ્રમમાં આવ્યાં. રૂષિયે તેમની હકીકત સાંભળી, અને પોતાની પુત્રી પ્રમાણે

રાખવા વચન આપ્યું. આ આશ્રમમાં બંને જણને પુત્ર આવ્યા. કુંવરીના પુત્રનું નામ વીકો પાડયું. અને પ્રધાન પુત્રીના પુત્રનું નામ પરભવ પાડયું. બંને જણાને રૂષિયે બહુ સારૂં જ્ઞાન આપ્યું. એકવાર પરભવ વનમાં રમવા ગયો ત્યાં ભૂલો પડયો. અને વણઝારાના હાથમાં આવ્યો. તે ખોવાયો તેથી સૌને બહુ શોક થયો. બાર વર્ષની ઉમરનો વીકો થયો ત્યારે તે ધનુષ બાણ લઇ રૂષિની તથા માતાઓની રજા લઇને નિકળ્યો. અને કહ્યું કે હું રાજ્ય મેળવીને, તથા મારા ભાઇ પરભવને શોધી કાઢીને તમને તેડાવીશ. સૌએ ભારે મનથી તેને રજા આપી.

વીકો બહુ જંગલોમાં ફર્યો. એક ઠેકાણે તેણે વણઝારાનુ મોટું ટોળું જોયું. અને ગુપચુપ તેની તપાસ કરવા માંડી. આ લોકોમાં શણવી કરીને એક માણસ હતો. તે એને પોતાના ભાઇ પરભવ જેવો લાગ્યો. તેથી તેણે નક્કી કર્યું કે એની પુરી તપાસ કરવી. થોડાં ઘરેણાં પોતાની પાસે હતાં. તેમાંથી થોડાં તેણે એક પોઠમાં ગુપચુપ શીવી લીધાં. અને પછી પાસેના ગામમાં ગયો. ત્યાં જઇ રાજાને ફરીઆદ કરી કે વણઝારાએ મને લુંટી લીધો છે. રાજાએ વણઝારાને પકડી મંગાવ્યો. તેણે કહ્યું કે આ કોઇ ગલેપડું છે, જો એ સાબિત કરે કે મેં તેને લુંટયો છે, તો હુ તેને મારો બધો માલ આપી દઉ. વિકાના કહેવાથી રાજાએ બધી પોઠો તોડાવી. એક પોઠમાંથી વિકાનો માલ નિકળ્યો. અને વણઝારો ઝાંખો પડયો. પણ વીકાએ કહ્યું કે જો તું આ શણવી મને આપી દે તો હું

તારો માલ નહિ લઉં. વણઝારાએ તે વાત કબુલ કરી. વિકાએ રાજાને પણ ઝવેરાત આપ્યું અને તેની દોસ્તી બાંધી, પછી શણુવી અને તે ચાલી નિકળ્યા. બંનેએ પોત પોતાની વાત કરી અને પછી બે ભાઇઓ ભેટયા.

ત્યાંથી ફરતા તેઓ ક્ષીપ્રા નદીને તીરે આવ્યા. થાકી ગયેલો વીકો એક ઝાડ તળે બેઠો અને પરભવ ગામમાં ગયો. વીકો જે જગાએ બેઠો હતો તે મશાણ હતું. અને ઝાડમાં ચોસઠ જોગણીયોનો વાસ હતો. તેને જોઈને હરસિદ્ધ માતા ઝાડ ઉપરથી ઉતર્યા અને સુંદર સ્રીનું રૂપ ધારણ કરીને વીકા પાસે આવ્યાં. તેમણે કહ્યું કે તું મને તારૂં લોહી આપીને તૃપ્ત કર. વીકાએ જરાપણ અચકાયા વગર પોતાના શરીરના ભાગ તેમને આપ્યા. માતાજી પ્રસન્ન થયાં અને કહ્યું હું તો તારી મશ્કરી કરતી હતી પણ હું તારા ઉપર પ્રસન્ન છું. અને જયારે તને જરૂર પડે, ત્યારે મારી પાસે આવજે. આમ કહી તે જતાં રહ્યાં. પરભવ ત્યારપછી આવ્યો અને ગામમાંથી ખાવાનું લાવ્યો હતો તે બંનેયે ખાધું અને પછી ગામમાં ગયા. આ વખતે ગામની સ્થિતિ નબળી હતી. ગામમાં રાજા હતો તેને વૈતાળ નામનો એક યક્ષ ખાઇ ગયો હતો. અને પછી જે રાજા થાય તેને તે ખાતો હતો. આવી સ્થિતિમાં કોઇ રાજા થતું ન હોતું. વીકાએ જઈને કહ્યું કે હું રાજા થવા તૈયાર છું. પછી તેણે તે વૈતાળની બધી હકીકત જાણી લીધી અને પછી હુકમ કર્યો કે જે રસ્તેથી વૈતાળ આવે છે તે રસ્તા ઉપર મદિરાનાં માટલાં મુકાવો. પછી પુષ્કળ ખાવાનું મુકાવો. પછી દૂધના

કઢા મુકાવો. પછી મહેલમાં ખુબ સુગંધીદાર સામાન ગોઠવો અને ત્યાં સુંદર ગાયન રાખો. અને બહુજ સુખ સગવડ વૈતાળને માટે કરો.

વૈતાળ જ્યારે આવ્યો ત્યારે આ બધી સગવડ જોઈને આનંદ પામ્યો. બહુજ ધરાઇ તે તેણે ખાધું. તેના પેટમાં જરાયે જગા રહી નહિ. એટલે તે બોલ્યો કે આજનો રાજા બહુ સારો છે. જો મારૂં પેટ રોજ આમ ભરાય તો હું તેને મારૂં નહિ. આ સાંભળી વીકો ત્યાં આવ્યો અને તેને પગે લાગ્યો. ત્યારે વૈતાળ કહે છે કે હું તારા ઉપર બહુજ પ્રસન્ન છું. મારી પાસે કાંઇ માગી લે. ત્યારે વીકાએ પુછ્યું કે તમે કોણ છો અને કેટલી શક્તિવાળા છો, તે કહો. એટલે હું માંગું. ત્યારે વૈતાળ બોલ્યો:

"મારૂં નામ તો વીર વૈતાળ, રોસે ભર્યો કૃતાંતજ કાળ;
અણુ ચિંતવ્યા મહા કામજ કરૂં, સ્વર્ગ, મૃત્યુ, પાતાલે, સંચરૂં.
બાવન વીરમાં હું સરદાર. મ્હારાં કામ અપરંપાર;
સત્ય હરસિદ્ધ તણો છે હાથ, ભૂચર ખેચર મહારે હાથ.
ઈંદ્રાસન, બ્રહ્માસન જાઉં, ન્યાલ કરૂં પ્રસન્ન જ થાઉં;
કોપું તેના લેઉં પ્રાણ, અદૃષ્ટ વિદ્યા મુજમાં જાણ.
લઘુ લાઘવી વિદ્યા કરૂં એક ઘડીમાં પૃથ્વી ફરૂં;
એવા વચન વૈતાળે કહ્યા, તે રાજાએ મનમાં લહ્યા."

વીકાએ કહ્યું કે તું મને વચન આપ કે હું માંગીશ તે આપીશ. વૈતાળે તેવું વચન આપ્યું. ત્યારે વીકાએ કહ્યું કે મારો આવરદા કેટલો છે તે તું જાણી લાવ. તો હું જાણું

કે તારાથી સ્વર્ગે જવાય છે. આ સાંભળી વૈતાળ બ્રહ્મા પાસે ગયો અને આવરદા જાણી લાવ્યો. બ્રહ્માએ કહ્યું.

વરસ એકસો પાંતરીસ, ઉપર મહીના સાત;
દિન દશ ને પંદર ઘડી, જાવ કહો સત્ય વાત.

વૈતાળે આવી વીકાને આ હકીકત કહી. ત્યારે તે બોલ્યોઃ ભાઈ તમે બહુ સત્તાવાળા છો અને મને વરદાન આપવા આવ્યા છો. પણ જો મારો આવરદા તમે કહ્યો, તેમાં એક દિવસ વધારે કે ઓછો જો કરી આપો તો હું જાણું કે તમે, હું માગું તે મને આપી શકશો. ત્યારે વૈતાળ ફરીથી બ્રહ્મા પાસે ગયો અને આ માગણી કરી. ત્યારે

કહે હરિ ઘેલો થયો, એ શું બોલો મર્મ;
વધે ઘટે નહિ. કો ઘડી. જે લખ્યું છે કર્મ.

વૈતાળે આવી વીકાને આ વાત કહી. એટલે વીકાએ એકદમ કુદીને તેની ચોટલી ઝાલી ને તરવાર કાઢી. વીકો બોલ્યો મારો આવરદા છે, એટલે હું મરનાર નથી. અને તું પણ જગનિંયતાને કબજે છે. મારા લોકોને દુઃખી કરનાર ? તું આવી જા મારી સામે. અને હું તારા પ્રાણ લઈશ.

આ સાંભળી વૈતાળે કહ્યુંઃ તને ધન્ય છે. હું તારા જેવા બહાદુરનીજ શોધમાં હતો. રોજરોજ મારવા મને ગમતાં નથી. તું જો મારૂં પેટ ભરે, અને નિત્ય ખાવાનું આપે તો હું તારો દાસ થઈને રહું અને જ્યારે તું મારૂં સ્મરણ કરે ત્યારે આવીને ઉભો રહું.

આ પ્રમાણે વીકો હતો તેણે બાવન વીરોમાંનો મુખ્ય વીર વૈતાળ જીત્યો. બીજે દિવસે તે ધામધુમથી ગાદીએ બેઠો.

અને તેનું નામ વીરજીત વિક્રમરાય પડયું. વૈતાળના ત્રાસમાંથી મુક્ત થયા, તે માટે લોકોએ તેમને બહુ આશીષ આપી. વિક્રમ રાજાએ પરભવને પોતાનો મુખ્ય પ્રધાન બનાવ્યો. પછી તેઓ પોતાની બંને માતાને અને રૂષિને ત્યાં બોલાવી લાવ્યા અને તેમને મહેલમાં રાખ્યા. તે દિવસથી ઉજ્જનના લોકો સુખી થયાં અને બહુ ખાધું પીધું ને મઝા કરી. આ રીતે જાત પરાક્રમથી વિક્રમ રાજાએ માતા હરસિદ્ધ અને વીર વૈતાળને પ્રસન્ન કર્યા. અને પોતાના પરોપકારનાં કામોમાં તેમની બહુ બહુ મદદ લીધી. જે આવો પરાક્રમી થશે તે તેમના સિંહાસન ઉપર બેસશે. એમ કહી વનિતા આકાશમાં ઉડી ગઇ.

વાર્તા ૩ જી.

કમળની વાર્તા

પુતળીઃ ધનદા.

વાર્તા ત્રીજી

કમળની વાર્તા.

આ રીતે બે પુતળીઓ તો ચાલી ગઈ અને વળી પાછો રાજા ભોજ સિંહાસન ઉપર બેસવા ગયો એટલે ધનદા નામે ત્રીજી પુતળીએ કહ્યું, કે રાજાજી, હજી વિક્રમ જેવા કાર્યો તમે કર્યા નથી, એમ કહીને તેણે વિક્રમ રાજાએ જે પરોપકારી કામ કર્યા હતાં તેનું વર્ણન કરવા માંડયું:—

એક વખત વિક્રમરાજા વનમાં મૃગયા રમવા ગયો. ત્યાં એક વરાહની પાછળ દોડતા, પોતાના લશ્કરથી છુટો પડી ગયો અને રાત સુધી પાછો ફર્યો નહિ. લશ્કર તો રાત પડતાં શહેર તરફ પાછું ગયું. રાજા ભુલો પડયો હતો અને એક મોટી વાવ પાસે તેણે રાતવાસો કરવાનો વિચાર કર્યો. વાવની પાસે જઇને જુએ છે તો એક ઘણોજ દુર્બળ માણુસ ત્યાં બેઠેલો હતો. તે બહુજ દુઃખી જણાતો હતો. તે જોઈ વિક્રમરાજા તેની પાસે ગયો અને તેને પુછયું કે, ભાઈ તમે કોણ છો, અને આવે ઠેકાણે એકલા કેમ બેસી રહ્યા છો? તમે દુઃખી જણાવ છો, માટે તમારૂં કાંઇ દુઃખ હોય તો કહો; મારાથી બનતી મદદ હું તમને

કરીશ. આ સાંભળી પેલા માણસને બહુ ક્રોધ ચઢયો. તેણે કહ્યું, જેને તેને મારૂં દુઃખ કહી હું હસાવવા માગતો નથી. ઘણાયે લોકો પારકાના દુઃખ પુછી પછી તેની મશ્કરી કરે છે. માટે તું તારે રસ્તે ચાલ્યો જા. મારા દુઃખની તારે શી પંચાત !

પરંતુ આથી વિક્રમરાજા કાંઇ ગુસ્સે થયો નહિ. એમણે તો ઉલટી તે માણસને બહુ ધીરજ આપી. પણ પેલો તો કહે કે, “ તું કોઇ વિક્રમ થવા નિકળ્યો છું ને જબરો ઢોંગી લાગે છે. એ તો તારા મનની મુરાદ હશે. પણ,

થાય હોંશ મુર્ખને ઘણી, થાઉં શાસ્ત્ર છએનો ધણી;
નિર્ધન મન થાયે મગન, કરૂં રાજસૂય જગન.
રંક જાણે કે રાજ જ કરૂં, પંગો જાણે જે પર્વત ચહું;
અંધો જાણે દેખું આંખ; પંગો જાણે પામું પાંખ.
હોંશ ઘણેરી સૌને થાય, તે તો આળપંપાળે જાય;
તમારૂં મન એવું થાય; નામ દુઃખભંજન કહેવાય.
તે તો હોંશ રહે મન ઠેર, જેમ આવ્યા તેમ જાઓ ઘેર.

માટે તું તારે રસ્તે ચાલ્યો જા. આ માણસની આવી રીત જોઇ અંતે વિક્રમરાજાએ પોતાનું નામ કહ્યું. તે સાંભળીને પેલા દુબળા માણસને લાગ્યું કે, એ તો મારૂં દુઃખ દૂર કરશે જ. પછી તેણે પોતાની વાત કહેવા માંડી.

હું તારાપુર પાટણના રાજા જશવંતદેહનો પુત્ર અજીતદેહ છું. નાનપણથીજ એક બ્રાહ્મણના ઉપદેશથી મારા મનમાં વૈરાગ્ય આવ્યો, અને અડસઠ તીર્થની જાત્રા કરવાનું મન થયું. તેથી એક દિવસ છાનોમાનો ઘરમાંથી નિકળી ગયો. ફરતાં ફરતાં આ જગ્યાએ આવ્યો ત્યાં હું બહુજ તરસ્યો

થયો. અહિં મોટો વડ તથા વિશાળ સરોવર જોઈને હું આરામ લેવા બેઠો. તે દિવસે આઠમ હતી. ચાર ઘડી દિવસ ચડયો એટલે એક બહુજ સુંદર કમળ પાણીમાંથી એક હાથ ઉંચે આવીને ખીલ્યું. તેની દાંડી પાણીમાં હતી. તે એટલું તો રૂપાળું હતું કે તેનું વર્ણન મારાથી કરી શકાય તેમ નથી. તેને એક હજાર તો પાંખડી હતી અને દરેકના જુદા જુદા રંગ હતા. આ દેખીને મને બહુજ આનંદ થયો; અને તે લેવા માટે મેં હાથ લાંબો કર્યો. પણ જેમ જેમ મારો હાથ પાસે જાય તેમ એ નીચું જાય, અને અંતે તે પાણીમાં ગરક થઈ ગયું. મેં તો મનમાં પણ લીધું કે એ કમળ લીધા વિના અહિંથી જંઈશ નહિ. રાત્રે ઝાડ ઉપર ચઢી જાઉં છું અને દિવસે અહિં બેસી રહું છું. દર આઠમે તે કમળ બહાર આવે છે અને તે લેવા જઉં છું એટલે અંદર જતું રહે છે. આ વાત સાંભળી વિક્રમરાયને પણ બહુ નવાઈ લાગી અને તે પણ ત્યાંજ રહ્યો. આઠમને દિવસે, વખતસર કમળ નિકળ્યુ. એ કમળ જોયું ત્યારેજ એમને લાગ્યું કે, આવા સુંદર કમળને માટે પેલો દુઃખ વેઠે છે તે બરોબર છે.

પછી તરતજ વિક્રમરાજાએ પોતાની હરસિદ્ધ માતાનું તથા વીર વૈતાળનું ધ્યાન ધર્યું, અને તેમની મદદ માંગી. પછી તેણે પાણીમાં કુદકો માર્યો. રાજા તો પાણીમાં પડયો એટલે સીધો પાતાળમાંજ ગયો, અને તેના પગ જમીનને અડકયા. ત્યાં તો તેણે એક સુંદર ગામ જોયું. થોડે દૂર મોટો મહેલ હતો. તે ઉઘાડીને રાજા તેમાં ગયો. ત્યાં તો તેણે મોટો બગીચો જોયો. બગીચામાં બહુજ સરસ, ફળફુલનાં ઝાડ

હતાં. વળી ત્યાં એક સરોવર હતું. તેમાં પેલા કમળ જેવાં હજારો કમળ તેણે જોયાં. રાજાના મનથી તો તે સ્વર્ગમાં ફરતો હોય તેવું લાગ્યું. મહેલની અંદર બે રૂપવંતી કન્યાઓ પણ તેણે દેખી. પરંતુ રાજાને તો કમળનું કામ હતું એટલે તે સરોવરના કીનારે ગયો. પેલી કન્યાઓએ તેને જોયો, અને જાણ્યું કે આ તો કોઇ ચોર ચોરી કરવા આવ્યો છે આ ઉપરથી તેમણે બહુજ બુમો પાડી, ચોકીદારોને બોલાવ્યા. વિક્રમરાજા તો તેમની સામે લઢવા તૈયાર થઇ ગયો. એને તો હરસિદ્ધ માતા તથા વીર વૈતાળની મદદ હતી, એટલે એ કોઈથી હાર્યો નહિ. ધીમે ધીમે તેની સામે નાનું સરખું લશ્કર આવ્યું અને ખરેખરી લઢાઈ ચાલી. મારામાર થઈ, તેમાં લશ્કરવાળાને બહુ માર પડયો. અંતે હારીને તેઓ બધા નાશી ગયા અને તેમની માતા ચામુંડા માતા પાસે ગયા, અને સહાય માંગી. માતા ચામુંડા ક્રોધ કરીને આવ્યાં, પણ વિક્રમરાજાને જોતાં તેમના ઉપર વહાલ આવ્યું. પછી તેમણે પૂછ્યું કે, ભાઇ તું કોણ છું ? તું પાણીમાં ડુબી કેમ ના ગયો ? અને આખા લશ્કર સાથે એકલો ટકી શી રીતે રહ્યો ?

આ ઉપરથી વિક્રમરાજાએ પોતાની હકીકત જણાવતાં કહ્યું કે, માતાજી હું માળવાનો રાજા વિક્રમ છું. હું હરસિદ્ધ માતાનો દાસ છું, અને વીર વૈતાળની મને સહાય છે. જ્યાં પુણ્ય અને ધર્મ હોય છે, ત્યાંજ હું રહું છું; કોઈ દુઃખીનાં દુઃખ મારાથી જોઇ શકાતાં નથી અને મારાથી બને છે તેટલી મદદ તેમને કરૂં છું. ઉપર કુવા આગળ એક

માણસ બેઠો છે. તેને આ તમારૂં કમળ જોઇયે છે અને તેના વગર તે ઘણા સમયથી બહુજ દુઃખી થાય છે. મેં તેને આ કમળ આણી આપી તેનું દુઃખ ભાંગવાનું વચન આપ્યું છે. માટે મહેરબાની કરીને મને એક કમળ આપો; નહિ તો મારે યુદ્ધ કરીને પણ તે લેવું પડશે.

આ સાંભળી ચામુંડા માતા બોલ્યાં કે, ભલે પધાર્યા વિક્રમરાય! તમારી વાટ તો હું કેટલાએ દિવસથી જોઉં છું. વિક્રમ રાજા આ સાંભળી આશ્ચર્ય પામ્યા અને પૂછ્યું કે તમે મને ઓળખ્યા કે જાણ્યા વિના મારી વાટ શી રીતે જુઓ? ત્યારે ચામુંડામાતા બોલ્યાં કે, હું પાર્વતીજીની મુખ્ય સખી છું. એક દિવસ તેમની સાથે ફરતાં મેં એક બાઇને મરેલી પડેલી જોઇ. તેની એક નાની બાળકી, નિર્દોષપણે તેને ધાવ્યા કરતી હતી. મને દયા આવી અને મેં તે બાળકીને લઈ લીધી, અને પાસે રાખી. પછી મારે પાર્વતીજી પાસેથી અહિં આવવાનું થયું એટલે પાર્વતીજીએ કહ્યું કે એ બાળકીને તું તારી સાથેજ રાખ. એ તેર વર્ષની થશે ત્યારે કોઈ કારણસર વિક્રમરાજા તમારા ઠામ ઉપર આવશે. એ રાજા મહા પરાક્રમી અને પરદુઃખભંજન છે. એ આવશે ત્યારે કન્યાના લગ્નની ચિંતા જશે. માટે તમેજ એની સાથે લગ્ન કરો, અને મારી ચિંતા હરો. આ સાંભળી વિક્રમરાય કહે કે મારી સાથે લગ્ન કરીને એ કન્યા સુખી નહિ થાય. કારણ કે હું મારે ઘેર બહુ થોડો સમય રહું છું. મારે તો પારકાનાં કામ કરવા માટે દેશપરદેશ આથડવું પડે છે. છેવટે એમ ઠર્યું કે કન્યાની મરજી પ્રમાણે કરવું.

વિક્રમરાજા મકાનની અંદર ગયો. મકાનની શોભા તો અનુપમ હતી. તેમણે સ્નાન કર્યું પણ જમવાની ના કહી. અને બોલ્યા કે જ્યાં લગી પેલા બિચારાનું દુઃખ દૂર નથી કર્યું ત્યાં લગી મારાથી અન્ન લઇ શકાય જ નહિ. જ્યારે તમે મને કમળ આપીને વિદાય કરશો ત્યારેજ હું જમીશ. ચામુંડામાતાએ કહ્યું કે તમારે જોઇયે તો એક હજાર કમળ આપીશ તેની ચિંતા જરાયે ના કરશો. પછી તેમણે પેલી કન્યાની મુલાકાત લીધી. કન્યાએ જાણ્યું કે આ પરદુઃખભંજન વિક્રમરાજા છે, ત્યારે તેણે કહ્યું કે મને પાછલા જન્મની થોડીક વાતો યાદ છે. તે ઉપરથી મારે અમુક માણસ સાથેજ લગ્ન કરવાં છે. તો તમે મને તે પુરૂષ મેળવી આપો. વિક્રમરાજાએ તે વાતની બહુજ આનંદથી હા કહી. તે કન્યાએ કહ્યું કે ગયા જન્મમાં હું એક શ્રાવક કન્યા હતી. ધર્મ ઉપર મને બહુજ ભાવ હતો. મારો વિવાહ જેમની સાથે થયા હતા તે પણ બહુજ ભાવિક શ્રાવક હતા. તેમની લગ્ન કરવાની ઇચ્છા નહોતી; પરંતુ તેમના પિતાના બહુજ આગ્રહથી તેમણે લગ્ન કર્યું. અમે બે જણ પરણ્યાં, પણ કોઇનો ભાવ સંસાર ઉપર નહોતો. અમે સદાયે ભક્તિ અને ધર્મમાંજ મગ્ન રહેતાં હતાં; પરંતુ છેક ઘડપણમાં મારી વૃત્તિ સંસાર તરફ વળી, અને મૃત્યુ વખતે મારૂં સંસારમાં મન રહ્યું. આથી અમારા બેઉનો મોક્ષ થયો નહિ. હવે મારે મારા ગયા જન્મના પતિ સાથેજ લગ્ન કરવાં છે. તમારી મદદથી હું અમુક પ્રશ્નો પૂછીને. ગયા જન્મના મારા પતિને શોધી કાઢીશ.

આ પછી ચામુંડા માતાએ એક હાથી ઉપર પુષ્કળ ધન ભરીને એક હજાર કમળ આપીને વિક્રમરાજા તથા તે કન્યાને વિદાય કર્યા. કુવા ઉપર આવતાંજ પેલા માણસે કમળ જોયાં. પણ વિક્રમરાજાને ધન તથા કન્યા સાથે આવેલો જોઇ તે અદેખો બન્યો. વિક્રમરાયે તેને પૂછયું, ભાઇ, તમે કમળ જોઇને આનંદ પામવાને બદલે ઉદાશ કેમ થઇ ગયા? ત્યારે તે બોલ્યો કે તમે પરદુઃખભંજનનો જશ મેળવો છો તે સાથે તમને પુષ્કળ લાભ પણ થાય છે. આવા પરદુઃખ-ભંજન થવાનું તો બહુ સારૂં. મેં તમને કમળની વાત કહી હોત નહિ તો તમને આ બધું કાંઇ મળવાનું નહોતું. તેથી એના ઉપર ખરૂં જોતાં મારો હક્ક છે. ત્યારે વિક્રમરાય બોલ્યાઃ ભાઇ મારે કાંઇ ધન જોઇતું નથી. અને હું કાંઈ જે કાંઇ લાવ્યો છું તે બધું તને આપી દેવા તૈયાર છું. ફક્ત આ કન્યા હું તને આપી શકું નહિ. એ તો અમુક સવાલો પૂછીને તેના સંતોષકારક જવાબ જે આપશે તેની સાથેજ લગ્ન કરવાની છે.

ત્યારે પેલો માણસ બોલ્યો કે એ કન્યા મારા નસીબ-નીજ છે. ભલે તે મને સવાલ પૂછે. હું તેના જવાબ આપવા તૈયાર છું. ત્યાર પછી પેલી કન્યાએ પોતાના ગયા જન્મ સંબંધી પ્રશ્નો ભરમમાંને ભરમમાં પુછયા. હવે વાત ખરી એમ હતી કે પેલો માણસ હનો તેજ તે બાઈનો ગયા જન્મનો પતિ હતો. આ પ્રશ્નો તેણે સાંભળ્યા એટલે તેને પોતાના આગલા જન્મની વાત યાદ આવવા માંડી. અને બાઇયે ભરમમાં પુછેલા સવાલોના જવાબ પણ તેણે ભરમમાંજ

આવ્યા. તે બાઈને ખાત્રી થઈ કે આ માણસ મારા ગયા જન્મનો પતિ છે. એટલે તેણે તેની સાથે ખુલ્લા દીલથી વાત કરી. પેલા માણસને પણ હવે ગયા જન્મનું પુરૂં જ્ઞાન થયું અને તેણે પણ બધી હકીકત કહી. છેવટે તે બે જણાંએ વિક્રમ રાજાને કહ્યું કે અમારાં લગ્ન કરી આપો. વિક્રમરાજાએ તે વાત કબુલ કરી અને બહુ હેતથી લગ્ન કરી આપવા હા કહી. વળી કહ્યું કે આ હાથણી તથા બધું ધન પણ તમને ભેટ આપું છું. આ ઉપરથી પેલો કહે કે હું ક્ષત્રીય છું; તેથી દાન લઈશ નહિ. ત્યારે વિક્રમે કહ્યું કે તું ક્ષત્રી છે પણ ખંડીયો રાજા છે. અને હું ચક્રવર્તી રાજા છું એટલે તને દાન આપી શકું. વળી આ કન્યાનું કન્યાદાન હું દેનાર છું તેથી પણ સસરા તરીકે હું તને દાન આપી શકું. આ સાંભળી પેલાએ બધું ધન લેવાનું કબુલ કર્યું. પણ બાઇનું મોં ઉતરી ગયું. ત્યારે વિક્રમે એને કારણ પૂછ્યું. તેણે કહ્યું કે મારા પતિ ખંડિયા રાજા છે તેથી મને દુઃખ થાય છે. આ ઉપરથી વિક્રમરાજાએ તાંબાના પતરા ઉપર લખત કરી આપીને એને સ્વતંત્ર રાજા કર્યો. પછી સૌ ઉજ્જન ગયાં અને ધામધુમથી લગ્ન કર્યા.

આટલી વાત કહીને ધનદા પુતળી બોલી કે હે ભોજ-રાજા! વિક્રમરાજા તો આવાં આવાં કામ કરતા હતા. તમે જ્યારે તેમના જેવા થાવ ત્યારે ભલે આ સિંહાસન ઉપર બેસજો, એમ કહીને તે આકાશમાં ઉડી ગઈ.

વાર્તા ૮ થી.

સિંહલદેશની પદ્મિનિની વાર્તા

પુતળીઃ માનવતી.

વાર્તા ૪ થી

સિંહલ દેશની પદ્મિનિની વાર્તા.

પુતળીઃ માનવતી.

ભોજારાજા સિંહાસન પર બેસવા જાય છે, તેમને અટકાવીને માનવતી નામની પુતળી રાજા વિક્રમના પરદુઃખ ભંજનની નીચેની વાત કરે છે, અને કહે છે કે જ્યારે તમે એવા પરદુઃખભંજન થશો, ત્યારેજ આ સિંહાસન ઉપર બેસી શકશો.

એકવાર વિક્રમરાજા નગર ચર્ચા જોવા રાત્રે એકલા નીકળ્યા. ફરતા ફરતા ગામથી બહાર જતા રહ્યા. તેવામાં તેમણે દુર બહુ અજવાળું જોયું. તેમના મનમાં આવ્યું કે કદાચ દવ બળતો હશે. માટે લાવ હું તેની તપાસ કરૂં. એમ કહીને તે અજવાળા તરફ ગયા. ત્યાં જઇને જોયું તો તો એક ચિતા તૈયાર કરેલી હતી અને તે બળતી હતી. એક બ્રાહ્મણ તે ચિતામાં પડવાની તૈયારી કરતો હતો. વિક્રમરાજા તરત તેની પાસે ગયા, અને તેને હકીકત પૂછી. પહેલા તો તે બ્રાહ્મણે બહુ આનાકાની કરી. પણ પછી પોતાની વાત કહેવા માંડી.

હું એક દુરના ગામમાં રહું છું. મારે એક બહુજ

રૂપાળી અને ગુણવાળી સ્ત્રી હતી. તેના બાપ બહુ પૈસાવાળા હતા. અમે બેઉ જણ એમને ઘેરજ રહેતાં હતાં. અને સુખમાં દિવસ ગાળતાં હતાં. બે વર્ષ ઉપર મારી સ્ત્રી મરી ગઈ. છતાંએ હું તો સાસરે જ રહેતો હતો. પણ મારૂં બધું સુખ જતું રહ્યું. એ સ્ત્રી વગર મને ગમતું નહોતું અને જેમ તેમ દુઃખમાં દિવસ ગાળતો હતો. એટલામાં હમણા થોડા દિવસ ઉપર મને એક સ્વપ્નું આવ્યું. હું જાણે એક સુંદર બાગમાં ફરતો હતો. ત્યાં હાથી ઉપર બેસીને એક બહુજ રૂપાળી કન્યા આવી. તેની આસપાસ ઘણી દાસીઓ હતી. અને તેને મને બુમ પાડી. હું કંઇ સમજ્યો નહિ અને ગભરાઇ ગયો. તેને વળી ફરીથી બુમ પાડી, અને તેના હાથમાં વરમાળ હતી તે મારી તરફ ધરી. હવે હું સમજ્યો કે તે મને પરણવા બોલાવે છે. પછી હું એકદમ દોડવા ગયો. એટલે તો હું મારા ખાટલા ઉપરથી પડી ગયો ને જાગી ઉઠયો. મારૂં સ્વપ્ન ગયું. મારી કન્યા ગઇ. અને મારૂં સુખ માત્ર ગયું. તે દિવસથી મારે હૈયે શાંતિ નથી. વળી આ વાત સ્વપ્નાની વાત છે. એટલે કોઈને કહું તો એ ગાંડો ઠરૂં. મારે જો ધનનું દુઃખ હોય તો વિક્રમરાજા જેવા પાસે માગું પણ ખરો. પરંતુ આ મારૂં દુઃખ સાક્ષાત્ પરમેશ્વર પણ કેમ દુર કરી શકે! માટે મેં વિચાર કર્યો છે, કે દુઃખી જીવન ગાળવા કરતાં, એ સ્વપ્નાની સુંદરીનું સ્મરણ કરતાં કરતાં ચિતાએ ચઢીને હું બળી મરીશ. કદાચ તેથી આવતા જન્મમાં એ સુંદરી પામીશ.

વિક્રમરાજા તેની વાત સાંભળીને વિચારમાં પડયા. પણ

પછી બોલ્યાં કે ભાઈ એક મહિના સુધી તું બળી મરવાનું બંધ રાખ. ત્યાં સુધીમાં હું તને એ સ્ત્રી ના મેળવી આપું, તો આપણે બે સાથેજ બળી મરીશું. આ વાત સાંભળીને પેલા બ્રાહ્મણને દુઃખમાં પણ હસવું આવ્યું. તે બોલ્યોઃ—

(દોહો)

પરદુઃખભંજન સાંભળ્યો, અવનિ વિક્રમ રાય,
તેવાનો નહિ આશરો, તુંજથી એ કેમ થાય.
નથી ગરથ મારી કને, નહિ વસ્ત્ર વપુ કે વાસ.
તમે હશો કંઈ તાકતા, મુકો તેની આશ.

(ચોપાઇ)

શમણાનું સુખ માહરૂં, ઇશ્વરથી ન અપાય,
બીજું હોય તો જાચીએ, આપે વિક્રમરાય.
ઉગે જો પશ્ચિમમાં રવિ, તોયે ન દેખું નારી નવી.
ગંગાજી દખ્ખણમાં જાય. તોયે કામ મારૂં નવ થાય.
મેરૂ ચળે ડગે દિગપાળ, તોયે ન મળે નારી વરમાળ,
ફરી અવતાર વિષ્નુ જો ધરે, તોયે કામ મારૂં નવ કરે.
શમણામાં એ સાચું નવ હોય, ડાહ્યો હા કહે નવ કોય.
દુઃખ બોલું તો ઘેલો કહે, ડાહ્યો તે કેમ સાચું લહે.

એને જ્યારે આમ કહ્યું, ત્યારે વિક્રમરાજાએ પોતાની ઓળખાણ આપી. અને તેને ધીરજ ધરવા કહ્યું. પછી તેને સમજાવીને પોતાના મહેલમાં રાખ્યો. અને એક મહિનાનો વાયદો કરી પોતે ચાલી નીકળ્યો.

તેમણે પહેલા તો જઇને હરસિદ્ધ માતાની પ્રાર્થના કરી. આખી રાત બહુ સ્તુતિ કરીને માતાજીને પ્રસન્ન કર્યાં. માતાજી જાતે હાજર થયાં. પછી રાજાએ તેમને પેલા બ્રાહ્મણની વાત કહી. અને પૂછયું કે એ કુંવરી કોણ હશે ? ત્યારે માતાજીએ

કહ્યું કે એ તો સિંહલદેશની કુંવરી છે. અને ત્યાં કોઇપણ માણસ જઇ શકે તેમ નથી. સિંહલદેશ જવા માટે પાંચ ચોકીઓ વટાવવી પડે છે. પહેલી ચોકી ઉપર મોટો દૈત્ય પહેરો ભરે છે. બીજી ચોકી અગ્નિની છે. ત્યાં દવ બળ્યાં કરે છે. તેમાંથી જવું બહુ કઠણ છે. ત્રીજી ચોકી એક ભયંકર પક્ષીની પાસે છે. તે દુરથી માણસને આવતો દેખીનેજ ત્યાં ધસીને તેને મારી નાંખે છે. તેની પાસે લાખો બીજા પંખીઓ છે, તેમને વટાવીને જવું અશક્ય છે. ચોથી ચોકીએ એક મનુષ્યને આખોએ ગળી જાય તેવી રાક્ષસીની છે. અને પાંચમી ચોકી તો સિંહલદેશની સરહદ ઉપર છે. ત્યાં હજારો હાથીઓ રહે છે. તે માણસોને દેખતાંજ ચીરી નાંખે છે. વળી આ પાંચે ચોકીઓમાંથી પસાર થવાય તો પછી સિંહલદેશની હવાથી ડરવાનું છે. બહારના માણસોને ત્યાંનો પવન અડકતા તે પત્થર થઇને પડે છે. પણ હું તારે માથે હાથ મુકું છું એટલે તું સલામત રહીશ. વળી તારી સાથે વેતાળને રાખજે. એટલે તને કંઇ અડચણ આવશે નહિ.

વિક્રમરાજા આ અશીર્વાદ મેળવીને સિંહલદેશ તરફ ચાલ્યા. એટલે પહેલી ચોકી આવી. ત્યાં તેમને જોઇને સામેથી રાક્ષસ આવ્યોઃ—

કર તો તાડ સરીખડા, પર્વત જેવા ગાત્રઃ
જક્ષ ભક્ષ છે તેહનો, તો માનવી કોણ માત્ર
કરમાં સાંગ એક લોહની, પર્વત જેવો દેહ;
રણમાં દીઠો રાયને, ધસીને આવ્યો તેહ.

આ રાક્ષસ સાથે વિક્રમરાજાને જબરી લડાઇ થઇ. આ લડાઇ ચાર દિવસ સુધી ચાલી. વિક્રમરાજા માતાજીનું

સ્મરણ કરતાં હતાં. તેમની પાસે લઘુ લાઘવી નામની વિદ્યા હતી. એટલે ઘડીમાં તે રાક્ષસ જેટલા થઇ જાય, અને ઘડીમાં વેંતીઆ વામનજી જેટલા થઇ જાય. આમ થવાથી તે રાક્ષસ બહુ અકળાયો. અને પાછે પગલે પોતાના મહેલમાં જતો રહ્યો. વિક્રમરાજા પણ તેની પાછળ ગયા. ત્યાં એક અતિ રૂપવતી કન્યા તેમણે જોઈ. તેને પુછતાં ખબર પડી કે એ કનકાવતી નગરીના રાજા કનક શેઠની કુંવરી, કનકચંદ્રિકા હતી. એ સખીઓ સાથે ઉપવનમાં રમતી હતી, તે વખતે આ રાક્ષસ તેને ઉપાડી લાવ્યો હતો. પણ અહિંયા પોતાની પુત્રી માફક તેને પાળતો હતો વિક્રમરાજા આ કુંવરીને મળ્યો. અને તેને પોતાની ઓળખાણ આપી. અને જણાવ્યું કે હું સિંહલદેશ જઉં છું. ત્યારે પેલી કુંવરી બોલી કે આ રાક્ષસ તમને જીવતા જવા દેશે નહિ. તમને તે અત્યાર સુધી મારી શક્યો નથી, તેથી જોગણીની પુજા કરવા ગયો છે. અને તેને પ્રસન્ન કરીને એ જરૂર તમારો જીવ લેશે. પણ તમે મને તમારી સાથે લઇ જવાનું વચન આપો તો તેને મારવાનો ઉપાય તમને બતાવું. વિક્રમરાજાએ એ વાત કબુલ કરી, ત્યારે તે કુંવરીએ કહ્યું કે જોગણી એને પ્રસન્ન થશે ત્યારે તે સાષ્ટાંગ નમસ્કાર કરશે. તે વખતે તમે જોગણીની જય બોલીને એકદમ એના ઉપર ઘા કરજો. જોગણીનું મંદિર બહુજ અંધારા ભોંયરામાં છે. ત્યાં જવા માટે હું તમને એક મણિ આપીશ. તેના અજવાળાથી તમે જજો. પછી તેણે રાજાને મણિ આપ્યો, અને ભોંયરાનો રસ્તો બતાવ્યો. રાજા જોગણીના મંદિર

પાસે પહોંચ્યા. તેજ વખતે જોગણી રાક્ષસને પ્રસન્ન થઈ હતી અને બોલતી હતી કે, લે આ ત્રિશુળ, તેનાથી તારા શત્રુને મારજે, ને મને તેનો ભોગ ધરાવજે. આ સાંભળી પેલા રાક્ષસે સાષ્ટાંગ પ્રણામ કર્યા. તેજ વખતે વિક્રમરાજાયે, જોગણીના લંબાવેલા હાથમાંથી ત્રિશુળ લીધું અને બોલ્યા: " હે જોગમાયા ! આ મારા શત્રુનો ભોગ ધરજે. " આમ બોલતાં જ તેમણે પેલા રાક્ષસોનો ત્રિશુળથી વધ કર્યો. રાક્ષસે મોટી ચીસ પાડીને પ્રાણ મુકયો, વિક્રમરાજાએ બહાર આવી, પેલી કુંવરીને બધી હકીકત કહી, અને જણાવ્યું કે તું હમણાં અહિં રહેજે. હું પાછો ફરીશ ત્યારે તને લેતો જઇશ.

ત્યાંથી રાજા આગળ ચાલ્યા. એટલે બીજી ચોકી આવી. ત્યાં બહુ જોરથી અગ્નિ બળતો હતો. તેમાં કોઇથી પેસી શકાય તેમ નહોતું. રાજા ત્યાં નિરાશ થઇને ઉભા. એટલે વૈતાળ ઇંદ્રરાજા પાસે ગયો. તેમની સ્તુતિ કરીને વિક્રમરાજાની હકીકત જણાવી. અને અગ્નિ ભેદવા માટે મદદ માંગી. ઇંદ્ર રાજા, પરદુઃખભંજનની વાત સાંભળીને પ્રસન્ન થયા અને બોલ્યાઃ જેઓ પરદુઃખભંજન માટે દુઃખ વેઠે છે, તેમને મારે મદદ કરવીજ જોઇએ, એમ કહી તેમણે વરસાદને બોલાવ્યો અને કહ્યું, "જાઓ તમે વિક્રમરાજાને મદદ કરો." પછી વરસાદ અને વૈતાળ વિક્રમરાજા પાસે આવ્યા. વરસાદે અગ્નિને ઇંદ્રરાજાની આણ દીધી, એટલે તેણે માર્ગ આપ્યો. એ માર્ગમાં વરસાદે પાણી નાખ્યું. તથા બંને બાજુ પાણીની દિવાલવાળો રસ્તો બનાવી દીધો. તેમાં

થઇને વિક્રમરાજા ચાલી ગયા, હવે ત્રીજી ચોકી આવી ત્યાં પંખી ચોકી કરતાં હતાં. અહિં વૈતાળે એક યુક્તિ કરી. તેણે પોતાના શરીરમાંથી પુષ્કળ લોહી કાઢયું અને તેનાથી મોટા મોટા પત્થરાઓ પલાળ્યા. પછી જ્યારે પંખીઓ તેમની તરફ ધસી આવ્યા, ત્યારે તેણે પેલા પત્થરાઓ તેમની તરફ ફેંકયા. પંખીઓ સમજ્યાં કે આ માંસના ટુકડા છે, એમ કરીને તે ખાઈ ગયા, પણ પત્થરા તેમના ગળામાં ભરાયાં અને તેઓ ગુંગળાઈને મરી ગયાં. આ જોઇને બીજાં પક્ષીઓ ત્રાસી ગયાં અને ત્યાંથી નાસી ગયાં. અને વિક્રમ રાજા એ ચોકીમાંથી પસાર થઈ ગયા.

હવે આવી ચોથી ચોકી. ત્યાં એક ભયંકર રાક્ષસી ઉભેલી હતી. તેના દાંત તાડ જેટલા મોટા હતા. તેની આંખો ગાડીના પૈડા જેટલી હતી. તેના વાળ સાપોલીઆ જેવા હતા. શરીરની ચામડી હાથી જેવી હતી અને ઘણી લાંબી ડોક હતી. એને જોઇનેજ વિક્રમરાજા તો ગભરાયા. અને આને કેમ જીતાશે તેના વિચારમાં પડી ગયા. તેમણે મનમાં નક્કી કર્યું કે એ ગમેતેવી છે તોપણ સ્ત્રી જાત છે. એટલે મીઠાશથી જીતાશે. એમ ધારી તેમણે એકદમ તે સ્ત્રીને પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને બોલ્યા, “હે માતા ! હું તમારે શરણે છું.” પેલી રાક્ષસી આ નમ્રતાથી ભોળવાઇ ગઇ અને વિક્રમરાજાની હકીકત પૂછી. તેમણે તો બધી સાચી વાતજ કહી અને બોલ્યા, મને સિંહલદેશ જવા દો. ત્યારે તે રાક્ષસી હસીને બોલી તમે

મને પ્રણામ કર્યા છે, માટેજ જીવતા મુકું છું. પણ સિંહલદેશ તો નહિજ જવા દઉં. કારણ કે આ ચોકી સંભાળવાનું મારૂં વ્રત છે. માટે તમે તમારે દેશ પાછા જાવ. આ સાંભળીને રાજાએ વિચાર કર્યો કે નરમાશથી કંઈ વળવાનું નથી. એટલે તેમણે તેને ધમકાવી, ત્યારે રાક્ષસી હસી અને બોલી, તારાથી થાય તે કરી લેજે. પણ તને જવા તો નહિજ દઉં. વિક્રમરાજાએ જરા પાછા જઇ વૈતાળ સાથે વાત કરી. તે બે જણને લાગ્યું કે, આ રાક્ષસી સાથે લઢવામાં સાર નથી. માટે બીજી યુક્તિ કરવી જોઇયે. રાત પડી ત્યારે વૈતાળે મોટી સુરંગ ખોદી અને તેનું બીજુ મોઢું રાક્ષસીની ચોકીની બીજી બાજુએ કાઢયું અને એમાં થઇને તેઓ આગળ ચાલ્યા.

અહિં વળી બીજી મુશ્કેલી આવી. સુરંગની બહાર સિંહલદેશનો પવન આવતો હતો. આ પવન જો તેમને અડકે તો તેઓ પત્થર બની જાય. તેઓએ વિચાર કરીને એક યુક્તિ ખોળી કાઢી. વૈતાળે એક લોખંડની કોઠી બનાવી. તેમાં પવન જઇ શકે તેમ નહોતું. એ કોઠીમાં બેસીને તેઓ સિંહલદેશના દરવાજા સુધી પહોંચ્યા. ત્યાં તેઓ કોઠીમાંથી બહાર નિકળ્યા, અને દરવાજામાં થઇને ગામમાં પેસવા મંડયા, એટલે હજારો હાથીઓ ગર્જના કરતા કરતા તેમની સામે ધસ્યા. વિક્રમરાજાએ હિંમત કરીને પહેલાજ હાથીનું ડોકું ઉડાવી દીધું. આપ અચાનક અજીત ગણાતા પોતાના સરદારને મરેલો જોઇને આખું ટોળું પાછું ફરી નાઠું અને વિક્રમરાજા સિંહલનગરમાં પેઠા.

ગામમાં બધે લીલાલહેર હતી. ઇંદ્રપુરી જેવી તો ત્યાં શોભા હતી. જગાએ જગાએ સ્ત્રીઓ પોતાની સખીઓ સાથે કલ્લોલ કરતી હતી. ગામનો દેખાવ જોઇને વિક્રમરાજાને બહુજ આનંદ થયો. ગામમાં ફરતા ફરતા એક જગાએ તેમણે બહુ સુંદર વાડી જોઈ, તેમાં તે ગયા. ત્યાં પંદરવીસ સ્ત્રીઓ ભેગી મળીને રમતી હતી. આ અજાણ્યા પુરૂષને જોઇને તેમને નવાઇ લાગી. એક જણીયે તો ક્રોધ કરીને તેમને ધમકાવવા માંડયા. પરંતુ રાજાએ જવાબ આપ્યો, કે હું કંઇ અહિંયા રમત રમવા આવ્યો નથી. તમારા દેશની બધીજ જબરી ચોકીઓ હું પસાર કરીને આવ્યો છું, તે એક સ્ત્રીની ધમકીથી ડરી જવાનો નથી. માટે ઝાઝી ગરબડ કરશો નહિ. રાજાના આ બોલ સાંભળી બધી સ્ત્રીઓને તેમની વાતમાં બહુ રસ પડયો. તેમાંની એકે નરમાશથી પૂછયું, આપ કોણ છો ? અને કયાંથી આવ્યા છો તે કહો. એટલે વિક્રમરાજા બોલ્યાઃ હું માળવાનો રાજા વિક્રમ છું. તમારા દેશમાંથી એક બાઇ મારા રાજ્યમાં આવી હતી, તેણે એક બ્રાહ્મણને લગ્ન કરવા બોલાવ્યો હતો. પણ પછી જતી રહી હતી. એ બાઈને લેવા હું આવ્યો છું. આ સાંભળીને આ બાઇઓમાંથી એક અતિ રૂપાળી બાઇ બોલી ઉઠીઃ આ તો તમે મારા સ્વપ્નાની વાત કહી. મને ગઇ ચૌદશે સ્વપ્નું આવ્યું હતું કે હું જાણે મારી હાથણ ઉપર બેસીને માળવા દેશમાં ગઈ. ત્યાં મેં એક બ્રહ્મદેવને જોયા અને મેં તેમને બોલાવ્યા. બે ત્રણ બુમો પાડી અને એ આવતા'તા, એટલામાં તો હું જાગી ઉઠી.

વિક્રમરાજાએ કહ્યું: તમારા જેવુંજ સ્વપ્નું મારા એક મિત્ર બ્રાહ્મણને આવ્યું હતું. જો તમે મારી સાથે આવીને તેની જોડે લગ્ન નહિ કરો, તો એ બળીને મરી જશે. આ સાંભળીને કેટલીક સ્ત્રીઓ બોલી ઉઠી: સ્વપ્ના ઉપરથી એમ લાગે છે કે આ લોકો એક બીજાને પરણવાને સરજાયા છે. માટે ચાલો આપણે બધાંજ ત્યાં જઇયે અને ધામધુમથી લગ્ન ઉજવીયે.

સિંહલદેશમાં છોકરીઓ બહુ સ્વતંત્ર હતી. માબાપ તેમના કામમાં આડે આવતા નહોતા. દશ કન્યાઓ વિક્રમ-રાજાની જોડે જવા તૈયાર થઇ. હરેકની સાથે એક એક દાસી હતી. તેઓ સો હાથીઓ ઉપર બેઠાં હતાં. અને આ બધી સ્ત્રીઓ ઈંદ્રની અપ્સરા જેવી લાગતી હતી. આ બધી સ્ત્રીઓને લઇને રાજા રાક્ષસી વાળી ચોકી ઉપર આવ્યા. રાજાની બહાદુરી જોઇને તેને આનંદ થયો. અને તેને એક હીરાનો હાર બક્ષીસ આપ્યો. પછી વિક્રમરાજાએ રાક્ષસની ચોકી-માંથી પેલી કનકાવતીની કુંવરીને લઈ લીધી અને સૌ ઉજ્જન આવી પહોંચ્યા. ત્યાં પેલા બ્રાહ્મણના લગ્ન બહુજ ધામધુમથી કરી આપ્યા અને કનકકુંવરીને તેના બાપને ઘેર મોકલી આપી.

આ પ્રમાણે જે આવા પરોપકારનાં કામ કરશે, તે આ સિંહાસન ઉપર બેસશે, એમ કહી પુતળી માનવતી આકાશમાં ઉડી ગઇ.

વાર્તા ૫ મી.

પંચદંડની વાર્તા

પુતળીઃ હંસા.

વાર્તા પાંચમી

પંચદંડની વાર્તા.

ભોજરાજાએ વળી પાછા સિંહાસન ઉપર બેસવા પ્રયત્ન કર્યો. એટલે હંસા નામની પુતળીએ તેને રોકયો, અને વિક્રમના ગુણ ગાયા. તેમાં વિક્રમને પંચદંડ શી રીતે મળ્યો તેની વાત કહી. એ વાત આ પ્રમાણે છેઃ—

એક વાર વિક્રમરાજા આનંદ ઓછવ કરવા, શહેર બહાર વાડીએ ગયા. તેમની સાથે મોટી સ્વારી હતી. ઢોલ નોબત અને સ્વારો ઘણા હતા. આખો દિવસ આનંદમાં ગાળી, રાજા સાંજે શહેરમાં પાછા ફર્યા. બધી સ્વારી આગળ ચાલતી હતી. સ્વારીનો ભપકો જોવા આખા શહેરના લોક, પોતપોતાને બારણે ભેગા થયા હતા. રસ્તામાં દેવદમની નામે એક તત્રંગર ઘાંચણનો મહેલ હતો. સ્વારી ત્યાં આવવાનો સમય થયો એટલે તેણે પોતાની ચાકરડીને હુકમ કર્યો કે તું મહેલ આગળ વાશીદું વાળ. દાસી તો આ હુકમ સાંભળીને ગભરાઈ. તેણે કહ્યું કે રાજાની સ્વારી આવે છે; આ વખતે જો હું ધૂળ ઉરાડું તો રાજાના માણસો મને દંડે. ત્યારે દેવદમનીએ કહ્યું કે તારે મારો હુકમ માનવાનો છે. રાજાની મગદુર નથી કે તારો વાંકો વાળ કરે. મારી

પાસે એટલી સત્તા છે કે હું તેનું સર્વસ્વ ખુંચાવી લઉં. આ સાંભળીને તે દાસીએ તો વાશીદું વાળવા માંડયું. તેની ધૂળ રાજાની સ્વારી ઉપર ઉડી, એટલે સૈનિકો બહુ કોપ્યા, અને એક જણે દાસીને લાત મારી. દાસી દોડતી દેવદમની પાસે ગઇ, અને રડતી રડતી ફરીયાદ કરવા લાગી. આથી દેવદમનીને બહુજ ક્રોધ ચઢયો. તેણે પોતાના ઘરમાંથી એક દંડ લીધો, અને તે લઇને તેણે રાજાની સ્વારી આવતી હતી તેની આગળ ધૂળમાં ત્રણ લીટા કર્યા કે તરતજ ત્યાં એક મજબુત કીલ્લા જેવી ભીંત ચણાઇ ગઇ. રસ્તો બંધ થઇ ગયો, અને સ્વારી સ્થંભી ગઇ. રાજાએ હાથીઓ પાસે તે ભીંત તોડાવવા માંડી, પણ તેનો એક કાંકરો પણ ખસ્યો નહિ એટલે રાજા વિક્રમ માનભંગ થઇ ઉભા રહ્યા. ત્યારે દેવદમની ઘર બહાર આવી અને કહેવા લાગી: "હે રાજા! આ ભીંત બળથી નહિ તોડી શકાય. તે મારા દંડના પ્રતાપથી થયેલી છે, અને તેનું નામ અભેદ ભીંત છે. જેની પાસે પંચદંડ હોય તેજ એ ભીંતને તોડી શકે છે."

રાજા તો નિરાશ થઇ બીજે રસ્તે થઇને રાજમહેલે ગયા. બીજે દિવસે દરબારમાં તેમણે દેવદમનીને બોલાવીને પંચદંડની હકીકત પૂછી. ત્યારે દેવદમનીએ કહ્યું કે, "મારી દીકરીને જો તમે જીતી શકો તો હું તમને પંચદંડની બધી હકીકત કહું." એમ કહી એ તો ચાલી ગઇ. રાજાએ પછી તેની દીકરીને તેડું મોકલ્યું. તેનું નામ નિર્મળદમની હતું. તે પાલખીમાં બેસીને દરબારમાં આવી. તેનું વર્ણન કવિ કરે છે કે,—

શણગાર અંગે સોળ સજ્યા, મોતી પરોવ્યા વાળ;
પિતાંબર પટ પહેરીયાં, ભલું તિલક છે ભાલ.
હાંમકામ મૃગ લોચની, સિંહલંકી સુજાણ;
વનિતા સોળ જ વર્ષની, ભ્રકુટી કામનું બાણ.

રાજાએ તેને માન આપીને બેસાડી, અને પૂછયું કે, "તમારી શી ઇચ્છા છે"? તેણે કહ્યું: "તમને જે ગમે તે રમત માંડો, અને તેમાં હારજીતની આપણે શરતો કરીયે." રાજાએ ત્રણ પાસાની રમત રમવાનું કહ્યું, ત્યારે નિર્મળદમની બોલી કે, "જો તમે જીતો તો હું તમારી ગુલામ થઇને રહું. અને જો હું જીતું તો તમારૂં રાજપાટ લઈ લઉં અને તમને ગુલામ કરીને રાખું." શરતો કબુલ થઇ. આખા ગામમાં વાત ફેલાઇ ગઇ. લોકો આવી ભારે શરતો સાંભળી બહુ અચંબો પામ્યા અને ટોળેટોળાં રમત જોવા એકઠાં થયાં, રમત ચાર દિવસની હતી. રાજાજી કોઇપણ પ્રકારે ત્રણ દિવસ સુધી જીતી શકયા નહિ. એટલે ત્રીજા દિવસની રાત્રે તેમને બહુ ચટપટી થઇ, અને મનમાં ડર લાગ્યો કે કાલે હારીશ તો શું થશે! તે રાત્રે રાજા નગરચર્ચા જોવા નિકળ્યા. ત્યાં તેણે જાત જાતની ટીકાઓ સાંભળી. અંતે તે હરસિદ્ધમાતાને મંદિરે ગયા. માતાજીની બહુજ પ્રાર્થના કરીને વિનવણી કરી કે: "માજી, જો ઘાંચણને હાથે સેવકની હાર થશે તો તમારીજ આબરૂ જશે." પછી હરસિદ્ધ માતા પ્રકટ થઇ સાક્ષાત્ બોલ્યાં કે, "એ કાંઇ સામાન્ય ઘાંચણ નથી. એ તો મોટી પરાક્રમી બાઇ છે. એનો શ્રાપ પામેલી અપ્સરા છે. તેની ચર્ચા જોવી હોય તો તું આજે વતાળની સાથે ઇંદ્ર રાજાના દરબારમાં જા." રાજા વિક્રમ

વીરવૈતાળની સાથે સ્વર્ગે ગયા. ત્યાં અદૃશ્ય વિદ્યા વડે તેઓ બન્ને છુપા છુપા ઇંદ્રના દરબારમાં બેઠા. ત્યાં જઇને જુએ છે તો નિર્મળદમની નાચ કરે છે. એકવાર નાચ પુરો થયો એટલે ઇંદ્ર રાજાએ આનંદ સાથે એક અમૂલ્ય હાર તેને આપ્યો, પાછળ હાથ કરીને દમનીયે હાર મૂકયો તે અદૃશ્ય હાથે વૈતાળે લઈ લીધો. બીજા નાચને અંતે પણ ઇંદ્ર રાજાએ પ્રસન્ન થઇ તેને પાન આપ્યાં તે પણ વૈતાળે હરી લીધાં. ત્રીજા નાચ પછી ઇંદ્રે પગનું ઝાંઝર આપ્યું તે પણ વૈતાળે હરી લીધું. પછી દમની ઉંઘરાટી થઈ ગઈ અને એકદમ ચાલી ગઇ.

રાજા વિક્રમ તો પેલી ત્રણે ચીજો લઇને પોતાને મહેલે પાછા આવ્યા. વહાણું વાતાંજ તેણે નિર્મળદમનીને તેડું મોકલ્યું. થોડી વારમાં રમત શરૂ કરી. તેમાં પણ વિક્રમની કાંઇ જીત થઇ નહિ. પછી લાગ જોઇ રાજાએ કહ્યું: "મને રાત્રે એક સ્વપ્નું આવ્યું હતું, તેમાં મેં ઇંદ્રનો દરબાર જોયો. ત્યાં તું નાચ કરતી હતી, અને ઇંદ્રરાજાએ તારા ઉપર ખુશ થઈ તને હાર આપ્યો. બોલ ! આ વાત સાચી છે?" ત્યારે નિર્મળદમની જરા ઝંખવાણી પડી ગઇ અને જુઠું બોલી કે, "વાત ખોટી છે." તે જુઠું બોલી એટલે વિક્રમે હાર કાઢીને બતાવ્યો. તે જોઇ નિર્મળદમની માનભંગ થઈ, અને ધાર્યા દાવ પડ્યા નહિ. ત્યાર પછી વિક્રમે સ્વપ્નાની વાત આગળ ચલાવી, અને પાન તથા ઝાંઝરની વાત કહી. આ સાંભળી નિર્મળદમની બેબાકળી થઇ ગઈ અને હારી ગઇ. એટલે શરત પ્રમાણે તે વિક્રમની

દાસ થઈ. પછી વિક્રમે દેવદમનીને કહ્યું, "તમારી શરત પ્રમાણે તમારી દીકરીને હુ જીત્યો છું, માટે હવે મને પંચદંડની હકીકત કહો" ત્યારે દેવદમનીએ કહ્યું કે, "તમે કોંકણ દેશ જાવ. ત્યાં સોપારાગઢ નામે ગામ છે, તેમાં શીવશર્મા નામે બ્રાહ્મણ રહે છે. તેની સ્ત્રીનું નામ ઉમાદે છે. ત્યાં જઈને ચર્ચા જોજો. પણ **જાગશો તો જીવશો.**"

આ સાંભળી વિક્રમરાય સોપારાગઢ ગયો, અને ઘર ખોળી કાઢી શીવશર્માને ત્યાં ગયો. એ પોતાને ઘેર વિદ્યાર્થીઓ રાખતો હતો. વિક્રમરાજાએ લઘુ લાઘવી વિદ્યાના જોરથી બાળરૂપ ધારણ કર્યું, અને ત્યાં ભણવા રહ્યા. ઉમાદે તેને બહુજ હેતથી રાખતી હતી. બીજા બાસઠ વિદ્યાર્થી હતા તેમની જોડે રોજ વિક્રમ રાજા રમે, ભણે, અને ચર્ચા જુવે. એક દિવસ મધરાતે બધા ઉંઘતા હતા, પણ વિક્રમ તો જાગતાજ હતા. તે વખતે ઉમાદે ગુપચુપ બહાર નીકળી. વિક્રમ પણ છાનામાના તેની પાછળ ચાલ્યા. ઘરને આંગણે આમલીનું મોટું ઝાડ હતું તેના ઉપર તે ચઢીને એક ડાળે બેઠી. વિક્રમરાય પણ ગુપ્ત વિદ્યાથી અદૃશ્ય બની ગયા અને તે ઝાડના થડના પોલાણમાં બેઠા. ઉમાદે પાસે એક દંડ હતો. તે વડે તેણે ઝાડ ઉપર ત્રણ ટકોરા માર્યા, અને 'ઉડ ઉડ' એમ બોલી. એટલે તે ઝાડ મૂળમાંથી ઉડયું. સો જોજન દૂર એક મશાણ હતું, ત્યાં જઈ તે અટકયું. આ મશાણમાં ભુત, પ્રેત અને જોગણીઓ હતી. ઉમાદે ત્યાં નીચે ઉતરીને, જોગણીઓને નમન કરી બોલીઃ "અત્યાર સુધી મારે ત્યાં ફક્ત બાસઠ વિદ્યાર્થી હતા. હવે ત્રેસઠમો

આવ્યો છે, અને ચોસઠમો મારો પતિ, એમ તમો ચોસઠે જોગણીઓને હું એક એક બત્રીસ લક્ષણો પુરૂષ ભોગમાં આપીશ. પછી તો તમે મને તમારી સાથે સામેલ કરશો ને?"

આ સાંભળી બધી જોગણીઓ આનંદ પામી, તેમણે ઉમાદેને શાબાશી આપી. પછી કહ્યું કે, "ચૌદશને દિવસે નૈવેદ્ય કરજો. તેમાં વડાં, બાકળા અને ખીર કરજો. પછી ચોસઠે જણાને જમવા બેસાડજો. દરેકના કપાળમાં શિંદુરનું તિલક કરજો. ગળામાં કરેણનાં ફૂલનો હાર પહેરાવજો. દરેકના ભાણામાં ખંડ પૂરજો. પછી તમારો દંડ નીચે મૂકજો. તેની પ્રદક્ષિણા ફરજો, અને મોંયે 'ઉદો ઉદો' એમ બોલજો. પછી હાથમાં પાણીની અંજલી લઇને કહેજો કે 'હે ભવાની માતા ભોગ લેજો.' એટલે અમે હુંકારો કરી એક ભક્ષ વહેંચી લઈશું. પણ યાદ રાખજો કે જો ભોગ અમને નહિ મળે તો અમે તમને તરતજ ખાઈ જઈશું. વિક્રમ તો આ સાંભળીને વિચારમાં પડી ગયા. પણ એમણે નિશ્ચય કર્યો કે ગમે તેમ કરીને હું એ સૌને બચાવીશ. પછી ઉમાદે પાછી ઝાડ સાથે ઘેર આવી.

બીજે દિવસે સવારે વિક્રમે ગુરૂજી તથા વિદ્યાર્થીઓને કહ્યું કે, "મને એક સ્વપ્નું આવ્યું." પછી તેણે રાતની બનેલી બધી હકીકત જણાવી દીધી. બીજા વિદ્યાર્થીઓ કહે કે, "સ્વપ્નું એ તો આળ પંપાળ છે." પરંતુ વિક્રમે બહુ જ આગ્રહ કર્યો ત્યારે ગુરૂજીએ કહ્યું કે હવે ચૌદશને થોડા દિવસ છે. જો તે દિવસે તારા સ્વપ્ના મુજબ નૈવેદ્ય થશે અને આપણે સૌને જમવાનું હશે, તો પછી તારી વાત ખરી

માનીશું," ત્યારે વિક્રમે કહ્યું કે, "જો મારૂં સ્વપ્નું સાચું ઠરે તો હું કહું તેમ કરશો તો બધા બચશો. ઉમાદે પ્રદક્ષિણા ફરવા માટે દંડ નીચે મુકશે એટલે તે લઇને હું દોડીશ, અને તમે બધા મારી પાછળ આવજો. પાછું વાળીને કોઈ જોશો નહિ. એમ કરશો તો આપણે સૌ બચીશું."

થોડા દિવસ પછી તેરશ આવી, ત્યારે ઉમાદેએ કહ્યું કે "આવતી કાલે ચાદશ છે એટલે આપણે નૈવેદ્ય કરીશું." એમ કહી તે માટે પતિની રજા લીધી. બીજે દિવસે બધાને જમવા બેસાડયા. શિંદુરનાં તિલક કરી દરેકને કરેણનો હાર પહેરાવ્યો. ભાણામાં ખંડ પૂર્યો. પછી દંડ નીચે મુકી તેની પ્રદક્ષિણા કરી, અને હાથ જોડી, આંખો મીંચીને, બોલીઃ "હે ઉદો ભવાની માત! તમારા ભોગ લેજો." એ આટલું બોલી તેટલામાં તો વિક્રમે છલંગ મારીને દંડ ઉપાડી લીધો અને ગુરૂ સહિત સર્વ વિદ્યાર્થીઓ દોડયા. કોઈ પાછું વળીને જોતું નથી. ચોસઠ જોગણીયો તો આવી પણ પોતાના ભક્ષ ના જોયા એટલે ઉમાદેના ચોસઠ ભાગ કરીને ખાઈ ગઈ. પેલા ચોસઠ જણા તો વહાણું વા'તામાં બાર જોજન દૂર નીકળી ગયા. પછી તો તેમને બહુજ થાક લાગ્યો. એટલે ઝાડ નીચે બેઠા. તેમને ભૂખ પણ પુષ્કળ લાગી હતી.

વિક્રમરાજાએ કહ્યુંઃ "તમે બધા અહિં આરામ લ્યો. હું પાસેના ગામમાં જઈ તમારે માટે ખાવાનું લઇ આવું." એમ કહી તે એક ગામમાં ગયા. ત્યાં દરેકે દરેક દુકાન ઉઘાડી હતી, પણ કોઇ માણસજ મળે નહિ. રાજા તો

આખું ગામ જોઈ-ફરી વળ્યો. છેવટે રાજમહેલમાં પેઠો તે પણ ખાલી હતો. પણ ત્યાં એક પથારી ઉપર એક બીલાડી બેઠી હતી. તેને જોઇને રાજા બોલ્યોઃ—

સુના મંદિરમાં બેસી રહ્યાં, નગરતણાં માણસ કયાં ગયાં;
હું ઉજણુપતિ વિક્રમરાય, આવ્યો તાહરા મહેલજ માંય.
બોલો મન કાંઇ હોયે દુઃખ, ઈશ્વર તારી ભાગે ભૂખ.

આ સાંભળી બીલાડીએ એક કાજળની ડબી આગળ મૂકી, અને સાન કરી કે મારી આંખમાં આંજો. વિક્રમે કાજળ તેને આંજ્યું એટલે તે એક જુવાન સ્ત્રી બની ગઈ. પછી તે બોલી, "એક દૈત્યના ત્રાસથી બધા માણસ નાસી ગયાં છે, ફક્ત હું જ રહી ગઇ છું. તે દૈત્ય મારી તરફ એક પુત્રીની માફક વર્તન રાખે છે, પણ પોતે બહાર જાય છે, ત્યારે આ કાજળ આંજી મને બીલાડી બનાવે છે, અને પાછો આવે છે ત્યારે પાછી છોકરી બનાવે છે. એને આવવાનો હવે વખત થયો છે, માટે તું જતો રહે, નહિ તો તને મારી નાંખશે. એના પાસે "અજીત" નામે દંડ છે, એ દંડ જો એના માથામાં વાગે તોજ તે મરી જાય તેમ છે. પણ એ દંડ તે હાથમાંથી નીચે મુકતો જ નથી. ફક્ત દિવસમાં એક વાર તેની પૂજા કરે છે એટલીજ વાર તે દંડ નીચે મુકે છે. વિક્રમે કહ્યું કે "મને તું ફક્ત સંતાવાની જગા બતાવ, મને એની જરાપણ બીક લાગતી નથી." પેલી સ્ત્રીએ તેને એક જગા બતાવી. રાજાએ સ્ત્રીને પાછી બીલાડી, બનાવી અને પોતે સંતાઇ ગયો.

થોડી વારમાં પેલો દૈત્ય ત્યાં આવ્યો. તેણે અંજન આંજી પેલી બીલાડીને સ્ત્રી બનાવી. પછી નાહ્યો અને દંડને

સામે મુકી તેની પૂજા કરવા લાગ્યો. આ લાગ જોઇ વિક્રમ-રાજાએ છલંગ મારી દંડ લઈ લીધો. પછી એકદમ પેલા દૈત્યના કપાળમાં દંડ માર્યો એટલે દૈત્ય તરફડીને મૂઓ. પછી રાજા ખાવાનું લઇ પેલા ત્રેસઠ જણ પાસે આવ્યો. દૈત્યના મોતની વાત ચારે તરફ ફેલાઈ ગઇ. લોકો બધા પાછા ગામમાં આવ્યા. ગામનો રાજા પણ આવ્યો. તેણે જ્યારે જાણ્યું કે વિક્રમરાયે આ દૈત્યને માર્યો, ત્યારે તે પોતે આવીને ઝાડ નીચેથી બધાને લઇ ગયો, અને વિક્રમ રાજા સાથે પોતાની પુત્રીને પરણાવી. પછી વિક્રમરાજા પેલા ત્રેસઠ જણને લઈ પાછા કોકણદેશ ગયા, અને ગુરૂજીને ઘેર પહોં-ચતા કર્યા. ત્યાંના રાજાએ પણ વિક્રમ રાજાનાં પરાક્રમ જાણી પોતાની કુંવરીનાં તેમની સાથે લગ્ન કર્યાં. પછી બે દંડ અને બે કન્યાઓ લઇને વિક્રમ રાજા પાછા ઘેર આવ્યા; અને દેવદમનીને બધી વાત કહી.

ત્યારે દેવદમનીયે કહ્યું કે ત્રંબાવટી નગરીમાં જાવ; ત્યાં ત્રંબકસેન નામે રાજા રાજ કરે છે. ત્યાં મહિસાગરમાં નહાજો ને તેના મહેલની ચર્ચા જોજો. રાજા તરતજ નિકળ્યા. અને ત્રંબાવટી પહોંચ્યા. ત્યાં ગયા ત્યારે રાત પડી ગઈ હતી. અદૃશ્ય વિદ્યાથી તે મહેલમાં ગયા. અડધી રાત ગઇ ત્યારે એક સાંઢણી બારણે આવીને ઉભી. તુરત એક દૂત અંદર આવ્યો અને રાજાની તેર વર્ષની કુંવરીની પાસે ગયો. તે તો તેની વાટ જોયા કરતી હતી. તેણે કહ્યું તમે બહાર બેસો, હું હમણાંજ આવું છું. એટલામાં રાજાએ કૌતક જોયું. પોતાનો જ દામોદર નામનો પોપટ ત્યાં આવ્યો તેને

ગળે એક કાગળ બાંધેલો હતો. કુંવરીએ તે છોડીને વાંચ્યો. અદૃશ્ય વિક્રમ પણ તેની પાછળ ઉભો. આ કાગળ નિર્મળ–દમનીએ લખ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે "વિક્રમ સાથેની શરતમાં હારી જવાથી મારે લાચારીથી તેની ગુલામ થઇને રહેવું પડયું છે. તેથી—

> હાંશ ન પોંચી આપણી, જે ધારી'તી પેર;
> કારાગૃહે પડી કામિની, વિક્રમસેનને ઘેર.
> ભલું સુરખ, દરિદ્ર દુઃખ, ભલી વેઠવી ભુખ;
> તેથી અદકું રાય ઘેર; સ્ત્રી માણસને દુઃખ.
> વાત કોઇશું થાય નહિ, બાહેર નવ જવાય;
> રૂડું ભુંડું જમાય નહિ, રહેવું કારાગૃહ માંહ્ય.

વચનના બાંધ્યા મારે રહેવું પડયું છે. તમારી તરફ વિક્રમરાયને મોકલ્યા છે. તેની સાથે તમે કોઇપણ રીતે પરણજો. એટલે આપણે બેને અત્રે ઠીક પડશે." જવાબમાં તેણે લખી મોકલ્યું કે, "મારાથી તેમ બની શકશે નહિ." દમનીનો કાગળ તેણે ફાડી નાંખ્યો અને બબડી કે ભોગ એના કે એ વિક્રમથી હારી ગઇ. હું રત્નમંજરી તો વિક્રમ જેવા કાંઇક ગુલામ રાખું. આમ કહી તેણે પોતાનો "અભય" દંડ, તથા રત્નની પોટલી દાસીને આપીને કહ્યું, "જાવ, આ સાંઢણી ઉપર મૂકો." સાંઢણી ઉપરથી તે ચીજો વૈતાળે હરી લીધી. પછી વિક્રમે તે દૂતને જોઇ પૂછયું કે "આટલી રાત્રે તું સ્ત્રીના હરણ કારણે આવ્યો છું તે કોણ છું?" દૂતે મીજાસ કર્યો એટલે વિક્રમે એને મારી નાખ્યો અને તેના લુગડાં પોતે પહેરી લીધાં. થોડીવારે રત્નમંજરી નીચે જઇ સાંઢણી ઉપર બેઠી. વિક્રમે સાંઢણી પૂર્વ તરફ ચલાવી, એટલે

તે બોલી કે "પશ્ચિમને બદલે તું પૂર્વ તરફ કેમ લઇ જાય છે?" ત્યારે વિક્રમે ક્રોધ કરીને કહ્યું કે, "પંચાત નહિ કર, હું તો તને મારે ગામ લઇ જાઉં છું." ત્યારે તેણે પોતાનો દંડ ખોળ્યો-તે મળ્યો નહિ એટલે તે નરમ થઇ ગઇ, અને પૂછ્યું કે તું કોણ છું? ત્યારે વિક્રમે કહ્યું 'હું તો જુવારી છું, માળવા દેશમાં રહું છું, અને સ્ત્રીઓનો હું ચોર છું." આ સાંભળી રત્નમંજરીએ નિસાસો મૂક્યો. ને બોલી,—

> નિશ્વાસ મૂક્યો નારીએ. દેવ ન પહોંચી આશ;
> મનનો માન્યો સુકીઓ, પડયો જુવારી પાસ.
> જુવારી સાથે વાંકડા, મરકટને જેમ હાર;
> ઘેલી માથે બેડલું, પહોંચે કેટલા કાળ.
> ભંગા વ્યસની આળસુ, લંપટ જુવારી આપ;
> એવો કંથ જે કામની, તેનાં પુરણ પાપ.
> નમેરો નિદ્રાળુઓ, દીન દયાહીન રોગ;
> એવો કંથ જે કામની, તે કામનીના ભોગ.

અરેરે! મારી સખીએ સંદેશો મોકલી વિક્રમરાયને વરવા કહ્યું. તે મેં ના માન્યું તેનું આ પાપ લાગ્યું. પછી ક્રોધથી તેણે કહ્યું કે, 'હે ચોર! હું અબળા છું તેને તેં છેતરી છે માટે હું તને શ્રાપ આપીશ." આ સાંભળી વિક્રમરાયે કહ્યું કે, "તમે રીસ ના કરો. તમારી ઇચ્છા હશે ત્યાં હું તમને લઇ જઈશ માટે મને કહો કે કયાં જવું છે." આ સાંભળી તે નારી આનંદ પામી, અને બોલી, "મને પવિત્ર પરગજુ, વિક્રમરાય પાસે લઈ જા," પછી વિક્રમે પોતાનું

બરૂ સ્વરૂપ પ્રકટ કર્યું, અને જણાવ્યું કે હુંજ વિક્રમ છું. તેનાં દેવી નિશાનોથી રત્નમંજરીયે તેને ઓળખ્યો. એટલે તેઓએ ગાંધર્વ લગ્ન કર્યું અને આગળ ચાલ્યાં.

હવે જે પોપટ રત્નમંજરી પાસે કાગળ લઇને આવ્યો હતો, તેણે વિચાર કર્યો કે રસ્તામાં વિમળપૂર ગામ આવે છે, ત્યાં મારો મિત્ર રહે છે તેને મળતો જાઉં. તે મિત્ર નીલી નામે ગુણકાને ઘેર રહેતો હતો. દામોદર ત્યાં ગયો. એટલેજ તેના મિત્ર ગંગારામ પોપટનું પાંજરૂં હતું. બંને મિત્રો એક બીજાને જોઇને બહુજ આનંદ પામ્યા, અને તેમણે ગુંજ કરી. દામોદર પોપટે કહ્યું, કે "હું તો ત્રંબાવટી નગર ગયો હતો. મારા રાજા વિક્રમે ઘાંચણને હરાવી છે, તેનો કાગળ લઈ ગયો હતો. એ કાગળને લીધે તો રત્નમંજરી પણ જશે, અને વહાણું વાતાં તો આ રસ્તે તેની રત્નની પેટી તથા દંડ લઇ આ ગામમાં આવશે."

આ બધી વાત ગુણકાએ સાંભળી તેણે રત્નમંજરીને ફસાવીને પોતાને ત્યાં રાખવાનો નિશ્ચય કર્યો. બીજી સવારે તે ત્રંબાવટીને રસ્તે નજર રાખીને બેઠી. વહાણું વાતાં તો સાંઢણી આવી. એક ઝાડ નીચે સાંઢણી બેસાડીને વિક્રમરાજા ભોજન લેવા શહેરમાં ગયા. થોડીવાર પછી નીલી ગુણકા ત્યાં આવી અને બોલી, "તું તો મારી સગી ભાણેજ થાય. તારા વર મને મળ્યા, મેં તેમને મારે ઘેર બેસાડયા છે, અને હું તને તેડવા આવી છું." રત્નમંજરી તો તેની સાથે ગઈ. પણ પોતાના પતિને ત્યાં ન જોતાં તેણે બૂમાબૂમ કરી મૂકી. પેલી ગુણકાએ તેને ફસાવવા બહુ પ્રયત્ન કર્યા; પરંતુ

તેનું કાંઇ વળ્યું નહિ. રત્નમંજરી પણ તે વખતે તો શાંત પડી. કારણ કે ત્યાંથી છુટી બહાર જવાય તેમ નહોતું. અંતે રાત પડી એટલે ઘરની બહાર નીકળી પડી, અને બૂમરાણ કરી મૂકી. તેણે કહ્યું કે મારો પતિ મને મળ્યો નથી એટલે હું તો બળી મરીશ. એમ કહી નદી કીનારે તેણે ચિતા ખડકાવી બળી મરવાની તૈયારી કરી. આ વાત આખા ગામમાં ફેલાઇ ગઈ.

વિક્રમરાજા પોતે ખાવાનું વગેરે લઈ પેલા ઝાડ નીચે પાછો ફર્યો. તે વખતે રત્નમંજરી ત્યાં નહોતી. તેણે ઘણીયે શોધ કરી પણ તે મળી નહિ. અંતે રાત પડી ત્યારે ક્યાં શોધ કરવી તે પણ તેને સૂજ્યું નહિ. એટલામાં તેણે વાત સાંભળી કે કોઇ બાઈ નદી કીનારે ચિતા ખડકી બળી મરે છે. એટલે બધાની સાથે એ પણ ત્યાં જોવા ગયા. રત્નમંજરીયે એને જોયો એટલે તો ચિતા બાજુપર રાખી અને તેમની પાસે દોડી આવી. આ વાત ગામના રાજાયે જાણી તેમનો આવો પ્રેમ જોઇ તેણે તેમને મહેલમાં તેડાવ્યાં, અને પછી તેમની ખબર પૂછી. જ્યારે જાણ્યું કે આ તો વિક્રમ-રાજા છે ત્યારે તો બહુ આગ્રહ કરી થોડા દિવસ રોકાઇ જવા વિનંતિ કરી. અને સાંઢ તથા સામાન મંગાવી લીધાં. આ વાતની ખબર ત્રંબાવટીમાં પહોંચી. એટલે ત્યાંના રાજા પોતાની દીકરી તથા જમાઇને પોતાને ઘેર તેડી ગયા, અને તેમને બહુ પહેરામણી આપી વિદાય કર્યાં. પછી વિક્રમરાજા દમની ઘાંચણને મળ્યા, અને કહ્યું કે ત્રીજો દંડ પણ આણ્યો છે. હવે તમે કહો તેમ કરીયે.

ત્યારે દમનીયે કહ્યું: "તમારા નગરમાંજ વીરભટ નામે બ્રાહ્મણ છે, તેને બોલાવીને ખુબ પૈસા આપો. તેને એક નાની રૂપાળી દીકરી છે તેની ચર્ચા જોજો. પરંતુ જરાયે લોળા થશો નહિ." વહાણું વાતાં રાજાએ વીરભટને બોલાવ્યો. અને તેના પગ આગળ ઘણું ધન મૂક્યું. પરંતુ તે તેણે લીધું નહિ અને કહ્યું કે રાજાનું ધન તો પાપનું ધન માટે તે મને ખપે નહિ. એમ કહી તે ચાલી ગયો. રાત્રે રાજાએ વિચાર કર્યો કે આ માણુસ આટલો પવિત્ર છે તો ચાલ, એના ઘરની ચર્ચા જોઉં, આ બ્રાહ્મણુની પુત્રી બહુજ રૂપવતી હતી. તેની પાસે એક દંડ હતો. થોડી રાત ગઇ, એટલે ઘરેણાંલૂગડાં પહેરીને તે નિકળી. પાસે દંડ તો હતો જ. ચૌટામાં જઇને તે ઉભી રહી. એટલે પ્રધાનની તથા એક વણિકની કન્યા તેને આવી મળી. ત્યાં તેમણે સામાન ખરીદ્યો. વિક્રમરાયે મજૂરરૂપ ધરી તે ઉપાડયો. પછી ત્રણે જણી શહેર બહાર ચાલી. હરસિદ્ધ માતાના મંદિરે આવી તેમણે માતાની પૂજા કરી માતાએ પૂછયું કે તમે કયાં જાવ છો? ત્યારે તેઓ કહે, "અમારી બેનપણી પાતાળમાં રહે છે, તે અત્યારે પરણવાની છે. અમારે એવી સાટી છે, કે અમે ચારે એકજ ધણીને પરણીશું. માટે માતાજી પાતાળ જવાનો માર્ગ આપો. માતાજીએ કહ્યું કે દંડવડે કાપ કરો એટલે રસ્તો થશે. તે પ્રમાણે દંડવડે જમીનને કાપો કર્યો એટલે ત્યાં એકદમ જવાનો માર્ગ થઇ ગયો. પેલી કન્યાઓ મજુરને કહે, "તું અહીં બેસ. અમે સવારે પાછી આવીશું." ત્યારે તે રોવા લાગ્યો અને કહ્યું: "મને તો બીક લાગે છે. હું તો

તમારી સાથે આવીશ. તમને જરાયે નડીશ નહિ.” પેલી કન્યાઓ તેને લઇ ગઈ. પાતાળમાં પહોંચતાંજ એક ગામને પાદરે સુંદર સરોવર હતું. પેલી ત્રણ કન્યાઓ કપડાં બહાર ઉતારી નાવા પેઠી. એટલે વિક્રમે વૈતાળ વીરને સ્મર્યો, અને તેને પેલાં કપડાં તથા દંડ આપી દીધાં. થોડીવારે પેલી કન્યાઓએ કપડાં માગ્યાં એટલે મજુરે કહ્યું કે એતો અહીં નથી. કોઇ ચોરી ગયું હશે. એટલે તેમણે કહ્યું કે જા ગામમાં જઇ કુમકુમવતી પાસેથી કપડાં લઇ આવ. એટલે તેણે જઇને તેની બધી વાત કહી. કુમકુમવતીએ કપડાં આપ્યાં. અને પછી તે પહેરી સૌ ગામમાં ગયાં ત્યાં જન આવી હતી અને લગ્નની તૈયારી થઈ હતી. વિક્રમે વૈતાળને વરરાજા ઉપાડી જવાનું કહ્યું. ખરી વખતે વર ખોવાયો તેથી દોડાદોડ થઇ. પછી બધાયે વિચાર કર્યો કે, હમણાં આ પરદેશી ગામડીયાને ચોરીમાં બેસાડી દઇયે, અને પછી તેને મારી કાઢી મુકીશું. એમ ધારી ત્યાં તેને લઈ ગયા, અને બધી લગ્નક્રિયા પૂરી કરી. ચોરીમાં ચારે કન્યાઓ સામટીજ બેઠી. લગ્ન પૂરાં થયાં એટલે એ કહે કે હું તો પેલો મજુર. આ સાંભળી પેલી કન્યાઓ ગુસ્સે થઈ. પછી વિક્રમે પોતાનું ખરૂં સ્વરૂપ પ્રકટ કરી ખરૂં નામ કહ્યું, ત્યારે તો સૌ આનંદ પામ્યાં. અને પછી તેણે વૈતાળ પાસે દંડ અને પેલો વર પાછાં મંગાવ્યાં. પોતે દંડ તથા કન્યાઓ લઇ પાછો ઉજ્જન આવ્યા.

વળી પાછો દેવદમનીને તે મળ્યા અને બધી વાત કહી. પછી પુછ્યું કે હવે મારે શું કરવું તે જણાવો, ત્યારે

તે બોલી કે તમારાજ ગામના ધનવંત શેઠ છે. તેના ઘરની ચર્ચા જુવો. ત્યાં જો સાવચેત રહેશો તો તમારૂં બધું કામ થશે. પછી તમે નિરાંતે ઘેર બેસજો.

તપાસ કરતાં રાજાને આ ધનવંત શેઠ જડ્યા. તેમની ઉંમર એકસો બાર વર્ષની હતી. તેમને ઘડપણમાં પરણવાનું મન થયું હતું. પરંતુ કન્યા ક્યાંથી મળે? તે વખતે એક શાહુકારની શ્યામકુંવર નામે સોળ વર્ષની દીકરી હતી. તે બહુજ ધર્મ કરનારી હતી તેને દીક્ષા લેવાની ઈચ્છા થઇ. પરંતુ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે સ્ત્રી કદી કુંવારી રહી શકે નહિ તેથી તેણે વિચાર કર્યો કે જો હું આ ધનવંત શેઠ જોડે લગ્ન કરૂં તો શાસ્ત્રની આજ્ઞા પળાય અને હું મારૂં ધાર્યું પણ કરી શકું. એમ વિચારી તેણે લગ્ન કર્યાં. શેઠની ચાકરી પણ તે બહુ સારી કરતી હતી. હવે વિક્રમ તેના ઘરની ચર્ચા જોવા ગયા. ગુપ્ત વિદ્યાથી કોઈ તેને જોઇ શકતું નહોતું. શ્યામકુંવરે શેઠને રાત્રે વાળુ કરાવ્યું. શરીર ચાંપ્યું. દવા આપી અને તે ઉંઘ્યા, એટલે પોતે દેવની પુજા કરી મોડી રાત્રે સૂતી. આમ ત્રણચાર દિવસ રાજાયે જોયું. પછી એક દિવસ કૌતક થયું. મધરાતે એક ચોર ઘરમાં આવ્યો. તેથી શ્યામકુંવર જાગી ઉઠી, દીવો બળતો હતો. ચોર દેખાવમાં સુંદર હતો. તેણે કપડાં ઠાઠથી પહેર્યાં હતાં, અને ત્યાં એકાંત હતું. આથી શ્યામકુંવરને મોહ થયો. તેનું બધું તપ ધૂળ મળી ગયું. તેણે ઉઠીને ચોરને કહ્યું, "તમે બીશો નહિ. આ બુઢાનું કાસળ કાઢી નાંખીને હું તમને વરીશ." એમ કહી, તેણે પોતાના પતિની ગળચી દબાવી.

એ ઘરડું પાન તો તરત મરી ગયું. પછી ચોરને તેણે કહ્યું, તમે કાલે પાછાં આવજો. તે બહાર નિકળ્યો. ત્યાં વિક્રમ અદ્રશ્ય હતા. તેણે વિચાર્યું કે આ ખુની, તસ્કર અને ચોર છે તેને હું જીવતો જવા દઉં તો રાજધર્મમાં ખામી આવે. તેથી તે છતો થયો અને તેને તરવારથી મારી નાંખ્યો. પછી ગુપ્ત થઈ ચાલ્યો ગયો. ચોરે મરતાં મોટી ચીસ પાડી. શ્યામકુંવર બહાર આવી. ચોરને મરેલો જોઈ તેની બુદ્ધિ ઠેકાણે આવી. બધા લોક ભેગા થાય તે પહેલાં તેણે ધનવંત શેઠનું માથું તરવારથી કાપી નાંખ્યું. પછી મોટે ઘાંટે રડવા લાગી. પાડોશીયો બધા ભેગા થઇ ગયા. શ્યામકુંવરે કહ્યું કે આ ચોરે ઘરમાં આવી મારા પતિનું ખુન કર્યું અને તે નાસતો હતો તેવામાં કોઇ ચોકીદારે તેને મારી નાંખ્યો. શ્યામકુંવરને હવે ખરેખરો પસ્તાવો થયો. તેણે પતિ પાછળ સતી થવાનો નિશ્ચય જાહેર કર્યો. સતી થવાને દિવસે બધું ગામ ભેગું થયું. ઠાઠમાઠથી બધાં સ્મશાન ગયાં. સતી માતાયે લોકોને કાંઈ કાંઈ આશીર્વાદ આપ્યા. અને છેવટે કહ્યું કે ગામના રાજાને બોલાવો. તેની રજા લઈ, તેને આશીષ આપી, હું ચિતા ઉપર ચઢીશ. વિક્રમરાજા આવ્યા. પરંતુ કોઇ ના સાંભળે તેમ તેણે શ્યામકુંવરને કહ્યું, હું તારી વાત જાણું છું. અને ચોરને મારનાર હું જ હતો. માટે તમે પાછાં ઘેર જાવ અને ખાઇપી મઝા કરો. શ્યામકુંવર બોલી, તમે આ સર્વ લોકમાં મારી આબરૂ જાળવો. મને પગે પડો, આશીષ લો, અને મરવાની આજ્ઞા આપો. તોયે વિક્રમે માન્યું નહિ. ત્યારે તેણે કહ્યું કે ભાઇ, ઘેરઘેર પોલું તો હોય. તારે

બધાનું પોલું જોવું હોય તો કુંચી કંદોયણને ઘેર જાવ. પણ અત્યારે મને એકદમ રજા આપી મારી આબરૂ સાચવો. આ ઉપરથી રાજાયે તેને સતી થવાની આજ્ઞા આપી.

પછી વિક્રમરાજા ગુપ્ત શરીરે કુંચીને ત્યાં ગયો. પરંતુ તેની ગુપ્ત વિદ્યા ત્યાં ચાલી નહિ. કુંચીએ તો તેને કહ્યું, આવો રાજા બેસો. આ જોઇ રાજા આશ્ચર્ય પામ્યો. અને પુછયું તમે મને કેમ જોઇ શકયાં ? ત્યારે કુંચીએ કહ્યું, હું તો તમારી સર્વ વાત જાણું છું. એમ કહી શ્યામકુંવરની બધી વાત તેણે કહી. રાજાયે કહ્યું કે આ કઇ વિદ્યાનો પ્રતાપ છે ? ત્યારે કુંચી બોલી: "મારી પાસે જ્ઞાન દંડ છે, તેના આ પ્રતાપ છે." એમ કહી તેણે રાજાને મોટા લોકનાં ખોટાં કામ, તે દંડથી નજરે બતાવ્યાં ધર્મી લોકોનાં પાપ પણ બતાવ્યાં. આ સર્વ જોઈ રાજા બહુજ નમ્ર બની ગયા, અને તેમનું અભિમાન ઉતરી ગયું. એટલે કુંચીએ કહ્યું કે રાજા તમારી પાસે ચાર દંડ છે એટલે આ પાંચમો પણ હું તમનેજ આપીશ. એમ કહી, તેને તે આપી દીધો. આ રીતે રાજા પાસે અમૂલ્ય પંચદંડ થયા. તેના પ્રતાપ આગળ દમની ઘાંચણ નરમ બની ગઈ અને તેની ભીંત તુટી પડી. પંચદંડની મદદથી રાજાએ ઘણાં લોકસેવાનાં કામ કર્યાં. આ દંડના પ્રતાપથીજ તેને આ સિંહાસન ઇંદ્રે આપ્યું હતું. માટે હે ભોજરાજા ! તમે એવા પરાક્રમી થઇને આ સિંહાસને બેસી શકશો. આટલું બોલી તે પુતળી ઉડી ગઈ.

વાર્તા ૬ ઠ્ઠી.

અબોલા રાણીની વાર્તા

પુતળીઃ ચિત્રાંગના.

વાર્તા છઠ્ઠી

અબોલા રાણીની વાર્તા.

ભોજરાજાએ પાછો સારો દિવસ જોવડાવ્યો, અને સિંહાસન ઉપર બેસવા વિચાર કર્યો. પણ જેવો તે બેસવા ગયો તેવીજ ચિત્રાંગના નામે પુતળી, હાં, હાં, કરતી બોલી ઉઠી. તેણે કહ્યુ, "રાજાજી, હજી તો એ સિંહાસન તો ઇંદ્રરાજાનું છે. જે માણસ વિક્રમરાજા જેવો પરદુઃખભંજન થશે, તેજ તેના ઉપર બેસી શકશે. બીજા બેસશે તે દુઃખી થશે." ત્યાર પછી ભોજરાજાના પુછવાથી તેણે અબોલા રાણીની વાત કહેવા માંડી.

ઉજ્જૈન નગરીમાં મોટું બજાર હતું. આ બજારની વચમાં ભૈરવનો ગોખલો હતો. તેની પાસેજ સુંદર તંબોળીની દુકાન હતી. તે જાતજાતનાં પાનબીડાં બનાવતો હતો. તેની બધી ઘરાકી રજવાડામાં હતી. ત્યાં આગળ રોજ સંધ્યાકાળે એક સ્ત્રી આવતી હતી. તે બહુ રૂપાળી હતી. તે રોજ એક સોનામહોરનાં પાનબીડાં ખરીદતી હતી. કોઈ દિવસ ભાવતાલ કરતી નહોતી, અને સરસમાં સરસ માલ લેતી હતી. આ બાઈ કોણ હશે તે જાણવાનું મન તે તંબોળીને થતું. તેથી તેણે પોતાના ગોરને બોલાવીને બધી વાત કરી. ગોરમહારાજે

તેની તપાસ કરવાનું કબુલ કર્યું અને તે પેલી બાઇની પાછળ પાછળ ગયા. બાઇ તો શહેર બહાર દૂર જંગલમાં ગઇ. ત્યાં એક પર્વત આવ્યો. આ પર્વતમાં એક ગુફા હતી. તેનું બારણું ઉઘાડીને તે અંદર ગઇ. ગોરમહારાજ પણ ગુપચુપ તે ગુફામાં પેસી ગયા. થોડું ચાલ્યા પછી તો બીજું શહેર આવ્યું. ઇંદ્રપુરી જેવી તેની શોભા હતી. ત્યાં પેલી સ્ત્રી કરતાંયે રૂપાળી, ઘણી સ્ત્રીઓ રમતી હતી. રમતાં રમતાં તેમનો દડો કુવામાં પડી ગયો એટલે એક બાઇએ કહ્યું કે દડો પાછો ના આવે તો અબોલા રાણીની આણ છે. એટલે તરતજ દડો બહાર આવ્યો. આ જોઇને પેલા બ્રાહ્મણની તો ધીરજ ના રહી. એકદમ આગળ આવીને એક બાઇને એણે પુછવા માંડયું, 'તમે સૌ કોણ છો? અને અબોલારાણી તે વળી કેવાં છે?' પેલી બાઇ બોલી. 'તમે બ્રાહ્મણ છો, એટલે તમારૂં અપમાન અમે નથી કરતાં. તમે છાનામાના બહાર જાવ, નહિ, તો કેદમાં જવું પડશે.' પણ પેલા બ્રાહ્મણે તો જક કરવા માંડી. એ તો કહે 'હું અબોલા રાણીને જોયા વિના જવાનો નથી.' પેલી બાઈ કહે, 'અમે સૌ તેની દાસીયો છીયે, અને એ તો ચાર પડદા બાંધીને અંદર રહે છે. તે કોઇ પુરૂષનું મોં જોતાં નથી, અને કોઈ પુરૂષને મોં બતાવતાં પણ નથી. માટે તમે છાનામાના જતા રહો.' છતાંયે બ્રાહ્મણે કહ્યું કે તમે અબોલા રાણીને પુછો તો ખરાં. એટલે તે બાઇ રાણીની પાસે ગઈ અને બધી હકીકત કહી. રાણીયે કહ્યું એને કુંડમાં નવડાવી દો, એટલે એની મેળે જતો રહેશે. પેલી બાઇએ મહારાજને કુંડમાં નાવાનું કહ્યું. મહા-

રાજા તો કપડાં સાથેજ કુંડમાં પડયા અને જેવા પડયા તેવા અંદર ડુબી ગયા. પછી આંખ ઉઘાડીને જુવે છે તો, પોતે સુંદર તંબોળીની દુકાન સામા પડયા છે. મધરાત થઈ છે, બધી દુકાનો બંધ છે, કોઈ ચકલુંયે ફરકતું નથી. તે વખતે મહારાજને તો ત્યાં આવવું પડ્યું, તેથી બહુજ દુઃખ લાગ્યું. એમનો જીવ બધો અબોલા રાણીમાં છે એ તો રૂવે ને કલ્પાંત કરે. માથું અને છાતી કુટે. એમને એમ મરી જવાનું એણે નક્કી કર્યું. એટલામાં વિક્રમરાજા એકલા નગરચર્ચા જોવા નીકળેલા, તે ત્યાં આવ્યા. બ્રાહ્મણને રડતો કકળતો જોઇને તેને બહુ દયા આવી અને દુઃખનું કારણ પુછ્યું. પેલા બ્રાહ્મણે બધી વાત કહી. ત્યારે વિક્રમે કહ્યું કે તું મને કાલે તે સ્ત્રી દેખાડજે એટલે બાકીનું કામ તો હું કરીશ. આ પ્રમાણે બ્રાહ્મણને શાંતિ આપી ઘેર વિદાય કર્યો.

બીજે દિવસે બ્રાહ્મણે રાજાને પેલી બાઇ બતાવી. વિક્રમ તેની પાછળ અબોલા રાણીના નગરમાં જઇ પહોંચ્યો. ત્યાં આગળ એક કુવો જોયો. ત્યાં એક રેંટ હતો. જેને પાણી જોઇએ તે અબોલા રાણીની આણ દે. એટલે હાથ હલાવ્યા વિનાજ બેડું ઉપર આવે. આ જોઈ વિક્રમને અચંબો થયો. ત્યાં એક બાઈ પાણી ભરવા આવી હતી. તેને રાજાએ પુછયું કે બાઇ ! આ કોનું ગામ છે? અને આ બધી શી અજાયબી છે? વિક્રમને જોતાંજ તે બાઇને લાગ્યું, કે આ કોઇ સાધારણ પુરૂષ નથી. તેથી તે એને અબોલારાણીના મહેલ પાસે લઇ ગઇ. ત્યાં રાણીની સખીએ એને પુછયું કે તમે કોણ છો ? વિક્રમ

રાજાનો ઉત્તર સાંભળી તે બોલી, તમારૂં રાજ્ય ઉજ્જનમાં છે. અહિં તમે રાજા નથી, પણ અમારા ચોર છો, વહાણું વાતાં સુધીમાં જો તમે અબોલા રાણીના પડદા છોડાવી શકો, તો તો ઠીક છે, નહિ તો તમારે કેદમાં જવું પડશે.

વિક્રમ રાજાએ પુછ્યું કે, આ અબોલા રાણી છે કોણ? એટલે તે સખી બોલીઃ ' એકવાર બધી જોગણીઓ રમતી હતી. રમતાં રમતાં તેમણે ઘણી પુતળીઓ બનાવી તેઓ રમત રમી રહ્યાં ત્યારે આ પુતળીઓ તરફ અમીદૃષ્ટિ કરી. એટલે તો બધી પુતળીયો જીવતી થઇ ગઈ. આ જોઈને દેવાયોએ પુતળીઓને પુષ્કળ ધન તથા રાચરચીલું આપી આ ગામમાં વસાવી. અને એક મોટી અને બહુ રૂપાળી પુતળી કરી તેને અમારી રાણી ઠેરવી. આ રાણી કોઇ પુરૂષ સાથે બોલતાં નથી. ચાર પડદા બાંધીને અંદર રહે છે. જો કોઇ પુરૂષ તેમને બોલાવવાનો પ્રયત્ન કરે, અને તેમાં હારી જાય તો તેને કેદમાં નાંખે છે. માટે જો તમે તેને બોલાવી શકશો તો તે પડદા છોડીને તમારી પાસે આવશે. અને નહિ તો તમારે કેદમાં જવું પડશે.

વિક્રમરાજાએ આ સરત કબુલ કરી. તેણે કહ્યું કે હું એક વાત કહું છું. પણ તેમાં રાણીયે હુંકારો આપવો. હુંકારો આપવા રાણીયે કબુલ ન કર્યું. તે ઉપરથી વિક્રમ કહે, ભલે, રાણી નહિ તો રાણીના કાનનું કુંડળ મને હુંકારો આપશે. આ સાંભળી બધાં હસ્યાં. પણ તેણે તો વીર વૈતાળનું સ્મરણ કર્યું, અને તેને હુકમ કર્યો કે તારે કુંડળમાં

પેસી જવું અને મને હુંકારો આપવો. પછી રાજા વિક્રમે પોતાની વાર્તા શરૂ કરીઃ

" હે રાણીના કાનના કુંડળ ! તારી રાણી તો બોલતી નથી, પણ તું મારી વાત સાંભળ " એટલે કુંડળમાંથી અવાજ થયોઃ " મહારાજ ! હું સાંભળું છું. મારી રાણી તો મુરખ છે. નહિ તો તમારા જેવા પરદુઃખભંજન રાય અમારે ત્યાં આવે, ત્યારે તો પગ ધોઇને પૂજવા જોઇયે. "

કુંડળને આમ બોલતું સાંભળી બધાને બહુજ નવાઇ લાગી. પછી રાજાએ પોતાની વાત શરૂ કરીઃ

" મેલાપુર પાટણ નામે એક ગામ હતું. ત્યાં ચંદ્રાદિત્ય નામે રાજા રાજ કરતો હતો તે ગામમાં ચાર છોકરાઓ હતા. એક બ્રાહ્મણ, બીજો ક્ષત્રિય, ત્રીજો વૈશ્ય અને ચોથો શાળવી. આ ચારને બહુજ ભાઈબંધી હતી. તેઓ આખો દિવસ સાથેજ રમ્યા કરતા હતા. તેમનાં માબાપ તેમના ઉપર બહુજ રીસે ભરાતાં હતાં અને કહેતાં હતાં કે તમે રમ્યા કરશો તો ખાશો શું ? એક દિવસ આ ચારે જણાએ વિચાર કર્યો કે ચાલો આપણે પરદેશ જઈને ભણી આવીએ. એમ વિચાર કરી ઘેર કહ્યા વિના તેઓ છાનામાના ચાલી ગયા. ચાલતાં ચાલતાં રાત પડી ને એક ગામ આવ્યું ત્યાં તેઓએ મુકામ કર્યો. બ્રાહ્મણે કહ્યું, ચાલો હું રસોઇ કરી આપુ. એક જણ બજારમાં ચીજો લેવા ગયો, સોની હતો તે એક સોનીની દુકાને દેવતા લેવા ગયો. ત્યાં તેણે પોતાની હકીકત કહી. ત્યારે દુકાનદારે કહ્યું કે તું મારો જાતભાઇ છું, તેથી જો તારે ધંધો શીખવો હોય તો તને

મારે ઘેર રાખીશ. તે વખતે તો તે દેવતા લઇને ગયો. જમી રહ્યા પછી સોનીએ આ હકીકત પોતાના મિત્રોને કહી. તેઓએ કહ્યું, 'ભલે, તું અહિંજ રહે. અમે પણ ભણીગણીને અહિંજ આવીશું.'

બીજે દિવસે સવારે, સોની ગામમાં રહ્યો અને બીજા ત્રણે જણા ચાલી ગયા. તે દિવસે એક બીજે ગામ મુકામ કર્યો. ત્યાં સુતાર લાકડાં લેવા ગયો તે વખતે એક સુતાર સાથે તેને ઓળખાણ થઇ, અને તેણે કહ્યું કે જો તું મારી પાસે રહીશ, તો હું તને બહુજ સરસ હુન્નર શીખવીશ. મિત્રોને કહીને એ પણ ત્યાં રહ્યો. પછી બ્રાહ્મણ અને શાળવી આગળ ચાલ્યા. ઘણે દિવસે તેઓએ એક ગામમાં, એક શાળવીને ઘેર જ મુકામ કર્યો. તે શાળવી બહુ ભલો માણસ હતો. તેણે પેલા શાળવીને આગ્રહ કરી પોતાને ત્યાં રાખ્યો અને કહ્યુ કે હું તને લુગડાં વણતાં શીખવીશ. પછી પેલો બ્રાહ્મણ એકલો રહ્યો, તે ચાલતાં ચાલતાં નર્મદા કીનારાના એક ગામમાં પહોંચ્યો. ત્યાં એક બ્રાહ્મણની શાળા હતી. ત્યાં તે ભણવા રહ્યો, અને ગુરૂજીની બહુજ સેવા કરવા માંડી. ત્યાં તે બાર વર્ષ રહ્યો. પછી એક દિવસ ગુરૂજી તેના ઉપર બહુ પ્રસન્ન થયા અને કહ્યું કે તારી સર્વ વિદ્યા ફળશે, તું હવે તારે ઘેર જા. તે બ્રાહ્મણ ત્યાંથી આનંદ પામીને નિકળ્યો અને જે ગામમાં શાળવી રહ્યો હતો ત્યાં આવ્યો. ત્યાંથી શાળવીને લઇને તેઓ સુતારને ગામ આવ્યા. પછી તેઓ ત્રણે સોનીને ગામ ગયા. અંતે ચારે જણા ભેગા થઇ પોતાના ગામ તરફ જવા નિકળ્યા.

અડધે રસ્તે રાત પડી એટલે ભરજંગલમાં મુકામ કરવો પડયો. કોઈ લુંટી લે નહિ, માટે તેમણે ચારે જણાયે વારા ફરતી જાગવાનું ઠરાવ્યું. પહેલે પોરે સુતાર જાગ્યો. એણે વિચાર કર્યો કે બેઠા બેઠા તો ઉંઘ આવી જશે માટે કાંઈ કામ કરૂં એમ વિચારી એણે લાકડાની એક બહુજ સરસ પુતળી ઘડી. એ કામ પુરૂં થયું એટલે શાળવીનો વારો આવ્યો અને સુતાર સુઇ ગયો. શાળવીએ વિચાર્યું કે સુતારે પોતાનો હુન્નર બતાવ્યો તો મારે મારો હુન્નર બતાવવો જોઇયે. એમ ધારી તેણે તે પુતળીને સુંદર કપડાં પહેરાવ્યાં. ત્રીજે પહોરે સોની ઉઠયો. તેણે તે પુતળીને બહુજ સુંદર ઘરેણાં પહેરાવ્યાં. ચોથે પહોરે સોની સુતો ને બ્રાહ્મણ ઉઠયો. તેણે આવી સુંદર અને શણગારેલી પુતળી જોઈને વિચાર કર્યો કે આ ત્રણે જણે પોતાની સર્વ વિદ્યા નિર્જિવ ઉપર અજમાવી પણ હું આને સજીવ કરૂં તો જ ખરો બ્રાહ્મણ. એમ વિચારી તેણે પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કરી, નર્મદાજીની સ્તુતિ કરી, પાણીની અંજલી ભરી, પેલી પુતળી ઉપર નાખી. તરતજ તે પુતળી સજીવ નારી બની ગઈ. વહાણું વાતાં બધા ઉઠયા. અને તે નારી કોની, તે માટે તેઓ અંદર અંદર કજીગો કરવા મંડયા. આટલી વાત કહીને વિક્રમરાજા બોલ્યા; હે રાણીના કુંડળ ! તું મને કહે કે એ સ્ત્રી કોની ? જો તારૂં કહેવું ખોટું હશે તો તારી રાણીનું સન્માન જશે.

આ સાંભળીને કુંડળ ઉપર બેઠેલો વૈતાળ બોલ્યો કે;—

એમાં વિચાર શો કરવાનો છે? જેણે સજીવન કરી તેની તે સ્ત્રી. આ સાંભળીને રાણીને બહુજ ગુસ્સો ચઢયો. તેનાથી એકદમ બોલાઈ જવાયું કે હે મારા કુંડળ! તને ધિક્કાર છે કે તને આટલુંએ ભાન નથી. તું મારે કાને રહેવા પણ નાલાયક છે, એમ કહી તેણે કુંડળને નાંખી દીધું. ત્યારે કુંડળે કહ્યું કે મારી બુદ્ધિ પ્રમાણે મેં ઉત્તર આપ્યો. જો મારી ભૂલ હોય તો તમે સુધારો. ત્યારે રાણી બોલ્યાં, જેણે જીવ મૂકયો તે તો ઇશ્વર રૂપ કહેવાય. જેણે તેની કાયા ઘડી તે તેનો બાપ થાય. જેણે કપડાં પહેરાવ્યાં તે તેનો ભાઈ કહેવાય. અને જેણે ઘરેણાં કર્યાં—પલ્લું કર્યું—તે તેનો પતિ થાય. આ રીતે સ્ત્રી સોનીની કહેવાય.

આ સાંભળી વિક્રમ રાજાએ કહ્યું કે, ભલે તે સ્ત્રી સોનીની થઇ પણ તમે બોલ્યાં છો એટલે એક પડદો છોડી નાંખો. આ પ્રમાણે એક પડદો છોડવીને વિક્રમ રાજાએ કહ્યું કે હવે હું બીજી વાત કહું છું તેમાં તમે હુંકારો ભણજો. પણ રાણીએ તે કબુલ ના કર્યું. ત્યારે તેણે કહ્યું કે તમે નહિ તો તમારો હાર હુંકારો પુરશે. વિક્રમની આજ્ઞાથી વૈતાળ જઇને તે હાર ઉપર બેશી ગયો. અને વિક્રમ રાજાએ બીજી વાત શરૂ કરી.

તે બધાયે બહુજ રસથી સાંભળવા માંડી અને તેમાં અબોલા રાણીના હારે હુંકારો ભણવા માંડ્યો. તે વાત આ પ્રમાણે હતી.

રાજવતી નામે એક નગરી હતી. ત્યાં રાજસેન રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ સત્યવતી હતું.

તેમને બધી વાતે સુખ હતું; પણ પુત્ર હતો નહિ. તેથી રાજાએ વિચાર કર્યો કે હું ગંગાતીરે તપ કરવા જાઉં, અને દેવને પ્રસન્ન કરી પુત્રનું વરદાન માગું. એમ વિચારી તે ગંગા કીનારે ગયો. ત્યાં છ મહિના તપ કર્યું એટલે શિવજી પ્રસન્ન થયા. અને કહ્યું કે તું હમેશાં શિવ પુજા કરજે એટલે તને પુત્ર થશે. પછી રાજા ઘેર આવ્યો. યોગ્ય સમયે તેની રાણીને પુત્ર થયો. શિવપૂજા તો રોજ ચાલ્યા જ કરે છે. એમ કરતાં કરતાં પુત્રને બાર વર્ષ થયાં. રાજાને ઘડપણ આવ્યું હતું, પણ તેનો જીવ શિવપૂજનમાં હતો. અને તેણે પુત્રને બોલાવીને શિવપૂજાનું કામ સોંપ્યું; અને કુંવરે તે પૂજા કરવાનું વચન આપ્યું ત્યારેજ રાજાના જીવને ટાઢક વળી.

કેટલાએક સમય પછી રાજાના કુંવરના વિવાહ શીતળ-પુરના રાજાની કુંવરી રૂપવતી સાથે થયા. બહુ ઠાઠથી જાન ગઈ અને લગ્ન પણ થયાં; પરંતુ કન્યાને વિદાય કર-વાનું મુહૂર્ત આવ્યું નહિ, તેથી બધાં પાછાં ફર્યાં, અને કન્યાને એક મહિના પછી બોલાવવાનું ઠર્યું. મહિના પછી રાજગોર તેડવા ગયા ત્યારે રૂપવતીએ કહ્યું કે કુંવરજી પંડે આવે તોજ હું તો આવું, વળી સાથે મોટો રસાલો લાવે તે પણ મને તો ગમે નહિ. ફક્ત એક મિત્ર જોડે જોઈએ. રાજગોરે આ વાત, પાછા આવીને, કુંવરને કહી. કુંવરને પ્રધાનના પુત્ર સાથે દોસ્તી હતી. એટલે તેને લઈને એ તો રૂપવતીને તેડવા ગયો. રસ્તામાં સુંદર શિવાલય આવ્યું, ત્યાં ઉતરી તેણે શિવની કમળથી પૂજા કરી, અને

મનમાં બાધા લીધી કે રાણીને તેડીને પાછો આવીશ ત્યારે હું કમળપૂજા કરીશ. આ વાત તેણે મનમાંજ રાખી.

સસરાના ગામમાં પહોંચ્યા. ત્યાં બંને જણની બહુજ મહેમાનગીરી થઇ. આગ્રહ કરીને તેમને ત્યાં બધાંયે રાખ્યા અને એમને એમ દોઢ મહિનો થઇ ગયો. પછી તો કુંવરે પાછા જવાની માગણી કરી, એટલે રાજાએ પુષ્કળ સાસરવાસો આપીને કુંવરીને વિદાય કરી. પ્રધાનપુત્રે રથ હાંકવા માંડયો, અને કુંવર અને તેની સ્ત્રી અંદર બેઠાં. રસ્તામાં પેલું શિવ મંદિર આવ્યું ત્યાં કુંવરે રથ ઉભો રખાવ્યો અને પોતે પૂજા કરવા ઉતર્યો. પણ તળાવનાં પાણી સુકાઇ ગયાં હતાં અને કમળ એક પણ રહ્યું નહોતું. રાજાના મનમાં બહુ દુઃખ થયું. બાધા તો ગમે તેમ કરીને પુરી કરવીજ જોઇયે. છેવટે તેણે નિશ્ચય કર્યો કે કમળને બદલે મારૂં માથું શિવજીને ચઢાવીને મારી બાધા તો પાળીશ. એમ કહીને તેણે તરવારથી પોતાનું માથું કાપી શિવને ચઢાવ્યું. ઘણીવાર થઈ તોયે કુંવર પાછો ફર્યો નહિ. તેથી પ્રધાનપુત્રને ચિંતા થવા માંડી. તેથી તે મંદિરમાં તપાસ કરવા ગયો. ત્યાં તો તેણે કુંવરનું મડદું જોયું. આસપાસ બીજું કોઇ હતું નહિ, તેથી તેને બહુ ભય લાગ્યો. વળી મનમાં વિચાર આવ્યો કે એના મોતનો ગુન્હો મારે માથેજ પડશે. તેના કરતાં તો અહિં મરવું જ સારૂં છે, એમ વિચારી તેણે પણ તરવારથી પોતાનું માથું કાપી નાંખ્યું.

ઘણીવાર સુધી બેમાંથી કોઇ આવ્યું નહિ, એટલે રૂપવતીને પણ ડર લાગ્યો. અંતે તે પણ મંદિરમાં ગઇ.

ત્યાં બે જણનાં મડદાં જોઇને તેને બહુ જ દુઃખ થયું. પછી તેને લાગ્યું કે બધાં મને ખરાબ પગલાંની કહેશે. વળી કોઇ તો મારા ઉપર આળ પણ મુકશે. માટે જીવવા કરતાં મરવું જ સારૂ છે, એમ ધારી તેણે હાથમાં તરવાર લીધી.

આ જોઇને શિવજીને લાગ્યું કે આ તો મારે માથે સ્ત્રી હત્યા બેસશે. એટલે હાં, હાં, એમ કહી, એક ઘરડા સાધુનો વેશ ધારણ કરીને ત્યાં પ્રકટ થયા. અને તેનો પતિ તથા પ્રધાન પુત્ર શા માટે મરી ગયા તે વાત તેને કહી, અને બોલ્યા કે તારે મરવાનું કાંઈ જ કારણ નથી. તને જે જોઇયે તે વરદાન તું મારી પાસે માગી લે. તે સાંભળી તે રૂપવતી બોલીઃ

> ધન્ય શિવ મહારાજ, લાજ રાખો તમે મ્હારી;
> આપો સુખ વિલાસ, આશ કરે સૌ તહારી.
> વૃષભ વાહન આરૂઢ, પ્રૌઢ વરદાન જ આપો;
> જે જપે તુજ જાપ, આપ શરણાંગત સ્થાપો.
> મહારૂદ્ર ઈશ સમાન છે, અવર નહી કો દેવતા;
> શામળ કહે ચિત્તમાં ધરો, કરો મરતગને જીવતા.

રૂપવતીની વિનંતિ સાંભળી શિવજી પ્રસન્ન થયા; અને કહ્યું કે, તમે ધડ ઉપર માથું મુકીને, ઉપર લુગડું ઓઢાડી દો એટલે એક પલકમાં તેઓ જીવતા થઇ જશે. આ સાંભળી તે સ્ત્રી બહુજ આનંદમાં આવી ગઇ અને હરખમાંને હરખમાં ધડ ઉપર માથાં મુકી દીધાં; પરંતુ ઉતાવળમાં પ્રધાનના ધડ ઉપર કુંવરનું માથું મૂકયું અને કુંવરના ધડ ઉપર પ્રધાનનું માથું મુકયું.

થોડીવારે બે જણ આળસ મરડીને ઉઠયા; પરંતુ કોણ કયું કહેવાય તેનો વિચાર કરો. આટલું કહી વિક્રમ રાજાએ પેલા હારને પૂછયું કે તું સાચું બોલ કે હવે રૂપવતી કોની સ્ત્રી કહેવાય. જો તું જુઠું બોલીશ તો તારી રાણીને માથે પાપ બેસશે.

ત્યારે તે હાર બોલ્યો કે એમાં તે તેં શું મોટો સવાલ કર્યો. લગ્ન વખતે જમણો હાથ ઝાલ્યો હતો, તેથી કુંવરનું ધડ જ્યાં હોય તે પતિ કહેવાય. ધડ ભારે તથા મોટું હોય છે. ત્યાં નના સરખા માથાનો શો હિસાબ !

આ સાંભળીને અબોલા રાણીને ઝાળ ઉઠી. તે બોલી ઉઠયાં કે હે હાર ! તને ધિક્કાર છે. તેં મારૂં નામ બોળ્યું છે. તું કેવળ અસત્ય બોલે છે. એ સ્ત્રી તો જયાં કુંવરનું શિર હોય તેની થાય. માણસ માથાથી જ ઓળખાય છે અને માથું જ શરીરનું આભૂષણ છે. રાણીના આ બોલ સાંભળી વિક્રમરાજાને બહુ આનંદ થયો. આ સમયે મધરાત થઈ હતી, અને વિક્રમરાજાયે કહ્યું કે, રાણી બોલ્યાં એટલે હવે બીજો પડદો છોડો. બીજો પડદો છુટયો એટલે વિક્રમ-રાજાએ ત્રીજી વાત કહેવા માંડી અને વૈતાળે રાણીના નુપૂર ઉપર બેસીને હુંકારો ભણવા માંડયો.

સોરઠ દેશમાં એક ગામ છે. ત્યાં એક પવિત્ર તીરથ-વાસી રહેતો હતો. તે માતાજીનો ભક્ત હતો. તેને કાંઈ સંતાન નહોતું; પણ લાંબે સમયે માતાજીયે પ્રસન્ન થઈ એક દીકરી આપી. તે ઉંમર લાયક થઈ ત્યારે તેના લગ્નનો વિચાર રાજાને આવ્યો. તેથી તેણે બધાને તે માટે તજવીજ

કરવા કહ્યું. તેથી કન્યાના મામા, રાજાનો વજીર, અને રાજા પોતે એ ત્રણે જણાયે સારો વર ખોળવા માંડયો. બન્યું એમ કે રાજા શિકારે ગયો હતો ત્યાં, વજીર દેશ જીતવા ગયો હતો ત્યાં, અને કન્યાના મામા વર શોધવા ગયા હતા ત્યાં, એમ ત્રણે જણે સુંદર વર જોઇને કન્યાના વિવાહ કર્યા. અને દશમનાં લગ્ન પત્ર લઈ લીધાં રાજધાનીમાં પાછા ફર્યા ત્યારે ત્રણે જણે આ હકીકત જાણી. આનું પરિણામ શું આવશે તે કોઇનાએ કલ્પ્યામાં આવ્યું નહિ. જોતજોતામાં દિવસ જતા રહ્યા, અને ત્રણે જાન આવી. ત્રણે વર તો મનમાં મલકાતા હતા. લગ્નને દિવસે કન્યા નહાવા બેઠી. એટલામાં તો એક બનાવ બન્યો. ખાળમાંથી સાપ નિકળ્યો, અને કન્યાને ડસ્યો. તરતજ તેના પ્રાણ નિકળી ગયા. ત્રણે વરને આ વાતની ખબર પડી. તેમણે પછી બધી હકીકત જાણી. તેઓ બધાયે સ્મશાને ગયા. ત્યાં તેમને વૈરાગ્ય આવ્યો અને મનમાં નક્કી કર્યું કે આપણે રાજપાટનો ત્યાગ કરવો છે. તેમાંના એક જણે મરનાર બાઇનાં હાડકાં ગંગાજીમાં પધરાવવા લીધાં, બીજાએ તેના હાથમાં જળ આપ્યું અને કહ્યું કે તારી પછાડી હું અડસઠ તીર્થની જાત્રા કરીશ અને તેનું પુન્ય આપીશ. ત્રીજાએ તો તેની રાખ બધી એકઠી કરી અને તે જગાયે પર્ણકુટી બાંધીને ત્યાંજ રહેવાનો નિશ્ચય કર્યો.

ત્યાર પછી એક જણ કાશીએ તેનાં હાડકાં લઈ ગંગાજીમાં પધરાવવા ગયો. બીજો સ્મશાનમાં ઝુંપડી બાંધીને રહ્યો. અને ત્રીજો ઉઘાડે પગે અને જતિને વેશે, જાત્રા

કરવા નિકળ્યો. તે દસમે મહિને એક બપોરે દક્ષિણ દેશમાં પહોંચ્યો. ત્યાં એક સતીને ઘેર જઈને ભિક્ષા માગી. તે સતીયે તેને માન આપીને સાડયો. અને કહ્યું કે મહારાજ હમણાંજ હું રસોઇ બનાવું છું. એમ કહી તેણે રસોઇ કરવા માંડી અને તેનો વર બજારમાં ઘી લેવા ગયો. જતિયે તો તે ઘરની બધી ચર્ચા બેઠા બેઠા જોવા માંડી. એટલામાં તે બાઈનું બાળક બહુ રડવા મંડયું. કેમે કરી છાનું રહે જ નહિ, એટલે તે બહુ જ આકળી થઇ ગઈ અને બાળકને લઇને ચુલાના ઓળમાં નાંખી દીધું. આ બનાવ તેણે જાતે જોયો. તેના મનમાં એમ આવ્યું કે આ તો ખરેખરી પાપણી છે. આને ઘેર ભોજન કરવું જોઇયે નહિ એમ ધારી તે ચાલી ગયો. રસ્તામાં પેલી બાઇનો પતિ મળ્યો. તેણે કહ્યું મહારાજ! ભોજન લીધા વિના કેમ જાવ છો. તમે આમ ભૂખ્યા જાવ તો અમારૂં વ્રત ભંગ થાય. ત્યારે તે બોલ્યો કે તારી સ્ત્રી પાપણી છે તેણે બાળહત્યા કરી છે, એટલે હું તે ઘેર ભોજન શી રીતે કરૂં? ત્યારે તે પતિએ કહ્યું કે ઓહો એમાં શું? હું સજીવન મંત્ર જાણું છું. એટલે હમણાં બાળકને જીવતો કરીશ. પછી જ તમે ભોજન લેજો.

ઘેર આવીને તેણે ચુલામાંથી રાખ કહાડી અને મંત્ર ભણીને તે ઉપર પાણી છાંટયું એટલે તરત જ બાળક રમવા લાગ્યું. આ જોઈ જતિને બહુ જ આનંદ થયો. અને તેણે એ મંત્ર શીખવાની માગણી કરી. પેલા ભાઇએ તેને બહુ જ આનંદ સાથે તે મંત્ર શીખવ્યો અને કહ્યું કે તું એક

માણસ જીવતું કરી શકીશ. ત્યાર પછી બધાંયે આનંદ સાથે ભોજન કર્યું અને પેલો રાજકુમાર તો, કન્યાને ગામ પાછો ફર્યો. તેજ વખતે કાશીયે હાડકાં નાખીને બીજો કુમાર પણ આવ્યો. બંને જણા પેલા ત્રીજાની મરૂઢીમાં એકઠા થયા. પછી પેલાએ કન્યાની રખ્યા માંગી અને તેના ઉપર મંત્ર ભણીને પાણી છાંટયું એટલે આળસ મરડીને તે કન્યા બેઠી થઇ, એટલે ત્રણે જણે અંદર અંદર લઢવા માંડયું. એક કહે હું સજીવન મંત્ર લાવ્યો તેથી કન્યા જીવી માટે તે મહારી, બીજો કહે હું એની પાછળ ગંગા નાહ્યા તેથી જ તે જીવી છે, ત્રીજો કહે કે મેં રાખ સંભાળી હોત નહિ તો તે જીવતી ના થાત માટે આ કન્યા તો મહારી.

આટલી વાત કરીને વિક્રમ રાજાયે નુપૂરને પૂછયું, “હે રાણીના નુપૂર ! તું સાચું બોલ કે એ કન્યા કોની ? જો તું ખોટું કહીશ તો રાણીની આબરૂ જશે.” ત્યારે નુપૂરે ઉત્તર આપ્યો, કે “એ કન્યા તો મંત્રવાળાની થાય !” આ સાંભળી રાણીને ગુસ્સો આવ્યો અને તેણે ફેંકી દીધું. અને બોલી કે, “મૂર્ખ તને એટલું એ ભાન નથી કે જે જીવ આપે તે તો બાપ કહેવાય ! વળી કાશીએ જઇને જે અસ્થિ નાંખી આવ્યો તે તો તેનો પુત્ર થયો. પણ જેણે તેની રાખ મરૂઢીમાં રાખી તેજ તેનો પતિ થાય.” આ સાંભળી સર્વને આનંદ થયો. પણ રાણીને ત્રીજો પડદો છોડવો પડયો.

પછી વિક્રમ રાજાએ વળી ચોથી વાત કહેવા માંડી અને રાણીના કંકણે હુંકારો ભણવા માંડયો.

મરૂત દેશમાં મેરેશ્વર કરીને ગામ હતું. ત્યાં સુંદરપાળ નામે રાજા રાજ્ય કરતો હતો. તે ગામમાં એક શુદ્ર રહેતો હતો. તે આંધળો હતો. તેની પાડોશમાં એક બીજો શુદ્ર હતો. તે પાંગળો હતો. આ બે જણ બહુ દુઃખી હતા. એકવાર તેમણે વિચાર કર્યો કે આપણે પરદેશ જતા રહીએ. પછી આંધળાએ પાંગળાને ખાંધે બેસાડયો. પાંગળો રસ્તો બતાવે અને આંધળો ચાલે. એમ કરતાં કરતાં તેઓ પૂર્વ દિશામાં આવી પહોંચ્યા. તે દેશના રાજાને એક પુત્રી હતી. તેના ગળા ઉપર મોટો મસો હતો. તેથી તેને કોઇ પરણતું નહોતું એટલે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જેના ઉપર હાથણી કળશ ઢાળશે, તેની સાથે હું કુંવરીનાં લગ્ન કરીશ. જે દિવસે કળશ ઢાળવાનો હતો તેજ દિવસ આ આંધળા-પાંગળાની જોડી તે ગામમાં આવી પહોંચી. હાથણીએ પણ કળશ તેમના ઉપર જ ઢોળ્યો. રાજાએ પોતાના વચનની ખાતર તેમની સાથે કુંવરીનાં લગ્ન કર્યાં. આંધળો મંગળફેરા ફર્યો, અને પાંગળો તેની ખાંધે બેઠેલો હતો. રાજાએ તેમને રહેવા મકાન આપ્યું અને ખાવા ધાન આપ્યું.

હવે પેલા પાંગળાના મનમાં એમ આવ્યું કે જો આ આંધળાનું કાટલું નિકળી જાય, તો હું કુંવરી સાથે સુખચેન ભોગવું. તેણે કુંવરીને પણ આ વાત કહી. પછી એક ઝેરી સાપના ટુકડા કરીને ચુલા ઉપર એક વાસણમાં મુકયા. પેલો આંધળો ભૂખ્યો થયો. તેણે ઘણાયે બરાડા પાડયા, પણ કોઇયે ઉત્તર ના આપ્યો. તેથી તેણે વિચાર્યું કે હું જ ચુલા ઉપરથી ખાવાનું લઈ લઉં, અને પેલાં બે કરતાં

વહેલો ખાઉં. એમ ધારી તે ચુલા પાસે ગયો અને ઝટ પેલું વાસણ ઉઘાડયું. તેમાંથી એકદમ ઝેરી વરાળ નીકળી. તે તેની આંખને લાગી. અને તેનાં પડળ ઉતર્યાં અને તે દેખતો થયો. પછી વાસણમાં જુવે છે તો અંદર સાપના કકડા દીઠા. એટલે તેને લાગ્યું કે પેલા બે જણે મને મારી નાંખવાનું કાવત્રું કર્યું છે. તેથી ક્રોધે ભરાઇને જ્યાં પેલાં બે બેઠાં હતાં ત્યાં તે ગયો. અને પેલા પાંગળાના પગ ઝાલીને એક પોટલાની માફક કુંવરી સાથે પછાડયો. પણ બન્યું એમ કે આ સખ્ત ઝાટકાથી આ પાંગળાના પગ છુટી ગયા અને તે ચાલી શકે તેવો થયો અને કુંવરીના ગળાનો મસો તુટીને તેની ખોડ જતી રહી. આ પ્રમાણે દૈવની ગતિ ગહન છે.

છુટયા પગ પંગા તણા, ટળી ખોડ હતી જેહ,
મસ તુટયો નારી તણો, વાધ્યો તો જે દેહ.
દૈવ ગતિ અનેરડી, કળી શકે નહિ કોય;
આરંભ્યાં અમથાં રહે, અણ આરંભ્યું હોય.
અંધે કામ અદકું કર્યું, ચડી હતી બહુ રીસ;
અવળાનું સવળું થયું, જેહ ગમે જુગદીશ.

આમ ત્રણે જણાની ખોડ ગઇ. એટલે બધાં અંદર અંદર લઢવા મંડયા, કે સ્રી કોની કહેવાય ? એટલું કહીને વિક્રમ રાજાયે રાણીના કંકણને પૂછયું, કે " બોલ એ સ્રી કોની " ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, " આંધળો મંગળફેરા ફર્યો હતો માટે સ્રી તેની કહેવાય. આ સાંભળી રાણી રીસ બોલી ઉઠયાં કે, " મૂર્ખ એ વાત ખોટી છે. આંધળાએ તો ફક્ત ઘોડાનું કામ કર્યું હતું. તેના ઉપર પંગો બેઠો

હને તેજ વરરાજા કહેવાય. માટે કન્યા તો પાંગળાની થઈ.” આ સાંભળી વિક્રમરાજા બોલ્યા કે, તમે કહો છો તે ખરી વાત છે. પણ હવે ચોથો પડદો ખોલી નાંખો. એટલે રાણીયે ચોથો પડદો ઉઘાડીને રાજાને નમન કર્યું અને બોલ્યાં કે હું તમારી દાસ છું. ત્યારે વિક્રમ રાજાયે કહ્યું કે, મેં તો આ બધું કામ એક બ્રાહ્મણના લાભ માટે કર્યું છે. એમાં મારે કાંઈ સ્વાર્થ નથી. માટે તમે જલદી ચાલો અને તે બ્રાહ્મણને વરો.

બીજે દિવસે તે બ્રાહ્મણનાં લગ્ન અબોલારાણી સાથે ધામધુમથી થયાં અને વિક્રમ રાજાએ તે બ્રાહ્મણને બહુ ધન આપ્યું.

એટલું કહીને પેલી પુતળી બોલી, હે ભોજરાજા આવાં પરોપકારી કામ જે કરશે તે જ આ સિંહાસન ઉપર બેસશે. આમ કહી તે ઉડી ગઈ.

વાર્તા ૭ મી.

નાપિકની વાર્તા

પુતળીઃ શ્યામકા.

વાર્તા ૭ મી

નાપિકની વાર્તા.

ભોજરાજા એક દિવસ સારૂં મુહૂર્ત જોઇને સિંહાસન ઉપર બેસવા ગયા, એટલે શ્યામકા નામની પુતળીએ તેમને અટકાવ્યા. અને કહ્યું કે, હજી તમે વિક્રમરાજા જેવાં પરોપકારી કામ કર્યા નથી. પછી ભોજના પુછવાથી તેણે વિક્રમરાજાના પરાક્રમની એક વાત કહેવા માંડી:—

એક વાર ઉજ્જન નગરીમાં એક સિદ્ધ આવ્યો. તેનું નામ માણેકનાથ હતું. તે એક વાર રાજસભામાં જઈ ચઢયો. તેને જોઇને વિક્રમરાજા સિંહાસન પરથી ઉતરીને પગે લાગ્યા અને તેની બહુ જ પરોણાગત કરી. સ્વામીનું મન રીઝયું અને રાજાને ઘેર તે સાત દિવસ રહ્યા.

છેલ્લે દિવસે માણેકનાથ અને વિક્રમરાજા એક ખંડમાં બેઠા હતા. હજામ તેમના પગ ચાંપતો હતો. તે વખતે સ્વામીજીએ જઇને રાજાને કહ્યું કે તેં મારી સેવા બહુ સારી કરી છે. માટે તારે જે જોઇએ તે મારી પાસે માગી લે. રાજાએ કહ્યું કે મારે કોઇ જાતની ઉણપ નથી. તોપણ સ્વામીજીએ કહ્યું કે આ હજામને બહાર બેસાડો એટલે હું

તમને મારી પ્રસાદી આપું. પછી તેમણે રાજાને "પરકાયા પ્રવેશ" એટલે બીજાના શરીરમાં પેસવાનો મંત્ર શિખવ્યો. હજામને બહાર કાઢી મુકયો તેથી તેના મનમાં બહુ દુઃખ થયું. એના મનમાં તો એમ આવ્યું કે સ્વામીજીએ રાજાને શું યે આપી દીધું હશે. એ તો ઘેર ગયો અને ત્યાં ખાયે નહિ ને પીયે પણ નહિં. અડધી રાત થઇ ત્યારે તો તે પોકે પોક મુકીને રડવા લાગ્યો. રાજાને કાને એ સ્વર ગયો, એટલે તે ગુપચુપ તપાસ કરવા ગયો.

ત્યાં હજામ પોતાની બૈરીને કહેતો હતો કે આપણો રાજા બહુજ સ્વાર્થી છે. સ્વામીજીએ મને કાઢી મૂકીને એમને કોણ જાણે શુંયે આપ્યું હશે. પણ મને તો રાજાજીએ એમાંનું કંઇએ આપ્યું નહિ. હવે તો હું ખાધાપીધા વગર મારો જીવ કાઢીને રાજાને માથે તેનું પાપ નાખીશ, રાજાને આ સાંભળી બહુ શોક થયો અને તે તરત તો પાછા મહેલે ચાલી ગયા.

બીજે દિવસે સવારે રાજાએ હજામને બોલાવ્યો, અને કહ્યું કે સ્વામીજીએ મને જે કાંઇક આપ્યું છે તેથી તું અદેખાઇ કરે છે, પણ તે તારા કામનું નથી. હું તને તેના બદલામાં બહુ પૈસા આપીશ, પણ તું તારા મનનો શોક કાઢી નાંખ. હજામ તો કહે કે હું પૈસાને શું કરૂં ? તમને સ્વામીજીએ કંઇક આપ્યું હોય તેજ મને આપો તો હું જીવીશ. ત્યારે વિક્રમે કહ્યું કે એમણે તો મને બીજાના શરીરમાં પેસી જવાનો મંત્ર આપ્યો છે. એ મંત્રને તું શું કરીશ ? પણ હજામે તો હઠ જ કરી. તેથી છેવટે વિક્રમરાજાએ હજા-

મને તે મંત્ર શિખવ્યો એટલે હજામ બહુ હરખાયો.

પછી એક દિવસ વિક્રમરાજા શિકાર કરવા ગયા. ત્યાં દશ મૃગલાં નાઠાં રાજા તેમની પાછળ પડયો. તેમાંનો એક મૃગ બાંડો હતો. તેની પાછળ રાજા બહુ દૂર નીકળી ગયો પછી પેલો બાંડો મૃગ થાકી ગયો અને રાજાએ તેનો જીવ લીધો. આસપાસ નજર કરતાં રાજાએ કોઇ માણસ દીઠું નહિ. રાજાને વિચાર આવ્યો કે લાવ હું ગુરૂજીની વિદ્યા અજમાવી જોઉં, એમ વિચારી તે પોતાના શરીરમાંથી નીકળી મૃગના શરીરમાં પેઠો.

પેલો હજામ ઘેરથીજ રાજાજીની પાછળ નીકળ્યો હતો. રાજાજી મૃગની પાછળ પડ્યા ત્યારે પણ તે સંતાતો સંતાતો તેમની પાછળ ગયો હતો. રાજાજી જેવા મૃગના શરીરમાં પેઠા તેવોજ પેલો હજામ મંત્રના જોરથી રાજાજીના શરીરમાં પેઠો, અને તેને વિચાર કર્યો કે જો આ મૃગને મારી નાંખું તો નિરાંતે રાજાનું રાજ ભોગવું. એમ ધારી તેણે પેલા મૃગને ખડગ માર્યું. મૃગના શરીરમાંનો રાજા બધી વાત સમજી ગયો ને જીવ લઇને નાઠો. એટલે રાજાના શરીરમાંના હજામભાઈ પાછા પોતાના નગરમાં આવ્યા, અને પોતે રાજાના મહેલમાંજ સીધાવ્યા. હવે તેના આનંદનો પાર રહ્યો નહિ. તેણે સેનાપતિને હુકમ કર્યો કે જે માણસ બાંડા મૃગને મારી લાવે તેને મોટું ઇનામ આપવું.

પછી રાજાસાહેબ રાણીને મહેલ જવા નીકળ્યા. દાસીઓએ રાણીજીને અગાઉથી ખબર કરી. એટલે રાણીજીએ રાજાજીને માટે બધી તૈયારી કરી મૂકી. પોતે તો

ચકમાં હતાં, પણ મુખ્ય દાસીઓ રાજાજીને વધાવવા આગળ ઉભી હતી. રાજાજી આવ્યા. બધી સામગ્રી જોઈને ખુશ થયા. પછી, રાણીજીની મુખ્ય દાસી પડદામાંથી બહાર આવી. રાજા બનેલા હજામભાઇ તો કોઇને ઓળખતા જ નહોતા. તેના મનમાં થયું કે આજ રાણી છે. એમ ધારી એણે તો તેનો હાથ ઝાલ્યો. મુખ્ય દાસી તો ઝાંખી પડી ગઇ. પડદામાંથી રાણીએ પણ આ દેખાવ જોયો. એના મનમાં થયું કે રાજાને આ શું ચેટક લાગ્યું છે ? રૂપ અને કાયા તો રાજાનાજ છે એટલે એમાં કંઇ સંદેહ નથી. છતાંએ તેણે વિચાર કર્યો કે એની પરીક્ષા કરવી જોઇએ. રાજાજી અંદર આવ્યા એટલે તેણે ખાનગી વાતો સંબંધી કેટલાએક સવાલો પૂછયા. પણ હજામ બિચારો એના જવાબ શી રીતે આપે? એ તો હસીને રાણીના મ્હોં સામું જ જોયા કરે. એટલે રાણીએ નક્કી કર્યું કે અત્યારે તો રાજાને નજરબંધીમાં રાખવા જોઇએ. સવારે પ્રધાનજી આવશે ત્યારે વધારે વિચાર કરીશું.

બીજે દિવસે સવારમાં રાણીએ પ્રધાનને બોલાવ્યો. રાણીએ તેને કહ્યું કે શરીર જોતાં તો મહારાજ જ લાગે છે, પણ લક્ષણે કાંઇ જુદું જણાય છે. પછી પ્રધાનજીના દેખતાં રાણીએ રાજાને કેટલાએક ઉખાણા પૂછયા. વિક્રમ જેવો બુદ્ધિવાન હોય તો આ ઉખાણાના જવાબ જલદી આપે. પણ આ હજામભાઇ તો એકે જવાબ આપી શકયા નહિ. તેથી પ્રધાને અને રાણીએ નક્કી કર્યું કે આમાં જરૂર કાંઈક ગોટાળા જેવું લાગે છે, માટે હમણાં આ

રાજાજીને મહેલમાંજ નજરબંધ રાખવા અને લોકોને તેની ખબર પડવા દેવી નહિ.

ઉપલા બનાવને એક પખવાડીયું વહી ગયું છે; હજામ મહેલમાં કેદ પડેલો છે, અને મૃગ જંગલમાં ફરે છે. તેવામાં ત્યાં એક બનાવ બન્યો. એક પોપટ અને પોપટી એ જંગલમાં હતાં. એટલામાં એક મોટો બાજ આવ્યો. તેણે આમના ઉપર ઝડપ મારી તેમાં પોપટી પકડાઇ ગઇ, અને પોપટ એકલો રહી ગયો. આમ એકલો પડવાથી પોપટ તરફડીને મરી ગયો. ત્યાં આગળ પેલો બાંડો મૃગ આવી પહોંચ્યો. તેણે વિચાર કર્યો કે મૃગના અવતાર કરતાં પોપટનો અવતાર સારો. કારણ કે તેથી ઉડીને વગર બીકે ઉજ્જનમાં જઈ શકાય અને વળી બોલી પણ શકાય. આમ વિચારી વિક્રમરાજાએ મૃગનો દેહ તજીને પોપટમાં પ્રવેશ કર્યો. પછી તે ઉડતો ઉડતો ઉજ્જન ગયો, અને પ્રધાનજીને મળ્યો. એકાંત જોઇને તેણે પ્રધાનજીને બધી વાત કરી અને કહ્યું કે હું જ વિક્રમરાજા છું. તમારે જે ખાત્રી જોઇતી હોય તે મારી પાસેથી કરી લો, અને જો તમને ખાત્રી થાય તો રાણીજીને આ વાત કરો. પ્રધાનજીને તો પુરી ખાત્રી થઈ ગઇ. એટલે તે પોપટને લઇને રાણી પાસે ગયા. રાણીને પણ પુરેપુરી ખાત્રી થઈ કે પોપટ તે રાજાજી છે ને પેલો તે હજામ છે.

પછી રાણીએ પણ પોપટને છાતી સરસો ચાંપ્યો. અને કહ્યું કે મને તો પહેલે જ દિવસથી ખાત્રી થઇ હતી કે તે રાજાજી નહોય, અને તેથી મેં એને નજરબંધીમાં

રાખ્યો છે. પછી તેણે પોપટને પૂછ્યું કે હવે કરવું શું? ત્યારે પોપટે કહ્યું કે એને કોઇ પણ રીતે નાખુશ કરશો નહિ. જો તેમ થશે તો એ જક ઉપર ચઢશે. માટે તમે પહેલાં એની તરફ બહુ માયા બતાવી એને રીઝવો. એટલે એ બહુ ફુલાશે. પછી એને ધીમે રહીને કહો કે તમે વિક્રમ રાજા જેવા તો બધી રીતે લાગો છો, પણ અમને કંઈક શક રહે છે, માટે જો તમે પરકાયા પ્રવેશ કરીને અમને બતાવો તો અમારી પુરેપુરી ખાત્રી થાય તમે આમ કહેશો એટલે એ જરૂર જ તે વાત કબુલ કરશે. તે બીજી કાયામાં પ્રવેશ કરશે કે તરત જ હું મારી કાયામાં પ્રવેશ કરી લઈશ.

આ વાત બધાંના ધ્યાનમાં ઉતરી. તેવામાં ઘરમાં એક ઘરડો ઘેટો હતો તેને સાપ કરડ્યો. એટલે રાણીએ તેનું શરીર મહેલમાં મંગાવ્યું, અને પછી પેલા હજામને પોપટની શિખામણ પ્રમાણે, બધી વાત કરી. હજામભાઇ તો ફુલાઇ ગયા, અને બોલ્યા કે ઓહો! એમાં તે શું? હું તમને હમણાંજ આ ઘેટાની કાયામાં પ્રવેશ કરીને, બધી ખાત્રી કરી આપું. એમ કહીને તે ઘેટાની કાયામાં પેઠો. પેલા પોપટને તે ઓરડામાં સંતાડેલો જ હતો, તે તરતજ રાજાની કાયામાં પેઠો. આ પ્રમાણે રાજા રાજા થયો અને હજામ ઘેટો બન્યો.

પોપટ ફીટી રાજા થયો, નાપિક તો ઘેટામાં ગયો;
અનેક પ્રમાણે કીધાં કર્મ, આખર સત્ય રહે છે ધર્મ.
જઈએ જો અરણ્ય પેલાટ, આખર કરતે તો લેલાટ;
કપટે અર્થ ન આવે રેખ, થાય વિધાતા લખીઆ લેખ.

હવે આ વાત તો આટલેથી રહી, અને બીજી એક કૌતક જેવી વાત બની. પશ્ચિમ દેશમાં એક બ્રાહ્મણ, તેની વહુ અને એક દિકરો એમ ત્રણ જણ રહેતાં હતાં. એ ત્રણે હરિનાં દાસ હતાં. તેમની પાસે કંઇ ધન નહોતું; પણ છોકરાનો વિવાહ કરેલો હતો. છોકરો ઉમ્મર લાયક થયો, એટલે કન્યાના બાપે લગ્ન કરવા દબાણ કર્યું. લગ્ન કરવાના પૈસા બ્રાહ્મણ પાસે નહોતા; પણ જો ના કહે તો વિવાહ ફોક થઈ જાય. તેથી તેમણે લગ્નનો દિવસ ઠરાવ્યો. મનમાં વિચાર કર્યો કે વિક્રમરાજા બહુ પરોપકારી કહેવાય છે તેની પાસે જઇને પૈસાની માગણી કરીએ. પછી ત્રણે જણાં ઉજ્જન આવવા નીકળ્યાં. રસ્તામાં તેઓ ભુલાં પડયાં, અને એક જંગલમાં જઈ ચઢયાં. ત્યાં એક વાઘ આવ્યો, અને તેણે બ્રાહ્મણના છોકરા ઉપર છલંગ મારી એટલે બ્રાહ્મણ અને બ્રાહ્મણી કલ્પાંત કરીને વચમાં પડયાં. બ્રાહ્મણ બોલ્યો, ભાઈ મને ઘરડાને તું પહેલો ખા. બ્રાહ્મણી કહે કે વાઘ તો ક્ષત્રીનું રૂપ કહેવાય તે બ્રાહ્મણના પ્રાણ કેમ લે? આ સાંભળી પેલો વાઘ તો છોકરાને પડતો મુકીને જતો રહ્યો, પણ છોકરો તો ગભરાટથીજ મરી ગયો. બ્રાહ્મણીએ બહુ કલ્પાંત કર્યું, પણઃ—

જ્ઞાન વિચાર્યું પંડિતે, રૂદન કરે શું થાય;
પૃથ્વીપર પેદા થયું, તે તો નિશ્ચે જાય.

છપ્પો.

કોઇ કહે કરડયો નાગ, કોઈ કહે ઝડપી ઝાલ્યો;
કોઈ કહે હરણે હણ્યો, કોઈ કહે હડકવા હાલ્યો.

કોઈ કહે અગ્નિમાં બળ્યો, કોઈ કહે વંતર હુઓ;
શામળ કહે વાત કહેવાતણી, જેમ તેમ મોતે મુઓ.

એવું જ્ઞાન સ્ત્રીને સમજાવીને એને શાંત કરી. પછી એક ઝોળીમાં છોકરાનું શરીર ઉપાડી લઈને, તેઓ ક્ષીપ્રા નદીને કીનારે આવ્યાં. લોકોને પુછતાં ખબર પડી કે આ ઉજ્જન નગરી છે. એટલે બ્રાહ્મણે સ્ત્રીને કહ્યું કે તું અહિં બેસજે, હું રાજાજી પાસે જઈને ચિતા માટે લાકડાંની માંગણી કરી આવું. પછી આપણે બધાએ અહિંઆ જ બળીશું. કારણ કે તેમ કરવાથી શિવનાં દર્શન થશે.

એમ કહી તે બ્રાહ્મણ વિક્રમરાજાની સભામાં ગયો. વિક્રમરાજાએ બહુ માનથી તેમને બોલાવ્યા અને પુછયું કે તમારી આંખમાં આંસુ કેમ છે? તમને જે દુઃખ હોય તે મને કહો. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે, મને ત્રણ ગાડાં લાકડાં અપાવો, અને મને જરાએ ખોટી ન કરો. ત્યારે રાજાએ પુછયું કે, એવાં તે શાં હવન હોમ કરો છો, કે તમને ત્રણ ગાડાં લાકડાંનો ખપ પડયો? બ્રાહ્મણે કહ્યું કે એ બધું મારી બૈરીને પુછજો. એમ કહીને વિક્રમરાજાએ અપાવેલાં ત્રણ ગાડાં લઈને તે ચાલ્યો ગયો. થોડીવાર પછી, વિક્રમરાજા પણ છડી સ્વારીએ ક્ષીપ્રાને કીનારે ગયો, અને જ્યાં પેલો બ્રાહ્મણ ચિતા તૈયાર કરતો હતો ત્યાં ગયો. તેણે બ્રાહ્મણની બરીને પુછયું, કે મને બધી હકીકત કહો. ત્યારે તે બ્રાહ્મણીએ બધી વાત રાજાને કહી, અને છેવટે કહ્યું કે આપે અમારૂં વચન રાખીને અમને લાકડાં અપાવ્યાં તેથી તમારી મોટી મહેરબાની થઈ છે. હવે તો આપ પાછા પધારો. અમે અમારૂં કરમ ભોગવી લઈશું.

તે બ્રાહ્મણ અને બ્રાહ્મણીનાં કલ્પાંત સાંભળી આસપાસના બધા લોકોને રડવું આવ્યું. વિક્રમરાજાને વિચાર આવ્યો કે મારા દેખતાં બે જણા જીવતાં બળે તે મારાથી કેમ ખમાય ? જો મારી વિનંતિથી આ બે જણા પાછા ફરે તો ઠીક, નહિ તો હું પણ એમની સાથેજ બળીશ, એમ કહી તેણે બ્રાહ્મણીને સમજાવવા માંડયું કેઃ—

આવ્યું જાવા કારણે, મૃત્યુ પામ્યો બાળ;
તમો બન્ને રહો જીવતાં, આવો મારે દ્વાર.
મુઆ ન થાએ જીવતાં, જે નવ ખંડેરી જોડ;
લખી ગયો કીરતાર કો, માથે મોટી ખોડ.

ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે હે રાજાજી, તમે શું કરવા દુઃખી થાવ છો ? તમે તમારે મહેલ જાવ. જો તમે અમને અટકાવશો તો અમે બીજે ગામ જઇને બળીશું. ત્યારે રાજાએ કહ્યું કે સાપ કરડયો હોય, કે ઝેરથી મુઓ હોય, અથવા તો અકસ્માતથી મર્યો હોય તે માણસને એકદમ બાળવો નહિ. જો તમે તમારા છોકરાને હમણાં બાળશો તો તમને હત્યા બેસશે. તમે બધા એ છોકરાના દેહને લઇને આજની રાત મ્હારે ઘેર રહો. પ્રભુની મરજી હશે તો ઈલાજ કરવાથી છોકરો જીવતો થશે. નહિ તો કાલે સ્હવારે તમને ગમે તેમ કરજો. આ વાત બ્રાહ્મણના મનમાં વસી, અને તેઓ સૌ વિક્રમરાજાને ઘેર ગયા.

રાત પડી ગઈ ત્યારે વિક્રમરાજા વેતાળને લઇને સ્મશાનમાં ગયા. ત્યાં હરસિદ્ધ માતાની બહુ પ્રાર્થના કરીને

માતાજીને કહ્યું કે કોઈ પણ રીતે આ બ્રાહ્મણના છોકરાને જીવતો કરો, નહિ તો મારે પણ સ્હવારે બળી મરવું પડશે. માટે મને કંઈક રસ્તો બતાવો ને મારી લાજ રાખો ત્યારે હરસિદ્ધમાતા પ્રસન્ન થયાં અને રાજાને કહ્યું કે મરેલું તો જીવતું થાય નહિ, પણ હું તને એક રસ્તો બતાવું. તારે ઘેર પેલો ઘેટો છે, તેમાં હજામનો જીવ છે. તેને વાચા નથી, પણ તેને બધું જ્ઞાન છે તેમજ પરકાયા પ્રવેશનો મંત્ર હજી તેને આવડે છે. માટે તું જઇને એને ઘેટાનો દેહ તજીને બ્રાહ્મણના શરીરમાં જવાનું કહે, એટલે બ્રાહ્મણનો છોકરો જીવતો થશે ને ત્હારી આબરૂ બહુ વધશે. આ સાંભળીને, રાજા આનંદ પામ્યો ને ઘેર જઈ ઘેટાને કહ્યું કે તારો છુટકો કરૂં. થોડીવાર તો હજામભાઇએ જક કરી; પણ પછી મંત્રના બળથી બ્રાહ્મણના શરીરમાં દાખલ થયા. એટલે પેલો બ્રાહ્મણનો છોકરો આળસ મરડીને બેઠો થયો. ખરી વાત તો રાજા અને તે હજામ સિવાય કોઇ જાણતું નથી. પરંતુ રાજાએ આ હજામ તરફ કાંઇ પણ વેરભાવ રાખ્યો નહિ. વળી એ બ્રાહ્મણના પુત્રને ઘણું ધન આપ્યું. બ્રાહ્મણ પોતાને દેશ ગયો અને ત્યાં જઇને, લીધેલા મુહુર્તે પેલી કન્યા સાથે પુત્રનાં લગ્ન કર્યાં. આ રીતે બ્રાહ્મણના પુણ્ય હશે તેથી તે મોટા દુઃખમાંથી બચી ગયો અને સુખ મળ્યું. માટે સર્વ કોઇએ પુણ્ય કરવું જોઇએ.

પુણ્યે ગ્રહ પીડા નવ કરે, પુણ્યથી દુશ્મન પાછો ફરે;
પુણ્યે પેઠી ઈંકોતેર તરે, પુણ્યે કીર્તિ વિસ્તરે.
પુણ્યથી નહિ રાજાનો દંડ, પુણ્યથી હારે હરામી ફંદ;

પુણ્યે ચેટક લાગે નહિ અંગ, પુણ્યે સાંપડે રૂડો સંગ.
પુણ્યે પુત્ર, પુણ્યે પરિવાર, પુણ્યે હોય સકુળની નાર;

* * * *

પુણ્યે રાજસભા સનમાન, આ લોકે પરલોકે માન;
તે સારૂ કરજો સહુ પુણ્ય, તેથી રૂડું નથી કાંઈ નુન્ય.

આટલી વાત કહીને પુતળી બોલી કે વિક્રમરાજાના જેવાં પુણ્ય કરશો તો સિંહાસનપર બેસી શકશો, એમ કહીને તે ઉડી ગઈ.



વાર્તા ૮ મી.

ધનવંત શેઠની વાર્તા

પુતળીઃ લક્ષ્મણા.

વાર્તા ૮ મી

ધનવંત શેઠની વાર્તા.

ભોજરાજાએ વળી પાછું સારૂં મહુરત જોવડાવી સિંહાસન ઉપર બેસવા પ્રયત્ન કર્યો. એટલે લક્ષ્મણા નામની પુતળી બોલી કે હજી પણ તમે વિક્રમરાજા જેવાં પરોપકારી કામ નથી કર્યાં. એમ કહી તેણે ધનવંત શેઠ ઉપર વિક્રમે જે ઉપકાર કર્યો હતો તેની વાત કહી:

એક વાર વિક્રમરાજાએ વિચાર કર્યો કે પૈસા આપીને આપણે બહુ લોકને સુખી કરી શકીયે. તેણે ખજાનચીને બોલાવી પૂછયું કે આપણા ભંડારમાં કેટલું ધન છે? ધન બહુ નહોતું. એટલે ભંડારીએ દિલાસો આપ્યો કે ખરૂં ધન તો સત્ય વચન, દાન, સારૂં વર્તન છે. માટે આપણે વધારે ધનને શું કરવું છે. પણ વિક્રમરાજાનું મન માન્યું નહિ. એના મનમાં તો એમજ હતું કે બહુ ધન હોય તો બહુ પરોપકાર થઈ શકે. એટલે એ તો એકલા વનમાં ગયા અને મહાદેવજીનું તપ કરી ધન મેળવવા નિશ્ચય કર્યો. પછી તેમણે એક દહેરામાં બેસી તપ કરવા માંડયું. તપ કરતાં પંદર દિવસ થયા તો પણ શિવજી પ્રસન્ન થયા નહિ. એટલે રાજાએ વિચાર કર્યો કે હવે તો મારૂં માથું કાપીને

ચઢાવું તો જ શિવજી વરદાન આપશે. એમ કહી તે જેવો માથું કાપવા જાય છે, તેવાજ શિવજી પ્રગટ થયા, અને તેમનો હાથ ઝાલી લીધો. પછી પૂછ્યું કે તારે શું જોઇયે છે ? વિક્રમરાજાએ કહ્યું કે મારે અઢળક ધન જોઇયે છે, કે જે વડે હું બહુ પરોપકારનાં કામ કરી શકું. ત્યારે મહાદેવજી બોલ્યા કે તું દક્ષિણ સાગરમાં જા. ત્યાં એક બેટ છે. તેમાં મ્હારો એક અબધુત ચેલો રહે છે. તેના અડકવાથી જ માટીનું સોનું થઇ જાય છે. તું ત્યાં જઇશ એટલે એ તરતજ તને ઓળખશે અને ત્હારૂં મન ઠારશે. એટલું કહીને તે અલોપ થઇ ગયા.

બીજે દિવસે રાજા દક્ષિણ સાગર તરફ જવા નીકળ્યા. રસ્તામાં તરસ લાગી તેથી એક વાવમાં ગયા. ત્યાં ચાર જોગણીઓ બાજી રમતી હતી. રાજાને જોઇ તેઓ બોલીઃ ભાઈ ભલે આવ્યા. અમે ભૂખ્યાં થઇ ગયાં છીએ. તમને ખાઇને ધરાઇશું, એમ કહીને ચારે જણીઓ ખડખડ હસી. વિક્રમ રાજા કહે તમે ફિકર કરશો નહિ. હું નાશી નહીં જાઉં; પણ તમે કોણ છો તે મને કહો. ત્યારે પેલી જોગણીઓએ કહ્યું કે તું જો તારૂં નામ અમને કહો તો પછી અમે અમારી ઓળખાણ આપીશું. ત્યારે વિક્રમે પોતાની ઓળખાણ આપી, અને પોતે ક્યાં જતો હતો તે કહ્યું. એ સાંભળીને પેલી જોગણીઓ બોલી કે તું તો હરસિદ્ધ માતાનો સેવક છું, અને અમે પણ તેની દાસીઓ છીએ. એટલે અમારાથી તને ખાઇ જવાય નહિ. સારૂં થયું કે તેં તારી ઓળખાણ આપી.

તું જ્યાં જાય છે તે જગા તો બહુ આઘી છે. માટે અમે તને ઉડણ પાવડી આપીશું. તે પહેરશો એટલે તમારાથી જવાશે. અને ત્યાંનું કામ પુરૂં કરીને ઉજ્જન જવું હશે તો પણ એકદમ જવાશે. આ સાંભળીને વિક્રમરાજાએ પાવડી પહેરી અને સાગર બેટમાં ગયા. ત્યાં તેમણે અબધુત જોયા. તેમને પગે પડીને પ્રદક્ષિણા કરીને તે બેઠા. પછી અબધુત બોલ્યા: "ઉજ્જનના રાજા તમે ભલે પધાર્યા. શિવજીએ તમને મોકલ્યા છે તે હું જાણું છું." વિક્રમરાજા હાથ જોડીને બોલ્યા, કે "મહારાજ પરદુઃખભંજન માટે મને ખુટે નહિ તેવો ભંડાર આપો." આ સાંભળી તે યોગી ગુફામાં ગયા, અને ત્યાંથી એક બુટ્ટી લઇ આવ્યા અને કહ્યું કે આ બુટ્ટીમાંથી તમે જોઇએ તેટલું ધન બનાવી શકશો. તમે તેમાંથી છપ્પન કરોડ મહોરો બનાવજો; પણ પછી બહુ લોભ કરશો નહિ. કારણ કે:

ઝાઝો રોગ મૃત્યુ શુળ, ઝાઝો લોભ તે પાપનું મુળ;
ઝાઝો પુત્ર હોય કુળહાણ, ઝાઝી વિદ્યા દરિદ્રજ જાણ.
ઝાઝે રૂપે ખાંપણ હોય, ઝાઝે વેપારે દેવાળું જોય.

વળી તમે ફરીથી અહિં આવશો પણ નહિ. રાજાએ તે કબૂલ કર્યું અને ઘેર ગયા. ઘેર જઇને તેમણે પેલી બુટ્ટીની મદદથી છપન કોટી ધન બનાવ્યું, અને તેમના મનમાં નિરાંત વળી.

આ વખતે ઉજ્જનમાં ધનપાળ નામે એક શેઠીયો રહેતો હતો અને તેની પાસે પણ છપ્પન કોટી ધન હતું. વળી તેને ઘેર બહુજ શોભા હતી. એક દિવસ દરિયા પારથી

એક વેપારી ઉજ્જનમાં આવ્યો. તેની પાસે એક બહુજ કીંમતી રત્ન હતું. તેણે તે બજારમાં ધર્યું. બધાએ તેની કીંમત કરોડો રૂપિયા કરી; પણ તે ખરીદવાના પૈસા કોઇની પાસે નહોતા. એટલામાં ધનપાળ શેઠ ત્યાં આવ્યા. તેમણે તે વેપારીનું નામઠામ પૂછ્યું. તેનું નામ શ્રીવંત શેઠ હતું. તેને પોતાને ઘેર લઇ ગયા અને પછી વાત કરતાં ખબર પડી કે શ્રીવંત શેઠને ઘેર એક કન્યા હતી. એટલે ધનપાળ શેઠે કહ્યું કે મારે ઘેર છોકરો છે તેની સાથે એને વિવાહ કરો. વાતમાંને વાતમાં વિવાહ નક્કી થયા અને ગામમાં પાન વહેંચાયાં.

આ વાતને ચારેક વર્ષ થઇ ગયાં. તે વખતે ધનપાળ શેઠને રાહુની દશા બેઠી. તેથી શેઠને વ્યાધિ થઇ. ઘેર દરિદ્ર આવ્યું. પરદેશ વહાણ મોકલ્યાં હતાં તે ડુબી ગયાં. કોઠારોમાં આગ લાગી. જેની પાસે પૈસા માંગતા હતા તે લોકોએ દેવાળું કાઢયું અને ચારે તરફથી હેરાન થઇ ગયા.

દોહરો.

ધનવંત નવ કરીશ ગારબો, પુત્રવંત નવ અહંકાર;
ધન, જોબન, સુત, કારસું, જાતાં કેટલી વાર.

(ચોપાઇ)

દ્રવ્ય તણો જે કરે અહંકાર, નહિ પંડીત મોટો ગમાર;
સમુદ્ર લહેર આવે ને જાય, તેવી ગતિ લક્ષ્મીની થાય.
નવ રહે રાખી એકજ ઘડી, તેની તો ચિંતા છે વડી;
તેડી ન આવે, કાઢી નવ જાય, એવી ચપળ લક્ષ્મી કહેવાય.

આ પ્રમાણે ધનપાળ શેઠ નિર્ધન થઇને બેઠા. એટલે તે ગામમાંથી જતો રહ્યો, તેનો છોકરો મજુરી કરીને પોતાનું અને તેની માનું પુરૂં કરતો હતો. શ્રીવંત શેઠને આ વાતની ખબર પડી એટલે તેણે પોતાની છોકરીનો વિવાહ ફોક કર્યો.

છોકરીને તેરમું વર્ષ બેઠું, ત્યારે ભાણોશા નામના એક લખપતિના રતનશા નામના છોકરા સાથે તેનો વિવાહ કર્યો. પછી ઉજ્જનમાં છોકરી પરણાવવા આવ્યો. રાજાએ પણ શ્રીવંત શેઠને મેળાપ માટે બોલાવ્યા, અને બધા વેપારીઓને પોતાને ઘેર જમવા બોલાવ્યા. આથી વેપારીઓ બહુજ આનંદ પામ્યા. બીજે દિવસે બધું ગામ જમી ગયું. પછી વિક્રમ રાજાએ કહ્યું કે હું બધા ગામમાં જોઇ આવું કે કોઈ ભૂખ્યું છે, પછી હું જમીશ; એમ કહી એ નગર જોવા નીકળ્યા. ગામમાં બધે રાજાની વાહવાહ થતી હતી. રાજા ફરતા ફરતા, ધનવંત શેઠના ઘર આગળ ગયા. ત્યાં ધનવંત શેઠની વહુ તથા દીકરો રડતાં હતાં. છોકરો કહે હું તો ઝેર પીને મરી જઉં છું. એ ઝેર પીવા જતો હતો; પણ વિક્રમ રાજાએ તેને અટકાવ્યો, અને તેને ઝેર પીવાનું કારણ પૂછયું. માદીકરાએ જ્યારે જાણ્યું કે આ તો વિક્રમરાજા છે, ત્યારે તેમણે પોતાની વાત કહી. દીકરાએ કહ્યું કે જે કન્યા કાલે પરણવાની છે તેના વિવાહ મારી સાથે થયા હતા; પણ હું ગરીબ થઇ ગયો એટલે વિવાહ તુટયા. મહાજનમાંથી કોઇયે પણ ન્યાય અન્યાય જોયો નહિ. બધાને પૈસાની શરમ પડી. મારૂં આવું અપમાન થાય તેના કરતાં

તો મરવું સારૂં. એની માએ કહ્યું, કે મારો છોકરો મરશે તેની સાથે હુંએ મરીશ. વિક્રમ રાજાને આ વાત સાંભળી બહુજ ખોટું લાગ્યું. તેમણે કહ્યું કે તમે દિલગીર થશો નહિ. હું તમને ન્યાય અપાવીશ. એમ કહી તે ઘેર ગયા.

બીજે દિવસે સવારમાં તેમણે શ્રીવંત શેઠને બોલાવ્યા અને ધનપાળ શેઠને ઘેરથી વિવાહ શા માટે તોડયા તે પૂછયું. શ્રીવંતશેઠે રાજાને કહ્યું કે કુળ અને કુટુંબ જોઇને મેં કાંઇ દીકરી નહોતી આપી. મ્હેં તો એના છપ્પન કરોડ રૂપિયાને દીકરી દીધી હતી. એના રૂપિયા ગયા એટલે વિવાહ તોડી નાંખ્યો. ત્યારે રાજાએ કહ્યું કે ધન તો આજ આવે ને કાલે જાય. માટે ત્હારે તો તારૂં વચન રાખવુંજ જોઇએ. આજે કોઇનો દહાડો વાંકો હોય તો કાલે આપણો પણ વાંકો થાય. માટે વહેવારમાંથી ચૂકવું નહિ. વળી ત્હારે ગરીબ જમાઈ ન જોવો હોય તો તારી પાસે ઘણાએ પૈસા છે. તેમાંથી થોડા તેને આપ. રાજાએ આટલું બધું કહ્યું, તોયે શ્રીવંતશેઠનું મન માન્યું નહિ. છેવટે રાજાએ કહ્યું, કે મ્હેં તો ધનવંત શેઠના છોકરાને વચન આપ્યું છે, એટલે ગમે તેમ કરીને પણ ત્હારી છોકરી તેની સાથે પરણાવવીજ પડશે. એ ગરીબ છે એટલોજ વાંધો હશે તો હું તેને મ્હારા છપ્પન કરોડ આપી દઇશ. આ સાંભળીને શ્રીવંતશેઠ એકદમ કબુલ થઇ ગયા.

રાજાએ તરતજ ધનવંત શેઠને ઘેર ધન મોકલવા માંડયું. પોઠોને પોઠો ત્યાં મોકલી, અને પોતાનો ભંડાર ખાલી કરવા માંડયો. મહા મહેનત મેળવેલું ધન આપી દેતાં તેમને જરાયે દિલગીરી થઇ નહિ.

ધનવંત શેઠનો દિકરો તો પાછો ધનવાન થઇ ગયો. ધન આવ્યું એટલે મિત્રો આવ્યા, સગાં આવ્યાં અને પાછા શેઠ શેઠ થઇ ગયા. ધનવંત શેઠ પોતે પણ તરતજ આવી પહોંચ્યા અને લગ્નની ધામધુમ ચાલી. તરતજ મોટો વરઘોડો નિકળ્યો; પરંતુ આ વખતે એક બીજી પીડા ઉભી થઇ. જેની સાથે શ્રીવંતશેઠ કન્યા પરણાવવાના હતા તેના વર પાસે વરઘોડો આવ્યો એટલે એ બહુજ દીલગીર થઇ ગયો. તે ગળે ફાંસો ખાવા તૈયાર થઇ ગયો. આ ઉપરથી ત્યાં હોહાકાર થઇ ગયો, અને વરઘોડામાં પણ જાણ થઇ. વિક્રમ રાજા પોતે વરઘોડામાં હતા તે ત્યાં જઇ પહોંચ્યા. અને બધી હકીકત સાંભળીને તેમણે છોકરાને ધીરજ આપી, અને કહ્યું કે તું જરાએ ચિંતા કરીશ નહિ. હું તને આજે ને આજે બીજી કન્યા સાથે પરણાવી આપીશ. પછી તરતજ તેમણે પોતાના પ્રધાનની છોકરી સાથે તેનું લગ્ન કરવાનું નક્કી કર્યું, અને બન્ને લગ્ન એક સાથે થયાં અને ગામમાં બધે આનંદ પથરાઇ ગયો.

આમ વિક્રમ રાજાની નાફક જે ઉદારતા બતાવશે અને પારકાનાં દુઃખ કાપશે તે આ સિંહાસન પર બેસી શકશે. એટલું કહીને લક્ષ્મણા પુતળી આકાશમાં ઉડી ગઇ.

વાર્તા ૯ મી.

હંસની વાર્તા.

પુતળીઃ કામાક્ષી.

વાર્તા ૯ મી

હંસની વાર્તા

કામાક્ષી નામે પુતળીએ વિક્રમરાજાના પરાક્રમની આ વાત ભોજરાજાને કહી.

એક વાર વિક્રમરાજા પોતાનું લશ્કર લઈને શહેરથી દૂર વાડીયે આનંદ કરવા ગયા. વન બધું ખીલી રહ્યું છે. ઝાડને ફળફૂલ આવ્યાં છે. તળાવમાં કમળો શોભી રહ્યાં છે. આ જોઈ વિક્રમરાજાને બહુજ આનંદ થયો. તેમણે થોડાં કમળો ચુંટયાં. અને પાસે શિવમંદિર હતું ત્યાં જઈ મહાદેવજીને તે ચઢાવ્યાં. એમ કરતાં સાંજ પડવા આવી; અને વિક્રમરાજા પાછા ફર્યા. રસ્તામાં ક્ષીપ્રા નદીનો કીનારો આવ્યો, ત્યાં એક મૃગ નજરે પડયો. તેને જોઈને રાજાને શીકાર કરવાનું મન થઈ ગયું. એટલે લશ્કરને મોકલી દઈ પોતે એકલા તેની પાછળ દોડયા. તેનો શીકાર કરીને પાછા ફરતાં તેમણે એક ખેડૂતને જોયો. તે પોતાના ખેતરમાં બેસીને પક્ષીઓને ગોફણ મારી ઉરાડતો હતો. આ જોઈ

વિક્રમરાજાને વિચાર આવ્યો કે, આમ દરેક જણ પક્ષીઓને ઉરાડે તો બિચારાં ખાય શું ?

મહેલમાં આવી તેમણે વજીરને બોલાવ્યો, અને હુકમ આપ્યો કે આખા જંગલમાં અમુક છેટે પરબડીઓ બંધાવો. તેમાં અનાજ અને પાણીની ગોઠવણ કરો. એટલે પંખીઓ બિચારાંને દુઃખ પડે નહિ. આ પ્રમાણે ગોઠવણ થયાથી પંખીયોને બહુજ સંતોષ થયો. અત્યાર સુધી વિક્રમરાજાની કીર્તિ માણસોમાં તો ઘણી ફેલાઈ હતી. હવે તેમની કીર્તિ પંખીઓમાં પણ ફેલાઇ. તે છેક માનસરોવર સુધી પણ પહોંચી. આ સરોવરને સ્ફાટીકની પાળ છે, અને તેમાં અમૃત ભરેલું છે. તેમાં હંસ પક્ષીઓ રહે છે, અને તેઓ મોતીનો ચારો ચરે છે. આ હંસોએ પણ સાંભળ્યું કે વિક્રમરાજા બહુજ પરોપકારી છે. આ ઉપરથી તેમણે વિચાર કર્યો કે ચાલો આપણે એ પરદુઃખભંજન રાજાનાં દર્શન કરવા જઇયે. એમ વિચારી તેઓ ત્યાંથી નિકળ્યાં. રાજાના મહેલ ઉપર હંસોનું ટોળું આવ્યું ત્યારે તેમની સફેદ પાંખોને લીધે, સેંકડો સૂરજ ઉગ્યા હોય, એવો ઝગઝગાટ થયો. તે જોઈ રાજાએ આકાશમાં જોયું. એટલે હંસોનું ટોળું નીચે ઉતરી આવ્યું. તેને જોઈ રાજાએ પ્રણામ કર્યા; અને પૂછ્યું કે તમે ક્યાંથી આવ્યાં છો, અને તમારી શી ઇચ્છા છે. આ સાંભળી હંસનો મુખી બોલ્યો. અમે કૈલાસ પર્વત ઉપર માનસરોવરમાં રહેનારા હંસો છીયે. અમારા દેશમાં દિવસ કે રાત નથી. જમીન બધી સોના જેવી છે. અમારા સરોવરમાં અમૃત ભરેલું છે. ત્યાં મોતી થાય છે.

અમે મોતીજ ખાઇયે છીયે. ત્યાં દેવલોકો નહાવા આવે છે. અમે તમારી કીર્તિ સાંભળાને તમારાં દર્શન કરવા આવ્યાં છીયે.

આ સાંભળી વિક્રમરાજાને બહુજ આનંદ થયો. તેમણે કહ્યું કે તમે મારે ત્યાં આવી મને બહુ માન આપ્યું છે. તમે સૌ થોડા દિવસ અહિં રહો. એમ કહી તેમણે ભંડારમાંથી મોતી મંગાવી તેમને જમવા આપ્યાં. પછી તેમને દૂધ પીવા આપ્યું. આ દૂધમાં પાણીનો ભેળ હશે, એટલે હંસ તો દૂધ અને પાણી બે જુદાં પાડી, દૂધ પી ગયાં. આ જોઇ વિક્રમરાજાને બહુજ આનંદ થયો. થોડા દિવસ રહીને હંસ તો ઉડી ગયાં. અને વિક્રમરાજાની કીર્તિ ચારે દિશામાં ફેલાઈ ગઇ. ત્યાર પછી આ હંસ સ્વર્ગમાં ઇંદ્રરાજાના દરબારમાં ગયાં, ત્યાં બધા ઋષિમુનીઓ ભેગા મળેલા હતા. તે વખતે પરોપકારી અને પ્રખ્યાત મનુષ્યની વાતો ચાલી. કોઇએ કોઇને વખાણ્યાં ત્યારે બીજાએ બીજાને વખાણ્યાં. છેવટે હંસનો રાજા આગળ આવીને બોલ્યોઃ—

ત્યારે બોલ્યા હંસ વચન સાંભળજો સુરપત રાજન;
મૃત્યુ લોકમાં છે અવતાર; વિક્રમ ઉજેણીપત સાર.

(દોહરા)

અનેક રાય આગળ થયા, સહસ્રલક્ષ કંઈ કરોડ;
નથી દીઠો, નથી સાંભળ્યો, વિક્રમ કેરી જોડ;
પ્રાણ આપે પર કારણે, પરદુઃખભંજન એજ;
એવો વિક્રમ એક છે, એનું ઈશ્વર તેજ.

આ સાંભળી ઇંદ્રને બહુજ ગુસ્સો ઉપજ્યો. તેમણે કહ્યું કે અહિં બધા દેવ બેઠા છે ત્યાં એક માણસનો શો

હિસાબ છે? હું તને કેદમાં નાંખું છું. ત્યાંથી તને તે છોડવે ત્યારે ખરો. એમ કહી તેને કેદ કર્યો.

આ વાતની ખબર હંસની સ્ત્રીને પડી. એટલે સૌ હંસોએ વિચાર કરવા માંડયો કે હવે કરવું શું? છેવટે વિક્રમરાજાને આ વાતની ખબર કરવા દૂત મોકલ્યો. દૂતે જઇને વિક્રમરાજાને બહુ વિનંતિ કરીને કહ્યું કે તમે મહેરબાની કરીને એ હંસને છોડાવો, નહિ તો એનો જીવ જશે તથા તેની સ્ત્રી પણ પોતાને જીવ આપશે. વિક્રમ રાજાએ તેને બહુજ ધીરજ આપી. અને કહ્યું કે હું તેને હમણાંજ છોડવવા જાઉં છું. તેને છોડાવ્યા વિના હું ઘેર પાછો નહિ ફરૂં.

એમ કહી વિક્રમરાજા પ્રધાનને રાજપાટ સોંપી બહાર નિકળ્યા. પોતાની મદદમાં તેમણે વીર વૈતાળનું સ્મરણ કર્યું. ફરતા ફરતા તે સુખવતી નામે નગરીમાં આવ્યા. ત્યાં શેવરમાંધાતા નામે રાજા રાજ કરતો હતો. વિક્રમરાજા એક વાણીયાની દુકાને મહેમાન થઇને ગયા. વગર ઓળખાણે તેણે તેમની બહુ સારી માવજત કરી. તેથી તેમણે પુછયું કે ભાઈ તમે અજાણ્યા મુસાફર માટે આટલું ખર્ચ કેમ કરો છો? વાણીયાએ કહ્યું કે અમારા રાજાનો હુકમ છે કે મહેમાનોની માવજત સરસ કરવી. આ માવજતનું ખર્ચ બધું દરબારમાંથી મળશે. અમારા રાજમાં અનેક ઠેકાણે સદાવ્રતો તથા ધર્મશાળાઓ છે. આ સાંભળી વિક્રમરાજાને બહુ નવાઇ લાગી. તેમણે વિચાર કર્યો કે આ રાજા આટલા બધા પૈસા કયાંથી લાવતો હશે? આજે રાત્રે આ નગરની

ચર્ચા જોવી જોઈયે. એમ વિચારી તે વખતે તો વાણીયા સાથે બીજી વાતો કરી, વખત થતાં બધાં સુઈ ગયાં. મધરાતે વિક્રમરાજા ઉઠયો. તેણે અદષ્ટ વિદ્યા મનમાં ધરી. એટલે કોઈ તેને જોઇ શકે નહિ. પછી તે શેવરમાંધાતાના મહેલમાં ગયો. તે વખતે તે રાજા હાથમાં પૂજાની સામગ્રી લઇને બહાર જતો હતો. વિક્રમરાજા તેની પાછળ ચાલ્યા. તે છેક જંગલમાં ગયો. ત્યાં એક સરોવર આવ્યું. તેમાં તે નાહ્યો. પછી ચંડીનું ધ્યાન ધર્યું. થોડીવારમાં ચોસઠ જોગણીઓ આવી. તેમણે સેવરની આસપાસ રમવા માંડયું. પછી તેના શરીરનું માંસ પણ ખાધું. છેવટે તે હાડકાના માળા જેવો થઇ ગયો. તેને આડો સુવાડી તેના ઉપર કપડું ઢાંકી ઉપર અમૃત છાંટયું. એટલે તે હતો તેવોને તેવો થઇ ગયો. પછી તે ચંડીની પ્રદક્ષિણા ફર્યો અને સ્તુતિ કરી એટલે ચારે તરફથી સોનામહોરોનો વરસાદ વરસ્યો. પછી જોગણીયો તો જતી રહી. સેવર રાજા આ બધી મહોરોનો પોટલો બાંધી ઘેર ગયો. એ મહોરો ભંડારમાં મૂકી દીધી. વિક્રમરાજાએ પોતાના મનમાં ને મનમાં સેવરરાજાને ધન્યવાદ આપ્યો. પરોપકારને માટે ધન મેળવવા એ રાજા પોતાના શરીરે દુઃખ ખમતો હતો. વિક્રમરાજાના મનમાં વિચાર આવ્યો કે આ સેવરરાજાનું દુઃખ હું દૂર ના કરી શકું તો પછી હું પરદુઃખભંજન શેનો કહેવાઉં! આમ વિચારી બીજી રાત્રે સેવરરાજા નિકળે તે પહેલાંજ તે જંગલમાં ગયો. અને ત્યાં ધ્યાન ધરીને જોગણીઓ બોલાવી. પોતાના શરીરમાંથી તેમને માંસ ખાવા દીધું.

એમનું મોત થતાં જોગણીઓએ તેમને જીવતા કર્યા. વિક્રમ-રાજાએ જાગૃત થતાંજ ફરી જોગણીઓની ઘણીજ સ્તુતિ કરી. તેથી પ્રસન્ન થઈ તે જોગણીઓએ કહ્યું કે જે જોઈયે તે માગ. આ ઉપરથી વિક્રમ રાજાએ કહ્યું કે, હું તો વિક્રમ રાજા છું. પરંતુ અહિંનો રાજા સેવરમાધાતા બહુ પરોપકારી છે તે પરોપકાર માટે ધન લેવા બિચારો અહિં આવી રોજ દુઃખ ખમે છે. માટે તમે એવું કરી આપો કે એને દુઃખ પડે નહિ. ત્યારે જોગણીઓએ એક મણી આપ્યો અને કહ્યું કે આ મણી એને આપજો. એની પૂજા કરવાથી બહુ ધન મળશે. પરંતુ હે વિક્રમરાજા! તમે પણ આજે આ દુઃખ પારકા માટે વેઠયું છે, અને આ મણી તો આપી દેવાનો છે. માટે તમારે માટે, કાને પહેરવાની ઝાલની એક જોડ લઇ જાવ. તમારી સ્ત્રીને તે પહેરાવજો. જેને કાને ઝાલ હશે તેને ઘડપણ નહિ આવે, અને રોગ નહિ થાય.

વિક્રમરાજા મણી તથા ઝાલ લઇને પાછા ફર્યા. તે સેવરરાજાને મહેલેજ ગયા. તે વખતે તે રાજા હાથમાં પૂજાનો સામાન લઈને મહેલ બહાર જતા હતા વિક્રમરાજા-એ પૂછ્યું કે, ભાઇ તમે કોણ છો, અને મધરાતે કયાં જાવ છો? સેવરને તો મોડું થયું હતું તેથી તે અકળાયો. અને કહ્યું કે હું તો દુઃખી માણસ છું. મને મારૂં ફોડી લેવા દ્યો, અને તમે તમારે રસ્તે જાવ. મને ખોટી કરશો તો બહુ નુકશાન થશે. ત્યારે વિક્રમરાજાએ કહ્યું કે તમે આકળા ન થાવ. તમારૂં દુઃખ હું દૂર કરીશ. આવા બડાઇ-ના બોલ સાંભળી સેવર ગુસ્સે થયો. તેણે કહ્યું કે તમે

તો જાણે મોટા વિક્રમરાજા જેવી વાત કરો છો. વિક્રમે તરતજ હસીને કહ્યું, કે હું જ વિક્રમ છું. એટલું બોલી તેણે પેલો મણી કાઢયો. અને કહ્યું કે હું તમારી બધી વાત જાણું છું. હવે તમારે શરીરે દુઃખ ખમવું નહિ પડે. આ મણીની પૂજા કરશો, એટલે જોઈતું ધન મળશે. પોતે આગલી રાત્રે સેત્રરની વાત કેવી રીતે જાણી હતી, તથા જોગણીઓને કેવી રીતે પ્રસન્ન કરી હતી, તે બધી વાત વિક્રમ રાજાએ કરી. બન્ને જણા પછી સેવરને મહેલ ગયા. ત્યાં વિક્રમ રાજાની બહુ આગતાસ્વાગતા થઇ. પછી વિક્રમ-રાજા રજા લઇ પોતાને મૂળ કામે આગળ ચાલ્યા.

ચાલતાં ચાલતાં શીલવંતી નગરીમાં તે ગયા ત્યાં એક કુંભારના ઘર પાસે તે આવ્યા. તે વખતે કુંભારની સ્ત્રી બહુજ રડતી હતી. વિક્રમ રાજાએ પૂછયું કે બાઈ, તું આટલું બધું રડે છે કેમ? ત્યારે તે બોલી કે અમારા ગામના રાજાને ફરજન નહોતું. તેથી તેણે દેવીની ઉપાસના કરી. તેથી તેને એક છોકરી આવી. તે બાર વરસની થઇ ત્યારે તેના પેટમાં રોગ થયો. તે દિવસથી તે રોજના રાત્રે એક માણુસનો ભોગ લે છે, અને તે માણુસ પણ જુવાન જોઇયે. રાજાએ રોજ દરેક ઘરનો વારો કર્યો છે. તેમાં આજે મારા એકનાએક છોકરાનો વારો છે. તેથી હું તો રડું છું. ઘડપણમાં અમારો પુત્ર મરશે, અને અમે વાંઝીયા થઇશું. બોલ ભાઇ, તેમાં તું અમારૂં દુઃખ શી રીતે દૂર કરીશ.

ત્યારે વિક્રમરાજા બોલ્યાઃ બાઈ, તું દુઃખી ના થઈશ.

હું તારા પુત્રને બદલે જઇશ, અને તું વાંઝણી નહિ થાય! આ સાભળી તે બાઈને નિરાંત વળી. વખત થતાં વિક્રમ રાજા રાજાની કુવરીના મહેલમાં ગયો. તે બહુ રૂપાળી હતી અને ઉંઘતી હતી. જે જગા પોતાને સુવા માટે રાખી હતી ત્યાં લુગડાનો ઢગલો કર્યો. અને પોતે ઉઘાડી તરવારે એક ખુણામાં છુપાઈ રહ્યો. અડધી રાત ગઈ ત્યારે કુંવરીના મોઢામાંથી સાપ નિકળ્યો. આસપાસ નજર કરીને કોઈ જોયું નહિ એટલે બીજી પથારી તરફ તે ગયો. રાજાએ જોઇ લીધું કે આ સાપજ દરેક માણસને મારે છે. માટે એની દયા આણવી ના જોઈયે. એમ વિચારી તેણે તે સાપના તરવારથી બે કકડા કરી નાંખ્યા. પણ પછી કાંઇક વિચાર આવતાં તેના કકડા સંભાળીને પોતે રાખ્યા. કુંવરીના પેટમાંથી સાપ નિકળી ગયો એટલે એ તો સવારમાં સાજી થઇ અને વિક્રમ તો સવારે કુંભારને ઘેર ગયો. તરતજ રાજાજી પોતે ત્યાં આવ્યા અને કુંવરીનો રોગ મટાડવા માટે બહુ ઉપકાર માન્યો. પછી કહ્યું કે તમે એ કુંવરીને પરણો અને હું તમને થોડાં ગામ આપું તે ઉપર રાજ કરો. વિક્રમરાજાએ બધી વાત હરખથી કુંભારના ઘરમાં કહી. આ સાંભળીને તો તેઓ બધાંનાં મોં ઉતરી ગયાં, અને શોકમાં પડયાં. ત્યારે વિક્રમે તેનું કારણ પુછ્યું. એટલે તેઓ કહે કે જો કાલે અમારો છોકરો મહેલમાં ગયો હોત તો તેને કન્યા મળત, તથા રાજ્ય પણ મળત. આ સાંભળી વિક્રમરાજાને હસવું આવ્યું અને કહ્યું કે ભલે તમારો દીકરો એ કન્યા તથા રાજ્ય મેળવે. આ સાંભળી

કુંભારના ઘરનાં બધાં હરખાઇ ગયાં. વિક્રમે પોતાનાં બધાં લુગડાં કુંભારના પુત્રને આપ્યાં. અને દરબારમાં પણ તેનેજ મોકલ્યો. બધાંએ તો એમજ જાણ્યું કે આ છોકરોજ રાત્રે મહેલમાં ગયો હતો. તે કન્યા તથા રાજ્ય પામ્યો. વિક્રમ તો પોતાને કામે આગળ ચાલી ગયા.

એક પછી એક એમ ઘણા દેશમાં તે ગયા. રાત પડે ત્યાં વાસો રહે. એમ કરતાં તેઓ એક ગાઢ જંગલમાં આવ્યા. ત્યાં અંબાજીનું દેરૂં હતું. પણ કોઈ માણસ દેખાતું નહોતું. રાજાએ ત્યાં ખરા ભાવથી પૂજા કરી, અને રાત પડી એટલે ત્યાંજ રહ્યા. એટલામાં એક વિમાન આવ્યું. ત્યાં એક ગુફા હતી તેમાં તે ચાલી ગયું. વિક્રમ રાજા એકદમ તેની પાછળ પડ્યા. વૈતાળનું સ્મરણ કરી તેને પણ બોલાવ્યો. વિમાન પાતાળમાં નાગરાજા પાસે ગયું. ઇંદ્રરાજા યજ્ઞ કરતા હતા તેમાં નાગરાજાને તેડવા તે આવ્યું હતું. નાગરાજા બોલ્યા કે મારે આવવાનું તો બહુ મન હતું; પણ મારો દીકરો શીલવંતી નગરીમાં તંબોળની વાડીયે ગયેલો ત્યાંથી પાછો જ નથી આવ્યો. એને કોઈએ ખાધો હશે. એટલે હું તો શોકમાં છું. માટે મારાથી આનંદમાં ભાગ લેવા નહિ અવાય. આ સાંભળીને વિક્રમરાજાને પેલા સાપના કકડા યાદ આવ્યા. તેમણે ધાર્યું કે તે નાગજ આનો પુત્ર. એટલે તેમણે છતા થઈને કહ્યું કે તમારા પુત્રના આ કડકા લ્યો. હું ઉજ્જનનો રાજા વિક્રમ છું, અને મારાથીજ આ નાગનો ઘાત થયો છે. એમ કરી તેણે તે વાત બધી કહી. આ સાંભળી નાગરાજા બહુજ આનંદ પામ્યા, અને કહ્યું કે મારી

પાસે અમૃત કુપ છે, એટલે હું મારા પુત્રને જીવાડીશ. પુત્ર જીવ્યો અને સૌને આનંદ થયો. પછી નાગરાજાએ પોતાની દીકરી તેને આપી અને કહ્યું કે તમે મારી સાથે દરબારમાં ચાલો.

તેઓ બધા ઇંદ્રના દરબારમાં ગયા. ત્યાં તેત્રીસ કરોડ દેવ આવ્યા હતા. તેમાં એક માનવીને જોઇને ઇન્દ્રને નવાઇ લાગી તે કયાંથી આવ્યો હશે એમ પણ તેને વિચાર આવ્યો. પછી તેનું પારખું જોવાનું નક્કી કર્યું ફુલના હાર એક છાબડીમાં ભર્યા અને વિક્રમરાજાને કહ્યું કે બધાને પહેરાવી આવો. વિક્રમરાજાએ વૈતાળનું ધ્યાન ધર્યું, અને દરેકને એક એક હાર પહેરાવ્યો. હાર થઇ રહે એટલે વૈતાળ અંદર નવા મૂકયાજ કરે. છેવટે બધાંને હાર પહોંચ્યા અને એક હાર બાકી રહ્યો. તે લઇને વિક્રમરાજા ઇંદ્ર પાસે ગયા. ઇંદ્રને બહુજ આનંદ થયો અને તે હાર વિક્રમને પહેરાવ્યો. વળી કહ્યું કે તું મારા પુત્ર જેવો છું. જે જોઇયે તે માગ. આ સાંભળી વિક્રમરાજાએ હાથ જોડયા અને પોતાની પાસે શાલ હતી તે ઇંદ્રાણીને ભેટ કરી તથા તેના ગુણ જણાવ્યા. એટલે ઇંદ્રાણી પણ પ્રસન્ન થયાં. પછી હાથ જોડીને વિનંતિ કરી કે તમે પેલા હંસને છોડી દો. વિક્રમરાજાએ તે હંસને છોડી દીધો અને પોતાના કાનનાં કુંડળ વિક્રમને ભેટ કર્યાં. ઇંદ્રાણીયે પોતાનો હાર આપ્યો. યજ્ઞ પૂરો થયો એટલે વિક્રમરાજા તથા હંસ સાથે પાછા ફર્યા.

હંસે પોતાને ત્યાંથી એક બહુજ સુંદર ફુલ વિક્રમ-રાજાને આપ્યું અને કહ્યું કે તે તમારા બાગમાં રોપજો.

વિક્રમરાજા પછી ઉજ્જન આવ્યા. સાથે કુંડળ, પુષ્પ, હાર, તથા નાગકન્યા હતાં. બધાં લોકોએ રાજાને આવકાર આપ્યો અને ધામધુમથી વરઘોડો ચઢાવી તેમને મહેલમાં લઇ ગયા. રાજાનાં કુંડળ, હાર, તથા પુષ્પ જોઇ જુદા જુદા માણસો તે ઉપર મોહી ગયા. રાત્રે નગરચર્ચા જોતી વખતે તેમણે આ લોકના સંતાપ જોયા. તેથી સવાર થતાં તે ત્રણે ચીજો આપી દીધી.

આવાં પરોપકારનાં કામ જે કરશે તે આ સિંહાસને બેસી શકશે એમ કહીને કામાક્ષી નામે પુતળી ઉડી ગઈ.

વાર્તા ૧૦ મી.

વિધાતાની વાર્તા.

પુતળીઃ સુભદ્રા.

વાર્તા ૧૦ મી.

વિધાતાની વાર્તા.*

ભોજરાજા સિંહાસન ઉપર પગ દેવા જાય છે તે વખતે સુભદ્રા નામે બીજી પૂતળી પરદુઃખભંજન પરાક્રમી વિક્રમરાજા જેવો થવાનું તેને કહે છે, અને તેના પરોપકારી કામની એક વાત વર્ણવે છે.

એક વાર વિક્રમરાજા પોતાના મોટા લશ્કર સાથે વનમાં શિકાર કરવા ગયા. શિકાર કરતાં કરતાં એક હરણની પાછળ તે પડયા. ગમે તેટલો તે તેનો ઘોડો દોડાવે પણ હરણ હાથમાં આવે જ નહિ. જેમ હરણ વધારે દૂર જાય તેમ વિક્રમને વધારે શુર છુટે. એમ કરતાં કરતાં વિક્રમરાજા

*નોંધ: આ વાર્તાને "વિપ્રની વાર્તા" એવું નામ પણ કેટલીએક પ્રતોમાં આપેલું છે. ગુમાન બારોટની પ્રતનું નામ અત્રે રાખવામાં આવ્યું છે. આ વાર્તા અનુક્રમમાં બીજી છે. પરંતુ દસમી વાર્તા ગર્ધવસેનની વાર્તા છે. તેમાં વિક્રમરાજાના જન્મની તથા વૈતાળની મૈત્રિની તેમજ હરસિદ્ધ માતાની કૃપાની, હકીકત હોવાથી તે બીજી મુકી છે અને આ વાર્તા દસમી રાખી છે. —કેશવપ્રસાદ દેસાઇ.

લશ્કરથી છુટો પડી જઈ ઘણે દૂર નિકળી ગયા. અંતે રાત પડવા આવી અને હરણ તો જતું રહ્યું. વિક્રમરાજાને રસ્તાનું ધ્યાન રહ્યું નહોતું; ભૂખ અને તરશ લાગ્યાં હતાં. એટલે તેમણે આસપાસ કોઈ ગામ હોય તો તેની તપાસ કરવા માંડી. પાસેજ મહીકાવતી નામે એક નગરી હતી. ત્યાંના રાજાનું નામ મહીપાળ હતું. વિક્રમરાજા તે ગામમાં ગયા. ત્યાં તેમણે એક ઋષિ જેવા બ્રહ્મર્ષિનું નાનું ઘર જોયું. તે બ્રાહ્મણની સ્ત્રીને છ દિવસથી પુત્ર આવ્યો હતો. એટલે આજે તેના ઘરનાં સૌ ખૂબ આનંદમાં હતાં. સુંદર અશ્વ ઉપર તેજસ્વી સવારને આવતો જોઈને તે લોકો બધાં વિક્રમરાજાની સામે જોઈ રહ્યા. રાજા પણ ત્યાં ઉભા રહ્યા અને ઘોડેથી ઉતરીને ઋષિને પ્રણામ કર્યા; અને કહ્યું, કે "હું એક વટેમાર્ગુ છું અને ભૂલો પડયો છું." ઋષિએ બહુજ માન આપીને કહ્યું, "ભાઈ, તમે રાતવાસો અહિંજ રહેજો અને આ ઝુંપડું તમારૂંજ છે એમ જાણજો." વિક્રમરાજાએ તે વાત કબુલ કરી એટલે ઋષિના ઘરમાં સૌને બહુ આનંદ થયો.

બ્રાહ્મણને બાર વર્ષની દીકરી હતી તે કોરા વાસણમાં પાણી ભરી લાવી, અને સ્વાદિષ્ટ રસોઇ તૈયાર કરી મહેમાનને જમાડીને સંતોષ્યા. વિક્રમરાજાયે બ્રાહ્મણની પૂજા કરીને સાત સોનામહોર તેમને આપી. સુવાની વેળા થઈ એટલે ઘરમાં તૈયાર કરેલી પથારી ઉપર સુવાની વિક્રમરાયે ના કહી અને બોલ્યા; "હું તો ક્ષત્રિ છું તે તમારા બારણા આગળ જ સુઇને તમારા ઘરની ચોકી કરીશ." એમ કહી

એક હાથમાં પોતાના ઘોડાની લગામ ઝાલી તે હથીયાર સાથે જ બારણા આગળ સુતા. અડધી રાત થઇ ત્યારે એક કૌતુક થયું. સોળેક વર્ષની સ્વરૂપવાન સુંદરી હાથમાં કંકાવટી લઇને બરોબર મધરાતે ઘરના બારણામાં પેસવા આવી. તરતજ વિક્રમરાજા બેઠા થઈ ગયા; અને આડો હાથ ધરી તેને પૂછયું કે, "તું કોણ છું? દેવી છું, રાક્ષસી છું, ડાકણ છું, લક્ષ્મીદેવી છું, દાસી છું, કે કોણ છું? અને શા માટે અત્યારે આ ઘરમાં જાય છે તે કહે, નહિ તો તને હું જવા દેવાનો નથી." આ જોઇ તે સ્ત્રીએ બહુજ કોપ કર્યો અને બોલી કે, "જો તું ગડબડ કરીશ તો તને બાળીને ભસ્મ કરી દઇશ." પણ વિક્રમરાજા આવી ડરામણીથી કાંઇ ડરે તેવો નહોતો. તેણે કહ્યું કે, "જો સીધી રીતે વાત નહિ કરે તો હું આ તરવારવડે તારૂં માથું ધડથી જુદું કરી નાંખીશ." આ સાંભળી તે સ્ત્રી નરમ થઈ ગઇ અને બોલી કે, "પૃથ્વી ઉપર રાજા વીરવિક્રમ સિવાય માણસ જાત મને જોઇ શકતી નથી. તેં મને જોઇ છે એટલે તું વિક્રમરાય હોવો જોઇએ. એટલે તને વાત કહેવામાં વાંધો નથી. આ ઘરમાં બાળક અવતર્યાને આજે છ દિવસ થયા છે તેથી હું તેના છઠ્ઠીના લેખ લખવા આવી છું. હું સાક્ષાત વિધાત્રી છું.

> ધર્મપૂરથી આવીયા, વિધાતા મારૂં નામ;
> લખું અક્ષર છઠ્ઠી તણા, આવી છું તે કામ.

અને લેખ લખીને તરત પાછી જઇશ." વિક્રમે તેને ઘરમાં જવા દીધી અને તે પાછી આવી એટલે પૂછયું કે, "શા લેખ લખી આવ્યાં તે મને કહો." એટલે તે બોલી,

"એ તો હું પણ નથી જાણતી. લેખ તો તેના ક્યારના લખાયલા જ હતા. ગયા જન્મમાં એણે જે કર્મ કર્યાં હશે તે ઉપરથી સાક્ષાત્ પરમાત્માએ એના લેખ નક્કી કરેલા. તેની હું તો પૂજા માત્ર કરીને જઉં છું."

વિક્રમ કહે, "ત્યારે ગમે તેમ કરીને તે મને કહો, નહિ તો તમને જવા નહિ દઉં." તે ઉપરથી વિધાતાએ તેને વચન આપ્યું કે, "હું મારા પિતા બ્રહ્મા પાસેથી ગમે તેમ કરીને તે જાણી લાવીને તને હમણાં કહી જઈશ." એમ કહી વિધાતા પોતાના બાપ પાસે ગઇ ને આ બધી વાત કહી. બ્રહ્મા કહે, "એ તો હું પણ નથી જાણતો. સાક્ષાત ભગવાન જ તે જાણે." પછી વિધાતાનું વચન રાખવા માટે તે બન્ને જણા શ્રી ભગવાન પાસે ગયા અને પ્રાર્થના કરી. તે ઉપરથી શ્રી ભગવાને કહ્યું કે, "એ બાળકનું જનોઇ પાંચમે વર્ષે થશે. તે વખતે તેના વિવાહ થશે. સાતમે વર્ષે લગ્ન થશે. તેમાં લાખો માણસો આવશે; પરંતુ તે વખતે એક કૌતક થશે. ચોરી વખતે એકાએક વાઘ આવીને તે બાળકના પ્રાણ લેશે."

વિધાતાએ પાછા જઈ વિક્રમરાયને આ હકીકત કહીને પોતાનું વચન પાળ્યું. વિક્રમરાજા તો આ વાત જાણી ચિંતામાં પડ્યા. એમણે ધાર્યું કે હું પરદુઃખભંજન કહેવાઉં અને આ બ્રાહ્મણનું દુઃખ જાણ્યા પછી જો તે દૂર ના કરી શકું તો મારૂં નામ જાય. વહાણું વાયે તેણે જવાની રજા માંગી અને બ્રાહ્મણ પાસે વચન લીધું કે આ છોકરાનાં જ્યારે લગ્ન થાય ત્યારે તમારે મને નોતરૂં આપવું, એમ

કહી બ્રાહ્મણને એક કાગળ આપ્યો અને કહ્યું કે ઉજેણી નગરીમાં રાજા વિક્રમસેનના દરબારમાં આ ચીઠ્ઠી તમે લાવશો એટલે તે મને મળશે. પછી બધાની રજા લઇને તે ગયા.

છોકરો તો દિવસે દિવસે બ્રાહ્મણને ત્યાં મોટો થાય છે. એનું પાંચમું વર્ષ આવ્યું ત્યારે બ્રાહ્મણીએ કહ્યું કે આ આપણો એકનો એક બાળક છે માટે આપણે ધામધુમથી તેને યજ્ઞોપવિત દઇને લોકમાં આપણી આબરૂ વધારવી જોઇયે. બ્રાહ્મણે આ વાત કબુલ કરી બહુજ ધામધુમથી જનોઇ દીધું અને પૈસા ઘણા ખર્ચ્યા એટલે એક આબરૂદાર, કુળવાન ગૃહસ્થે પોતાની છોકરીના વિવાહ આ છોકરા સાથે કરવાની માંગણી કરી. બ્રાહ્મણ તો તેથી ઘણોજ આનંદ પામ્યો અને વિવાહ કરી દીધો.

આનંદમાં ને આનંદમાં તે બ્રાહ્મણ દિવસ ગાળતો હતો. એમ કરતાં બે વર્ષ વહી ગયાં એટલે છોકરીના બાપે લગ્ન કરવાની માંગણી કરી. બે જણાયે થઈ લગ્નનું મહુરત નક્કી કર્યું. પછી બ્રાહ્મણ અને તેની સ્ત્રી વિચાર કરે છે કે આપણે તો છોકરાની જનોઇ વખતે બધી મૂડી ખરચી નાંખી છે. હવે કાંઇ પૈસા નથી કે ધામધુમથી લગ્ન કરી શકીયે. તે સ્ત્રીએ પોતાના પતિને કહ્યું કે છોકરાની છઠ્ઠીને દિવસે આપણે ઘેર જે મેમાન આવ્યા હતા તેમણે આપણને બહુ કપરા સમ ખવડાવ્યા છે, માટે આપણે તેમને ખબર કરવી જોઇયે. તે દિવસે એક રાત રહીને આપણને સાત મહોરો આપી હતી એટલે આ વખતે કદાચ તે ઉદાર માણસ

આપણને સારી મદદ કરશે." એમ કહી તેણે પેલા કાગળ કાઢીને પોતાના ધણીને આપ્યો. બ્રાહ્મણ લાચાર બની તે કાગળ લઇને ઉજ્જૈન ગયો. ત્યાં રાજાના દરબારમાં જઇને પેલો કાગળ આપીને પૂછયું છે કે આ કાગળ લખનાર કયાં છે? વિક્રમરાજા એ કાગળ લઇને એકદમ સિંહાસન ઉપરથી નીચે ઉતર્યા અને કહ્યું, એ કાગળનો લખનાર હું જ છું. ભાઈ, તમારે ત્યાં તમે મને એક રાત રાખીને મારા ઉપર ઘણોજ ઉપકાર કર્યો છે, એમ કહી તેને તેની સ્ત્રી તથા પુત્રના સમાચાર પૂછ્યા. પેલા બ્રાહ્મણે જ્યારે જાણ્યું કે રાજા વિક્રમ પોતે મારે ઘેર રાત રહ્યા હતા ત્યારે તો તે બહુ ગભરાઇ ગયો અને બોલ્યો, "મહારાજ, મારાથી આપની કાંઈ પણ સેવા થઇ નહોતી." પછી તેણે પોતાના પુત્રના લગ્નના સમાચાર કહ્યા. રાજાએ કહ્યું કે, "એ છોકરો તો મારો ભાણેજ કહેવાય. એનાં લગ્ન ધામધુમથી હું કરી આપીશ." પછી એમણે પોતાના દિવાનને હુકમ આપ્યો કે, "તમે આ બ્રાહ્મણ જોડે જઇને માંડવાની તૈયારી કરાવો; અને ધામધુમમાં કાંઇ જ કમીના રહેવી ન જોઈએ. બ્રાહ્મણ તો પોતાને ઘેર ગયો. ગામના બધા લોકો આ વાત જાણી બહુજ આનંદ પામ્યા. પેલા પ્રધાને તો ત્યાં જઈ ઘણીજ ધામધુમ કરી અને વિક્રમરાજા ત્યાં આવવાના છે એમ જાણીને ગામનો રાજા પણ બધી મદદ આપવા મંડયો. યોગ્ય સમયે વિક્રમરાજા તે ગામમાં ગયા. તેમણે જઇને વીસ ગજ લાંબી, વીસ ગજ પહોળી અને વીસ ગજ ઉંચી એવી એક લોઢાના સળીયાની મજબુત ઓરડી બંધાવી અને કહ્યું કે, આપણે ચોરી એની અંદર કરવાની છે. શહે-

રમાં દરવાજે દરવાજે હથીઆરબંધ માણસો બેસાર્યા અને ઘરની આસપાસ પણ સજ્જડ પહેરો બેસાડયો. આ રીતે કોઇ પણ ઠેકાણેથી વાઘ પેસી શકે નહિ તેવી એમણે ગોઠવણ કરી. પણ કવિ શામળભટ કહે છે કેઃ—

" ક્રોડ ઉપાય કરો સૌ કોય, કાળ પાશ પડયું સૌ કોય;
" નામ જેનું તેનો નાશ, ઉપાય કરે તે સર્વે હ્રાસ.
" લખ્યા લેખ કોના નવ મટે, તલ નવ વધે ને જવ ન ઘટે;
" ઉપાય સર્વે આળપંપાળ, અજીત માયા છે કે કાળ."

લોકો તો બધો ઠાઠ જોઇને અદેખા બન્યા હતા. કોઈ કહેતા હતા કે આ બ્રાહ્મણને આ બધું છાજશે નહિ. લગ્ન સમારંભ શરૂ થયો. બધા લોકો પુર ઉત્સાહમાં હતા, વરકન્યા મંગળ ફેરા ફરવા માંડયા. પહેલું, બીજું અને ત્રીજું મંગળ વર્તાયું. ચોથું મંગળ ફરવા જાય છે તે વખતે એક અકસ્માત બન્યો. ચોરી ઉપર ચંદરવો બાંધેલો તેમાં એક વાઘનું ચિત્ર હતું. આ વાઘ એકાએક સજીવન થઈ ગયો અને તેણે વરરાજાના પ્રાણ લીધા અને પછી વાઘ અલોપ થઇ ગયો. બધે હાહાકાર થયો. વિક્રમરાજા તો હાથ ઘસીને રહ્યા. બધા લોકો પણ દિલગીર થઇ ગયા અને સૌ જાત જાતની વાતો કરવા મંડયા.

કોઈ કહે આવ્યો તાવ, કોઈ-કહે પીજી વળીયો,
કોઈ કહે કરડયો નાગ, કોઇ કહે વાસી વળીયો;
કોઈ કહે વાધ્યો રોગ, કોઇ કહે મારી મૂઠ;
કોઈ કહે લાગ્યું પાપ, એમ લોકો પડીયા જૂઠ.

ઇશ્વરમાથે લહે નહિ, જગત તણો મહિમા જુવો,
શામળ ભટ કહે સાક્ષ એ, મોત આવે નિશ્ચે મુવો.

વિક્રમરાજા તો આ બનાવથી બહુજ શોકમાં પડ્યા. એમના મનમાં આવ્યું કે જો હું આ છોકરાને બચાવી શકું નહિ તો તો પરદુઃખભંજન શા કામનો? હવે હું મારા પ્રાણ તજીશ. પરંતુ એકવાર સજીવનમંત્ર માટે હું મહેનત કરૂં. પછી એમણે તે બ્રાહ્મણને બહુ કાલાવાલા કરીને કહ્યું કે તારા દીકરાના શબને તું સાચવી રાખજે, અને જે કરવું હોય તે એક વર્ષ પછી કરજે. બ્રાહ્મણે કબૂલ કર્યું એટલે તેમણે મડદાને એક બંધ પેટીમાં મૂકી તેમાં પુષ્કળ દવાઓ ભરી. પછી તે પેટી શ્મશાનમાં એક આસોપાલવનું ઝાડ હતું તે ઉપર લટકાવી દીધી અને વિક્રમરાજા પોતાનું રાજ્ય પ્રધાનને સોંપી સજીવનમંત્રની શોધમાં ચાલી ગયા.

વિક્રમ જંગલોમાં દુઃખની દરકાર કર્યા વિના બહુ બહુ ફર્યા. તેમને કંટાળો આવ્યો અને તેમણે ગંગાનદી તરફનો રસ્તો લીધો. ને મનમાં વિચાર કરે છે કે જો સજીવનમંત્ર મળશે તો ઠીક, નહિ તો ગંગાનદીમાં હું મારો જીવ આપીશ. એકવાર એક મોટા જંગલમાં તેઓ હતા. તાપ પુષ્કળ હતો તેથી એક વડ નીચે આરામ લેવા તે ગયા. એટલામાં જમીનમાં એક દર હતું તેમાંથી મોટો નાગ નીકળ્યો. રાજાને આગળ ચાલી જતો જોઇ તે નાગને વાચા થઇને તે બોલ્યોઃ "એ ભાઈ મુસાફર, તું કેમ ચાલી જાય છે? ઉભો રહે તો આપણે સુખદુઃખની વાતો કરીયે. જરા મારૂં દુઃખ તો સાંભળ." આ સાંભળી વિક્રમરાજા ઉભા રહ્યા, ને પૂછ્યું,

"ભાઇ એવું તે તારૂં શું દુઃખ છે ? મને કહે. મારાથી તે દૂર કરાય તેમ હશે તો હું કરીશ." ત્યારે તે નાગ બોલ્યો, "ભાઈ, મારા આખા શરીરમાં ગરમીનો રોગ છે તેથી ઝાળ ઉઠે છે, અરે લક્ષ વિંછીની વેદના થાય છે. મારૂં દુઃખ તો કોઇ મટાડી શકે તેમ નથી. પણ મેં સાંભળ્યું છે કે ઉજ્જૈન નગરીમાં પરદુઃખભંજન વિક્રમરાજા રહે છે. જો બધા લોકો કહે છે તેવો તે પરાક્રમી હોય તો તે મારૂં દુઃખ દૂર કરી શકે. તે મને એના પેટમાં જવા દે તો હું તેના પેટમાં પેસું અને અમૃત કુપ્પો જે દરેક માણસના પેટમાં હોય છે તેમાં જઇને બસી રહું. એમ થાય તો જ મારા શરીરની ગરમી ઓછી થાય એમ છે. પણ મારા ઝેરને લીધે ધીમે ધીમે તેનો તો જીવ જાય જ."

આ વાત સાંભળી વિક્રમરાજા વિચારમાં પડી ગયા. તેમણે મનમાં વિચાર્યું કે, જો આ નાગનું દુઃખ પોતે દૂર કરી શકે તેમ હોય તો ભલે જીવ જાય; પણ તેનું દુઃખ તો મટાડવુંજ જોઇયે. એમ વિચારી તે બોલ્યો, "ભાઇ, હુંજ વિક્રમરાજા છું. જો તને મારા પેટમાં જવાથી શાંતિ મળે તેમ હોય તો સુખેથી જા." એમ કહી પોતે મોં ઉઘાડયું. નાગ તો વિસ્મય પામ્યો, એણે કહ્યું "હું વિક્રમરાજાને ઓળખતો નથી, પણ જે મારૂં દુઃખ દૂર કરે તે મારો વિક્રમરાય" એમ કહી તે રાજાના પેટમાં પેઠો. આથી સાપને શાંતિ થઇ અને વિક્રમરાજા પોતાને પંથે આગળ ચાલ્યા. હવે સાપના ઝેરને લીધે તેમને પેટમાં રોગ થયો. તેના શરીરનો રંગ કાળો પડવા માંડયો. પેટ મોટું ગાગર જેવું

થયું. પછી ધીમે ધીમે તે એક નગરમાં આવ્યો. ત્યાં તો ચૌટા વચ્ચે તે પડીજ ગયો. તેના શરીરે હજારો વિંછીની વેદના થવા માંડી, અને તે બેભાન થઇ ગયો. બધા લોક તેની આસપાસ ભેગા મળ્યા, અને છેવટે એક જણ રાજાને આ સમાચાર કહેવા ગયો.

અહિંના રાજાને સંતાનમાં કેવળ બે પુત્રીઓજ હતી. તે દિવસે રાજા દરબારમાં પોતાની બન્ને દીકરીઓ સાથે બેઠો હતો. તે વખતે તેણે છોકરીઓને પૂછયું, કે "તમે બાપકરમી છો કે આપકરમી?" મોટી છોકરી બોલી, "પિતાજી! અમારૂં કરમ તો તમારામાંજ આવી ગયું. તમે લાડ લડાવો છો તેથી અમે સુખી છીયે. તમેજ અમને ઉત્તમ સ્થળે પરણાવશો, અને અમે સુખી થઇશું. તમેજ અમને ધન વગેરે બધું આપશો. મારૂં કર્મ ને મારો બાપ." આ સાંભળી રાજા બહુજ પ્રસન્ન થયો. પછી નાની છોકરીને તેજ સવાલ પૂછતાં તે બોલી, "પિતાજી તમે મારા વડીલ છો, તમે બહુજ માયા રાખો છો; પરંતુ મારૂં કર્મ તે મારૂં જ. એ કાંઈ તમે ફેરવી શકો નહિ.

સૌ સૌને કર્મે કરી, વશ વરતે છે લોક;
સુખદુખ પામે કર્મથી, હહાપણ, હર્ષ ને શોક.
મન અહંકાર મૂરખ કરે, મુજથી સઘળું થાય;
તે તો જુઠું જાણજો, આપ કર્મથી ખાય,

આ સાંભળી તે રાજાને બહુજ ક્રોધ ચઢયો. એટલામાં ચૌટામાંથી પેલો માણસ સમાચાર કહેવા આવ્યો કે કોઈ

અજાણ્યો મુસાફર વિચિત્ર રોગથી પીડાઇને બજારમાં બેભાન થઇ પડયો છે. ક્રોધના આવેશમાં રાજાએ પોતાના માણસોને હુકમ કર્યો કે એ માંદા માણસને અત્રે લાવી તેની સાથે આ અભિમાની છોકરીનાં લગ્ન કરી દો. પછી હું જોઉં છું કે એનું કર્મ એને શા કામનું છે !" પછી ધર્મવિધિથી તે માંદા માણસ સાથે પોતાની પુત્રીનાં લગ્ન કરી એક જુના ઘરમાં તેને વાસો આપ્યો.

તે છોકરીએ તો પિતાએ પરણાવેલા પુરૂષને પતિ માની માથે ચઢાવ્યો અને તેની ચાકરીએ લાગી. ખૂબ ગરમ પાણી કરી તેનું શરીર તેણે પહેલાં લુછી નાંખી શુદ્ધ કર્યું, અને પછી તેને સાફ પથારીમાં સુવાડી દીધો. રાત પડી એટલે દીવો બળતો રાખી પોતે એક બાજુએ પતિની સંભાળ માટે બેઠી. ચાર ઘડી રાત થઇ એટલે રોગીના પેટમાંથી મોં વાટે સાપ નિકળ્યો અને અડધો બહાર આવી હવા ખાવા લાગ્યો. આ જોઈ તે રાજપુત્રી અજબ થાય છે. એટલામાં તો એ ઘરના એક દરમાંથી બીજો સાપ નિકળ્યો. પછી બે સાપ વાતે વળગ્યા. દરનો સાપ કહે કે, "અરે ભાઇ, તું કેટલું પાપ કરે છે તેનો તને ખ્યાલ છે? તારૂં દુઃખ મટાડનાર આ પરોપકારી વિક્રમરાજાને તું કેટલું દુઃખ દે છે? તું જીવીને શાં ભારે કામ કરવાનો છું? આ વિક્રમરાજા જીવતા હશે તો તે પોતાની બધી રૈયતને સુખી કરશે, અને લાખોનાં દુઃખ કાપશે."

આ સાંભળી પેટમાંના સાપને રીસ ચઢી ને તે બોલ્યોઃ " તું તારે રસ્તે જા. આવા અભિમાની બોલ તું

બોલે છે તેનું કારણ તો તારૂં ધન છે. હું જાણું છું કે તું મોટા ચરૂ ઉપર બેસી રહે છે અને કોઈને તેમાંનું ધન લેવા દેતો નથી. જો કોઇ લોભીયો મળે અને તારા દરમાં કકડાવેલું તેલ નાંખે તો તારો પ્રાણ જાય અને તે માણસને બધું ધન મળે." આ સાંભળી પેલા દરમાંના સાપને ઝાળ લાગી ગઈ અને તે બોલ્યોઃ "તું પણ જ્યાં સુધી વૈદ્ય તને મળ્યો નથી ત્યાં સુધી ગાજ્યા કરજે. જો આ રાજાને હમણાં કોચલી પાઈ દે તો તારા કકડે કકડા થઇને નિકળી જાય અને આ ભલો પરમાર્થી રાજા સાજો થઇ જાય."

પેલી રાજાની કુંવરીએ આ બધી વાત સાંભળી, પોતાનો પતિ વિક્રમરાજા છે તે જાણી બહુજ આનંદ પામી. વહાણું વાતાં બંને સાપે બતાવેલાં ઓસડ કરવા માંડયાં. કકડાવેલું તેલ સાપના દરમાં નાંખ્યું એટલે પેલો સાપ બહાર નિકળતાં જ મરી ગયો અને દર ખોદતાં અંદરથી અઢળક ધનથી ભરેલા ચરૂ નિકળ્યા. પછી કોચલી લાવીને પોતાના પતિને પાઈ એટલે તેને સખત રેચ લાગ્યો, અને પેટમાંના સાપના ટુકડે ટુકડા થઇને બહાર પડયા. રાજા થોડી વારમાં જાગ્રત થયા, અને પોતાની પાસે આ સ્ત્રીને જોઇને બહુજ નવાઇ પામ્યા. તેમણે પૂછયું, કે "બાઇ તમે કોણ છો?" એટલે રાજાની કુંવરીએ બધી વાત પહેલેથી માંડીને કહી ને પછી હાથ જોડીને ઉભી રહી. વિક્રમરાજાએ કહ્યું કે, "બધી વાત તો ઠીક છે પણ આ બે સાપોના પ્રાણ તમે સ્વાર્થની ખાતર લીધા તે સારૂં ના કર્યું. મારા પેટમાંના સાપને તો મેં જાણીનેજ આશ્રય આપ્યો હતો. પરદુઃખભંજન નામ બધું નકામું ગયું. પરંતુ હવે

થનાર હતું તે થઇ ગયું છે. તમે આ બન્ને સાપના મરેલા શરીરને સાફ કરીને એક કરંડીયામાં ભરી મને આપો. મારે અહિંથી ચાલી જવું જોઇયે. મારે તો સંજીવનમંત્ર લેવા જવું છે. તે નહિ મળે તો હું પ્રાણ તજીશ. તમારે અહિં રહેવું હોય તો સુખેથી રહો." સ્રીએ કહ્યું કે, "હું તો તમારી સાથેજ આવીશ." પછી બધું ધન પાછું તે દરમાંજ મુકીને તે બન્ને જણાં સાપનો કરંડીયો લઇને ત્યાંથી ચાલી નિકળ્યાં.

રસ્તે ચાલતાં થોડે દૂર ગયાં એટલે એક નાગણ મળી. તેણે પેલી બાઇને કહ્યું કે, "બહેન, તું બીહીશ નહિ. મારે તો આ પંથીનું કામ છે. એમના જેવા દેખાતા એક પુરૂષે એક નાગનું દુઃખ ટાળવા તેને પોતાના પેટમાં રાખ્યો હતો. હું તે નાગની મા છું. હું પૂછું છું કે એ પુરૂષ આ કે નહિ? અને મારા છોકરાની શી ખબર છે?" આ સાંભળીને વિક્રમરાય બોલ્યા કે, "બાઈ, તે માણુસ હુંજ છું, અને તમારા દીકરાનું દુઃખ દૂર કરવા જતાં મારે લીધે તેનો જીવ ગયો છે." એ સાંભળી નાગણે કહ્યું, કે "એમાં તારો શો વાંક? પણ જો તેના શરીરનો એક ટુકડો પણ મને મળે તો મારૂં કામ થાય. મારૂં પીયર પાતાળમાં છે, અને મારા પિતાએ મને સંજીવન અંજન આપેલું છે. તેનાથી હું તેને જીવાડી શકું તેમ છું." આ સાંભળી રાજાને આશ્ચર્ય લાગ્યું અને તેણે બધી હકીકત કહી પૂછયું. કે "તારી પાસે અંજન કેટલું છે, અને વધારે જોઇયે તો મળે કે નહિ?" ત્યારે નાગણે કહ્યું કે,

"મારા પિતાએ ત્રણ જણને ચાલે તેટલુંજ આપ્યું છે. તમે પરમાર્થી રાજા છો માટે તમેજ તે રાખો અને હું તો પુત્રવિયોગે પ્રાણ તજીશ." એમ કહી નાગણે રાજાને અંજન આપ્યું. રાજાએ કરંડીઆમાંથી પેલા સાપના કકડા કાઢીને તે અંજનથી તેને સજીવન કર્યો. માતા પુત્ર મળ્યાં ને આનંદ પામ્યાં. પછી રાજાએ કહ્યું કે, "ભાઈ, તારા રોગને લીધે તને બળતરા થતી હોય તો મારા પેટમાં પાછો જા." પણ તે નાગણ બોલી કે, "આ અમૃત અંજનથી જે સજીવન થયું હોય તેને કોઈ પણ રોગ રહેતો નથી." આમ કહી તે નાગણ અને તેનો પુત્ર રાજાને પ્રણામ કરીને વિદાય થયાં. પછી તે રાજાએ સદાવ્રતી નગરીમાં જઈને પેલા અંજનના બીજા ભાગથી પેલા દરના સાપને સજીવન કર્યો, અને તે દરમાંથી જે ધન મળ્યું હતું તે તેનેજ પાછું આપ્યું. પછી વિક્રમરાય પેલા બ્રાહ્મણના છોકરાની પેટી બાંધી હતી ત્યાં જવા નિકળ્યા. તે ગામ પહોંચ્યા એટલે આખા ગામમાં ખબર પડી ગઈ કે પેલા રાજા છોકરાને સજીવન કરવાની દવા લઇને આવ્યા છે. કેવી રીતે સજીવન થાય છે, તે જોવા આખું ગામ શ્મશાન તરફ ઉલટયું; પરંતુ વિક્રમરાજાએ તો એકાંતમાંજ તે પેટી ઉતારી અંજનથી તે છોકરાને સજીવન કર્યો. પેલો છોકરો તો જાણે ઉંઘમાંથી આળસ મરડીને જ ઉભો થયો. પછી મોટી ધામધુમથી લોકો તે બંનેને ઘેર લઇને ગયા. રાજાએ પણ વિક્રમરાજાની બહુ મેમાનગીરી કરી. પછી વિક્રમરાયે પેલા બ્રાહ્મણના પુત્રને સાત ગામ બક્ષીસ કર્યાં. તે ગામના રાજાએ સદાવ્રતી નગરીમાં જ્યાં પોતે રોગી થઇને ચોટામાં પડયો

હતો, ત્યાંના રાજા મહેંદ્રવછને કહેવડાવ્યું કે તારી પુત્રી આપકર્મથીજ સુખી થઈ છે અને જે રોગી સાથે તેનાં તેં લગ્ન કર્યાં હતાં તેતો વિક્રમરાજા હતો. આ સાંભળી મહેંદ્રવછ તો બહુજ નમ્રભાવે મોંમાં ઘાસનું તણખલું લઈને વિક્રમરાજા પાસે આવ્યો અને બહુ બહુ માફી માંગી અને કહ્યું, કે રાજાજી હું કબુલ કરૂં છું કે આપકર્મજ ખરૂં છે. પછી રાજા અને નવાં રાણી પાછાં ઉજ્જૈન ગયાં અને બીજાં પરોપકારી કામો કરવા લાગ્યાં.

આ રીતે સુભદ્રા નામે બીજી પુતળીએ રાજા ભોજને બધી પરોપકારની વાત કહી. એક રાત બ્રાહ્મણને ઘેર રહ્યા તેમાં તેમણે આટલી મહેનત કરી તેના છોકરાને સજીવન કર્યો, તેમ જ સાપ જેવા પ્રાણીનું દુઃખ દૂર કરવા પોતાનો પ્રાણ પણ તેમણે આપવા આનાકાની કરી નહોતી.

કાં ઉંચ કાં નીચ જન, કાં રાજા કાં રંક;
કરો પૂન્ય પરમારથી, એહ અલૌકીક આંક.
પૂન્યે જશ વાધે ઘણો, પૂન્યે પુત્ર પરિવાર;
પૂન્યે હોય પરાક્રમી, અલખત અપરંપાર,
એક કરે લક્ષ કોટીધા, સીંચે પાણી બહુ રીત;
તેણે અર્થ સરે નહિ, જો વાવે નહિ બીજ.

માટે હે ભોજ રાજા! આવા પરમાર્થનાં કાર્ય તમે કરો તો જ આ સિંહાસન ઉપર પગ મૂકી શકો. એટલું કહી તે પુતળી આકાશમાં ઉડી ગઈ.

વાર્તા ૧૧ મી.

કળસની વાર્તા.

કહેણી: બાળા.

વાર્તા ૧૧ મી

કળસની વાર્તા.

ભોજરાજા વળી પાછો તે સિંહાસન ઉપર બેસવા ગયો, ત્યારે બાળા નામની પૂતળીએ તેને અટકાવ્યો. અને વિક્રમરાજાના પરાક્રમની નીચેની વાર્તા તેને સંભળાવીઃ—

એક વાર રાત્રે વિક્રમરાજા નગરચર્ચા જોવા નિકળ્યા. રાત અંધારી છે; કોઈપણ માણસ રસ્તામાં નજરે પડતું નથી; તો પણ તે બીક વગર બધે ફરે છે. તેમણે ભીલનો વેશ પહેર્યો છે, અને માથા ઉપર રંગેલો રૂમાલ બાંધ્યો છે. આખા ગામમાં ફરીને, તે ગામ બહાર નિકળ્યા. ત્યાં તેમણે દૂર ચાર જણાને જોયા. તેમને લાગ્યું કે તેઓ ચોર હશે એટલે પોતે અદૃશ્ય વિદ્યાથી પોતાનું શરીર સંતાડી દીધું. અને તે ચારે જણની હકીકત જાણવા ગયા. તે ચારે ચોર હતા. તેઓએ કહ્યું કે આપણે ચારે જણા ઘણા હોંશીયાર છીયે, અને આજે આપણે બહુ ધન મેળવવું છે. માટે બોલો આપણે શું કરીશું? ત્યારે તેમાંના એકે કહ્યું કે મને એવી વિદ્યા આવડે છે કે ભોંયમાં દાટેલું ધન હું જાણી શકું છું. બીજો કહે કે મારામાં એટલું જોર છે કે

ગમે તેટલી સખ્ત ભોંય હોય તોપણ હું તે ખોદી શકું છું. ત્રીજો કહે મને એવી આવડત છે કે કોઇપણ માણસને હું બેભાન કરી શકું અને તે એવો કે ગમે તેટલો ખડખડાટ થાય તોપણ તે જાગી ઉઠે નહિ. ચોથો કહે કે હું તો વનના પક્ષીની ભાષાઓ જાણું છું. એ કાંઇ વાતો કરશે તો હું તમને તરતજ બાતમી આપીશ.

ચારે જણાયે આમ વાત કરીને પછી એમ ઠરાવ્યું કે આપણે આજે મોટી ચોરી કરવી. પછી તેઓ ગામ તરફ ચાલ્યા. વિક્રમરાજા પણ છુપે શરીરે તેમની પાછળ ગયા. પહેલા તો તેમના મનમાં એમ આવ્યું કે આ ચાર ચોરોને હું મારા માણસો પાસે પકડાવી દઉં. પણ પછી તેમને એ લોકો શું કરે છે તે જોવાનું મન થયું. એ ચોરો ગામમાં ગયા. પાછળ વિક્રમરાજા પણ ચાલ્યા.

મોટી હવેલીઓવાળી એક પોળમાં તેઓ ઉભા. બ્રાહ્મણોનાં ઘર હતાં. એટલે ચોરોએ નક્કી કર્યું કે અહિં તો ચોરી ના કરવી. આખું ગામ એમને દાન કરે ત્યારે આપણે શા માટે તે લઇયે ? આગળ ચાલતાં વાણીયાનાં ઘર આવ્યાં. ચોરોએ કહ્યું કે વાણીયાને તો ધન બહુજ વહાલું. જો એમનું ધન લઈયે તો એ નિસાસા મૂકે અને એ ધન આપણને પચે નહિ. પછી ભાટ લોકોના ઘર પાસે આવ્યા. ચોરો કહે, આ તો બિચારા થોડા પૈસા માટે લોકોનાં વખાણ કર્યા કરે. વળી એ અડધા બ્રાહ્મણ કહેવાય, માટે એમને ઘેર તો ચોરી ના કરવી. ત્યારપછી સોની, સુતાર, વગેરે કારીગર લોકોનાં ઘર આવ્યાં. તેઓ બિચારાં થોડા

ધન માટે બહુજ મહેનત કરે છે, એમ ધારી તેમણે ત્યાં પણ ચોરી ના કરી. એમ કરતાં કરતાં તેઓ રાજાના મહેલ પાસે આવી પહોંચ્યા. ત્યાં તેમણે નક્કી કર્યું કે આ ઘર બરોબર છે. બધા લોકોનું ધન રાજા લુંટી લે છે. એને કાંઇ કમાવા જવું પડતું નથી. ધન લીધાથી કોઇ નિસાસો મૂકશે નહિ. વળી ચોર લોકોને તો એ માર મારી સજા કરે છે, માટે એ તો આપણો શત્રુ કહેવાય. વળી

મારવો તો હસ્તી છે સાર, લુંટવો તો રાજભંડાર;
વઢવું તો બળીયાની સાથ, કરવું પૂણ્ય તો જમણે હાથ.
મરવું તો ગંગાને તીર, નહાવું તો નર્મદા નીર;
કાશીમાંહે કરવો વાસ, સજ્જન સહોદર રહેવું પાસ.
લેવું તો રાજનું ધન, જેનું મોહોટું હોયે મન;
રાંકનું ધન લેવું તે વેઠ (માટે) ઉતારો માલ જે હોયે ઠેઠ.

આમ વિચાર કરી તેઓ રાજાના મહેલમાં પેઠા. પહેલા ચોરે બધાં માણસોને ઉંઘમાં નાંખ્યા. બીજાએ કહ્યું કે રાજાના પલંગના ચાર પૈયા નીચે ચાર કળશ દાટેલા છે. તેમાં એટલું ધન છે કે આ આપણું બધું દળદર મટી જાય. ત્રીજાએ તરતજ પોતાના જોરથી પલંગ ખસેડીને ખાડા ખોદ્યા. જોતજોતામાં તો ચાર ચરૂ કાઢયા. રાજા વિક્રમ તો આ જોયાજ કરતા હતા. તેમણે વિચાર્યું કે હમણાં એ લોકો છોને લે. મારી નજર આગળજ બધું છે. હું છેવટે એમને પકડીશ. ચોરોએ દરેકે એક એક કળશ માથે મૂકયો. તેમાં પુષ્કળ ધન હતું. તે લઇને તેઓ પોતાને રસ્તે પડયા. તેમનું ઘર જોવા વિક્રમરાજા તેમની પાછળ ચાલ્યા. બધા ગામ બહાર નિકળ્યા. એટલામાં શીયાળ

બોલ્યાં એટલે પેલો ચોથો ચોર જે જાનવરની ભાષા જાણતો હતો તે ચમક્યો. તેણે એકદમ બીજા ચોરોને ઉભા રાખ્યા. અને કહ્યું કે આ શીયાળ કહે છે કે તમે જે બધું કરો છો તે કળશનો માલીક જુવે છે. માટે તમારૂં ઘર બતાવશો નહિ. આ ઉપરથી ચારે જણા વિચારમાં પડી ગયા. અને તેમણે ઠરાવ્યું કે આ ચારે કળશ અત્યારે આપણે પર્વતની ગુફામાં છુપાવી દેવા અને ત્રણ ચાર દિવસ પછી તે આપણે ઘેર લઇ જઈશું. પછી તેઓએ તે કળશ સંતાડી દીધા અને ત્યાંથી જુદા થઈ વિખરાઇ ગયા. આ જોઈ વિક્રમરાજા તો ગભરાયા. એ ચોરોને ઓળખી શક્યા નહોતા. હવે જો એકની પાછળ જાય તો કદાચ બીજા આવી ધન કાઢી જાય. માટે તેમણે વિચાર્યું કે સવાર સુધી તો અહિંજ ચોકી કરવી. વહાણું વાયું એટલે ઘેર જઇ સૂઇ રહ્યા.

સવારે ચોકીયાત લોકોએ મહેલમાં ખાતર પડેલું જોયું. તે જોઇને તેઓ ગભરાઇને પ્રધાનને કહેવા ગયા. પછી બધા મહેલમાં ગયા. તપાસ કરતાં ખબર પડી કે રાજાના ચરૂ ગયા છે. આ સાંભળી સૌ ત્રાસી ગયા. હવે રાજાજી દંડ દેશે એમ સૌને બીક લાગી. આખો દિવસ બધાયે ખૂબ તપાસ કરી. પણ કોઈને પગલું જડયું નહિ. રાત્રે રાજાજીએ એક બળદની ગાડી જોડી અને પેલા ચરૂ લાવવા ગયા. ગુફામાં જઈને તેમણે ચારે ચરૂ ગાડીમાં મૂકયા અને ગાડી શહેર તરફ લાવ્યા. તે વખતે તેમણે શહેરમાંથી એક બ્રાહ્મણ કુટુંબને પોતાની તરફ આવતું જોયું. તેમણે ગાડી ઉભી રાખીને પૂછયું: તમે કોણ છો, અને અત્યારે કયાં જાવ છો? ત્યારે તે કુટુંબનો

વડીલ બોલ્યોઃ ભાઇ તમે તમારે રસ્તે જાવ. અમને અમારી મેળે સુખેથી જવા દો. પછી રાજાના બહુ જ આગ્રહથી તેણે કહ્યું કે અમે બહુજ ગરીબ, અને દુઃખી માણસો છીયે. અમે બહુ બહુ પ્રયત્ન કર્યા પણ પેટપુરતું ધાન પણ મળતું નથી. વળી હવે છોકરા ઉંમર લાયક થયા એટલે તેમનાં લગ્ન પણ કરવાં જોઇયે. છોકરાનાં લગ્ન લીધાં છે અને બે દિવસમાં જાન આવવાની છે. તે માટે ઘણું ખર્ચ કરવું પડે તેમ છે. પણ પૈસા વિના કાંઇયે બને નહિ. એટલે અમે આ ગામ તજીયે છીયે, પાડોશીયોમાં નામોશી થાય માટે રાતોરાત નિકળી જઇયે છીયે. આ સાંભળી વિક્રમરાજાને દયા આવી. વળી જો કોઈ કુટુંબ પોતાનું ગામ તજી જાય, તો તેમાં રાજાની પણ આબરૂ જાય. તેથી તેમણે કહ્યુંઃ ભાઇ ! આ ચરૂ છે તેમાંથી એક તું લઇ લે અને પાછો વળ.

ચરૂ જોઈને બ્રાહ્મણભાઇનો લોભ જાગ્યો. એ તો એક પછી એક ચારે ચરૂ તપાસે. તેમાંથી કયામાં વધારે ધન હશે તે નક્કી થાય નહિ. રાજાએ પૂછયુંઃ મહારાજ, આમાંથી તમે લેશો તો તમારૂં મન પ્રસન્ન થશે! ત્યારે બ્રાહ્મણભાઇ બોલ્યાઃ જો અમારૂં મન પ્રસન્ન કરવું હોય, તો તો મને ચારે ચરૂ આપી દો. તમે મોટા દાતાર છો. અને અમે તો માંગણ છીયે. અને જ્યારે લાજ ખોઇને માંગણી કરવાની છે ત્યારે તો પૂરૂં માંગવું.

જ્યાં મળ્યા ગંગા નરબદા તીર, કુપ તળાવનાં ત્યાં શાં નીરઃ
જ્યાં મળી કામધેનુ ગાય, બકરીને તો કોણજ ચહાય.
સાકર ખાંડના શીરા જમે, થઠ બાજરી તેને કેમ ગમે.

કશર અમે શાને કીજીયે, મનુષ્ય તેવું માંગી લીજીયે,
કુબેર સમ ભંડારી તમો, શાને ઓછું માંગું અમો.

આ સાંભળી રાજાયે ચારે ચરૂ તેને આપી દીધા. પોતે ગાડી હાંકીને તેને ઘેર તે મૂકી આવ્યા.

બીજે દિવસે બ્રાહ્મણે તો વેવાઇને ઉતાવળે બોલાવવા એપીઆ મોકલ્યા. તાકીદે માંડવા બાંધવા હુકમ આપ્યો, અને જમણ માટે નોતરાં મોકલ્યાં. આ બધું કર્યું પરંતુ આજે સારો દિવસ હતો નહિ એટલે બ્રાહ્મણે ચરૂમાંથી ધન કાઢયું નહિ. તેણે વિચાર કર્યો કે આવતી કાલે તે કાઢીશું. રાત પડી એટલે પેલા ચાર ચોર પણ ભેગા મળ્યા અને વિચાર કર્યો કે હવે આપણે પેલા ચરૂ કાઢીને લઇ જઇયે. એમ વિચારી તેઓ પેલી ગુફામાં ગયા. ત્યાં જઇને જુવે છે તો જગા ખોદેલી હતી અને ચરૂ નહોતા. ચોરોએ વિચાર્યું કે આ ધન તો આપણે ગમે ત્યાંથી શોધી કાઢવું જોઇયે. આપણે આપણી બધી વિદ્યા અજમાવીને તે પાછું લેવુંજ જોઇયે. પછી પોતે ગુપચુપ ગામમાં ફરવા નિકળ્યા. છુપાવેલું ધન પારખવાની વિદ્યા જેની પાસે હતી તે બ્રાહ્મણના ઘર આગળ ઉભો રહ્યો. પેલા બીજા ચારે બધાંને ઉંઘમાં નાંખી દીધાં અને ત્રીજાએ પોતાના બળથી ચરૂ કાઢી લીધા. ચારે જણા પછી છુપાઈ ગયા. બ્રાહ્મણભાઇયે સવારે તો ખાતર પડેલું જોયું. તેમને લાગ્યું કે આપણે રાજા પાસેથી બધા ચરૂ લીધા તે રાજાથી ખમાયું નહિ તેથી તેણે રાત્રે ખાતર પડાવ્યું. તેના વિના આપણે ત્યાં ધન છે, તે કોઇ જાણતું નહોતું. પોતે નોતરાં કાઢેલાં તેનું શું થશે તે વિચાર

હવે આવવા માંડયા. લોકોમાં આબરૂ જશે અને ફજેતી થશે તેથી આખું કુટુંબ અકળાઈ ગયું. તેમણે છેવટે વિચાર કર્યો કે આપણે આપઘાત કરવો અને રાજાને માથે તે પાપ નાંખવું એમ વિચાર કરીને તેઓ રાજમહેલમાં ગયા. રાજા દાતણ કરતા હતા, ત્યાં જઈ આ બ્રાહ્મણે તો ગાળો દેવાજ માંડી અને છરી કાઢી આપઘાત કરવા માંડયો. રાજાએ તેને શાંત પાડયો અને હકીકત પૂછી. રાજાએ જ્યારે બધી વાત સાંભળી ત્યારે કહ્યું કે તમારો વહેમ ખોટો છે. હું ચરૂ સંબંધી કાંઇજ જાણતો નથી. પણ તમે જોઇયે તેટલું ધન લઈ જાઓ અને તમારે ત્યાંનાં ટાણાં પૂરાં કરો. બ્રાહ્મણે તો જક લીધી કે મારા ચરૂ આપો. અંતે રાજાએ સમાધાની કરી કે હમણાં તમે અહિંથી ધન લઈ વિવાહ પૂરા કરો, અને દશબાર દિવસમાં હું ચરૂની તપાસ કરી આણી આપીશ.

આ વાત આખા ગામમાં પ્રસરી ગઈ, ગામના લોકોએ જાતજાતની વાતો કરવા માંડી. કોઈ કહે એ તો રાજાએજ લીધેલા, કોઈ વળી કાંઇ બીજું કહે. આ બધું સાંભળી રાજાને એમ લાગ્યું કે મારે પ્રજામાં ખાત્રી કરી આપવી જોઇયે કે મેં તો તે નથી લીધા. આમ વિચારી તેમણે પ્રધાનને તથા બીજા અમલદારોને તપાસ કરવાની તાકીદ આપી. પોતે મહાકાળેશ્વર મહાદેવમાં ગયા અને ત્યાં બહુ પ્રાર્થના કરી. પછી ગામના જુદી જુદી જાતના માણસોને તથા મહાજનના શેઠોને તેમણે વારા ફરતી બોલાવ્યા. જાણીતા જેલમાં જઇ આવેલા ચોરોને પણ બોલાવ્યા. સર્વને કહ્યું કે જે લોકો ચોરને પકડી આપશે તેને હું મોટું

ઈનામ આપીશ. છેવટે દારૂડીયાઓને પણ એકઠા કર્યા. પરંતુ કોઇપણ રીતે ચોરોનો કે ચરૂનો પત્તો મળ્યો નહિ. ત્યાર પછી ગામના જુવારીઓને એકઠા કર્યા. રાજાએ તેમને જુદા ઓરડામાં તેડયા. પછી દરેક જોડે વારાફરતી એકાંતમાં વાતો કરી અને બહુ સમજાવ્યા. આ જુગારી ટોળામાં પેલા ચાર ચોરો હતા. પરંતુ તેઓ જરાયે ઓળખાઈ આવે તેમ નહોતું. જુદી જુદી વાતો કરતાં રાજાને આ ચાર માણુસો એક સરખા લાગ્યા. તેથી તેમણે એ ચોરોને જુદા પાડયા અને પછી ખાનગીમાં બોલાવીને ઘણા સવાલ પૂછયા. અન્તે રાજાને ખાત્રી થઇ કે આ ચાર જણાયેજ કળશ લીધેલા છે. પછી તેમણે આ લોકોને ચોખ્ખી વાત કહી દીધી કે તમે જ ચોર છો. અંતે તે ચોર બોલ્યા: તમારી વાત સાચી છે. અમેજ ચરૂ લીધા છે. બંને વખત અમેજ ચોરી કરી છે. પરંતુ હવે તો મમતનો સવાલ છે. તમારે પોતાને માથે તહોમત આવ્યું છે એટલે અમે ભરીસભામાં કબુલ કરવાના નથી. તમારે ફાવે તો તમે મુદ્દા-માલ સાથે અમને પકડો. જો અમે જાતે કબુલ કરીયે તો માલ પણ જાય અને આબરૂ પણ જાય.

ત્યાર પછી રાજાએ તેમને બહુ સમજાવ્યા. રાજાએ કહ્યું કે, તમે પહેલી વાર મારા મહેલમાં ચોરી કરી તે જાણું છું. મેં તે નજરે જોઇ છે. તમે ઘણા હોંશીયાર માણુસો છો. વળી તમે ગામમાં બ્રાહ્મણ, ભાટ, વગેરે લોકોને ત્યાં ચોરી નહોતી કરી તેથી તમારૂં ઉદાર દીલ પણ મેં જોયું છે. માટે મારી વિનંતિ સાંભળો. તમે ચોરી તથા

જુગટું છોડીને બીજા ધંધામાં તમારી હોંશીયારી બતાવો. અંતે રાજાનું કહ્યું ચોરોને ગળે ઉતર્યું ને તેમણે ચોરી ભરસભામાં કબૂલ કરી અને ચારે કળશ લાવીને હાજર કર્યા. રાજાએ દરેકને પાંચપાંચ ગામ ઇનામ આપ્યાં. અને તેનો વહીવટ તેઓએ બહુજ હોંશીયારીથી કર્યો. તેઓએ ફરીથી ચોરીનો ધંધો કર્યો નહિ. પેલા બ્રાહ્મણને કળશ મળ્યા. પણ રાજાને માથે તહોમત મૂક્યું હતું તેથી તે બહુજ પસ્તાયો અને બધુંજ ધન તેણે પરોપકારમાં વાપરવા રાજાને પાછું આપી દીધું.

આવા પરાક્રમી વિક્રમરાજા હતા. તેમના જેવાં પરોપકારનાં કામ જે કરશે તેજ આ સિંહાસન ઉપર બેસશે. આટલું કહી બાળા નામની પુતળી આકાશમાં ઉડી ગઇ.

વાર્તા ૧૨ મી.

કાવડીયાની વાર્તા.

પુતળીઃ સિંહકા.

વાર્તા ૧૨ મી.

કાવડીયાની વાર્તા.

એકવાર ઉજ્જન નગરીમાં જાત્રાળુઓનું એક ટોળું આવી પહોંચ્યું. તેઓ ઘણા તીરથો કરીને ત્યાં આવ્યા હતા. તેમણે દૂર દૂર સુધી વિક્રમરાજાનાં વખાણ સાંભળ્યાં હતાં. એટલે એમના દર્શન કરવાનું તેમને મન થયું. સારો રાજા તે પણ તીરથ જેવો છે; અને તેના દર્શનથી પણ પૂણ્ય થાય છે; એમ તેઓ માનતા હતા. તેથી તેઓ દરબારમાં ગયા. તેમના આવવાનું કારણ જાણી વિક્રમરાજાએ તેમની બહુ સરભરા કરી અને જાત્રાળુઓ તેથી આનંદ પામ્યા. તેઓએ પોતાનો જાત્રાનો અનુભવ બહુ રસભરી રીતે કહ્યો. તેથી વિક્રમરાજાને પણ આનંદ થયો.

આ જાત્રાળુઓના ગયા પછી વિક્રમરાજાને પણ જાત્રાનો અનુભવ લેવાનું મન થયું, અને તેથી તેમણે પ્રધાનને રાજ-કારભાર સોંપ્યો, અને એક રાત્રે જાત્રાળુનો વેશ લઇને ગુપચુપ ચાલ્યા ગયા. આ વેશમાં તે બહુ બહુ ફર્યા, અને બહુ દેશ જોયા, તથા મોટી મોટી જાત્રાઓ કરી. ફરતા ફરતા તે કર્નાટકમાં આવ્યા. ત્યાં એક ગામમાં, બજારમાં, એક

વાણીયાની નાની સરખી દુકાન હતી. ત્યાં તેમણે બેસવાની રજા માગી. વાણીયાને કાંઈ બહુ વેપાર નહોતો. પણ જાત્રાળુ દુકાને બેઠો એટલી વારમાં તો બહુજ ઘરાકી થવા માંડી. એથી વાણીયાના મનમાં આવ્યું કે આ કોઈ સારાં પગલાંનો માણસ છે, અને તેથી તેણે જમવા માટે તે જાત્રાળુને આગ્રહ કર્યો. ત્યારે રાજા બોલ્યા કે ભાઇ, મારે તો નવરાત્રના અપવાસ કરવા છે. તે જો તું મને આઠ દિવસનો ઉતારો આપે, તો તારે ત્યાંજ દેવીની સ્થાપના કરૂં. આ સાંભળી પેલા વાણીયાને બહુ આનંદ થયો. એને ઉતારાની સગવડ કરી આપી. વાણીયાનું ઘર દુકાનના પાછલા ભાગમાંજ હતું. જાત્રાળુને તેણે દુકાનની પાછળ એક ખુણામાં વાસ આપ્યો.

જેટલા દિવસ રાજા ત્યાં હતા, એટલા દિવસ તે વેપારીને બહુજ લાભ થતો ચાલ્યો. એના છોકરાનો વિવાહ બહુ સારે ઘેર થયો, અને આઠ દિવસમાં એક વરસ જેટલી કમાણી થઈ ગઇ. પણ તેને એક દુઃખ હતુ. એની છોકરી ઉમર લાયક થઇ ગઇ હતી, પરંતુ તેનું સગપણ થયું નહોતું. બાપ વિવાહની વાત કરે એટલે તે છોકરી વર નાપસંદ કરે. રાજા આવ્યાના આઠમે દિવસે માબાપ તે છોકરીને બહુ સમજાવતા હતા પણ તે માનતી નહોતી. આ ઉપરથી એની ભાભીએ મેણું માર્યું કે તું તો રાજા વિક્રમને વરવાની હોઇશ ! તેથી તને બધા નાપસંદ પડે છે. આ સાંભળી તે છોકરી બોલી કે, હા. મે રાજાને જોયા નથી, પણ હું આજથી એમનેજ વરી ચુકી છું. આ વાત વિક્રમ-

રાજા સાંભળતા હતા; પણ તેઓ કાંઈ બોલ્યા નહિ. એમણે વિચાર્યું કે હવે મારે અહિંથી ચાલ્યા જવું જોઇયે. તે રાત્રે ચાલ્યા જવાનો પોતે નિશ્ચય કર્યો, અને તેથી રાત્રે ઉંઘ્યા નહિ. અડધી રાત થઇ ત્યારે પેલી વાણીયાની છોકરી, છાનીમાની ઘરમાંથી ચાલી. તે કયાં જાય છે તે જોવાનું રાજાને મન થયું. અને તેથી તે પણ તેની પાછળ ગુપચુપ ચાલ્યા.

પેલી છોકરી તો ગામ બહાર એક કુવા આગળ ગઈ અને તેમાં પડવાની તૈયારી કરવા માંડી. આ જોઇ વિક્રમરાજા એકદમ ત્યાં આવ્યા, અને પૂછયું કે, બાઇ! તું અહિં શું કરે છે? ત્યારે તે બોલી કે, તું તારે રસ્તે જા. મારે તો હવે મર્યા વગર છુટકો નથો. હું મારા મનથી રાજા વિક્રમને વરી ચુકી છું, પણ એ કાંઈ મને વરે નહિ, અને હવે બીજાને હું કદી પરણું નહિ. માટે આપઘાત કરીને હું તો મરી જઈશ, એમ કહીને તેણે પડતું મૂકવા માંડયું. પણ વિક્રમરાજાએ એકદમ તેનો હાથ ઝાલ્યો અને તેને બચાવી લીધી. આ ઉપરથી તે બાઇ બહુ ગુસ્સે થઈ. તેણે કહ્યું કે પરપુરૂષે મારો હાથ ઝાલ્યો એટલે મને બહુજ પાપ લાગ્યું. આમ કહી તેણે કલ્પાંત કર્યું; અને ફરી કુવામાં પડવા મંડી. આ જોઈ વિક્રમરાજાયે કહ્યું, બાઈ, તારો પરપુરૂષે હાથ નથી ઝાલ્યો. હું પોતેજ વિક્રમ છું. આટલું કહી તેણે પોતાની નિશાનીઓ આપીને બાઇની ખાત્રી કરી આપી.

આ હકીકત જાણીને બાઇને બહુજ આનંદ થયો. પણ વિક્રમરાજાએ કહ્યું કે મારાથી અહિં રહેવાય તેમ નથી.

હજી તો મારે જાત્રા બાકી છે. છેવટે તે બંને જણે નક્કી કર્યું કે અત્યારે ગાંધર્વ લગ્ન કરી દેવું અને વહાણું વાતાં રાજાએ ચાલ્યા જવું. રાજાએ વળી આગ્રહ કર્યો કે મારૂં નામ તારે કોઇને કહેવું નહિ. તે રાત બે જણાયે ભેગી ગાળી. ઘરમાં કોઇયે જાણ્યું નહિ અને વહાણું વાતાં તે જાત્રાળુ સૌની રજા લઇને ચાલ્યો ગયો. પેલી છોકરીને તેણે એક ચીઠ્ઠી અને સો મોહોરો આપી અને જણાવ્યું કે તને દુ:ખ પડે ત્યારે આ ચીઠ્ઠી મને મોકલાવજે.

રાજા વિક્રમ તો જાત્રાળુને વેશે ત્યાંથી ચાલી નિકલ્યા. બધે દેશદેશાવર ફરતાં ફરતાં આ બધી વાત પણ તે ભૂલી ગયા. લાંબે વખતે તે પોતાને ઘેર ગયા, અને રાજ-કાજમાં જીવ ઘાલ્યો. અહિં પેલી વાણીયાની છોકરી તો મનમાં બહુજ મલકાતી હતી, અને આનંદમાં દહાડા ગાળતી હતી. વખત જતાં માલૂમ પડયું કે એ છોકરી બેજીવવાળી છે. આ ઉપરથી તેનાં માબાપ બહુજ ગુસ્સે થયાં, અને ફજેતીમાંથી બચવા માટે તેમણે છોકરીને ઘરમાંથી કહાડી મુકી. છોકરીનું મન પવિત્ર હતું એટલે તે પેલી ચીઠ્ઠી અને સોનામહોરો લઇને ચાલી ગઈ. પૈસાના જોરથી તેણે એક ઘર ભાડે રાખ્યું અને એક બાઇને નોકરીમાં રાખી. વખત થતાં તેને છોકરો આવ્યો. તે બહુજ રૂપાળો હતો. તે રાજાનો કુંવર છે, એમ જાણી તેની મા તેને બહુજ કાળજીથી ઉછેરતી હતી. તે મોટો થતાં તેને નિશાળે મૂકયો. તેનું રૂપ અને હોંશીયારી જોઇને બધાજ તેના ઉપર ખુશ થતાં હતાં. પણ પાછળથી

તેને નબાપો કહી, તેની મશ્કરી કરતાં હતાં. એક દિવસ નિશાળમાં તકરાર થતાં, બીજા છોકરાઓએ તેને મોંઢામોઢ મેણું માર્યું અને નબાપો કહીને ચીઢવ્યો. આ ઉપરથી તેણે પોતાની મા સાથે જક કરી, અને પોતાનો બાપ કોણ છે, તે જાણવા માંગ્યું. આ વખતે તે ચૌદ વર્ષનો હતો. એની માએ એને બધી વાત કહી અને પેલી ચીઠ્ઠી બતાવી, અને કહ્યું કે ભાઈ તે રાત પછી મેં રાજાજીના સમાચાર જાણ્યા નથી. હું તો જાણતીયે નથી કે એમનું ગામ કયાં આવ્યું. તું હમણાં બે વર્ષ હજી થોભી જા, અને પછી આ ચીઠ્ઠી લઇને રાજાજીને મળજે. પછી આપણું નશીબ હશે, તે આપણી સ્થિતિ ફેરવાશે અને મહેણું પણ ટળશે.

આ બધી વાત જાણીને તે બાળકને બહુ જ આનંદ થયો. તેણે પોતાનું નામ વિક્રમચરિત્ર રાખ્યું, અને તે દિવસથી રાજકુંવર જેવાજ બધા વિચાર કરવા માંડયા. વળી યુદ્ધકળા પણ તે શીખવા લાગ્યો. બે વર્ષમાં તો તે બહુજ હોંશીયાર બની ગયો. એક રાજાના કુંવરને છાજે તેવી બધીજ કેળવણી તેણે લીધી, અને રૂપ તો હતું જ. પોતાની કેળવણી પૂરી થઇ, ત્યારે વિક્રમચરિત્રે પોતાની માને કહ્યું કે હું હવે ઉજ્જન જઉં છું, અને ત્યાં રાજાજીને મળવા પ્રયત્ન કરીશ. પછી તમને તેડવા આવીશ.

કેટલેએક દિવસે તે ઉજ્જન પહોંચ્યો. પહેલાં તો એણે ગુપચુપ તપાસ કરવાનું નક્કી કર્યું. કારણ કે કદાચ એક વાર રાજા જો પોતાનો નકાર કરે તો કામ કપરૂં થઇ જાય, અને વળી જો ઢોંગી ઠરાવે તો બહુ સજા થાય. માટે બધું કામ

કળથી કરવાનું હતું. તે આમ વિચાર કરતો કરતો શહેર બહાર રાજાની વાડીમાં એક ઝાડ તળે બેઠો હતો તેવામાં રાજાની માલણ ફુલ વિણવા ત્યાં આવી. તેણે આ જુવાનના મોં ઉપર તેજ જોયું. તેને લાગ્યું કે આ કોઇ રાજવી છે. પછી તે તેની પાસે આવી અને પૂછયું: ભાઇ, તમે કોઈ પરદેશી લાગો છો, માટે જો ઉતારો જોઇ તો હોય તો ખુશીથી મારે ઘેર પધારો; તમે મને તમારી બેન જાણજો. વિક્રમચરિત્રે કહ્યું કે, હું અજાણ્યો તો છું પણ મને તમારે ઘેર લઈ જવામાં કદાચ જોખમ ખેડવું પડશે. મારે દરબારમાં કામ છે, અને કદાચ રાજાની ઇતરાજી પણ થાય તેવું છે. માટે મને નોતરૂં આપતાં પહેલાં જરા વિચાર કરજો. આનું નિખાલસપણું તથા બોલવાની છટા જોઇને તે માલણ અંજાઇ ગઈ, અને બોલી કે, મેં તો તમને ભાઇ કહ્યા છે એટલે હું તો તમારે પડખે જ છું. વળી મહેમાન તો દેવ સમાન ગણવાના છે, એટલે ભલેને ગમે તે થાય પણ હું તો તમારાજ પક્ષમાં રહીશ, માટે ખુશીથી મારે ઘેર તમે ચાલો.

વિક્રમચરિત્ર પેલી માલણને ઘેર ગયા, અને હવે આગળ કામ કેમ કરવું તેનો વિચાર કરવા માંડયો. આટલે વર્ષે વિક્રમરાજાને જુની વાત યાદ હોય તે તો અસંભવિત હતું. વળી એક વાર જો રાજા પોતાને ધુતકારી કાઢે તો જીવવું પણ ભારે પડે. માટે પહેલાં કાંઈ પરાક્રમ કરી બતાવવું જોઇયે, અને પછી રાજાને પોતાની ઓળખાણ આપવી, આમ તેણે મનમાં નક્કી કર્યું.

પછી તેણે એક કાગળ વિક્રમરાજાને લખ્યો. તેમાં જણાવ્યું હતું કે હું આ રાજનો હકદાર વારસ છું. મારો હક્ક સ્વીકારવાનો ઢંઢેરો આવતી કાલે તમે બહાર પાડજો. નહિ તો હું તમારી સામે બારવટું લઇશ, અને તમને તથા તમારી પ્રજાને પીડીશ. આ પત્ર તેણે માલણને આપ્યો, અને કહ્યું કે વિક્રમરાજા જાણે નહિં તેમ તે એમના હાથમાં જવો જોઇયે. માલણે તેમ કરવાની કબુલત આપી.

માલણે પોતાની હોંશીયારીથી ફુલની જોડે પેલો કાગળ દરબારમાં મૂકી દીધો, અને તે રાજાના હાથમાં આવ્યો, ભરદરબારમાં તે કાગળ વંચાયો. રાજાને તે સાંભળી ઝાળ ઉઠી, અને કહ્યું કે આ લખનારને જે પકડી લાવશે તેને હું મોટું ઇનામ આપીશ. આ સાંભળી સહદેવ અને મૂળદેવ નામના બે પંડિત ભાઇયોએ તેને પકડવાનું બીડું ઝડપ્યું. તેજ દિવસે રાજાએ ગામમાં દાંડી પીટાવી કે કોઈ એક બારવટીયો ગામમાં આવ્યો છે, માટે લોકોએ સાવધાન રહેવું અને રાત્રે આઠ વાગ્યા પછી બહાર નિકળવું નહિં. જે બહાર નિકળશે તેને પંડિત સહદેવ અને મૂળદેવ બારવટીયાના મળતીયા તરીકે ગણીને પકડશે.

માલણે આ બધી હકીકત વિક્રમચરિત્રને જણાવી, અને કહ્યું કે ભાઈ આજે તમે રાત્રે બહાર જશો નહિં. વિક્રમચરિત્રે તો પોતાની યુક્તિનોજ વિચાર કર્યો. રાત્રે માલણ સુઇ ગયા પછી તેણે એક સ્ત્રીનો વેશ લીધો અને હાથમાં પૂજાની સામગ્રી લીધી. પછી સહદેવ મૂળદેવના ઘર પાસે તે ગયો. ત્યાં સહદેવ ઉભો હતો—તેણે કહ્યું, કે બાઇ તું રાત્રે કેમ

નીકળી છું ? તને રાજાના ઢંઢેરાની ખબર નથી ? ત્યારે તેણે કહ્યુંઃ મને ખબર તો છે, પણ રોજ રાત્રે શિવજીની પુજા કરવાનું મારે વરત છે, અને આજે ઢંઢેરાને લીધે મારો નોકર મારી સાથે ના આવ્યો તેથી મારે એકલાં નિકળવું પડયું. આમ વાત ચાલતી હતી એટલામાં મૂળદેવ ત્યાં આવ્યો. બંને ભાઈઓએ આ સ્ત્રીને રાત્રે એકલી જોઇને તેની મશ્કરી કરવા માંડી, અને તે સ્ત્રીએ પણ તેમની સાથે રમત શરૂ કરી. પછી તેમણે બારવટીયાની વાત કાઢી. પેલી બાઈ કહે કે તમારા હાથમાં તે આવે તો તમે શું કરો ? આ સાંભળી બંને ભાઈઓએ પોતાની બડાશો શરૂ કરી, અને જાણે બે બારવટીયા હોય, અને આમ આવે તો અમે આમ કરીએ, એમ કહેતાં કહેતાં તેમણે દોરડાવતી એક બીજાના હાથ બાંધ્યા અને પગ પણ બાંધ્યા. આ જોઇને પેલી બાઈયે રમતમાં ને રમતમાં દોરડાની ગાંઠોને ખૂબ મજબુત કરી, અને પછી બંનેને એક થાંભલા સાથે કકડાવીને બાંધ્યા. પેલાઓને દુઃખ થવા માંડયું એટલે તેમણે કહ્યું કે, હવ મશ્કરી રહેવા દે અને અમને છોડી નાંખ. ત્યારે વિક્રમચરિત્રે પોતાનું ખરૂં રૂપ બતાવ્યું અને કહ્યું કે હુંજ બારવટીયો છું. આમ કહીને પેલા બે જણાને મોંયે મેશ ચોપડી. પછી તે રાજદરબારે ગયો અને કહ્યું કે મને સહદેવ અને મૂળદેવે મોકલ્યો છે. એમણે બે બારવટીયાને પોતાના ઘર આગળ બાંધ્યા છે માટે તમે જઇને એ લોકોને અહિં પકડી આણો. રાત્રે ને રાત્રે ચોકીદારો ભેગા થયા, અને તેમના હોકાટથી ગામના લોકો પણ જાગ્યા. મોટાં મોટાં ટોળાં

બારવટીયાને જોવા ગયાં. અને તેમના અવાજની ગડબડમાં પેલા લોકો કાંઈ બોલતા હતા તે પણ સંભળાયું નહિં. બધા લોકો મારતા મારતા પેલા બારવટીયાઓને ગામમાં ફેરવી દરબારમાં લઇ આવ્યા. સવાર થતાં તો પેલા બે જણા ઓળખાયા. વિક્રમરાજાએ તેમને છુટા કરાવીને બધી હકીકત પૂછી. પેલા બારવટીયા ઉપર તેમનો ક્રોધ ચઢયો અને તેને પકડી લાવનારને ફરી પાછું મોટું ઇનામ આપવાનું જાહેર કર્યું.

આ વખતે લલો અને પતો નામના બે મીઠાઇવાળાઓએ એ કામ માથે લીધું. આ બે બહુજ હોંશીયાર ભાઇઓ હતા અને રાજાના માનીતા હતા. બીજે દિવસે આ હકીકત માલણે વિક્રમચરિત્રને જણાવી. ફરી પાછો રાત્રે બહાર ના નિકળવાનો ઢંઢેરો પીટાયો, અને રાત પડતાં ગામમાં સમશાન જેવી શાંત ફેલાઈ ગઇ. બધું શાંત થયા પછી વિક્રમચરિત્ર એક દૂર દેશના મુસાફર જેવો વેશ લઇને ગુપચુપ નિકળ્યો, અને તેણે મીઠાઇવાળાની દુકાને જઈને બૂમો પાડવા માંડી. તેણે કહ્યું, કે ભાઈ હું પરદેશી મુસાફર છું. ત્રણ દિવસનો ભૂખ્યો છું, માટે મને થોડી મીઠાઈ આપો, અને જે પૈસા થાય તે લ્યો. પેલા મીઠાઇવાળાઓએ તો જાળીનાં બારણાં બંધ કરી દીધાં હતાં. તેમણે કહ્યું કે તને ઢંઢેરાની ખબર નથી? તું ચાલ્યો જા. નહિ તો તને પકડવામાં આવશે. ત્યારે પેલો કહે કે, ભાઈ, તું મને ખાવાનું આપ, એટલે જલદી ચાલ્યો જઇશ. મીઠાઇવાળો કહે કે તું પહેલા પૈસા આપે તો ખાવાનું આપું. છેવટે એમ ઠર્યું કે એક હાથે પેલો પૈસા આપે અને બીજે હાથે ખાવાનું લે. એણે તો ખૂબ

ખાવા માંડયું. લલો અને પતો બે જણાયે મીઠાઇ આપવા માંડી અને આ મુસાફર પૈસા આપે. છેવટે એણે બંનેનો એક એક હાથ ચાલાકીથી જાળીની બહાર લઇ બાંધી દીધો અને પછી તેમને સળીયા સાથે સખત બાંધ્યા, અને જણાવ્યું કે હું બારવટીઓ છું, એમ કહી તે ચાલી નિકળ્યો. બીજે દિવસે સવારે બધા લોકોએ આ બે મીઠાઇવાળાનું ફારસ જોયું અને તેમની બહુ ફજેતી થઈ.

ત્રીજે દિવસે તો રાજાએ પોતેજ બારવટીયાને પકડવા જવાનો નિશ્ચય કર્યો. લોકો તો બધાં રાત પડતાં ઘરમાંજ ભરાઇ ગયાં. વિક્રમરાજા ગામબહાર હરસિદ્ધ માતાની પૂજા કરવા અને તેમનો આશીર્વાદ લેવા એકલાજ ગયા. વિક્રમચરિત્ર આજે બહુ જ સાવધાન હતો; એને રાજાનો ડર હતો, અને તે શું કરતો હતો તેની પૂરી તપાસ રાખતો હતો. જ્યારે તેણે જોયુ કે રાજા એકલા જાય છે, ત્યારે તે છુપાતો છુપાતો તેમની પાછળ ચાલ્યો. રાજા હરસિદ્ધ માતાના મંદિરમાં ગયા, અને ત્યાં જઇ તેમણે સમાધિ ચઢાવી. આ લાગ જોઇને વિક્રમચરિત્રે મંદિરનાં બારણાં બંધ કરી દીધાં, અને બહાર છુપાઇ રહ્યો. રાજાની સમાધિ પુરી થઇ, એટલે બારણું ઉઘાડવા આવ્યા, પણ બંધ જોઇ બૂમો પાડવા માંડી. એટલે વિક્રમચરિત્રે કહ્યું કે રાજાજી આજે તો આપ ચોર થઇને પુરાયા છો. હવે મને જ્યારે પકડશો ત્યારે ખરા. એમ કહી એ ચાલ્યો ગયો. અને દરવાનને જઇને કહ્યું કે રાજાજીએ મને મોકલ્યો છે અને કહ્યું છે કે બારવટીયાને હરસિદ્ધ માતાના મંદિરમાં પકડીને કેદ કર્યો

છે. માટે પ્રધાનજીને લશ્કર લઇને ત્યાં મોકલો. પ્રધાનજી લશ્કર લઇને ગયા. સાથે ગામ લોક પણ બહુ ગયાં, અને વિક્રમરાયની જે બોલાવી. પરંતુ ત્યાં તો રાજાનેજ પુરાયલા જોઇને બધા ખસીયાણા પડયા.

પણ રાજાજીએ હવે બીજે દિવસે તો તેમે પકડવાનો પાકો નિશ્ચય કર્યો. આજે પેલો બારવટીયો પોતે ગામ બહાર નદી કીનારે બેઠો હતો. આજે શી યુક્તિ કરવી તેના વિચારમાં તે હતો. એટલામાં તેણે દૂરથી ઘોડાના પગલા સાંભળ્યા. એણે ધાર્યું કે રાજાજી આ તરફજ આવતા લાગે છે. આસ-પાસ નજર નાંખતાં એણે એક સફેદ ધોળેલો ઘડો જોયો. તે લઇને તેણે નદીમાં વહેતો મૂકયો, અને પછી પોતાનાં કપડાં કાઢી ભીનાં કરીને મૂકયાં. અને મોટી બૂમ પાડી કે કોઇ આવો-મદદ કરો. આ સાંભળીને વિક્રમરાજા, જેઓ પોતેજ પેલા ઘોડા ઉપર હતા, તે ત્યાં આવ્યા. પેલાએ કહ્યું કે મહારાજ, હું તો ધોબી છું. મારાં કીમતી લૂગડાં લઇને પેલો બારવટીયો નાઠો છે. મેં બૂમ પાડી એટલે તે પાણીમાં પડયો અને સામે તીરે જાય છે, એમ કહીને એણે પેલો સફેદ ઘડો રાજાને બતાવ્યો. રાજા પણ વિચાર કર્યા વિના બારવટીયાને પકડવાની લાલચે ઘોડેથી ઉતરી નદીમાં પડયા. એટલે બિક્રમચરિત્ર રાજાના ઘોડા ઉપર ચઢી બેઠો, અને પૂરપાટ ઘોડો દોડાવી મૂકયો. રાજાએ તરતજ ઘડો જોયો એટલે પોતે ફસ્યો એમ જાણી લીધું. બારવટીયાએ જઇને પહેરેગીરને ખબર આપી કે રાજાએ નદી કીનારે ચોર ઝાલ્યો છે, અને એમનો ઘોડો આપી મને કહેવા મોકલ્યો છે. આ

સાંભળી વળી પાછા ગામ લોક અને લશ્કર નદી કીનારે ગયાં, અને પહેલાંનીજ પેઠે બની–ખસીયાણા પડી–બધાં પાછાં ફર્યાં.

હવે તો રાજા બારવટીયાની ચતુરાઇ જોઇ આનંદ પામ્યા. તેથી બીજે દિવસે રાજાએ જાહેરનામું બહાર પાડ્યું. તેમાં તે બારવટીયાને અભય વચન આપ્યું કે તને કાંઈ પણ સજા કરવામાં આવશે નહિં. તું ચોર નથી પણ ચતુર નર છું. માટે તું દરબારમાં આવ અને તારે જે જોઈતું હોય તે કહી દે. આ સાંભળી વિક્રમચરિત્રે સુંદર કપડાં પહેર્યાં, અને પૂરા ઠાઠથી દરબારમાં ગયો. જઇને તેણે રાજાને નમન કર્યું. અને જણાવ્યું કે હું જ આપનો બારવટીયો છું, એમ કહી તેણે પેલો કાગળ રાજાજીના હાથમાં મૂકયો. રાજા આ માણસનું રૂપ જોઈને આનંદ પામ્યા હતા, તેના પરાક્રમથી અંજાયા હતા, અને તેમાં પોતાના હાથનો આ કાગળ જોયો. બહુ જુની વાત તાજી થઈ અને વિક્રમચરિત્રને નિરખીને જોયો. પછી તેને પાસે બોલાવીને બધી હકીકત પૂછી. એટલે તેમની ખાત્રી થઇ કે આ પુત્ર મારોજ છે. પોતાનો પુત્ર આવો ચતુર થયો છે એમ જાણી તેમને આનંદ થયો. અને પછી તેમણે બધે જાહેર કર્યું કે આ મારો પુત્ર છે. આથી ગામમાં બધે આનંદ આનંદ થઇ રહ્યો.

આ સમયે એક દુઃખી માણસ દરબાર પાસે ઊભો હતો. રાજાએ તેને જોયો અને બધા આનંદમાં હતા, તે સમયે તેને શોક શેનો હતો તે પૂછ્યું. બહુ આનાકાની પછી તેણે પોતાની વાત કહી. તે બોલ્યોઃ હું પ્રલવપુરીનો

શેઠ છું. મારે ઘેર બહુ ધન છે, પણ મને છોકરો નહોતો. પુત્ર મેળવવા માટે મેં બહુ દાન કર્યાં. અંતે એક સાધુએ કહ્યું કે જો તું ગામમાં તળાવ ખોદાવે તો તને પુત્ર થાય. આ ઉપરથી મેં મોટું તળાવ ખોદાવ્યું અને તેમાં ઘણું જળ ભરાયું. બીજે વર્ષે મારે ઘેર છોકરો આવ્યો. પણ છોકરાનો જન્મ થતાંજ તમામ જળ સુકાઇ ગયું. તેથી ગામ લોકો છોકરાને બહુ શ્રાપ દે છે, અને પાણીનું દુઃખ જોઇને મને બહુ લાગી આવે છે. મેં સિદ્ધ લોકોને પૂછયું ત્યારે તેઓ કહે છે કે જો કોઇ બત્રીસલક્ષણો પુરૂષનો ભોગ તળાવમાં અપાય તો ફરી પાણી આવે. એ જાણીને મને બહુ દુઃખ થયું છે અને તેથી હું ગામ અને ઘર તજીને ફરતો ફરૂં છું.

આ વાત વિક્રમ અને વિક્રમચરિત્ર બંનેએ સાંભળી અને વિક્રમચરિત્ર બોલ્યો કે, જો મારો ભોગ આપવાથી કામ સરતું હોય તો હું તૈયાર છું. આ સાંભળી વિક્રમરાજાએ તેને બહુજ ધન્યવાદ આપ્યો. અને બીજે જ દિવસે બાપ દીકરો પેલા માણસની સાથે પ્રલવપુરી ગયા. વિક્રમચરિત્રનો વધ કરવાનું કામ વિક્રમરાજાનેજ માથે આવ્યું અને તેમણે તે આનંદથી કરવા માંડયું. પરંતુ તરવાર ઉપાડતાંજ તળાવમાંથી દેવી પ્રકટ થયાં અને બોલ્યાં, કે ફક્ત લોહીનું એકજ ટીપું નાખવાથી તમારૂં કામ સરશે. ટીપુ લોહી નાખતાંજ સરોવર ભરાવા માંડયું. દેવીએ કહ્યું કે હું શીતળામાતા છું અને તમારો ત્યાગ જોઇને તમારા ઉપર પસંદ થઈ છું. આજે શ્રાવણ વદ સાતમ છે. તે દિવસે જે કોઈ

મારી પૂજા કરશે તેને બહુ સુખ મળશે અને તમે પણ સુખી થશો. આ પછી રાજા અને કુંવર ઉજ્જન ગયા, અને કુંવર પોતાની માને તેડી લાવ્યો અને બધાએ બહુ સુખ ભોગવ્યું.

આ વાત કહીને એ પુતળી બોલી કે, આવાં પરમાર્થનાં જે કામ કરે તેજ આ સિંહાસન ઉપર બેસી શકે. આટલું કહીને તે પુતળી ઉડી ગઈ.

વાર્તા ૧૩ મી.

સમુદ્રની વાર્તા.

પુતળીઃ માદલાજી.

વાર્તા ૧૩ મી.

સમુદ્રની વાર્તા.*

એકવાર વિક્રમરાજા સભા ભરીને બેઠા હતા. સભામાં મોટા પંડિતો હતા, શાસ્ત્રીયો હતા, કવિયો હતા અને જ્ઞાનીઓ પણ હતા. વિક્રમરાજાએ તેમને સવાલ પૂછયો:

પંડિતને પૂછે છે રાય, કહો ભાઈ જશ શાથી થાય ?
જેથી પામીયે સઘળું સુખ, ટાળીયે મહા દુખીયાનાં દુઃખ.
આ લોકમાં પહોંચે મન આશ, પરલોકમાં જમ નાવે પાસ;
સકળ લોક તે કેમ વશ થાય, તેહ તણો તો શો ઉપાય.

પંડિતોએ ચર્ચા કરીને જવાબ દીધો કે આ સર્વ લક્ષ્મીથી બનશે. વિક્રમરાજા ત્યારે બોલ્યા, કે એ લક્ષ્મી શી રીતે લાવવી ? મને રસ્તો બતાવો તો હું એટલું બધું ધન મેળવું કે કોઈ માણસ દુઃખી રહે નહિ. એ ધનથી હું બહુ બહુ પરોપકારનાં કામ કરૂં. આ સાંભળી પંડિતો બોલ્યા કે નશીબ વિના કાંઈ ધન મળતું નથી. છતાંયે જો તમે વિષ્ણુયજ્ઞ કરો, અને તે પૂરો થાય ત્યારે સાગર દાન કરો, તો તમને બહુજ પૈસો મળે.

નોંધ:—આ વાર્તાને કોઇક પ્રતમાં "સાગરની વાર્તા" પણ કહેલી છે.

રાજાએ પૂછયું કે સાગર દાન એટલે શું? રૂષિએ જવાબ આપ્યો, કે યજ્ઞ પૂરો થાય, ત્યારે રાજા અને રાણી ફક્ત લૂગડાંભેર જ ઘરની બહાર નિકળે, અને પોતાની બધીજ પૂંજી સાગરને તથા બીજાને દાનમાં આપી દે, તેનું નામ સાગરદાન. આ સાંભળી રાજાએ કહ્યું, કે હું તે પ્રમાણે જરૂર કરીશ પછી તેમણે વડા રૂષિને યજ્ઞ શરૂ કરવા વિનંતિ કરી, તથા એક પવિત્ર બ્રાહ્મણને સાગર તીરે, સાગરને નોતરૂં આપવા મોકલ્યો. રાજાએ યજ્ઞની શરૂઆત કરી દીધી. બહુજ વિધિથી યજ્ઞ પૂરો પણ થયો. પછી પોતે, રાણી તથા રાજપુત્ર ઘરની બહાર નિકળ્યાં અને બધું ધન દાનમાં આપી દીધું. આ બધી ધામધુમમાં સાગરની વાત બધા ભૂલી ગયા. પેલો બ્રાહ્મણ નોતરૂં આપવા ગયો હતો તેણે સાગરને તીરે જઇને, તેની બહુ સ્તુતિ કરી, એટલે સાગર માણસનું રૂપ લઇને બહાર આવ્યો. તેને તે બ્રાહ્મણે વિક્રમરાજા તરફથી નોતરૂં દીધું, ત્યારે સાગરે કહ્યું, કે અમે વિક્રમરાજાનાં બહુ વખાણ સાંભળ્યાં છે, અને દરિયામાં રહેનારાં બધાંજ પ્રાણી તેમને જોવા માગે છે. માટે હું એકલો ત્યાં આવીને શું કરૂં? વિક્રમરાજાને તમે અહિં મોકલો, એટલે તેમને જોવાનો લાભ અમને બધાંને મળે.

ઇશ્વરને વહાલું નહિ, વિદ્યા વાત કે રૂપ;
નહિ ડહાપણ, નહિ ચાતુરી, નહિ ભિક્ષુક, નહિ ભૂપ.
અતિ વહાલો પરમારથી, બીજો એક દાતાર;
ત્રીજો ભક્ત વહાલો ઘણો, જાણો તમે આ વાર.
સાચો વહાલો સર્વથી, જેનું કોમળ મન;
માટે દર્શન ઇચ્છીયે, એવો છે રાજન.

માટે વિક્રમરાજાને તમે અહિં મોકલી આપો ! વિક્રમ-રાજાનાં આવાં વખાણ સાંભળી પેલા બ્રાહ્મણભાઈને માન ચઢયું. તેણે કહ્યું, કે વિક્રમરાજા કાંઈ નવરા નથી. એમને તો કેટલુંએ કામ છે, માટે તમે મારી સાથે જલદી ચાલો. આ સાંભળી સાગરે કહ્યું કે, મોટો મોટો તોએ માનવી. આટલો અહંકાર ના કરવો ઘટે. જાઓ હું તમારી સાથે આવવાનો નથી, અને મારા આવ્યા વગર યજ્ઞનું ફળ પણ તેને મળવાનું નથી, એમ કહી સાગરદેવ જતા રહ્યા. બ્રાહ્મણ નિરાશ થઈ ગયો. તેને બહુજ ગુસ્સો ચઢયો, અને તે સીધો ઉજ્જૈન જવાને બદલે આમતેમ રખડયો. ઘણે દિવસે તે ઉજ્જન ગયો ત્યારે તો યજ્ઞ પૂરો થઈ ગયો હતો. તેણે વિક્રમરાજાની પાસે જઈને કહ્યું કે સાગર તો બહુજ અભિમાની છે, અને એણે આવવાની ના કહી. તથા તમારે માટે બહુજ અપમાનના બોલ કહ્યા. આ સાંભળી વિક્રમ-રાજાને બહુ ખોટું લાગ્યું. તેમણે કહ્યું કે મુનિ લોકોની મદદથી હું સાગરનું અભિમાન ઉતારીશ. એમ કહી તે પોતે સાગર તીરે ગયા, અને બૂમ પાડીને કહ્યું કે, પેલા બીચારા ગરીબ બ્રાહ્મણનું તમે અપમાન કર્યું છે. જો તમારામાં દમ હોય તો મારી સામે આવી જાવ. આ સાંભળીને સાગર બહાર આવ્યો. બંને જણા સામસામે ઉભા રહ્યા. પછી વિક્રમરાજા બોલ્યા કે મેં મોટો યજ્ઞ માંડયો, અને તમને બોલાવવા મોકલ્યું, તોપણ તમે કેમ આવ્યા નહિ ? સાગરે જવાબ આપ્યો કે, તું ગમે તેવો મોટો છે તોપણ માનવી છે. હું તો સાગર કહેવાઉં. મારી અંદર અડસઠે તીર્થ

છે. હું નદીઓનો ધણી છું, માટે હું તારે ઘેર કેમ આવું ! હું કોઈની આશા કરતો નથી. સૌએ મારી પાસે આવે છે.

આવા અભિમાનના બોલ સાંભળીને વિક્રમરાજાને બહું ખોટું લાગ્યું. તેમણે કહ્યું: ભાઈ તમારી બડાસ રહેવા દો. મોટા માણસો હોય તે કદી અહંકાર કરતા નથી. તમારાં બધાં રત્નો મહાલક્ષ્મીએ લઈ લીધાં હતાં. તથા અગસ્ત્યમુનિ તમને પી ગયા હતા, તે વખતે તમારૂં જોર કયાં ગયું હતું ?

આ સાંભળીને સાગર બહુ કોપ્યો, અને બોલ્યો, તું સતવાદી છું માટે જીવતો રહેવા દઉં છું; પણ તને હું સજા તો કરીશ જ, એમ કહી તે પાણીમાં ચાલી ગયો. પછી તરતજ મોટાં મોટાં મોજાં ઉછળવા લાગ્યાં અને વિક્રમ-રાજાની ચારે તરફ જળ પથરાઈ ગયું. પછી સડસડાટ મોજાં વાગવા લાગ્યાં. પાણીમાંના મચ્છ અને કચ્છ પણ વિક્રમરાજાને સડોસડ લગાવવા મંડયા. રાજાને બહુ વાગ્યું અને દુઃખ થવા લાગ્યું. એટલે તેમણે હરસિદ્ધમાતાના સ્તુતિ કરી. માતાજીની એમને મદદ હતી. એટલે તરતજ માતાજીએ અગ્નિ તથા વાયુને હુકમ કર્યો કે સાગરને કબજે કરો. એટલે એકદમ ખુબ પવન નિકળ્યો અને બધાં મોજાં ભાગી નાંખ્યાં. પછી પાણીમાં દવ લાગ્યો. મચ્છ અને કચ્છ બધાં ચાલી ગયાં, અને પાણીનું જોર પણ નરમ પડયું અને વિક્રમરાજા પાણીની બહાર આવ્યા.

હજી પણ આગ તથા પવનનો માર તો ચાલુજ રહ્યો એટલે સાગરે અગ્નિ તથા વાયુને પુછયું કે તમે મને શા

માટે હેરાન કરો છો ? ત્યારે તે બોલ્યા કે અમે માતાજીનો હુકમ પાળીએ છીયે. રાજા વિક્રમ માતાજીના પરમ ભક્ત છે, અને જ્યાં સુધી તું તેમની ક્ષમા નહિ માંગે ત્યાં સુધી તને આરામ નહિ મળે. આ સાંભળી સાગર તરતજ વિક્રમરાજા પાસે ગયો, અને માફી માંગી. પછી વિક્રમરાજાએ કહ્યું કે તમે તો દેવ છો. મારે ઘેર ચાલો, અને મારા યજ્ઞનું ફળ મને આપો. ત્યારે સાગરે કહ્યું, કે ભાઇ જો હું તમારે ઘેર આવું તો મારા અસંખ્ય આશ્રિત જીવો છે તે મરી જાય, અને વળી રસ્તામાં ગામો ડુબી જાય. તેના કરતાં તમને હું અહિંથીજ ફળ આપી દઉં છું. હું તમને પાંચ રત્ન આપું છું. પહેલું રત્ન હાથમાં રાખીને જેટલા પૈસાની તમે માંગણી કરશો તેટલા મળ્યા જ કરશે. બીજું રત્ન તમને જોઇયે તેટલું લશ્કર અપાવશે. ત્રીજું રત્ન તમને લુગડાં અને ઘરેણાં જોઇયે તેટલાં આપશે. ચોથું તમને જોઈયે તેટલું ખાવાનું મેવા મીઠાઈ વગેરે આપશે. પાંચમું તમને મોક્ષ અપાવશે. માટે એ પાંચ રત્નો લઇને તમે જાવ. આ ઉપરથી વિક્રમરાજા આ પાંચ રત્નો લઇને ઘેર આવ્યા.

જે બ્રાહ્મણ સાગરને નોતરવા ગયો હતો તે તેમને ત્યાં મળ્યો. તેણે કહ્યું કે આપ સાગરનો મદ ઉતારીને આવ્યા તેથી મને બહુજ આનંદ થયો છે; પરંતુ મને તો યજ્ઞના દાનદક્ષણા મળ્યા નહિ. કારણ કે હું તો સાગરને બોલાવવા ગયો હતો. માટે હવે મારા ઉપર મહેરબાની કરો. આ ઉપરથી વિક્રમરાજાએ કહ્યું કે, મને સાગરે આ પાંચ રત્ન આપ્યાં છે તેમાંથી તમે એક લઈ લ્યો. ત્યારે તે બ્રાહ્મણે

દરેકના ગુણ પુછયા. પછી કહ્યું કે હું મારા ઘરના માણસને પુછીને કહું કે, બધાંને કયું રત્ન ગમશે.

તે પોતાના ઘેર પુછવા ગયા. તેના ઘરમાં પાંચ જણ હતાં. પોતે, બૈરી, છોકરો, મા, અને બાપ. પાંચે જણના મત જુદા થયા. મા કહે કે ખાવાનું જોઇયે. છોકરો કહે કે લશ્કર જોઇયે. બૈરી કહે કે લૂગડાં જોઇયે. પોતાને ધન જોઇતું હતું. પણ તેના બાપને મોક્ષ જોઈતો હતો. આમાં કરવું શું, તેની સમજણ પડી નહિ. અને બધાંયે અંદર અંદર લઢવા માંડયું. તે બ્રાહ્મણ તો ગુસ્સે થઈ રાજાને ઘેર ગયો અને બોલ્યો કે તમારે પાપે મારે ઘેર તકરાર થઈ. રાજાએ પછી બધી હકીકત જાણીને કહ્યું કે એમાં ગભરાવ છો શું કામ? તમે આ પાંચે રત્ન લઇને બધાને સંતોષો. આ સાંભળી બ્રાહ્મણ વાહવાહ કરતો ઘેર ગયો. આવા પરોપકારી રાજા વિક્રમ હતા.

વાર્તા ૧૮ મી.

નૌકાની વાર્તા.

પુતળીઃ સુભદ્રા.

વાર્તા ૨૮ મી.

નૌકાની વાર્તા.

સુભદ્રા નામની પુતળી વિક્રમરાજાના પરાક્રમની આ વાત કહે છે, તે રાજા ભોજ સાંભળે છે.

એકવાર વિક્રમરાજા દરબારમાં બેઠા હતા. ત્યાં તેમનો પ્રધાન આવ્યો. તેણે હાથ જોડીને રાજાજીને કહ્યું: "મહારાજ, મારે જાત્રા કરવાનું બહુ મન છે. માટે આપ રજા આપો તો હું રામેશ્વરની જાત્રાએ જઉં."

પ્રધાન તો પોતે પગે ચાલતો ગયો. રસ્તામાં જુદા જુદા મંદિરોમાં દર્શન કરે અને આગળ વધે. એમ કરતાં કરતાં તે રામેશ્વર પહોંચ્યો. ત્યાં રામચંદ્રજીના વાનર લશ્કરે બાંધેલો પુલ જોયો. લક્ષ્મણજી તથા સીતાજીનાં ધામ જોયાં, તેથી તેને બહુજ આનંદ થયો. તેણે વિચાર કર્યો કે આપણે તો છ મહિના અહિં રહીને માઘવટો નાહીશું. એમ વિચારીને એ તો ત્યાંજ રહી પડયો.

ઉજ્જનમાં તો વિક્રમરાજાનું કામકાજ ચાલ્યાં કરે છે,

ઉપરની વાતને છ મહિના થઇ ગયા હતા, તેવામાં એક રાત્રે વિક્રમરાજા નગરચર્ચા જોવા નિકળ્યા. ફરતાં ફરતાં એક મકાન પાસે તેમણે કોઇ સ્ત્રીના રડવાનો અવાજ સાંભળ્યો. બારણે ઉભા રહીને જોતાં એમ જણાયું, કે એક સ્ત્રી આપઘાત કરવાની તૈયારી કરે છે. આમ જોઇને રાજા તો એકદમ તે ઘરમાં દાખલ થયા, અને પૂછ્યું: "બેન મધરાતે આમ એકલાં શા માટે રડો છો? અને જુવાનીમાં આમ મરણની તૈયારી શા માટે કરો છો? તમારૂં જે દુઃખ હોય તે મને કહો. હું તમને બનતી મદદ કરીશ." તે બાઇ પહેલાં તો અજાણ્યા માણસને આમ એકદમ આવેલો જોઇને ગભરાઇ. પણ પછી તેણે વિક્રમરાજાને ઓળખ્યા એટલે હાથ જોડીને બોલી, "મહારાજ, હું તો દુઃખી છું પણ મારે માટે આપ શું કરવા દુઃખી થાવ છો? હું મારૂં કરમે લાગ્યું ફોડી લઈશ." પરંતુ વિક્રમરાજાના બહુ આગ્રહથી તેણે કહ્યું કે: "આપના જે પ્રધાન જાત્રાએ ગયા છે, તે મારા પતિ થાય. આજે છ મહિના થઇ ગયા તો પણ તે પાછા આવ્યા નથી, અથવા તો કાંઇ સમાચાર પણ તેમણે મોકલ્યા નથી, એટલે મને બહુ ચિંતા થાય છે. મને તેમના વિશે કાંઇ દુઃખભર્યા સમાચાર મળે તેના કરતાં તો હું મરી જાઉં તે સારૂં છે. માટે આપ મારો વિચાર કરશો નહિ. મને મારા દુઃખી જીવનનો અંત લાવવા દો."

ત્યારે વિક્રમરાજાએ કહ્યું, "બેન, મનુષ્યની જીંદગી બહુજ કીમતી છે. આપણને ઇશ્વરે તે આપી છે, એટલે કોઇની કે આપણી જીંદગી ટુંકાવવાનો અધિકાર આપણો

નથી. વળી તમે ધીરજ રાખો. હું રામેશ્વર જઇને તમારા પતિની ખબર કાઢી લાવું છું."

આમ તે બાઈને ધીરજ આપીને રાજા ગયા. બીજે દિવસે રાજકાજ વજીરને સોંપીને વિક્રમરાજા જાત્રાએ ગયા. ત્યાં પ્રથમ તો બધે દર્શન કર્યાં. પછી પોતાના પ્રધાનની તપાસ કરી. પણ તેનો કાંઈયે પત્તો મળ્યો નહિ. એટલે રાજાને ચિંતા થવા લાગી. તપાસ કરતા કરતા તેઓ સીતાવનમાં ગયા. ત્યાં એક રંક અને માંદલો માણસ પડયો હતો. શરીર ઉપરનાં લુગડાં બધાં ફાટી ગયાં હતાં, અને માંદગીને લીધે પૂરૂં જોઇ કે સાંભળી શકતો પણ નહોતો. તેને જોઇને રાજાને બહુ દયા આવી. તેમણે તેની માવજત કરી. લુગડાં બદલાવ્યાં અને દૂધ પાયું. એટલે તે માંદો માણસ ભાનમાં આવ્યો. પછી રાજાએ પૂછયું કે: "ભાઈ તમે કોણ છો, અને આ હાલમાં શાથી આવ્યા છો, તે મને કહો." આ સાંભળીને પેલો માણસ બોલ્યો, "હું કમનસીબ છું, અને મારે કર્મે અહિં આવ્યો છું. મારૂં દુઃખ દૂર થશે નહિ, માટે તમે નકામા દુઃખી થશો નહિ."

પરંતુ વિક્રમરાજાના બહુ આગ્રહથી તેણે પોતાની વાત કરી કે, "હું ઉજ્જનનો રહેવાશી છું અને વિક્રમરાજાનો પ્રધાન હતો. ત્યાંથી જાત્રા કરવા માટે અહિં આવ્યો. મને આ જગા બહુજ ગમવાથી માધવપ્રેમાં નહાવા માટે અહિં રહ્યો. એક વાર મધરાતે મેં કૌતક જોયું. દરિયામાં એક મોટું વહાણ આવ્યું. પહેલાં તો મને એમજ લાગ્યું કે કોઈ મોટો બેટ દેખાય છે, પણ તે તો અતિ મોટું વહાણ

હતું. તદ્દન સોનાનું બનાવેલું હતું, અને બહુજ મોટું હતું. તે વહાણમાં વચ્ચે બહુજ સુંદર ઝાડ દેખાતું હતું, તે તેજ મારતું હતું અને તેના અજવાળાથી ચારે તરફ ઝગઝગાટ થઇ જતો હતો. તે વહાણુમાંથી બે અતિ રૂપવાન કન્યાઓ કીનારે ઉતરીને આ વનમાં તેઓ ખૂબ ફરી અને પછી પાછી જતી રહી. તે દિવસ પછી ફરી આ વહાણુ મેં જોયું નથી. તે વહાણુ, તે ઝાડ, અને તે બે કન્યાઓનાં હું જો એકજ વાર દર્શન કરી શકું તો જ મારૂં દુઃખ જાય."

વિક્રમરાજાએ હવે પોતાના પ્રધાનને ઓળખ્યો. તેની આવી દશા જોઇને તે બહુજ દિલગીર થયા. પછી તેમણે પોતાની ઓળખાણુ આપી, એટલે પ્રધાનને પણુ બહુ જ આનંદ થયો. તેમણે પ્રધાનને બહુ ધીરજ આપ્યા પછી તેની રજા લઇને, તેનું કામ કરવા નિકળ્યા. રાત્રે દરિયા કીનારે તે બેશી રહ્યા. બરોબર મધરાતે પેલું સોનાનું વહાણુ દેખાયું. એના તેજથી આસપાસનો દરિયો ઝગઝગાટ થઇ ગયો. તે વહાણુની વચમાં પેલું સુંદર ઝાડ પણુ દેખાતું હતું. થોડીવારે બે સુંદરીઓ વહાણુમાંથી ઉતરીને કીનારે આવી. બાગમાં ફરી ફુલ વીણ્યાં, અને રમત કરતી કરતી પાછી વહાણુમાં બેસી ગઈ. તેમને જોઇને વિક્રમરાજાએ વિચાર્યું કે બિચારો પ્રધાન આ દેખાવ પાછળ આટલો ગાંડો બન્યો છે, તેમાં કાંઇ નવાઇ નથી. તેમણે અદૃશ્ય વિદ્યાથી પોતાનું શરીર કોઇથી દેખાય નહિ તેવું કરી નાંખ્યું, અને પેલી સ્ત્રીઓની સાથે તે પણુ વહાણુ ઉપર ચડી ગયા. તે વહાણુ ત્યાંથી ચાલતું ચાલતું એક મોટા

ખડક આગળ ઉભું રહ્યું. ત્યાં પેલી કન્યાઓ ઉતરી. વિક્રમ-રાજા પણ ઉતર્યો. તેઓ સૌ એક ગુફામાં દાખલ થયાં. અંદર જઇને વિક્રમરાજાએ જોયું તો મોટો મહેલ નજરે પડયો. તે બહુજ સુંદર હતો. સૌ તેમાં ગયાં. પેલી બેઉ કન્યાઓ એક સુંદર ખંડમાં જઇને બે પલંગ પર સુઈ ગઈ. હવે વિક્રમ રાજાએ પોતાનું ખરૂં સ્વરૂપ ધારણ કર્યું. પેલી કન્યાઓ તેમને જોઇ એકદમ તો બ્હીની. પણ તેમનું મોં જોતાં લાગ્યું કે આ કોઇ ખાનદાન માણસ છે. એટલે કહ્યું, કે "તમે અહિં કેમ અને કેવી રીતે આવ્યા ? વહાણું વાતા મારા પિતા આવશે, અને તમને જોશે તો મારી નાખશે. માટે અહિંથી જલદી તમે ચાલ્યા જાવ." રાજાએ કહ્યું, "તમે મારી ચિંતા કરશો નહિ, પરંતુ મને તમારી હકીકત કહો. મને તો લાગે છે કે તમે કાંઈ અહિં સુખમાં નથી. માટે તમારે જે મદદ જોઇતી હશે તે હું આપીશ." આ સાંભળી તે કન્યા બોલી, કે "અમે રામવતી નગરીનાં છીયે, અને રાજા તથા પ્રધાનની દીકરીઓ છીયે. એકવાર એક મોટું સૈન્ય અમારા નગરમાં આવ્યું અને લોકોએ નાસાનાસ કરી મૂકી. અમે પણ નાઠાં, પણ બધાંથી જુદાં પડી જઈ એક ઘાડ જંગલમાં ભૂલાં પડયાં. ત્યાં ભુખ અને થાકથી અમે પડી ગયાં. તે વખતે એક રાક્ષસનો છોકરો ત્યાં આવ્યો. એણે અમારી આસનાવાસના કરી અને અમને અહિં લઈ આવ્યો. તે અમને બહુજ સુખમાં રાખે છે, અને પોતાની છોકરીઓ પ્રમાણે પાળે છે. અમને બીજું તો કાંઇજ દુઃખ નથી, પણ અમારાં સગાંવહાલાંની ચિંતા થાય છે, અને તેમને

મળવાનું મન થાય છે પરંતુ આવા ભલા રાક્ષસને અમારાથી કેમ કહેવાય કે અમારે જવું છે. આ અમારી વાત છે. પણ હવે તમે કોણ છે, તે અમને કહો.”

વિક્રમરાજાએ પોતાની બધી હકીકત કહી, અને પોતે શા કામે આવ્યા છે તે પણ જણાવ્યું. અને બોલ્યા કે, “આ વહાણ અને આ ઝાડ લઈ જવા હું આવ્યો છું.” આ સાંભળી પેલી કન્યા બોલી કેઃ “એ વિચાર તો તમે કાઢીજ નાંખજો. એ ભયંકર રાક્ષસને તમે જોયો નથી ત્યાં સુધીજ તમે નિરાંતમાં છો. વાસ્તે અહિંથી જતા રહો.” વિક્રમરાજા બોલ્યાઃ “મને હરસિદ્ધ માતાની મદદ છે, એટલે હું કોઇથી ડરતોજ નથી. પણ આ વહાણ તથા ઝાડની હકીકત તમે મને કહો, તથા આ રાક્ષસનું મોત શી રીતે થાય, તે જાણતા હો તો મને કહો.” આ સાંભળી તે કન્યા બોલીઃ

લુણ ખાઇયે છીયે અમો, તેનું મોત પુછો છો તમો;
લુણહરામનું મોટું પાપ, ઈષ્ટદેવ દે અમને શ્રાપ,
શી તે લેટ અમ આગળ ધરો, શું અમને તમે નહાલજ કરો;
એક વાતનું અમને કાજ, તે કહેતાં આવે લાજ.
લાજે કામ વણસે છે રાય, માગ્યા વિણ નવ પીરસે માય.

માટે શરમ મુકીને અમે કહીયે છીયે કે જો અમારી સાથે લગ્ન કરવાનું કબુલ કરો તો તમને બધી વાત કહીયે.” વિક્રમરાજાએ કહ્યું, કે “તમે મારા ઉપર ભરોસો રાખો, અને બધી વાત કહો. તમારા લાભનું જે હશે તેજ હું કરીશ.” આ સાંભળી તે કન્યાઓને વિશ્વાસ આવ્યો, અને બધી વાત કહેવા માંડીઃ

“રાવણને હરાવીને પાછા જતી વખતે લક્ષ્મણજીએ

રામેશ્વર પાસે લક્ષ્મણપૂર ગામ વસાવ્યું, અને લોકોના રક્ષણ માટે એક ચક્ર મુકયું. જો કોઈ લોકોને છળ દેવા જાય તો તે ચક્ર તેને બાળા મૂકે. એકવાર એક રાક્ષસની નજર આ શહેર ઉપર બગડી. તેથી તે મોટું લશ્કર લઈ ત્યાં ગયો. પણ પેલા ચક્રે બધાને બાળી ભસ્મ કર્યા. તેથી તેના ભાઇએ આનું વેર લેવાનો નિશ્ચય કર્યો. તે નાનો ભાઇ તે અમારો રાક્ષસ પિતા. તેણે વિચાર્યું કે ખાલી બળથી આ કામ થાય તેમ નથી. તે માટે તો શિવજીનું તપ કરીને વરદાન મેળવવું જોઇએ. એમ વિચારી તેણે તપ શરૂ કર્યું. પણ શિવજી તેનો ઇરાદો જાણી ગયા હતા એટલે પ્રસન્ન થયા જ નહિ. અંતે રાક્ષસે થાકીને પાર્વતીજીની પૂજા શરૂ કરી. છેવટે તે પ્રસન્ન થયાં એટલે કહ્યું, કે શિવજીને પ્રસન્ન કરવાની રીત બતાવો, ત્યારે પાર્વતીજીએ કહ્યું, કે એક ઘોર વનમાં ચંદનનું ઝાડ છે. તે એવું તો સરસ છે કે સેંકડો જોજન સુધી તેની સુવાસ આવે છે; પણ તે સુવાસને લીધે તે આખા ઝાડ ઉપર નાગ વીંટળાઈ રહે છે; તે જંગલમાંના બધા નાગ બહુજ ઝેરી હોય છે; અને તેમના ફુંફવાડાથી જ પ્રાણ નિકળી જાય છે. એ ચંદનના ઝાડમાંથી જો જરાપણ ચંદન લાવે ને શિવજીના માથા ઉપર ચઢાવે તો તું માગે તે શિવજી આપે. પછી રાક્ષસની પ્રાર્થનાથી ભોળવાઇને પાર્વતીજીએ તેને નાગજીત મંત્ર આપ્યો. એટલે આ રાક્ષસ મલયાચળ પર્વત ઉપરના પેલા જંગલમાંથી બાવનચંદન લઇ આવ્યો. તેણે તે શિવજીના માથા ઉપર ચઢાવ્યું એટલે તે

પ્રસન્ન થયા, અને વરદાન આપ્યું, કે તને રામનું બાણ કે લક્ષ્મણનું ચક્ર છેદશે નહિ. તું અજીત થઇશ, અને જ્યાં સુધી કોઇ બીજો ભક્ત આવું ચંદન લાવીને તારૂં મોત માંગશે નહિ ત્યાં સુધી તું મરીશ નહિ.

આ વરદાન લઈને તે રાક્ષસ લક્ષ્મણપૂર ગયો, અને ત્યાંનાં બધાં લોકોને બહુજ પજવીને લુંટવા મંડયો. ત્યાંના રાજાના મહેલમાં જઇને રહ્યો, એટલે બધા લોકોએ લક્ષ્મણજીની સ્તુતિ કરી. લક્ષ્મણજીએ કહ્યું કે, એને શિવજીનું વરદાન છે એટલે હું કાંઇ કરી શકીશ નહિ. પણ જુવો હું તમને તેનાથી પણ એક સુંદર ચીજ આપું. એમ કહી તેમણે આ સુવર્ણનું વહાણ બનાવ્યું, અને તેમાં આખા શહેરનો વાસ થાય તેવી ગોઠવણ કરી. તેમાં બહુજ શોભા અને સગવડ કરી, લોકોને ખુશ કર્યા. અને કહ્યું, કે તમે આ વહાણમાં જઈને રહો. પણ આ વહાણ જોઈને તે રાક્ષસને ત્યાં રહેવાનું મન થયું. એટલે તેણે લક્ષ્મણજી સાથે એવી સરત કરી કે જો મને આ વહાણ આપી દો તો હું કોઇને પજવીશ નહિ. તે દિવસથી આ રાક્ષસ આ વહાણ ઉપર રહે છે. અને જ્યારથી તેણે અમને બચાવ્યાં ત્યારથી અમે પણ અહિં છીયે. હવે જો તમે બાવનચંદન લાવી ને શિવજીને ચઢાવીને તેનું મોત માંગો તોજ તે મરે."

રાજાએ કહ્યું, "તમે આજની રાત મને અહિં સંતાડી રાખો એટલે કાલે રાત્રે તો હું બધી ગોઠવણ કરી લઇશ." વહાણું વાવાની વખત થઇ હતી એટલે તેણે વિક્રમ રાજાને એક ઠેકાણે સંતાડી દીધા. થોડીજ વારે પેલો રાક્ષસ આવ્યો.

એ તો કંઇ વાત જાણતો નહોતો, રોજના નિયમ પ્રમાણે આખો દિવસ તે વહાણ ઉપર રહ્યો, અને રાત્રે ફરવા ગયો. એટલે વિક્રમરાજા વહાણમાંથી ઉતરીને ચાલી ગયા. પછી તેમણે હરસિદ્ધ માતાનું ધ્યાન ધર્યું, અને માતાજી પોતે ત્યાં આવ્યા એટલે બાવનચંદન લાવવાનું પૂછયું. માતાજીએ તેને એ ચંદન મેળવવાની યુક્તિ કહી, એટલે વિક્રમરાજા મહા મહેનતે તે ચંદન લઈ આવ્યા. તે આણીને તેમણે શિવજીને ચઢાવ્યું, એટલે શિવજી પ્રસન્ન થયા. ત્યારે વિક્રમ રાજાએ માગ્યું કે પેલા રાક્ષસનું અજીતપણું નાશ કરો. ત્યાં જઇને તેમણે રાક્ષસને કહ્યું કે તારૂં વહાણ તથા આ કન્યાઓ મને આપી દે. પણ તે રાક્ષસે માન્યું નહિ. વિક્રમ-રાજાએ કહ્યું કે હવે તારૂં અજીતપણું નાશ પામ્યું છે, માટે તું નાહક કજીયો કરીશ નહિ. છતાંએ તે રાક્ષસે તો પોતાની તરવાર ખેંચી. તરતજ વિક્રમરાજા તૈયાર થઇ ગયા. અને બે જણ વચ્ચે પટાબાજી ખેલાઇ, તેમાં વિક્રમરાજાએ તે રાક્ષસનું માથું કાપી નાંખ્યું.

પછી વિક્રમરાજા પેલું વહાણ લઇને કીનારે આવ્યા. ત્યાંથી પોતે ઉતરીને પ્રધાન બેઠો હતો ત્યાં આવ્યા, તેને વહાણ બતાવ્યું, તે ઉપરની પેલી કન્યાઓ પણ બતાવી, અને કહ્યું કે, “ભાઈ હવે તું આનંદ પામ. તારૂં દુઃખ મુકી દે, અને હવે ઘર તરફ ચાલ. તારી સ્ત્રી તારા વિના બહુ દુઃખ પામે છે. અને આપણે વહેલા નહિ જઇએ તો એ પોતાનો જીવ કાઢશે.” પ્રધાને તો બધી રચના જોઈ. વિક્રમ રાજાએ તો રાક્ષસના બધા ભંડાર કબજે કર્યા હતા, અને પેલી કન્યાઓને પોતાની પાસે ને પાસે રાખતો હતો. આ

જોઇ પ્રધાનને અદેખાઈ આવી. તેણે મનમાં વિચાર કર્યો કે, હું છ મહિના અહિં પડી રહ્યો તોયે મને કાંઇ મળ્યું નહિ, અને આ રાજા મારી પછી આવીને આ બધું મેળવી ગયા. ખરૂં જોતાં આ મને મળવું જોઇયે. આવા વિચારમાં તેનું મગજ ખસી ગયું. તેને રાજાએ બહુ સમજાવ્યો, અને કહ્યું, કે ભાઇ તું બધું ધન લેઇ લે. તોપણ તેનું મગજ ઠેકાણે આવ્યું નહિ. અંતે તેમણે ત્યાંથી બધો માલ તથા કન્યાઓ અને પ્રધાનને લઇને રાજા ઉજ્જૈન જવા નિકળ્યા. પ્રધાને તો તેમની કંઈજ વાત સાંભળી નહિ. કારણ, કહ્યું છે કે,

> ઘેલા આગળ વાતડી, જ્ઞાની આગ શોક;
> અર્થિ આગળ વિનતી, જે કરવી તે ફોક.

રાજાજી તો સમુદ્રમાંથી નૌકા હંકારીને ક્ષિપ્રાનદીમાં તે લઇ ગયા. બધું ગામ તેમને લેવા સામું આવ્યું. તે વખતે પ્રધાને તો પુષ્કળ ગાંડઇયા કાઢયા, તેથી આનંદ ઉજવવામાં નડતર આવી.

ગામમાં લોકોએ જાતજાતની વાતો પણ કરવા માંડી. કેટલાએકે તો કહ્યું કે આવું સુંદર વહાણ જીતવાનું પરાક્રમ વિક્રમરાજા જ કરી શકે. પણ બીજાઓ એમ કહેતા હતા કે પ્રધાન છ મહિનાથી ત્યાં હતો, તેણે કેટલીએ મહેનત કરીને આ વહાણ મેળવ્યું હશે. તે વિક્રમરાજાએ લઇ લીધું હશે, તેથીજ તે બિચારો ગાંડો થઇ ગયો હશે. વળી બીજાઓએ કહ્યું, કે પ્રધાનની પાસેથી આ લઇ લેવા માટે રાજાએ તેના ઉપર કાંઇક જાદુ કરીને તેને ગાંડો બનાવી દીધો હશે. આવી આવી બધી વાતો રાજાને કાને પણ આવી.

તેથી રાજાએ તેને ડાહ્યો બનાવવા માટે જાતજાતના માણસો ભેગા કર્યા, અને હરસિદ્ધ માતાની પણ બહુ સ્તુતિ કરી. અંતે માતાજીના કહેવાથી તેને ગંગાજળ પાયું, અને તે ડાહ્યો થયો.

પરંતુ ડાહ્યા થયા પછી પણ તે જરાયે આનંદમાં આવ્યો નહિ. એ બહુજ ઉંડા શોકમાં હોય તેમ લાગતું હતું. રાજા તેના શોકનું કારણ સમજી ગયા. તેમણે તેને દરબારમાં બોલાવીને પેલું વહાણ તથા તેમાંનું બધું ધન આપી દીધું, તથા વહાણમાં જે પ્રધાનની દીકરી હતી તેની સાથે એનાં લગ્ન કરી આપ્યાં. બંને કન્યાઓનાં માબાપની તપાસ કરી અને તેમને ત્યાં તેડાવ્યાં. રાજાની કન્યાના પિતાના આગ્રહથી તેની સાથે તેમણે લગ્ન કર્યાં.

પ્રધાનનો બધો શોક જતો રહ્યો અને બધા લોકોએ રાજાનાં વખાણ કર્યાં. આજ સુધી બધા લોકો આ પરોપકારી રાજાના ગુણ ગાય છે તે તેનાં આવાં પરોપકારનાં કામોને જ લીધે.

આટલી વાત કરીને સુભદ્રા પુતળી આકાશમાં ઉડી ગઈ.

વાર્તા ૧૫ મી.

મેના-પોપટની વાર્તા.

પુતળીઃ વૃંદા.

વાર્તા ૧૫ મી

મેના પોપટની વાતા.

ભોજરાજા વળી પાછા એકવાર સિંહાસન ઉપર પગ મુકવા ગયા, ત્યારે વૃંદા નામની પુતળી બોલીઃ રાજાજી ! હજી તમે વિક્રમ રાજા જેવા પરમાર્થનાં કામ કર્યાં નથી. માટે તમે સિંહાસન ઉપર બેસી શકશો નહિ. જુવો હું તમને એમની એક વાત કહું:—

એકવાર વિક્રમરાજા શિકાર કરવા નિકળ્યા હતા. ત્યાં તેમણે વનમાં દવ બળતો જોયો. પશુ પક્ષીઓ આ દવથી ત્રાસીને નાસી જતા હતા. તે વખતે એક પોપટ વિચિત્ર રીતે વર્તતો હતો. આ પોપટ પહેલા તો બાજુ ઉપરની નદીમાં જઇને નાહ્યો. પછી સૂર્યને નમસ્કાર કર્યો અને દવમાં પડવા ચાલ્યો. આ જોઇને વિક્રમરાજાએ તેને બૂમ પાડી અને કહ્યુંઃ ભાઈ! શા માટે તું આપઘાત કરે છે? ત્યારે પોપટ બોલ્યોઃ પોતાનું દુઃખ જે બીજાને કહે છે તે પોતાની જ હાંસી કરાવે છે. માટે તમે તમારે રસ્તે જાવ. મારૂં દુઃખ કોઈ દૂર કરી શકે તેમ નથી. માટે મને સુખે મરવા દો. રાજાએ પોપટને પોતાનું નામ કહ્યું અને જણા-

વ્યું કે એક મહિનામાં હું તારૂં દુઃખ દૂર ના કરી શકું તો પછી તું ગમે તે કરજે. ત્યારે પોપટે પોતાની વાત કહેવા માંડી.

રાજવતી નામે એક નગરી છે. ત્યાંના રાજાનું નામ ભૂપતસિંગ છે. તેના નગરશેઠના છોકરાનું નામ પુષ્પસેન છે. તેનો હું પોપટ છું. એકવાર મારા શેઠ લગ્નના વિચારમાં બેઠા હતા. તે વખતે મને જ્ઞાન થયું. અને મેં કહ્યું કે તમારૂં લગ્ન મંછાવતી નગરીના ટેકચંદ શેઠની છોકરી પદ્મલોચના સાથે થશે. આ સાંભળી પુષ્પસેનને આનંદ થયો. દરમિયાન પદ્મલોચનાને પણ એવા જ વિચાર આવતા હતા. તેની પાસે એક મેના હતી. તેણે પણ જણાવ્યું કે તમારૂં લગ્ન રાજવતી નગરીના શેઠના કુંવર પુષ્પસેન સાથે થશે. આ બંને જણે પોતપોતાની વાત મોટેરાંને જણાવી, અને તેમનાં લગ્ન થયાં. પદ્મલોચના સાથે પેલી મેના પણ મારા શેઠને ઘેર આવી. અમને બેઉને એકજ પાંજરામાં પૂર્યાં. મેં મેના સાથે પ્રીત કરવા માંડી. પણ મેનાએ તો બૂમરાણ કરી મૂક્યું. અને પોતાની શેઠાણીને કહ્યું, કે આ પોપટના પ્રાણ લ્યો તોજ મને સુખ થાય. મેં મારા શેઠને કહ્યું, કે મારો કાંઇજ વાંક નથી. ત્યારે મેના બોલીઃ પુરૂષો બધેજ બહુ ખરાબ હોય છે. સ્ત્રીઓ તો હમેશાં સારી જ હોય છે, એમ કહી તેણે તે સંબંધી દાખલાઓ આપવા માંડયા.

ત્યારે મેં કહ્યું કે આવા દાખલાઓ તો આઓ માટે પણ મળી શકે તેમ છે. એમ કહી તેણે એક ખરાબ સ્ત્રીની વાત બધાને સંભાળાવી. અને કહ્યું કે અમુક દાખલાઓ

ઉપરથી બધાંની પરીક્ષા કરવી તે સારૂં ના કહેવાય. કોઈ કાયર હોય છે અને બીજો શૂરવીર હોય છે. કોઈ સદાવ્રત આપે છે, તો કોઇ ભીખ માંગે છે. કોઇ ક્રુર થઇ લોકોને દમે છે, ત્યારે કોઇ પરમાર્થના કામ કરે છે. માટે બધાંજ માણુસો કાંઈ ખરાબ નથી હોતાં.

શેઠ શેઠાણીએ વળી પાછી મેનાને સમજાવવા માંડી. અંતે મેનાએ કહ્યુંઃ શેઠ અને શેઠાણી બંનેનાં ગ્રહ વાંકા છે. શેઠને માથે થોડા માસ પછી મોટી ઘાત છે તેમાં તે મરી જશે. અને શેઠાણીના નશીબમાં વાંઝીયાપણું છે. જો પોપટ આ બંને દોષ ટાળે તોજ મારૂં મન સંતોષ પામે. અને હું તેને વરૂં.

મેં આ કામ માથે લીધું. અને આજ કેટલાએ વખતથી બધે રખડું છું. પણ હું કાંઇજ કરી શક્યો નથી. તેથી આ દવમાં પડીને બળી મરવા ધારૂં છું. તમે પણ મારૂં કામ શી રીતે કરવાના છો! માટે મને મરવા દો. પણ વિક્રમરાજાયે તો કહ્યું, કે એક મહિનામાં જો હું તારૂં કામ ના કરી શકું તોજ તું મરજે; તે પહેલા નહિ.

આ કામ શી રીતે કરવું તેના વિચારમાં વિક્રમરાજા એક વાર ગામથી દૂર નિકળી ગયા. ત્યાં તેમણે એક સિદ્ધ જોયો. તેનાં દર્શન કર્યાં પછી રાજાયે કાંઇ દાન કરવાની ઇચ્છા કરી. ત્યારે તે બોલ્યોઃ અમે લોકો લાંબા ઉપવાસ કરીયે છીયે. પણ પછી પારણાને દિવસે અમારે બહુજ ભોજન જોઇયે. માટે આવા એકાદ પારણાને દિવસે તું ભોજન આપજે. આ સાંભળી વિક્રમરાજા તો ગયા.

આ પછી પેલા સિદ્ધને વિચાર થયો કે લાવ હું વિક્રમરાજાની પરીક્ષા લઉં, એમ ધારી તે વિક્રમરાજાના સાત વર્ષના પુત્રને ઉપાડી લાવ્યો અને તેને સંતાડી દીધો. આખા ગામમાં તો હાહાકાર થઈ ગયો. મહેલમાં બધે શોક વ્યાપ્યો. રાજાએ ચારે તરફ પુષ્કળ માણસો મોકલ્યા, પણ પુત્ર જડયો નહિ. આખાયે ગામ ઉપર શોકનું વાદળ છવાયું. એટલામાં એક બ્રાહ્મણ ખોવાયલા રાજકુંવરના કપડાં તથા ઘરેણાં લઈને બજારમાં વેચવા આવ્યો. કપડાં તરતજ ઓળખાઈ ગયા, અને બધાં લોકોએ એને પકડયો, તથા એને ખૂબ ફીટકાર આપતા આપતા રાજદરબારે લઈ આવ્યા. વિક્રમરાજાએ કહ્યું કે એ બ્રાહ્મણ છે. તમે એની હકીકત પૂરેપૂરી સાંભળી લ્યો. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યોઃ ભાઈ હું તમારા કુંવરની કાંઈજ હકીકત જાણતો નથી. અહિંથી દૂર જંગલમાં મારા ગુરૂ રહે છે. તેમની સેવા માટે હું ઘણીવાર જાઉં છું. તે પ્રમાણે આજે સવારે હું પરદેશથી પાછો આવતો હતો, તે વખતે બારોબાર ત્યાં ગયો. ત્યારે તેમણે મને આ કપડાં આપીને કહ્યું, જા વેચી આવ. હું તે પ્રમાણે આ કપડાં વેચવા આવ્યો. આ શિવાય બીજી વાતની મને ખબર નથી. તે બ્રાહ્મણનું અપમાન થયું હતું, તે માટે રાજાએ માફી માંગી. અને પછી કહ્યું, કે ચાલો મને હમણાંને હમણાં તમારા ગુરૂ પાસે લઈ જાવ.

પેલો બ્રાહ્મણ તો વિક્રમરાજાને લઇને પેલા સિદ્ધ પાસે આવ્યો. આ સિદ્ધને તો રાજાએ ઓળખ્યા. એટલે એકદમ તે તેમને પગે પડયા. અને પૂછયું, મહારાજ આ મારા

પુત્રના આભુષણ આપને ક્યાંથી જડયાં તે કહો. હું તથા મારી પ્રજા પુત્રના વિયોગથી બહુજ દુ:ખી છીયે.

મહા દુ:ખ માથે આળ, મહાદુ:ખ *માલ ગયાનું;
મહા દુ:ખ જાયે નાર, મહાદુ:ખ વેર વઢયાનું;
મહા દુ:ખ હારે હોડ, મહા દુ:ખ ઝેર ચઢયાનું;
મહા દુ:ખ અતિ અપમાન, મહા દુ:ખ રોગ થયાનું.

વળી મહાદુ:ખ માને મોતનું, દુ:ખ દેવું ઘર સુત્રનું,
કવિ સામળ સાચું કહે, મહાદુ:ખ વળી મોત થાય પ્રિય પુત્રનું.

માટે હે મહારાજ મને કહો, મારો પુત્ર જીવે છે કે નહિ !

ત્યારે તે સિદ્ધ બોલ્યા: હે રાજા મારા એક ગુરૂ છે. તેમણે અપવાસ કર્યા હતા. પારણાને દિવસે તેમણે એક બત્રીસ લક્ષણા બાળકનો ભોગ માંગ્યો. અને મેં આ બાળક આણી આપ્યો. મને ખબર ન હોતી કે એ તમારો પુત્ર છે. હવે મને બહુ શોક થાય છે. તમે જે કહો તે કરવા હું તૈયાર છું. મારે તો બેવડું દુ:ખ થયું. ગુરૂનું પેટ ભરાયું નહિ, અને બાળહત્યા મારે માથે બેઠી.

ત્યારે વિક્રમરાજા બોલ્યા: મહારાજ તમારા ગુરૂ કયાં છે તે મને કહો. હું એમની ભૂખ મટાડવાનો પ્રયત્ન કરૂં. આ સાંભળીને તે સિદ્ધ અને રાજા, ગુરૂની ગુફા પાસે ગયા. રાજાયે ગુરૂને પૂછયું: ગુરૂજી તમે ભૂખ્યા છો. માટે તમે જે કહો તે ભોજન મોકલાવું. ત્યારે ગુરૂજી બોલ્યા: મારા ભોજનની વાત જુદીજ છે. હું કાંઈ ગમે તે જમતો નથી. જેઓ પોતે કાંઈ ભોગ આપવાને તૈયાર હોય નહિ, તેમણે મારી વાતમાં વચ્ચે આવવુ નહિ. આ સાંભળી વિક્રમરાજા બોલ્યા: તમારે

જે જોઈતું હોય તે મને કહો. કોઈ રીતે અથકાશો નહિ. ત્યારે ગુરૂ કહેઃ મારે તો બત્રીસ લક્ષણો પુરૂષજ જોઇએ.

વિક્રમરાજાએ તરતજ કહ્યું કેઃ મહારાજ બધા લોકો કહે છે કે હું બત્રીસ લક્ષણો છું. જો તમને હું ખપું તો હું તમારી સેવામાં હાજર છું. જો હું કોઇનાએ કામમાં આવતો હોઉં તો મરવાનું મને દુઃખ નથી. હું તો એમ માનું છું કેઃ

જગમાં જીવ્યો તેહ, જેણે પરદુઃખ જઈ કાપ્યાં;
જગમાં જીવ્યો તેહ, જેણે અભય પદ આપ્યાં.
જગમાં જીવ્યો તેહ, ખ્યાતી ચાલી દશ દીશે;
જગમાં જીવ્યો તેહ, કુળ તાર્યું લઘુ વેશે.
જગમાં તે નર જીવ્યો, જશ વિમળ ગુણ જાણીયો,
સામળ કહે જીવ્યો, સપુત તો, પર કાજે દે પ્રાણીયો.

પછી રાજાએ પોતેજ સ્નાન કર્યું, અને હાથ જોડીને સિદ્ધ તથા ગુરૂની પાસે ઉભા રહ્યા. ત્યારે ગુરૂ બોલ્યાઃ રાજા ! હું તારા ઉપર પ્રસન્ન છું. તારો ભોગ લેવાની જરુર નથી. તું ફક્ત આઠ મણ લોટ મંગાવ. તેનું પુતળું બનાવીને યજ્ઞમાં હોમીશું તો તારી જાતનોજ હોમ કર્યા જેટલું ફળ મળશે. રાજાએ તે પ્રમાણે કર્યું. એટલે પેલો સિદ્ધ ગુફામાં જઇને રાજાના કુંવરને લઈ આવ્યો. અને કહ્યું કે અમે તો તમારી પરીક્ષા કરતા હતા, અને અમને તેમાં બહુજ સંતોષ થયો છે. માટે તમે તમારા પુત્રને લઇને પાછા વળો. વળી ગુરૂજીએ તથા સિદ્ધે રાજાને બે ફળ આપ્યા. અને કહ્યું કે એક ફળ રાણીને આપજો. જે તે ફળ ખાશે તેને

સુંદર પુત્ર થશે. અને આ બીજું ફળ જે ખાશે તેનો આવરદા બમણો થશે.

રાજાજી પોતાના પુત્રને લઈ ગામમાં આવ્યા. કુંવરને જોઇને બધાંને બહુજ આનંદ થયો. ત્યારે પેલા પોપટે કહ્યું કે રાજાજી મારા પગલાંથીજ તમારે ઘેર ઉત્પાત થયો. માટે મને જઇને મરવા દો. રાજા આ સાંભળીને હસ્યા અને બોલ્યા, ભાઇ ! તારૂં કામ પણ થઇ ગયું છે. એમ કહી પેલા બે ફળ તેને આપી દીધા. પોપટ તો તે ફળના ગુણ જાણીને આનંદ પામ્યો અને જલદીથી પોતાને ઘેર ગયો.

ત્યાં જઇને તેણે પોતાનાં શેઠ પુષ્પસેનને બધી વાત કહી અને આ ફળ આપ્યાં. પદ્મલોચનાએ તથા મેનાએ પણ આ વાત સાંભળી. સૌને તેથી આનંદ થયો. પુષ્પસેન અને પદ્મલોચના, દરેકે એક એક ફળ ખાધું. અને પછી તેમણે મેના અને પોપટના બહુ ધામધુમથી લગ્ન કર્યાં.

આ પ્રમાણે જે માણસ પરોપકારના કાર્ય કરશે તેજ આ સિંહાસન ઉપર બેસી શકશે, એમ કહીને પુતળી ચૂંદા ઉડી ગઈ.

વાર્તા ૧૬ મી.

કાષ્ટના ઘોડાની વાર્તા.

પુતળીઃ પવિત્રા.

વાર્તા ૧૯ મી.

કાષ્ટના ઘોડાની વાર્તા.

રાજા ભોજ વિક્રમરાજાના સિંહાસન ઉપર બેસવા ગયા ત્યારે પવિત્રા નામની પુતળીએ કહ્યું, કે હજીયે તમે વિક્રમરાજા જેવા પરાક્રમી અને પરદુઃખભંજન થયા નથી. જુઓ તમને તેમની એક વાત કહું.

એકવાર વિક્રમરાજાએ માગશર સુદ ચોથને દિવસે ગણપતિનું વ્રત કર્યું હતું. ઘણા ઘણા બ્રાહ્મણોને તેમણે ઘીથી તરબોળ લાડુ જમાડયા, અને ઉપર સારી દક્ષણાઓ આપી. પછી રાજાએ ભોજનની થાળી ભરી અને પોતે જમતા પહેલાં નૈવેદ્ય કરવા ગણપતિના મંદિરે ગયા. સાથે કોઈ પણ માણસ હતું નહિ. મંદિરમાં જઈને થાળ મૂકયો તે વખતે ત્યાં તેમની નજરે એક માણસ પડયો. તે પોતાનું માથું કાપીને શિવજીને આપવાની તૈયારી કરતો હતો. રાજાએ તેને અટકાવ્યો, અને પૂછયુંઃ ભાઇ તને શું દુઃખ છે? પેલા માણસે કહ્યું, કે મારૂં દુઃખ કોઇ દૂર કરનાર નથી. હું વિક્રમ રાજા આગળ મારૂં દુઃખ કહેવા આવ્યો હતો, પણ પછી વિચાર થયો કે એવા મોટા રાજાને મારૂં દુઃખ

કહી શા માટે તસ્દી આપવી, તેથી અહિં જ શિવ પૂજા કરીને મારૂં માથું કમળરૂપે અર્પણ કરૂં છું, એથી આવતા જન્મમાં મારી ધારણા ફળશે. માટે તમે મને આ કામમાંથી અટકાવશો નહિ

આ સાંભળી વિક્રમ રાજા બોલ્યાઃ ભાઈ હું જ વિક્રમ. મને તમારૂં જે દુઃખ હોય તે કહો, અને હું જરૂર તે દૂર કરીશ.

પેલા માણસે કહ્યું: હું કનોજીયો બ્રાહ્મણ છું અને કુંવારો છું. પરણવા માટે મારી પાસે પૈસા નહોતા, પણ મને કોઈયે કહ્યું કે કામરૂદેશમાં બહુજ રૂપાળી કન્યાઓ છે અને ત્યાં લગ્ન કરવાના પૈસા બેસતા નથી. તેથી હું તો કામરૂ દેશમાં ગયો. ત્યાં એક બહુજ રૂપાળી કન્યા છે, પણ તે પુરૂષોને બહુજ ધિક્કારે છે. તેની વાતો સાંભળી મારા મનમાં એમ આવ્યું કે એની સાથેજ લગ્ન કરવું જોઈયે. એમ ધારીને હું તેને ઘેર ગયો અને ત્યાં મારી હકીકત જણાવી. પરંતુ મારો સ્વીકાર કરવાને બદલે તેણે તો માર મારીને મારૂં બહુ અપમાન કર્યું, અને મને કહાડી મૂક્યો. આ કામરૂદેશમાં સ્ત્રીઓનું જ રાજ્ય છે. તેઓ પુરૂષોને બહુજ ધિક્કારે છે, અને તેમને ગુલામ તરીકે રાખે છે, હું તો બહુ દુઃખી થઈને ત્યાંથી નાસી આવ્યો છું. પણ પેલી રૂપાળી સ્ત્રીની સાથેજ લગ્ન કરવાની મને રઢ લાગી છે. જો તમે મને તે કન્યા મેળવી અપાવો તોજ મારૂં દુઃખ મટે તેમ છે.

વિક્રમરાજાએ તેને ધીરજ આપી અને કહ્યું, કે હું તને તે કન્યા અપાવીશ. બીજે દિવસે તેમણે પ્રધાનને રાજ સોંપ્યું, અને પોતે કામરૂ દેશ તરફ ગયા. ત્યાં પહોંચી તેમણે પેલી સ્ત્રીની તપાસ કરી. તપાસ કરતાં ખબર પડી કે એ સ્ત્રી પુરૂષોને બહુજ ધિક્કારે છે. જે પુરૂષો તેની પાસે જાય છે તેમને જોડાથી માર મરાવે છે, અને તેમનું બહુજ અપમાન કરી કાઢી મૂકે છે. વિક્રમરાજાએ વિચાર કર્યો કે આ સ્ત્રીને વારતાના રસમાં નાંખીને જીતી લેવી પડશે. પછી તેમણે વૈતાળનું સ્મરણ કર્યું. તે આવ્યો એટલે તેની સાથે સંતલસ કરી, અને પછી પોતે પેલી સ્ત્રીને ઘેર ગયા. તેના ઘરને ચાર ચોક હતા. દરેક ચોક આગળ એકેક પડદો હતો. પહેલા પડદા આગળ એક સોનાનો પોપટ હતો. બીજા આગળ સોનાની મેના હતી. ત્રીજા આગળ સોનાનો મોર હતો, ને ચોથા આગળ સોનાની ઢેલ હતી. વિક્રમરાજા તો તે ઘરને ઓટલે જઇને બેઠા. પેલી સ્ત્રીની દાસીઓ તેમનું રૂપ જોઇને અંજાઈ ગઈ, ને તેમણે પોતાની શેઠાણીને કહ્યું, બાઇ, આ પુરૂષ સાધારણ નથી લાગતો. તમે તેમનું અપમાન કરશો નહિ. એમને તમે ઘરમાં બોલાવો. પણ પેલી સ્ત્રીએ કહ્યું, કે મારે મન તો બધાજ પુરૂષો ખરાબ છે. જાવ એને પણ માર મારીને કાઢી મૂકો.

પરંતુ વિક્રમરાજાએ વૈતાળ સાથે ગોઠવણ કરી હતી તે પ્રમાણે વૈતાળ, પહેલા પડદા આગળના પોપટમાં પેઠો અને બોલ્યોઃ અહો! વિક્રમરાય! ભલે પધાર્યા. તમે આમ બારણે કેમ ઉભા છો? મારા શેઠાણી તો મૂર્ખ છે કે આવા પરદુઃખભંજન મહેમાન બારણે આવ્યા છે, તોયે આવકાર

આપતાં નથી. કદાચ મારી બાઈને ખબર નહિ હોય, ખબર હોય તો તમને જરૂર માન સાથે અંદર લઈ જાય. પણ તમે ગુસ્સે થશો નહિ. અત્રે બિરાજો અને તમારા જ્ઞાનનો અમને લાભ આપો. એકાદ સુંદર જ્ઞાનની વાત અમને સંભળાવો.

રાજાએ કહ્યું, કે વાત તો હું કહું, પરંતુ ઘરના માલિકની રજા વિના મારાથી અહિં બેસાય નહિ, માટે જો એ બાઇ પોતાને મોઢે મને આવકાર આપે તો હું બેસું. પોપટને બોલતો સાંભળી બધી સ્ત્રીઓ પડદા પાછળ ભેગી થઈ ગઈ હતી. એમને તો એથી બહુજ નવાઇ લાગી, અને પોતાની બાઇને તેઓને વિનવીને કહ્યું કે તમે રાજા વિક્રમને આવકાર આપો. પેલી બાઇને પોતાને પણ આ બધી હકીકતથી નવાઈ લાગી હતી. તેમજ વાત સાંભળવાનો શોખ પણ થયો હતો, એટલે તેણે રાજાને બહાર બેસીને વાત કહેવા કહ્યું. વિક્રમરાજા ત્યાં બેઠા, અને પોપટને કહ્યું, તું હુંકારો દઇશ તોજ હું વાત કહીશ, એમ કહી તેમણે વાત શરૂ કરી, અને બધી સ્ત્રીયો ચિત્રની માફક સ્થિર થઇને સાંભળવા બેઠી.

કોંકણ નામે દેશ છે, ત્યાં ઘણુંજ ધન છે. ત્યાં કપુરસિંહ નામે રાજા રાજ કરતો હતો. તેને પુત્ર નહોતો. તે પચાસ વરસનો થયો ત્યારે એણે પંડિતોને બોલાવીને મહાદેવજીની પૂજા કરાવી, અને તેથી તેને એક પુત્ર થયો. પુત્ર બહુજ બુદ્ધિશાલી દેખાતો હતો. ધીમે ધીમે તે મોટો થયો એટલે તેને નિશાળે મૂકયો. ત્યાં તેને એક સુતાર સાથે દોસ્તી થઈ. એ સુતારનો છોકરો અને રાજકુંવર ઘડી

પણ અળગા થતા નહિ. ઘણી વાર રાજકુંવર પોતાનાં લૂગડાં તથા ઘરેણાં તેને પહેરાવે અને પોતે સુતારનાં લૂગડાં પહેરે. તેમની આ દોસ્તી રાજારાણીને ગમતી નહોતી. તેમણે રાજકુંવરને ઘણો વાર્યો, પણ તેણે માન્યું નહિ. આ વાત સુતારે જાણી ત્યારે તેણે વિચાર કર્યો કે રાજાની દોસ્તીમાં કાંઇ હુન્નર તો શીખવો જોઇએ. એમ વિચારી તેણે કુંવરને કહ્યું કે પરદેશ જવાની મને રજા આપો. હું ત્યાંથી નવી નવી વિદ્યા શીખી લાવીને જલદી પાછો આવીશ. બહુ આનાકાનીથી કુંવરે તેને જવાની રજા આપી, અને તે સુતાર પરદેશ ગયો. કુંવરે ફક્ત એટલુંજ કહ્યું કે મારે માટે કોઇ સુંદર રમત લેતો આવજે.

તે સુતાર પરદેશ ગયો. ત્યાં તેણે વિશ્વકર્માશાસ્ત્રનો અભ્યાસ કર્યો, અને ઘર બાંધવાની તથા શહેર બાંધવાની કળા તે શીખી ગયો. પછી પોતાના ગુરૂની રજા માંગી. ગુરૂએ ઘેર જવાની શી ઉતાવલ છે, એમ પૂછયું; ત્યારે તેણે પોતાના મિત્ર રાજકુંવરની વાત કહી. ત્યારે ગુરૂએ કહ્યું કે તમારા મિત્રે મંગાવેલી રમત હું તમને આપીશ એમ કહી તેણે એક લાકડાનો ઘોડો બનાવ્યો. તેમાં તેમણે દોરીઓની રચના કરી સંચા ગોઠવ્યા તથા તે સંચાની બધી સમજણ તે સુતારને આપી. તે ઘોડો જમીન ઉપર દોડતો હતો, અને ઉંચે આકાશમાં પણ ઉડી શકતો હતો. આ ઘોડો લઇને સુતાર પોતાને ઘેર આવ્યો.

સુતાર આવ્યો છે એમ ખબર પડી કે તરતજ રાજ-કુંવર તેને ઘેર દોડી આવ્યો. તેની ઉંમર મોટી થઇ હતી પણ દોસ્તી ઓછી થઈ નહોતી. તેણે આવીને પૂછયું કે મારી રમત લાવ્યો છું ? સુતારે લાકડાના ઘોડાની વાત

કહી તેથી બીજે દિવસે સવારે વાડીમાં જઇને ઘોડાના સંચા સમજાવવાનું ઠર્યું. બીજે દિવસે સવારે સુતારે રાજાના છોકરાને ઘોડા ઉપર બેસાડયો, અને તેને વાડીમાં લઇ ગયો. રાજકુંવરે સુતારને પોતાનાં લૂગડાં પહેરાવ્યાં, અને પછી સંચાકામ શીખવા માંડયું. પહેલા જમીન ઉપર ઘોડો ચલાવતાં શીખવા લાગ્યા. તે થોડું આવડયું એટલે કુંવરે એકલા ઘોડો ચલાવ્યો. એમ કરતાં તેણે કોઇ અજાણી દોરી ખેંચી અને સડસડાટ કરતો ઘોડો ઉંચે ચઢયો. સુતાર તો બિચારો મોં વિકાસી જોયા કરતો હતો. તેનો કોઈ ઉપાય રહ્યો નહોતો, અને ઘોડો અને કુંવર તો નજર બહાર પણ જતાં રહ્યાં.

રાજાને ત્યાં કુંવર ઘણી વાર સુધી ઘેર આવ્યો નહિ એટલે શોધાશોધ થઇ. એટલામાં સુતાર નજરે પડયો. તેણે કુંવરનાં કપડાં પહેર્યાં હતાં. સીપાઈઓએ તેને પકડયો અને રાજા પાસે લઇ ગયા. આખા ગામમાં વાત ચાલી કે સુતારે રાજકુંવરને માર્યો. રાજાએ પૂછયું કે મારા કુંવરનો તેંજ ઘાત કર્યો છે. તે સુતાર બિચારો નિરાશાથી બોલ્યો, કે હા, મેંજ તેમનો ઘાત કર્યો છે. આ સાંભળીને બધા લોકો બહુજ ઉશ્કેરાઈ ગયા અને બોલ્યા કે એ સુતારને અવળી ઘાણીયે પીલો. તેણે મિત્રહત્યા કરી છે.

વાત આટલે સુધી ચાલી ત્યાં સુધી તો પોપટે હુંકારો કર્યો. પણ છેલ્લા વાકયમાં તેણે હુંકારો કર્યો નહિ એટલે રાજાએ વાત બંધ કરી. બધી સ્રીઓને વાતમાં ખરો રસ લાગ્યો હતો તેજ વખતે વાત બંધ થઈ એટલે બધાં બહુ

અકળાયાં. આ લાગ જોઈને વૈતાળે સોનાની મેનામાં પ્રવેશ કર્યો. મેના તુરત બોલી: "પરાક્રમી રાજા વિક્રમ, આપ વાત આગળ ચલાવો. હું હુંકારો આપીશ. આખી મંડળીને આમ ટળવળાવો નહિ." વિક્રમરાજાએ કહ્યું, કે "તું તો અંદરના ચોકમાં છું. જો તારાં બાઇ પોતાને મોંઢે મને રજા આપે તોજ હું ત્યાં આવી શકું." આ સાંભળીને બધી દાસીઓએ પોતાની બાઈને વિનંતિ કરી કે તમે વિક્રમરાજાને અંદર આવવાની રજા આપો. બાઇને પોતાને પણ વાર્તાનો રસ લાગ્યો હતો એટલે વિક્રમરાજાને બીજા ચોકમાં આવવાની રજા આપી. તે ત્યાં આવ્યા અને વાર્તા આગળ ચલાવી:—

સુતારને પકડીને મહેલમાં લઈ ગયા. ત્યાં રાણીએ કહ્યું કે આ સુનાર કોઈ દિવસ મારા પુત્રને ઇજા કરેજ નહિ. હું તેમની દોસ્તી જાણું છું. પછી તે સુતારે રાણીને લાકડાના ઘોડાની વાત કહી, અને પોતાના મિત્રને માટે બહુ કલ્પાંત કર્યું. આ હકીકત સાંભળીને બધાયે સુતારને નિર્દોષ ઠરાવ્યો અને કુંવરની શોધમાં ચારે દિશાએ માણસો મોકલ્યા.

રાજકુંવરનો લાકડાનો ઘોડો તો કોણ જાણે કેટલાએ ગાઉ નિકળી ગયો અને કનકપૂર નામે એક ગામને સીમાડે તે પોતાની મેળેજ નીચે ઉતર્યો. ભૂખ, તરસ અને થાકથી રાજકુંવર બેહાલ થઈ ગયો હતો. બાજુ ઉપર એક વાડી હતી ત્યાં ઝાડની છાયામાં એ તો સૂઈ ગયો અને બેભાન થઇ ગયો. એ વાડી રાજાની હતી. ત્યાં રાજમાલણ ફૂલ

ભેગાં કરવા આવતાં તેણે રાજકુંવરને જોયો. પોતાને પુત્ર નહોતો તેથી જો આ યુવક માને તો તેને દત્તક કરવા તેણે મનસુબો કર્યો. માલણે જોયું તો તે યુવકને તાવ આવેલો હતો. તેણે પાણી છાંટીને તેને જાગૃત કર્યો તથા દૂધ લાવીને પાયું. પછી પોતાને ઘેર લઇ જઇને તેની ચાકરી કરી. અને પોતાનો પુત્ર કરી સ્થાપ્યો. માલણ રોજ દરબારમાં જાય અને ત્યાંની હકીકત પુત્રને કહે. તેમાં રાજાની કુંવરીની વાત બહુજ રસથી કહે. તે બહુજ રૂપાળી અને ચતુર છે, એમ જાણી રાજકુંવરને તેને જોવાનું મન થયું. એટલે તેણે યુક્તિ કરી. માલણ ફૂલની ચોળી કુંવરી માટે ભરતી હતી, તેમાં તેણે યુક્તિથી પોતાની વીંટી ગુંથી. કુંવરીએ આ વીંટી જોઇ અને તે બહુજ કીંમતી છે એમ તે જાણી ગઇ. તેને લાગ્યું કે કોઇ મારા લાયકના ચતુર પુરૂષનું આ કામ છે. તેણે ધીમે ધીમે યુક્તિથી માલણ પાસેથી રાજકુંવરની હકીકત જાણી લીધી અને પછી કહ્યું કે માલણ ! તારા છોકરા માટે લાડુ આપું તે લઇ જા. તે લાડુ જઇને માલણે રાજકુંવરને આપ્યો. કુંવર ચેતી ગયો કે આમાં સંદેશો હોવો જોઇયે. લાડુમાંથી એક ચીઠ્ઠી નિકળી. કુંવરે તે છાનીમાની વાંચી. કુંવરીએ તેમાં મેળાપની રીત બતાવી હતી. ધીમે ધીમે કુંવર ગુપ્ત રીતે કુંવરીને મળવા લાગ્યો અને બે વચ્ચે પ્રીતિ વધતી ચાલી. અંતે તેમણે ગાંધર્વ વિવાહ કર્યો. પછી ત્યાંથી નાસી જવાનું નક્કી કર્યું. એક રાત્રે કુંવરી અગાશીમાં ચઢી અને કુંવર લાકડાનો ઘોડો લઇને ત્યાં ગુપચુપ ગયો. હવે ઘોડાની બધી કરામત

કુંવરને આવડી ગઇ હતી. તેના ઉપર બંને જણાં બેસીને ઉડી ગયાં. તેઓ ઘણે દૂર એક જંગલમાં ઉતર્યાં. ત્યાં કુંવરીને પુત્ર જન્મ્યો. તેને એક ગુફામાં સુવાડીને કુંવરે કહ્યું, કે હું તમારે માટે પાણી અને ખોરાક લઇ આવું. એમ કહી તે ઉડયો. ત્યાં રસ્તામાં એક જંગલમાં દવ લાગ્યો હતો એટલે તેની બીજી તરફ પાણી લેવા જવાનું હતું. તેમ જતાં ઘોડાના સંચાની દોરીઓ ઝાળથી બળી ગઈ અને ઘોડો એક જંગલમાં નીચે પડયો. કુંવર આવ્યા નહિ એટલે કુંવરી પણ બહુ અકળાઇ. તેણે વિચાર કર્યો કે બહાર જઈને હું તપાસ કરૂં. તે બહાર નીકળી એટલામાં વનશિયાળ તેના બાળકને ઉપાડી ગયું.

વાત આટલે આવી ત્યારે મેનાએ હુંકારો આપવો બંધ કર્યો. અને વિક્રમરાજા પણ વાત કહેતા અટકી ગયા. દાસીઓને અને તેમની બાઇને પણ હવે તો વાતમાં બહુજ રસ પડયો હતો. હવે આ બાઇનું શું થશે, બાળક બચશે કે નહિ, એવા સવાલ તેમણે અંદર અંદર પૂછવા માંડયા. એટલામાં સોનાનો મોર હતો તે બોલ્યો કે, રાજાજી તમે વાત આગળ ચલાવો. હું તમને હુંકારો આપીશ. તમે આ મારા ચોકમાં આવીને બેસો. મારાં બાઇની રજા છે. આ સાંભળી તે બાઇએ પણ કહ્યું કે રાજાજી એ ચોકમાં ભલે આવો. પછી રાજાએ ત્યાં જઇને વાત આગળ ચલાવીઃ—

કુંવર ઘોડા ઉપરથી જ્યાં પડયો ત્યાં નીચે દરિયો હતો. પરંતુ તે ત્યાંથી બચી ગયો અને કોઈ એક વહાણવટી વેપારીયે તેને પોતાને ત્યાં રાખ્યો. પેલા વનશિયાળે તેનો

બાળપુત્ર ઉપાડયો, પણ થોડે જતાં ગામનો રાજા શિકારે આવેલો જોયો એટલે તેણે બાળકને મૂકી દીધું. તે રાજાને સંતાન નહોતું. એ તો આ રૂપાળો છોકરો જોઈને આનંદમાં આવી ગયો, અને તેને લઈને મહેલમાં પાછો ફર્યો. આ છોકરાને તેણે દત્તક લીધો. અને તે છોકરો રાજકુંવરની માફક જ ત્યાં ઉછરવા લાગ્યો.

પેલી કુંવરી ગુફામાં પાછી જઇ જુએ તો ત્યાં પોતાનો પુત્ર મળે નહિ. એણે બહુ કલ્પાંત કર્યું. પુત્ર અને પતિ-વિહોણી તે આમ તેમ ભટકવા લાગી. તેર ચૌદ વર્ષની કાચી વયમાં રાજાની કુંવરીને આમ આગાધ દુઃખ પડયું. પેલા રાજાના ગામને સીમાડે એક ડાકયણ રહેતી હતી. લોકો તેનાથી બહુજ ડરતા હતા, અને કોઈ તેના મકાન પાસે પણ જતા નહોતા. તેના ઘરમાં આ કુંવરી જઇ ચઢી. તેનું દુઃખ જોઇ ડાકયણને પણ દયા આવી અને તેણે તેને પોતાની પુત્રી કરીને રાખી. તે ડાકયાણને ત્યાં કુંવરીને એટલું તો સુખ પડયું કે તે પોતાનું બધું દુઃખ ભૂલી ગઇ અને આનંદે દિવસ ગાળવા લાગી. આ રીતે મા અને દીકરો એકજ ગામમાં પણ જુદાં જુદાં રહેતાં હતાં.

પેલો બાળક કુંવર તો દિવસે દિવસે મોટો થતો ગયો, અને બધી વિદ્યામાં નિપુણ થયો. એ પંદર વર્ષનો થયો ત્યારે તેના (દત્તક લેનાર) પિતા મરી ગયા. અને રાજપાટ તેને હાથ આવ્યું. તેજ અરસામાં પેલી ડાકયણ પણ મરી ગઇ. તેની પાસેનું પુષ્કળ ધન પેલી રાજકુંવરીના હાથમાં આવ્યું. તેણે તેમાંથી એક અતિ ભવ્ય મહેલ કરાવ્યો. ગામના

લોકોએ આ મહેલનાં બહુજ વખાણ કર્યાં. વળી તે કુંવરીનું રૂપ પણ એવું જળવાઈ રહ્યું હતું કે હજી ફક્ત સોળેક વર્ષની તે લાગતી હતી. ગામલોકની વાતો સાંભળી રાજા પણ ગુપ્ત વેશે તે મહેલની પાસે ગયો. મહેલનો ભપકો તથા રાણીનુ રૂપ જોઇને તે અંજાઈ ગયો. અને તેને તે સ્ત્રી સાથેજ લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. તેણે તે સ્ત્રીને કહેણુ મોકલ્યું કે મારે તારી સાથે લગ્ન કરવાં છે. આ સાંભળી તેને પ્રથમ તો આઘાત લાગ્યો. પણ પછી વિચાર આવ્યો કે આજે સોળ વષથી મારો પતિ ચાલી ગયો છે. હવે મર્યો હશે કે જીવનો તે કોઈ જાણતું નથી. વળી રાજાને દુભવીશ તો તે બળાત્કારે પણ મને પરણશે. તેના કરતાં સુખ સામે આવે છે તે લઇને શા માટે ભોગ ન ભોગવું ? ! આમ વિચારી તેણે રાજાનું માગું કબુલ કર્યું. રાજાએ પાલખી મોકલી તેમાં બેસી તે રાજમહેલમાં ગઈ. આ પ્રમાણે માતા દીકરાને પરણવા ચાલી.

વાત આટલે આવી એટલે મોરે હુંકારો કરવો બંધ કર્યો, અને વિક્રમરાજા પણ વાત કરતા થોભી ગયા. સૌને વાતમાં અત્યંત રસ પડયો હતો, અને તેનું છેવટ જાણવા આતુર થઇ ગયાં હતાં. એટલામાં છેક છેલ્લા ચોકમાં મૂકેલી સોનાની ઢેલ બોલી, કેઃ “ હે પરાક્રમી રાજા વિક્રમ, આપની વાત આગળ ચલાવો. હું હુંકારો આપીશ, આપ તો પર-સ્ત્રીના ભાઇ જેવા છો. એટલે અંદરના ચોકમાં મારાં શેઠાણી બેઠાં છો ત્યાં આવશો તો કંઈ હરકત નથી. ” આ ઢેલના બોલ સાંભળીને બધીજ સ્ત્રીઓ બોલી ઉઠી કે રાજાજી તમે

જરૂર અંદર આવો. તેમની બાઇએ પણ અંદર આવવાની રજા આપી. એટલે રાજા અંદરના ચોકમાં ગયા અને વાત આગળ ચલાવીઃ—

રાજાએ તે કુંવરીને મહેલના એક ભાગમાં ઉતારો આપ્યો. રાત્રે ગાંધર્વ લગ્ન થવાનાં હતાં. પરંતુ આખી કુદરત ખળભળી ગઇ. રાત્રે કુંવરીના ઓરડામાં તે રાજા ગયા. તેને જોઇ તે કુંવરીને માના જેવું વહાલ છુટયું અને ધાવણ વહેવા માંડયું. આ કૌતક જોઇને બન્નેને બહુજ નવાઇ લાગી. કુંવરી કહે તમે તો મારા પુત્ર જ છો. તમારૂં મોં તમારા પિતાને એટલે મારા પતિને આબેહુબ મળતું આવે છે. આ સાંભળી રાજા તો શરમિંદો પડીને ચાલી ગયો. તે મર્હુમ રાજાની રાણી પાસે ગયો, અને કહ્યું, કે આજ સુધી હું તમને મારા જન્મદાતા માતાજી જાણતો હતો, પણ હવે તમે મને સાચેસાચી વાત કહો. રાણીએ બહુ આનાકાની સાથે કહ્યું કે મારે પુત્ર નહોતો પણ રાજાજી વનમાં શિકારે ગયા હતા ત્યાંથી તું મળી આવ્યો હતો. આ બધી હકીકત મળતી આવી, તથા જે જંગલમાંથી આ બાળક મળ્યો હતો તે જંગલમાં બધાં ગયાં અને જે ગુફામાં તેનો જન્મ થયો હતો તે બતાવી. અંતે માતા પુત્ર ભેટયા અને જુની રાણીના આગ્રહથી તેજ રાજા કાયમ રહ્યો.

થોડા સમય પછી એક મોટો વેપારી ત્યાં વહાણ લઇ આવ્યો. તેની પાસે દાણ માંગતા તેણે કહ્યું કે મને દરબારમાં લઈ જાવ. હું રાજાજીને ચાર રત્ન નજર કરીશ. બહુજ માન સાથે તેને દરબારમાં લાવ્યા. ત્યાં બધાંયે એક કૌતક દીઠું. આ વેપારીનું મોઢું આબેહુબ રાજાને મળતું

આવતું હતું. આ ઉપરથી રાજાએ પેલા વેપારીને પાસે બેસાડીને પુછયું કે ભાઇ, તમારી સાચી હકીકત કહો. આ વખતે રાજાએ પોતાની ખરી માતાને પડદો બાંધીને દરબારમાં બોલાવી હતી. તે વેપારી તો પેલો લાકડાના ઘોડાવાળો રાજકુમાર હતો. તેણે પોતાની સાચી વાત દરબારમાં કહી. રાજા પડદા પાછળ જઇને પોતાની માતુશ્રીને મળ્યા. તેની આંખમાં હર્ષનાં આંસુ ભરાયાં હતાં. તેણે કહ્યું, ભાઇ ! આજ તારા પિતાજી છે. પરંતુ રાજાએ વિચાર્યું કે લોકોની પણ ખાત્રી કરવી જોઈએ. તેથી તેણે પંડિતોને પૂછયું કે એક લોહીનું સગપણ શી રીતે સાબીત કરી શકાય ? પંડિતોએ કહ્યું કે એક થાળીમાં પાણી નાંખો. પછી તેમાં જુદા જુદા માણસોનાં લોહીના ટીપાં નાંખો. જે એક લોહીના સગાં હશે તેમનું લોહી એક થઈ જશે. આ ઉપરથી દરબારમાં એક થાળીમાં પાણી ભર્યું ને તેમાં રાજાએ પોતાના, પેલા વેપારીના તથા પોતાની માતાના લોહીનાં ટીપાં નાંખ્યાં. પ્રધાન તથા બીજાં પણ બે ત્રણ જણનાં લોહીનાં ટીપાં નાંખ્યાં. તેમાં ત્રણ જણનાં લોહી એક થઈ ગયાં. આથી બધે આનંદ આનંદ થઇ ગયો, અને માતા, પિતા તથા પુત્ર ભેટયા.

હવે પેલા લાકડાના ઘોડાવાળા રાજકુંવરને પોતાને ઘેર જવાનું મન થયું. તેથી તેમણે બધું રાજ પ્રધાનમંડળને સોંપ્યું, અને પછી જાત્રાને બહાને ત્યાંથી નિકળ્યા. ઘણે સમયે તેઓ ત્રણે જણાં પોતાને મૂળ દેશ પહોંચ્યા. ઘરડો રાજા પુત્રવિયોગે ઝુરીને ઇશ્વર ભજનમાં દિવસ ગાળે છે,

અને સુતારના પુત્રનું દુ:ખ તો કહેવાય તેવું પણ નહોતું. એકાએક રાજકુંવર ત્યાં જઇ પહોંચ્યા એટલે સર્વેને બહુજ આનંદ થયો. ઘરડા રાજાએ રાજપાટ આ કુંવરને સોંપી દીધું. સુતાર પ્રધાન બન્યો, અને આ આનંદને સમયે બહુ દાન અપાયાં.

આ રીતે વિક્રમરાજાએ વાત પુરી કરી, અને સર્વનાં મન હરણ કરી લીધાં. મકાનની માલિક બાઈ આવી અને રાજાને ચરણે પડીને કહ્યું કે, હે પરદુ:ખભંજન રાજા, હું તમારી વગર ખરીદેલી ગુલામ છું. ત્યારે રાજાએ ઉત્તર આપ્યો, કે તું મારી પુત્રી જેવી છું. પણ મારા દેશમાંથી એક બ્રાહ્મણ આવ્યો હતો તેને તેં બહુ દુ:ખ દીધું છે. તે તને બહુજ ચાહે છે, અને તારા વિયોગથી દુ:ખી છે. માટે તું મારી સાથે ચાલ. તે બ્રાહ્મણ સાથે હું તારાં લગ્ન કરી આપીશ. ત્યાર પછી તે રૂપાળી સ્ત્રી વિક્રમરાજા સાથે ગઇ. પેલો બ્રાહ્મણ હજુ તે મંદિરમાંજ રહે છે ત્યાં જઇને તેને વિક્રમરાજાએ આ સ્ત્રી સોંપી. પછી બહુજ ધામધુમથી તેમના લગ્ન થયાં, અને વિક્રમરાજાએ તેમને સાત ગામ ભેટમાં આપ્યાં.

આવા પરાક્રમનાં અને પરોપકારનાં કામ જે કરશે તે આ સિંહાસન ઉપર બેસશે. એમ કહીને પવિત્રા નામની પુતળી આકાશમાં ઉડી ગઇ.

